MOGALONO ANTRIK HINSAKALAH (Gujarati Edition)

SWAMI, SACHIDANAND

VISIT...

LANZAROTE Caliente.com

મોગલોનો આંતરિક હિંસાકલહ

સ્વામી સચ્ચિદાનંદ


BOOKS
HOUSE1
HTTPS://T.ME/BOOKSHOUSE1

MOGALONO ANTRIK HINSAKALAH
a novel By SWAMI SACHIDANAND
Published by Gurjar Granthratna Karyalay
Gandhi Road, Ahmedabad 380 001



પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
અમરભાઈ ઠાકોરલાલ શાહ : રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-*380001*
ફોન ***: 079-22144663, 09227044777***
e-mail : goorjar@yahoo.com

ટાઇપસેટિંગ : શારદા મુદ્રણાલય
201, તિલકરાજ, પંચવટી પહેલી લેન, એલિસબ્રિજ, અમદાવાદ-***380006.***
ફોન ***: 26564279 email : bhagwatioffset@yahoo.com***

Table of Contents

અર્પણ

જેણે બાદશાહ શાહજહાઁની સાથે મૃત્યુ-પર્યંત જેલમાં રહીને સેવા કરી
તથા ઔરંગઝેબ જેવા કટ્ટર બાદશાહને થોડા અંશે નિયંત્રિત રાખ્યો તે
આદર્શ, શાહજાદી જહાઁઆરાને અર્પણ.

- સ્વીમી સચ્ચિદાનંદ

ભૂમિકા

આ પુસ્તક લખવાની પ્રેરણા મને શ્રી મોહનલાલ ગુપ્તા, જોધપુરવાળા તરફથી મળી હતી. તેમણે `લાલ કિલે કી દર્દ ભરી દાસ્તાઁ' નામનું બહુ સરસ પુસ્તક લખ્યું છે. તે પુસ્તક વાંચવાથી મને થયું કે જો આની સંક્ષિપ્ત માહિતી ગુજરાતી પ્રજાને આપવામાં આવે તો લોકોને ઘણું જાણવા-સમજવાનું મળે તેથી તેનો આધાર લઈને મેં સંક્ષિપ્ત આલેખન આ પુસ્તકમાં કર્યું છે. એટલે પ્રથમથી જ હું શ્રી મોહનલાલ ગુપ્તાનો આભાર માની લઉં છું.

આ પુસ્તકમાં મુખ્યતઃ મોગલકાળની વાતો લખવામાં આવી છે. આમ તો આખો મુસ્લિમકાળ બહુ લાંબો છે. તેમાં અફઘાનો, તુર્કો અને બીજા બધા ઘણા આવી શકે છે, પણ એ બધાંને ખાસ સ્થાન આપ્યું નથી. માત્ર મોગલ બાદશાહો સંબંધિત વિગતો લખવાનો પ્રયત્ન કર્યો છે. ભારતના રાજકારણને પાંચ ભાગમાં વહેંચી શકાય.

(1) મુસ્લિમોનું ખાસ કરીને મોગલોનું રાજકારણ, (2) મરાઠાઓનું રાજકારણ, (3) જાટોનું રાજકારણ, (4) શીખોનું રાજકારણ અને (5) અંગ્રેજોનું રાજકારણ.

મોટા ભાગે ઇતિહાસ ઉત્તર ભારતનો અને તેમાં પણ દિલ્હીનો લખાતો રહ્યો છે. દક્ષિણ ભારતની અને પૂર્વ ભારતની ઐતિહાસિક દૃષ્ટિએ ઉપેક્ષા થતી રહી છે. તેનું કારણ પણ સ્પષ્ટ છે કે આખું ભારત લગભગ દિલ્હીથી સંચાલિત થતું રહ્યું છે. એટલે લેખકોની દૃષ્ટિ દિલ્હી તરફ વધારે રહી છે. દિલ્હીએ ઘણી ચઢતી-પડતી જોઈ છે. દિલ્હીમાં મધ્યયુગમાં ખાસ કરીને મુસ્લિમકાળમાં મોગલોનો પ્રભાવ સૌથી વધારે રહ્યો છે. બાબરથી માંડીને બહાદુરશાહ સુધીના બધા બાદશાહોએ દિલ્હી ઉપર રાજ કર્યું છે. પણ ઉપર લખ્યું તેમ આ પાંચ રાજકીય શક્તિઓનું સૌનું પોતપોતાનું અલગ-અલગ વ્યક્તિત્વ છે. મોગલોના બધા બાદશાહો પોતાના પૂર્વજોને તથા સગાંસંબંધીઓને મારીકાપીને રાજગાદી પર બેઠા છે અને થોડાક અપવાદ સિવાય બધા ધાર્મિક ઝનૂનવાળા રહ્યા છે. તેમણે ઘણાં યુદ્ધો કર્યાં છે, પણ મોટા ભાગનાં યુદ્ધો પોતાના વિદ્રોહી પરિવારના સભ્યો સાથે જ કર્યાં છે, એટલે તેમનો કાળ સૌથી વધુ હિંસાનો કાળ કહી શકાય. આ સમયે જે ક્રૂરતાથી પોતાનાં સ્વજનો તથા શત્રુઓની હિંસા કરવામાં આવી છે, તેવી બીજા કોઈ કાળમાં ભાગ્યે જ જોવા મળે છે. મરાઠાશક્તિનો ઉદય શિવાજી મહારાજથી થયો અને પાણીપતના યુદ્ધમાં લગભગ સમાપ્ત થઈ ગયો. શિવાજી મહારાજ મહાન હતા. કુશળ રાજનેતા અને વ્યૂહબાજ સેનાપતિ હતા. તેથી તેમણે જેટલાં યુદ્ધો કર્યાં તે બધામાં લગભગ જીતતા જ રહ્યા, પણ તેમના દેવ થયા પછી આવી મુત્સદ્દીગીરી ઓછી થઈ ગઈ. પેશ્વાઓએ મરાઠા સત્તાને દૂર-દૂર સુધી ફેલાવી તો ખરી, પણ લોકચાહના મેળવવામાં કાચા રહ્યા. તેથી અને પરાજિત રાજા, નવાબ કે બાદશાહને ધન લઈને સંધિ કરી દેવાના કારણે તે સ્થાયીપ્રભાવ ઊભો કરી શક્યા નહીં. એવું મારું માનવું છે. ખાસ કરીને પાણીપતના યુદ્ધમાં પેશ્વા સદાશિવરાવ ભાઉની અણઆવડતના કારણે મરાઠાશક્તિને ઘણું સહન કરવું પડ્યું.

મોગલોના અતિશય ત્રાસથી જાટશક્તિ ઊભી થઈ. ચૂડામણ જાટ અને સૂરજમલ જાટ જેવા સમર્થ સરદારો થયા, પણ તેમણે રાજપૂતો સાથે સતત વેરભાવ રાખવાથી રાજપૂતો અને જાટો એક થઈ શક્યા નહિ. તેનાં પરિણામ હિંદુપ્રજાને ભોગવવાં પડ્યાં.

રાજપૂતો ખાસ કરીને રાજસ્થાનના રાજપૂતો અકબરના સમયથી મોગલ બાદશાહો સાથે ભળી ગયા અને મોગલ સલ્તનતને ચરમકક્ષાએ પહોંચાડવામાં તેમણે મહત્ત્વનો ભાગ ભજવ્યો. શિવાજી મહારાજ સાથે લડનાર જયસિંહ અને રાણા પ્રતાપ સાથે લડનાર માનસિંહ રાજપૂતો જ હતા. રાજપૂતો રાજપૂતો સાથે લડ્યા અને અંતે પોતે પણ ફના થયા. ખાસ કરીને ઔરંગઝેબના સમયમાં મોગલ સલ્તનતના પાયાને તથા શિખરને દૃઢ કરનારા બધા રાજપૂત

રાજાઓ ષડ્ યંત્રનો ભોગ બનીને મૃત્યુ પામ્યા.

બીજી તરફ શીખ-શક્તિનો ઉદય થયો અને તેમણે મોગલ-શક્તિને હચમચાવી મૂકી, પણ ગુરુ ગોવિંદસિંહજીના અકાળ મૃત્યુથી અને બંદા બૈરાગીના વધથી શીખશક્તિને ભારે હાનિ પહોંચી. મોગલો સાથે લડનારી આ બધી ભારતીય શક્તિઓ હતી. ઘણા લોકો મોગલ સામ્રાજ્યને ગુલામીનું રૂપ માનતા નહિ, પણ મારી દૃષ્ટિએ ભારતના પૂરા ઇતિહાસમાં ગુલામીનો સૌથી કાળો સમય આ મોગલકાળને જ કહી શકાય. આ સમયમાં જેટલાં મંદિરો તૂટ્યાં, જેટલી મૂર્તિઓ તૂટી, જેટલાં નગરો ઉજ્જડ થયાં અને જેટલી હત્યાઓ થઈ તેટલી બીજા કાળમાં ભાગ્યે જ થઈ દેખાશે.

ઔરંગઝેબ પછી મોગલસત્તાનો સૂર્ય અસ્તાચળ તરફ ઢળવા લાગ્યો અને છેલ્લા બાદશાહ બહાદુરશાહ ઝફરના સમયમાં પૂરેપૂરો અસ્ત થઈ ગયો. જોકે 1857ના સૈનિકવિદ્રોહે અંગ્રેજોને હચમચાવી મૂક્યા. આ વિદ્રોહ અસંતુષ્ટ રાજવીઓ અને અસંતુષ્ટ સૈનિકોનો હતો. તેનું નેતૃત્વ દિલ્હીનો બાદશાહ બહાદુરશાહ ઝફર કરતો હતો. તેથી જો આ વિદ્રોહ સફળ થયો હોત તો દિલ્હી ઉપર ફરીથી મોગલવંશની સત્તા સ્થાપિત થઈ જાત. જોકે આ વિદ્રોહમાં પેશ્વા નાના ફડનવીશની પણ મહત્ત્વની ભૂમિકા હતી, એટલે વિદ્રોહ સફળ થયા પછી શાંતિથી મોગલો અથવા મરાઠાઓ અથવા બીજાઓ હળીમળીને રાજ કરી શક્યા હોત કે કેમ તે મોટો પ્રશ્ન છે.

મારી દૃષ્ટિએ આ બધાંની તુલનામાં અંગ્રેજોની સત્તા સામાન્ય લોકો માટે વધુ હિતકારી રહી. તેમણે કાયદાનું રાજ્ય સ્થાપિત કર્યું અને પહેલાં ઉત્તરાધિકારી માટે જે મારામારી અને કાપાકાપી થતી હતી તે બંધ કરાવ્યું. છેક વિલાયત સુધી કૉર્ટોમાં કેસો લડી શકાતા અને કૉર્ટો દ્વારા ન્યાય મેળવવા પ્રયત્નો થઈ શકતા. આવું પહેલાં નહોતું. પહેલાં જે-તે નિર્ણયો માત્ર ને માત્ર તલવારથી જ થતા. તેની જગ્યાએ કાયદાની સીડીઓ ચડીને છેક વિલાયતની સુપ્રીમ કૉર્ટ સુધી ન્યાય માટે પહોંચી શકાતું હતું. બીજું, અંગ્રેજોએ ભારતને એટલું વિશાળ બનાવ્યું કે પહેલાં કદી ન હતું. છેક કાબુલથી રંગૂન સુધી અને લ્હાસાથી કોલંબો સુધીનો વિશાળ ભૂ-ભાગ ભારત બની ગયો. જોકે આટલા વિશાળ ભૂ-ભાગને આપણે સાચવી શક્યા નહિ. તોપણ આંદામાન-નિકોબાર અને લક્ષદ્વીપ જેવા ટાપુઓ ભારતને અંગ્રેજોનું પ્રદાન કહી શકાય.

ખરેખર તો ભારતમાં ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક અને રાજકીય જાગૃતિ અંગ્રેજોના સમયમાં આવી કહેવાય. સુધારક સમાજો રચાયા. સતીપ્રથા અને દેવદાસીપ્રથાનો અંત થયો. તથા હિન્દુ કોડ બિલ દ્વારા બહુપત્નીત્વ પર પ્રતિબંધ મુકાયો, બાળલગ્નો અટક્યાં અને ગામેગામ શિક્ષણસંસ્થાઓ શરૂ થવા લાગી. જેના દ્વારા ભારતમાં એક ઉચ્ચ શિક્ષિતવર્ગ પેદા થયો. જે બ્રિટિશ સ્કૉલરશિપથી વિલાયત ગયો અને ત્યાં ઉચ્ચ શિક્ષણ મેળવીને ભારતની આઝાદી માટેનાં સૂત્રો ગોઠવ્યાં. એમ કહી શકાય કે વિલાયતથી ગુલામી આવી તો આઝાદી પણ વિલાયતથી જ આવી! જો આપણા સપૂતો જેમાં મહાત્મા ગાંધીજી પણ આવી જાય; વિલાયત ન ગયા હોત તો કદાચ જેટલી ઝડપથી અને જેવી આઝાદી આપણને મળી તે ન મળી શકી હોત.

લગભગ 200 વર્ષના સમયગાળામાં અંગ્રેજોએ ભારત પર રાજ કર્યું. તેને બે ભાગમાં વહેંચી શકાય ઃ ઈસ્ટ ઇન્ડિયા કંપનીનું રાજ તથા મહારાણી વિક્ટોરિયાનું રાજ્ય. આ બંને કાળોમાં ભારત વિશાળ તો બન્યું તથા એક પણ થયું. આપણે વિચારીએ કે જો અંગ્રેજો ન આવ્યા હોત અને ભારતમાં જે રાજસત્તાઓ ચાલતી હતી તેવી ને તેવી ચાલતી રહી હોત તો ભારત કેવું હોત? અંગ્રેજોના પૂર્વકાળમાં ભારતને લૂંટવા મહંમદ ગઝનવી, તૈમૂર લંગડો, નાદિરશાહ અને અહમદશાહ અબ્દાલી આવ્યા. આ બધાએ ભારતને ભરપૂર લૂંટ્યું. આ લૂંટનારાઓને કોઈ રોકી શકતું ન હતું અને એક પછી એક બેફામ રીતે ભારત લૂંટાતું હતું.

અંગ્રેજોના આવ્યા પછી આવા લૂંટારા બંધ થઈ ગયા, કારણ કે અંગ્રેજોએ લૂંટારાના મૂળ જેવા અફઘાનિસ્તાન પર જ કબજો કરી લીધો, એટલે ખૈબર-બોલન જેવા ઘાટો સુરક્ષિત થઈ ગયા. બીજી તરફ દિલ્હીના બાદશાહો પૈસો ખૂટતો ત્યારે દક્ષિણનાં મંદિરો લૂંટવા પહોંચી જતા અને દક્ષિણનાં મંદિરો લૂંટી-લૂંટીને સૈનિકોના પગાર કરતા. આ બધું બંધ થઈ ગયું. જજિયાવેરો ગયો અને બીજું બધું ઘણું અનર્થકારી તત્ત્વ પણ ગયું. એટલે અંગ્રેજોના સમયકાળને પૂરી પ્રામાણિકતા સાથે ન્યાય આપવો જોઈએ. તેમણે બંગાળના સિરાજુદ્દૌલાને માત્ર ત્રણ હજારની સેનાથી હરાવી દીધો. આ સિરાજુદ્દૌલાએ બંગાળમાં હિન્દુ, જૈન મંદિરોનો નાશ કર્યો હતો અને ત્રણસો અંગ્રેજોને ગૂંગળાવીને મારી નાખ્યા હતા. આવો અત્યાચાર કરનાર નવાબને અંગ્રેજો જ પહોંચી શકે. જો અંગ્રેજોએ પ્લાસીનું યુદ્ધ ન જીત્યું હોત તો બંગાળ અને ઓડિસાની શી દશા થઈ હોત? યાદ રહે, આ જ સમયમાં ઓડિસાનું જગન્નાથમંદિર તથા બીજાં કેટલાંય મંદિરો તૂટ્યાં હતાં. આવું જ અવધના નવાબ વાજિદઅલી શાહનું પણ કહી શકાય. આ રંગીલા નવાબે જે રીતે રાજસત્તા અને રાજકોશનો દુરુપયોગ કરવા માંડ્યો હતો, તે અંગ્રેજો સિવાય બીજા કોઈનાથી રોકી શકાય તેવો ન હતો. આ રીતે દિલ્હીના કઠપૂતળી જેવા બાદશાહ બહાદુરશાહ ઝફરનું પણ કહી શકાય. દિલ્હીનું તંત્ર સંપૂર્ણરીતે ભાંગી ચૂક્યું હતું. અનેક વાર લૂંટાયેલી દિલ્હી રાજકારણનો અખાડો બની ગઈ હતી. આવી સ્થિતિમાં દિલ્હીમાં સત્તાનું પરિવર્તન થયું એ જરૂરી હતું. અંગ્રેજોએ પોતાના રાજકારણ પ્રમાણે બહાદુરશાહને પેન્શન આપીને રંગૂન મોકલી દીધો અને કુદરતી મૃત્યુ-પર્યંત જીવતો રહેવા દીધો. તે તેમની વિશેષતા કહેવાય. આવું સત્તાપરિવર્તન મોગળકાળમાં થયું હોત તો આંખો ફોડી નાખવી અને હત્યા કરી નાખવી એ જ માર્ગ રહેતો હતો. આ રીતે આપણે મોગલકાળ અને અંગ્રેજોના કાળને તુલનાત્મક રીતે મૂલવવો જોઈએ અને તટસ્થ રીતે ઐતિહાસિક તારવણીઓ કાઢવી જોઈએ એવું મારું માનવું છે.

વારસદારો માટે કાપાકાપી અને મારામારીનો સિલસિલો માત્ર મોગળકાળ સુધી જ અટકતો નથી; પાકિસ્તાન અને બાંગ્લાદેશમાં પણ આ પરંપરા આજ સુધી ચાલતી રહી છે. આમ જુઓ તો લગભગ વિશ્વના બધા મુસ્લિમ દેશોમાં આવી જ પરંપરા ચાલતી દેખાય છે. એટલે આ પુસ્તક મુસ્લિમોના રાજકારણને સમજવામાં ઉપયોગી થાય તે હેતુથી લખાયું છે. જ્યાં-જ્યાં મુસ્લિમો સત્તા ઉપર આવે, તેમની બહુમતી થાય અને સત્તાની લગામ હાથમાં આવે એટલે તરત જ રાષ્ટ્રને ઇસ્લામિક રાષ્ટ્ર ઘોષિત કરવાનો પ્રયત્ન શરૂ થઈ જતો હોય છે. કદાચ કોઈ ઉદારવાદી મુસ્લિમ નેતા આવું ન કરે તો કટ્ટરવાદી પાર્ટીઓ આંદોલનો કરીને તેને વિવશ કરવા અથવા ઉખાડી ફેંકવાના પ્રયત્નો ચાલુ કરી દેતી હોય છે. આ રીતે રાષ્ટ્રમાં ધાર્મિક અને રાજકીય અસ્થિરતા ઊભી થતી હોય છે. મુસ્લિમ રાષ્ટ્રોમાં અલ્પસંખ્યકોની તો સ્થિતિ જ એવી કફોડી થઈ જતી હોય છે કે વહેલા-મોડા તેમણે કાં તો ભાગવું પડે છે કાં પછી ધર્માન્તરણ કરીને જીવવું પડે છે. આ વાસ્તવિકતાને આપણા બધા રાજનેતાઓ સમજે અને સ્વીકારે તો ભારતને લોકશાહીના સાચા રસ્તે આગળ લઈ જઈ શકાય અને મજબૂત કરી શકાય.

પરમેશ્વર સૌને સદ્બુદ્ધિ આપે અને રાજકારણની સાચી પરિસ્થિતિને સમજવાની શક્તિ આપે. એ જ પ્રાર્થના.

- સ્વામી સચ્ચિદાનંદ

શ્રી ભક્તિનિકેતન આશ્રમ
દંતાલી-પેટલાદ - 388450
જિલ્લો - આણંદ
Web site : WWW.SACHCHINDANANDJI.ORG

અનુક્રમ

१

મોગલો અને મંગોલો

લાલકિલ્લા વિશે કંઈક લખીએ તે પહેલાં બાબર વિશે થોડું લખવું જરૂરી છે. બાબર સમરકંદથી ભારતમાં આવેલો. સમરકંદનું તેનું જીવન સામાન્ય રખડુ છોકરા જેવું હતું. તે મોગલવંશનો આદિપ્રવર્તક મનાય છે. મોગલો અને મંગોલો બંને એક નથી, જુદા-જુદા છે. ખરેખર તો મંગોલિયાથી નીકળેલો ચંગીઝખાન મંગોલોનો આદિપુરુષ મનાય છે. તેના સમયમાં ચંગીઝખાને એશિયા અને યુરોપની પોણા ભાગની ધરતીને ધમરોળી નાખી હતી અને તે સમયની એશિયાની 16 કરોડની વસતીમાંથી 3 કરોડ માણસોને હણી નાખ્યા હતા. ખરેખર તો આજ સુધીના ઇતિહાસમાં સૌથી વધુ માણસો મારનારાની ગણતરી કરવી હોય તો ચંગેઝખાનનો નંબર પહેલો આવે! તેણે મંગોલદેશથી બટકા ઘોડા ઉપર લાખોની સંખ્યામાં મંગોલોને સાથે લઈને લગભગ અડધા વિશ્વ ઉપર આક્રમણો કરેલાં. તેનો હેતુ રાજસત્તા વધારવાનો કે રાજ્યનું ક્ષેત્રફળ વધારવાનો ન હતો, પણ માત્ર ને માત્ર લૂંટનો જ હતો. તેથી તીડની માફક જ્યાં તેનાં ટોળાં તૂટી પડતાં ત્યાં હાહાકાર મચાવી દેતાં અને બધું જ લૂંટી લેતાં. જોકે લૂંટવામાત્રથી તેને સંતોષ થતો નહિ, તેથી પરાજિત પૂરી પ્રજાની કત્લેઆમ કરવામાં આવતી. આ રીતે લંૂટ અને કત્લેઆમ કરતાં-કરતાં તે તેના સમયમાં વિશ્વ ઉપર છવાઈ ગયો હતો. તે જ્યારે ટર્કી પહોંચ્યો અને ટર્કી ઉપર વિજય મેળવ્યો ત્યારે ટર્કીના બધા પુરુષોને મારી નાખીને ટર્કીની રૂપાળી સ્ત્રીઓને પોતાના કબજે કરેલી. આ પ્રથા પ્રાચીનકાળથી ચાલી આવે છે કે વિજયી પ્રજા પરાજિત પ્રજાની સ્ત્રીઓને પોતાની મિલકત સમજીને પોતાને આધીન કરી લેતી.

મારે મેક્સિકો જવાનું થયેલું અને ત્યાંની યાત્રા દરમિયાન જાણવા મળ્યું કે સ્પેનિશોએ જ્યારે મેક્સિકો પર વિજય મેળવ્યો ત્યારે મેક્સિકોના બધા પુરુષોને મારી નાખેલા. જે પુરુષો બચવા દૂરનાં જંગલોમાં કે પહાડોમાં ભાગી ગયેલા તે જ બચ્યા. બાકી રહી ગયેલી સ્ત્રીઓ સાથે સ્પેનિશોએ લગ્ન કર્યાં. જોકે રોમન કૅથૉલિક ધર્મમાં માત્ર એક જ પત્ની કરવાનો રિવાજ હોવા છતાં તે સમયના ધર્મગુરુ પોપે ફતવો આપેલો કે દક્ષિણ અમેરિકામાં સ્પેનિશો બીજું, ત્રીજું લગ્ન કરી શકે છે. આ રીતે મેક્સિકોમાં વિજયી સ્પેનિશો એક પોતાની સ્પેનિશ પત્ની અને બીજી મેક્સિકન પત્નીઓ રાખી શકતા. જેનાથી ઘણાં સંતાનો થયાં હતાં. ત્યારે ઘણાં સંતાનો પેદા કરવાં એ જરૂરી હતું, કેમ કે યુદ્ધોમાં અને મહામારી રોગોમાં ઘણી પ્રજા મરી જતી હતી. જેથી મેક્સિકોમાં બે પ્રજાઓ થઈ (1) અસલ સ્પેનિશ પ્રજા અને બીજી મિશ્રિત લેડિનો પ્રજા.

અસલ સ્પેનિશ પ્રજા રાજસત્તામાં સર્વોપરી સ્થાને રહી અને લેડિનો ઊતરતા બીજા-ત્રીજા સ્થાને રહી. આવું ભારતમાં પણ મોગલકાળમાં અકબરના સમયમાં થયેલું. અકબરે રાજપૂત રાજા-મહારાજાઓની હત્યા સાથે બેટી-વ્યવહાર શરૂ કર્યો, પણ આ બેટી-વ્યવહાર એકતરફી જ રહ્યો. રાજસ્થાનના રાજપૂતો કન્યા આપતા તો ખરા, પણ કન્યા લેતા નહિ તેમને ભય હતો કે જો મોગલોની મુસ્લિમ કન્યાઓ આપણા ઘરમાં આવશે તો ધર્મભ્રષ્ટ થઈ જવાશે. આ ભય આજ સુધી ચાલી રહ્યો છે. આજે પણ હિંદુ કન્યાઓ મુસ્લિમો સાથે લગ્ન કરે છે, પણ મુસ્લિમ કન્યાઓ સાથે કોઈ હિંદુ લગ્ન કરવા તૈયાર થતો નથી. જોકે મુસ્લિમોમાં એવી માન્યતા છે કે જેણે ઇસ્લામ સ્વીકાર કર્યો હોય તેની સાથે જ લગ્ન થાય છે. ઇસ્લામ સ્વીકાર ન કર્યો હોય તેવા કાફિર સાથે કરેલાં લગ્ન હરામ ગણાય છે. માનો કે એ સમયે રાજપૂતોએ મોગલોની કન્યાઓ સ્વીકારી લીધી હોત તો શું પરિણામ આવત? મને લાગે છે કે તો આજે જે થોડાઘણા રાજપૂતો બચ્યા છે તે પણ મુસલમાન થઈ ગયા હોત. કારણ કે પૂર્વે કહ્યું તેમ બિનમુસ્લિમ

સાથેનાં લગ્ન ઇસ્લામિક ધર્મ સ્વીકાર કરતો નથી. જે હોય તે, પણ વિશ્વમાં આવી વ્યવસ્થા અથવા અવ્યવસ્થા પ્રાચીનકાળથી ચાલતી આવી છે. વિજયી પ્રજા પરાજિત પ્રજાને લંૂટે તો ખરી જ, સાથે-સાથે તેમની સ્ત્રીઓને પણ લૂંટે! કારણ કે તે સમયમાં સ્ત્રીઓ પણ ભોગ્ય વસ્તુ ગણાતી હતી. એટલે તે પણ લૂંટના માલમાં ગણાઈને વિજયી પ્રજાની મિલકત બની જતી હતી.

ભારતમાં મહંમદ ગઝનવીથી માંડીને જે કોઈ આક્રાંતાઓ આવ્યા તે મંદિરોનું જર, ઝવેરાત, સોનું, ચાંદી, લૂંટવાની સાથે-સાથે સ્ત્રીઓને પણ લૂંટીને ગુલામ બનાવીને લઈ જતા. પખ્તુનિસ્તાનનો યુસુફ જઈ કબીલાના લંૂટારાઓ ભારત ઉપર ચડી આવતા અને હજારો સ્ત્રીઓને લૂંટીને લઈ જતા તથા ગુજરીમાં તેમને વેચી દેતા.

સ્ત્રીની રચના પણ કુદરતે એવી કરી છે કે શરૂઆતમાં ગમે તેટલો વિરોધ કરે પણ પછી જ્યારે બચવાનો કોઈ ઉપાય ન રહે તો તે લૂંટારાને અનુકૂળ બની જતી હોય છે. આ સિવાય તેનો છૂટકો નથી હોતો. આવી પરિસ્થિતિથી બચવા માટે જ રાજપૂત સ્ત્રીઓ જૌહરવ્રત માત્ર મુસ્લિમ વિજેતાઓ સામે જ કરતી. રાજપૂત-રાજપૂત અથવા રાજપૂત-મરાઠા કે રાજપૂત-અંગ્રેજનાં યુદ્ધો થાય ને કદાચ રાજપૂતો હારે તો રાજપૂત સ્ત્રીઓ જૌહરવ્રત કરતી નહિ, કારણ કે વિજયી રાજપૂત-મરાઠા કે અંગ્રેજ પ્રજાનું કલ્ચર જુદું હતું. તેઓ પરાજિત પક્ષની સ્ત્રીઓનું પણ સન્માન અને રક્ષણ કરતા હતા. માત્ર મુસ્લિમો સામે જ જૌહરવ્રત કરવાનો હેતુ પોતાની અસુરક્ષા હતો, કારણ કે મુસ્લિમોનું સાંસ્કૃતિક અને ધાર્મિક કલ્ચર જુદું હતું.

અપહરણ કરેલાં સીતાજી રાવણના કબજામાં રહ્યાં, પણ રાવણે તેમની સાથે કદી પણ જોરજુલમ કે બળાત્કાર ન કર્યો. આવી જ રીતે જૂનાગઢની રાણકદેવી સિદ્ધરાજના હાથમાં આવી, પણ સિદ્ધરાજે તેના પર કોઈ જોરજુલમ કે બળાત્કાર ન કર્યાં. આ બંને મહાન સ્ત્રીઓ કહેવાય, તેમને જેટલાં વંદન કરીએ તેટલાં ઓછાં કહેવાય; પણ સામાપક્ષે રાવણ અને સિદ્ધરાજની પણ ઉચ્ચતા સ્વીકારવી જોઈએ કે તેમણે સમજાવવા, લલચાવવા તો ઘણા પ્રયત્નો કર્યા પણ જોરજુલમ, બળજબરી કે બળાત્કાર બિલકુલ ન કર્યાં. આ આર્યસંસ્કૃતિનું જ પરિણામ હતું.

ગુજરાતીમાં એક કહેવત છે કે `બાંઘેડતું પલાણવું જોઈએ', એનો અર્થ એ છે કે જ્યારે ઊંટ ઉપર સવારી કરવી હોય ત્યારે તેનો માલિક ઝેક-ઝેક બોલીને નીચે બેસાડે છે. ઊંટ જ્યારે નીચે બેસે છે ત્યારે બાંઘેડવા માંડે છે. એ જેવું નીચે બેસે કે તરત જ બેસનારા અસવારોએ ઝડપથી ઉપર બેસી જવું જોઈએ, કારણ કે ઊંટ તરત જ ઊભું થઈ જતું હોય છે. ઊભું થઈને બાંઘેડતું-બાંઘેડતું દોડવા લાગે છ.ે જો બેસનાર વિચાર કરે કે આ ઊંટ બાંઘેડતું બંધ થાય પછી હું સવારી કરું તો તેવું કરી શકાય નહિ. તેથી કહેવત પડી છે કે બાંઘેડતા ઊંટ પર જ સવાર થઈ જવું જોઈએ. આવી જ રીતે અપહરણ કરાયેલી અથવા યુદ્ધમાં પરાજિત થઈને પકડાયેલી સ્ત્રી પણ શરૂઆતમાં ગમે તેટલો વિરોધ કરે, પણ અંતે તેણે અનુકૂળ થઈ જવું પડતું હોય છે. પાકિસ્તાન અને બાંગ્લાદેશ બન્યા ત્યારે આવી રીતે હજારો-લાખો સ્ત્રીઓ અનિચ્છાએ પરાધીન થઈને રહી ગઈ હતી. આવી જ રીતે મંગોલોએ જ્યારે ટર્કી ઉપર વિજય મેળવ્યો અને ટર્કીની રૂપાળી સ્ત્રીઓ તેમને ગમી ગઈ ત્યારે તેવી હજારો સ્ત્રીઓને પોતાની સાથે મંગોલિયા લઈ આવેલા અને પછી તેમની સાથે લગ્ન કરીને સંતાનો પેદા કરેલાં. આ રીતે બાપ મંગોલી અને મા તુર્કી એમ મિશ્રણમાંથી જે પ્રજા ઉત્પન્ન થઈ તે મોગલ કહેવાઈ.

મંગોલિયામાં વસનારા મંગોલો સૂકા રણમાં અને લૂખા પ્રદેશમાં રહેતા હતા. તેથી લૂંટારાનાં ટોળાં બનાવવાં અને લૂંટી-લૂંટીને આજીવિકા ચલાવવી એ જ તેમનો ધંધો થઈ ગયો હતો. મોટા ભાગે સુખી પ્રજા સૈનિકો બનતી નથી. મોટા ભાગે આજીવિકા વિનાની દુઃખી પ્રજા

સેના તરફ વળતી હોય છે. તે ખડતલ અને કઠોર તથા બહાદુર પણ હોય છે. તેથી તેમાંથી સરળતાથી સૈનિકો મળી રહેતા હોય છે. જોકે આમાં અપવાદ પણ હોઈ શકે છે. કેટલાક નવજુવાનો રાષ્ટ્રભક્તિ માટે – રાષ્ટ્રસેવા માટે પણ સૈનિક તરીકેની આજીવિકા સ્વીકારતા હોય છે, પણ આવા આદર્શ પુરુષોની સંખ્યા થોડી હોય છે. પ્રાચીનકાળમાં રાષ્ટ્રવાદ હતો નહિ, તેથી સૈનિકોનાં ટોળાં મોટા ભાગે લૂંટફાટ કરવા માટે રચાતાં હતાં.

મંગોલોમાંથી મોગલ બનેલા લોકો સમરકંદની આજુબાજુ વસતા હતા. બાબરના પૂર્વજ અહમદ મિર્ઝાએ સમરકંદ છીનવી લીધું હતું અને તેના મામા મહંમદખાંએ દૂરગની જાગીર છીનવી લીધી હતી. આ રીતે બાબર પોતાની જાગીરોથી વંચિત થઈને પુત્ર હુમાયુ સાથે રખડતો-ભટકતો ભિખારી જેવો થઈ ગયો હતો. તે સમયે `મારે તેની તલવાર'નો નિયમ ચાલતો, એટલે ક્યારે કોણ લૂંટાઈ જાય અને મરી જાય તે કહેવાતું નહિ. ત્રણ વર્ષ સુધી બાબર અને હુમાયુ પોતાના પ્રાણ બચાવવા પહાડોમાં સંતાઈને રહ્યા હતા અને કાળી મજૂરી કરીને જેમતેમ પોતાનું પેટ ભરતા હતા. ત્રણ વર્ષ સુધી ઘોર દરિદ્રતાનું જીવન જીવીને તેમણે સાંભળ્યું કે પૂર્વમાં આવેલા ભારતમાં ઘણું ઐશ્વર્ય છે. ઘણાં મંદિરો તથા રાજમહેલોમાં સોનું, ચાંદી, ઝવેરાતના ઢગલા પડ્યા છે. અને ભારત નાનાં-નાનાં રજવાડાંઓમાં વહેંચાયેલો પ્રદેશ હોવાથી પોતાની સંપત્તિની રક્ષા માટે ખાસ વ્યવસ્થા નથી. તેથી જો આ દરિદ્રતામાંથી છુટકારો મેળવવો હોય તો ભારત પર આક્રમણ કરીને તેનો ખજાનો લૂંટી લાવવો જોઈએ.

જે લોકો શૌર્યપરંપરામાં જન્મ્યા હોય છે તેમને જો યોગ્ય સમયે યોગ્ય આજીવિકા ન મળે અને બેકારી કે દરિદ્રતા લાંબો સમય ભોગવવી પડે તો તેમનું શૌર્ય બગાવત કરીને લૂંટફાટના રસ્તે વળી જતું હોય છે. બાબર પણ આ રીતે લૂંટફાટના રસ્તે વળી ગયો. તેણે પોતાના જેવા રખડુ, બેકાર, દરિદ્ર નવજુવાનોનો સંઘ બનાવ્યો અને આવી સેના લઈને ભારત તરફ આગળ વધવા માંડ્યો. એક પછી એક અનેક વાર નાનાં-મોટાં રજવાડાં જીતીને તે મોટો સુલતાન બન્યો અને પછી વિશાળ સેના લઈને દિલ્હી પર ચઢી આવ્યો. દિલ્હીમાં ઇબ્રાહીમ લોદીનું શાસન ચાલતું હતું. ઇબ્રાહીમ લોદીને હરાવીને તેણે દિલ્હીની પ્રજાને તથા બાદશાહના ખજાનાને લૂંટી લીધો. ત્યારે દિલ્હીમાં સીરીદુર્ગ નામનો એક કિલ્લો હતો. તેનું સમારકામ કરાવીને ત્યાં રહેવા લાગ્યો. ખરેખર તો આ સીરીદુર્ગ પાંડવોના સમયના ઇન્દ્રપ્રસ્થ નગરનો બચેલો ભાગ હતો. બાબરે આ કિલ્લાને દીનપનાહ નામ આપ્યું, પણ હવે અત્યારે તેને પુરાના કિલ્લા કહેવાય છે. બાબર ભારતમાં આવ્યો તે પછી માત્ર ચાર વર્ષ જ જીવ્યો અને ઈ. સ. 1530માં તેનું મૃત્યુ થઈ ગયું હતું. આ રીતે ભારત ઉપર મોગલવંશનો પહેલો બાદશાહ સ્થાપિત થયો.

તા. 30/07/2020

૨

હુમાયુથી શાહજહાં સુધીનો ઇતિહાસ

બાબરના મૃત્યુ પછી તેનો પુત્ર હુમાયુ ગાદીએ બેઠો. તે પણ `દીનપનાહ'માં રહેવા લાગ્યો, પણ માત્ર દસ જ વર્ષમાં તેની પાસેથી તેનું રાજ્ય પડાવી લેવામાં આવ્યું. તેથી જીવ બચાવવા માટે તે ઈરાન ભાગી ગયો અને ઈરાનમાં પંદર વર્ષ સુધી નિર્વાસિત જીવન જીવતો રહ્યો. હુમાયુ ઉપર શેરશાહ સૂરિ ચડી આવ્યો હતો અને તેણે વિજય મેળવીને હુમાયુને ભગાડી મૂક્યો હતો. શેરશાહ સૂરિના મૃત્યુ પછી તેનો પુત્ર સલીમ, દિલ્હીનો શાસક બન્યો. તેણે `સલીમગઢ' નામનો કિલ્લો બનાવડાવ્યો.

ઈરાનમાં નિર્વાસિત જીવન જીવનારા હુમાયુએ પોતાની હાર માની નહિ અને ૧૫ વર્ષ પછી ઈ. સ. ૧૫૫૫માં ફરી પાછો દિલ્હી ઉપર ચડી આવ્યો. તે પોતાની સાથે ઘણા ઈરાની અને અફઘાની સરદારોને લઈ આવ્યો હતો, જે પાછળથી ભારતના જુદા-જુદા ભાગોના નવાબો બની ગયા. ઈ. સ. ૧૫૫૬માં હુમાયુનું મૃત્યુ થયુંુ. તેના પછી બાબરનો વંશ એટલે કે મોગલવંશ ચાલતો રહ્યો અને અકબર બાદશાહ બન્યો. તે પછી જહાંગીર બાદશાહ બન્યો. અત્યાર સુધી બધા મોગલ બાદશાહો આગ્રાને રાજધાની બનાવીને શાસન કરતા હતા. દિલ્હીની માફક આગ્રામાં પણ લાલકિલ્લો છે, એટલે ભારતમાં બે લાલકિલ્લા છે; એક આગ્રામાં અને બીજો દિલ્હીમાં. અકબરે આગ્રાના લાલકિલ્લાથી ૩૫ કિ.મી દૂર ફતેપુર સિક્રીનો નવો કિલ્લો બનાવડાવ્યો અને તે મૃત્યુપર્યંત સિક્રીના કિલ્લામાં રહ્યો. અકબરના મૃત્યુ પછી તેનો પુત્ર જહાંગીર બાદશાહ બન્યો તો તે ફરીથી આગ્રાના લાલકિલ્લામાં આવી ગયો અને ત્યાં રહેવા લાગ્યો. આ રીતે મોગલોનું પહેલું શાસનકેન્દ્ર આગ્રા રહ્યું. આગ્રામાં રહીને મોગલોની ત્રણ-ચાર પેઢીઓએ ભારત ઉપર શાસન કર્યું.

બાબર જ્યારે મરવા પડ્યો ત્યારે તેણે પુત્ર હુમાયુને બોલાવીને સમજાવ્યો કે તું પોતાનું રાજ્ય ભાઈઓમાં વહેંચી દે. હુમાયને બીજા ત્રણ ભાઈઓ હતા. કામરાન, અસ્કરી અને હિન્દાલ. હુમાયુએ તો પિતાની આજ્ઞા પ્રમાણે ત્રણેય ભાઈઓ સાથે સારો વ્યવહાર રાખ્યો, પણ એ ત્રણેય ભાઈઓએ હુમાયુ સાથે ગદ્દારી કરી અને તેથી તેણે રાજ છોડીને ઈરાન ભાગી જવું પડ્યું. લગભગ પંદર વર્ષ સુધી હુમાયુ ઈરાનમાં નિર્વાસિત જીવન જીવતો રહ્યો. પછી તે ભારત પાછો ફર્યો અને રાજસત્તા ઉપર અધિકાર કરી લીધો. હુમાયુ વિશે એક બહુ પ્રસિદ્ધ દંતકથા પ્રચલિત છે કે તે જ્યારે દિલ્હીમાંથી ભાગ્યો હતો ત્યારે ધસમસતી જમુના નદીને પાર કરવી પડી હતી. આ વખતે તે જ્યારે મઝધારમાં ડૂબવા માંડ્યો ત્યારે એક ભિસ્તીએ પોતાની પાણી ભરવાની પખાલ દ્વારા તેને બચાવીને પાર કર્યો હતો. આ ઉપકારને યાદ રાખીને તે જ્યારે ફરીથી દિલ્હીની ગાદીએ બાદશાહ થઈને બેઠો, ત્યારે પેલા ભિસ્તીને શોધી કાઢી તેની પખાલ દ્વારા ભિસ્તીના નામના સિક્કા છપાવી પ્રચલિત કર્યા હતા. ઉપકાર કરનારને જે ભૂલે નહિ અને સમય આવતાં જ બદલો ચૂકવે તેને મહાન કહેવાય.

દિલ્હી આવીને સત્તા સંભાળ્યા પછી સૌથી પહેલાં તેણે પોતાના નાનાભાઈ મિર્ઝા હિન્દાલને મારી નાખ્યો. બીજા કામરાનની આંખો ફોડી નાખી અને તેને મક્કા મોકલી દીધો. ત્રીજા ભાઈ અસ્કરીને પણ મક્કા મોકલી દીધો. મુસ્લિમો, ખાસ કરીને મોગલોમાં આવો નિયમ હતો કે ગાદીના હકદાર બનનાર ભાઈઓ વગેરેને મારી નાખીને જ ગાદી ઉપર બેસી શકાય. જો બધાને જીવતા રાખવામાં આવે તો જીવિત ભાઈઓ ગાદીપતિને શાંતિથી રાજ કરવા દે નહિ. જરા તુલના કરો વિલાયતમાં પણ રાજાશાહી હતી, પણ લાંબા શાસનકાળ દરમિયાન કોઈએ પણ કોઈને મારીને રાજસત્તા પડાવી નથી, પણ જ્યારે લોકશાહી આવી અને પ્રધાનમંત્રી દ્વારા

કૅબિનેટ રચીને સત્તા ચલાવાતી રહી ત્યારથી અત્યાર સુધી એક વાર પણ સૈનિકશાસન થયું નથી. હું પહેલી વાર વિલાયત ગયો ત્યારે વિલ્સન પ્રધાનમંત્રી હતા. તેમને માત્ર એક જ મતની બહુમતી હોવા છતાં પૂરેપરો સમય તેમણે રાજ કર્યું હતું. કોઈએ એમના માત્ર એક જ બહુમતને ફોડવાનો કે ખરીદવાનો પ્રયત્ન કર્યો ન હતો! આવી જ રીતે અમેરિકામાં પણ બસો વર્ષથી લોકશાહી ચાલી રહી છે. ત્યાં પણ આજ સુધી એકેય વાર સૈનિકશાસન લાગુ થયું નથી. આ જે-તે પ્રજાની ખાસિયત જ કહેવાય. પ્રજાનું ઘડતર ધર્મ કરતો હોય છે અને ધર્મ પ્રજાના ઇતિહાસનું નિર્માણ કરવામાં મહત્ત્વનો ભાગ ભજવતો હોય છે. જ્યાં-જ્યાં ઇસ્લામિક રાજ્ય હોય છે ત્યાં-ત્યાં લોકશાહી સફળ થતી નથી. વારંવાર સૈનિકશાસકો સત્તા ઉપર ચડી બેસતા હોય છે. બાંગ્લાદેશ, અફઘાનિસ્તાન, ઈરાન, ઇરાક વગેરે દેશો તેનું પ્રમાણ કહી શકાય.

હુમાયુને બે પુત્રો હતા. એકનું નામ અકબર અને બીજાનું નામ હકીમખાં હતું. જ્યારે હુમાયુનું મૃત્યુ થયું ત્યારે અકબર લાહોરમાં હતો અને તે માત્ર તેર વર્ષની ઉંમરનો જ હતો. બીજો પુત્ર હકીમખાં દિલ્હીમાં હતો પણ તે બાળક હતો એટલે હુમાયુ પછી દિલ્હીની ગાદી ઉપર કોણ બેસે એ પ્રશ્ન ઊભો થયો હતો. લાહોરમાં અકબર સેનાપતિ બહેરામખાંના સંરક્ષણમાં યુદ્ધ કરવા ગયો હતો. બહેરામખાન શિયા મુસ્લિમ હતો, જ્યારે અકબર સુન્ની હતો. સુન્નીઓને શિયા સાથે કાયમ માટે બાપે માર્યું વેર રહેતું. તોપણ બહેરામખાંએ પૂરેપૂરી વફાદારીથી અકબરનું સંરક્ષણ નિભાવ્યું હતું. તેણે તરત જ માટીનો ઓટલો બનાવીને અકબરને બાદશાહ બનાવી દીધો. બીજી તરફ દિલ્હીમાં હકીમખાંની માતા ચૂચકબેગમે ઉઝબેક સિપાહીઓનો સાથ લઈને િદલ્હીની ગાદી ઉપર પોતાના પુત્રને બેસાડી દેવાનો પ્રયત્ન કર્યો. મુસ્લિમો અને રાજપૂતોને ઘણી પત્નીઓ રહેતી તેથી દરેક પત્નીના જુદા-જુદા રાજપુત્રો ગાદીના વારસા માટે પરસ્પરમાં યુદ્ધો કરતા અને ભયંકર મારકાપ થતી રહેતી. જોકે રાજપૂતોની તુલનામાં આવી મારકાપ મુસ્લિમોમાં ખાસ કરીને મોગલોમાં ઘણી વધારે થતી રહેતી. આ દૃષ્ટિએ પશ્ચિમના ગોરા લોકો વધુ સુખી હતા, કારણ કે તેમને એક જ પત્ની રહેતી તેથી એક પત્નીના પુત્રો કે પુત્રીઓ વારસદાર બનતાં. બહુ ઝઘડા ન થતા અને જે નિર્ણયો થતા તેને સરળતાથી લાગુ કરી શકાતા.

લાહોરથી અકબરને લઈને બહેરામખાં તરત જ દિલ્હી પહોંચી ગયો હતો અને યુદ્ધ કરીને હકીમખાંને હરાવી દીધો. હકીમખાં અકબરના પગમાં પડ્યો અને માફી માગી એટલે અકબરે તેને કાબુલનો સુલતાન બનાવી દીધો. જ્યાં હકીમખાં ત્રીસ વર્ષ સુધી રાજ્ય કરતો રહ્યો. તેના મૃત્યુ પછી અકબરે કાબુલને ભારતમાં ભેળવી દીધું.

મોગલવંશના જેટલા બાદશાહો થયા તે બધામાં સૌથી વધુ પ્રભાવશાળી અને મુત્સદ્દી અકબર કહેવાય. અકબરે રાજપૂતો સાથે સતત યુદ્ધ કરતા રહેવા કરતાં તેમની સાથે મેળમિલાપ કરીને ભાગીદારીમાં રાજસત્તા ભોગવવી, એવી નીતિ અપનાવી. તે સમયમાં બેટી-વ્યવહાર બહુ કઠિન કામ હતું. તોપણ અકબરે રાજપૂતોની કન્યાઓ સાથે લગ્ન કરવાની શરૂઆત કરી. તેણે જોધાબાઈ સાથે લગ્ન કર્યાં, એટલું જ નહિ, તેને પટરાણી પણ બનાવી. અકબરને ઘણી રાણીઓ હતી. જેમાંની એક બહેરામખાંની વિધવા થયેલી પત્ની પણ હતી. જે અકબર કરતાં બમણી ઉંમરની હતી. આ શિયા બેગમને અકબર પણ ખૂબ માનથી રાખતો અને તેને બડીબેગમનો શિરપાવ આપી તેનાં સલાહસૂચન લેતો હતો.

અકબરને ચાર પુત્રો થયા ઃ (૧) સલીમ, (૨) મુરાદ, (૩) દાનિયાલ અને (૪) હુસેન. આ ચારમાંથી માત્ર સલીમ જ જીવતો રહ્યો, બાકીના ત્રણ વધુ પડતો દારૂ પીવાથી મરી ગયા. સલીમ એક જ વારસદાર હોવાથી તેનો કોઈ પ્રતિદ્વંદ્વી ન હતો. તોપણ સલીમે અકબરની વિરુદ્ધમાં બે વાર વિદ્રોહ કર્યો અને બંને વાર યુદ્ધો પણ કર્યાં, કારણ કે તેને બાદશાહ થવાની

બહુ ઉતાવળ હતી. અકબરની વૃદ્ધાવસ્થા બહુ દુઃખમાં વીતી, કારણ કે તે સલીમથી હેરાનપરેશાન હતો. તેણે નક્કી કર્યું કે આવા નાલાયક પુત્રને ગાદી સોંપાય નહિ. તેથી છેલ્લી અવસ્થામાં સલીમના પુત્ર એટલે કે પોતાના પૌત્ર ખુશરોને ઉત્તરાધિકારી ઘોષિત કરી દીધો. આ વાતની જ્યારે સલીમને ખબર પડી ત્યારે તે એક દિવસ ઓચિંતાનો અકબરના મહેલમાં ઘૂસી ગયો અને અકબરની પાસે લટકતી રાજચિહ્ન તરીકેની તલવારને પોતાના હાથમાં લઈ લીધી. મરણપથારીએ પડેલા અકબરે જોયું કે હવે મારી મજબૂરી છે, એટલે તેણે તરત જ મંત્રીઓને કહ્યું કે સલીમના માથા ઉપર મારી પાઘડી મૂકીને તેને બાદશાહ ઘોષિત કરી દો. આ રીતે સલીમે અકબર પાસેથી જોર-જબરદસ્તીથી ગાદી પડાવી લીધી.

ગાદી ઉપર બેસતાંની સાથે સલીમે પોતાનું નામ બદલીને જહાંગીર રાખ્યું. તેણે સૌથી પહેલું કામ અકબરે ગાદીના વારસદાર બનાવેલા પોતાના પુત્ર ખુશરોને પકડી લીધો અને તેને તથા તેના મિત્રોને જીવતાં-જીવતાં ગધેડાની ખાલોમાં સીવીને મારી નાખ્યા. એટલું જ નહિ, તેના સેંકડો સાથીઓને પણ શૂળી પર ચડાવી દીધા. ખુશરોને મારતાં પહેલાં તેની ફજેતી કરવા માટે હાથી ઉપર બેસાડીને તેના સાથીદારોનાં મડદાં આગળ સલામ કરાવડાવી. પછી ખુશરોની આંખો ફોડી નાખવામાં આવી. સત્તર વર્ષ સુધી ખુશરો આંધળો થઈને જેલમાં સડતો રહ્યો. છેવટે ખુશરોને તેના નાના ભાઈએ બુરહાનપુરના દુર્ગમાં તડપાવી-તડપાવીને મારી નાખ્યો. વાત અહીંથી પૂરી થતી નથી. ખુશરોને માર્યા પછી નાના ભાઈ ખુર્રમે પોતાના પિતા જહાંગીરની સામે વિદ્રોહ કરી દીધો. આ વિદ્રોહને દબાવવા માટે તેનો મોટો ભાઈ પરવેઝ તેને દક્ષિણ ભારતમાં લઈ ગયો. એવામાં જહાંગીરનું મૃત્યુ થઈ ગયું. જહાંગીરને ઘણી બેગમો હતી. એમાંની સૌથી પ્રિય નૂરજહાં હતી. ખુર્રમ દક્ષિણમાંથી પાછો ફર્યો અને ગાદીએ બેસવા માટે યુદ્ધે ચડ્યો. તેણે પોતાના સૂતેલા ભાઈ સહરયાર તથા તેના પુત્રોની આંખો ફોડીને આંધળા કરી નાખ્યા, છેવટે તેમને મારી નાખ્યા. બીજા ભાઈ દાનિયાલના પુત્રોને પણ આંધળા કરીને મારી નાખ્યા. એક પુત્ર દાવરબક્ષ જીવતો હતો તો તેની પણ હત્યા કરી નાખી. તે પછી ખુર્રમ ગાદી પર બેસી ગયો. આ જ ખુર્રમ આગળ જતાં શાહજહાં નામનો બાદશાહ થયો. કહેવાય છે કે ગાદીએ બેસતાં પહેલાં તેણે પોતાના અઢાર ભાઈઓ તથા કાકાઓ વગેરેની હત્યા કરી નાખી હતી. આ રીતે મોગલપરંપરા રાજગાદી માટે ભયંકર ખુનામરકી કરી હતી.

તા. 30/07/2020

૩

રાજકારણની ખટપટો

ઇતિહાસ ભૂતકાળનું ગૌરવ તથા ભૂલો જાણવાનું દર્પણ કહેવાય. ભૂતકાળ જાણ્યા વિના વ્યક્તિ વર્તમાનને બરાબર ન્યાય આપી શકે નહિ. ભૂતકાળ જાણવો જરૂરી છે, પણ પૂરી પ્રજા માટે તો ભૂતકાળ રાજગાદીઓમાં જ સમાયેલો હોય છે. કોણે, ક્યારે, કેટલું, કેવું રાજ્ય કર્યું અને તેનાં કેવાં પરિણામ આવ્યાં તે જાણવાથી પ્રજાને ભૂતકાળનું જ્ઞાન થતું હોય છે. લગભગ પ્રત્યેક પ્રજા પાસે ભૂતકાળનું થોડુંઘણું તો ગૌરવ હોય જ છે, એમ પ્રત્યેક પ્રજાના ભૂતકાળના શાસકો થોડીઘણી ભૂલો પણ કરતા જ હોય છે. કશું જ ગૌરવ ન હોય અથવા કશી જ ભૂલો કરી ન હોય એવો કોઈનો ઇતિહાસ હોય જ નહિ. જો ગૌરવને વધારીને તેનો અતિરેક કરીને બતાવવામાં આવે અને ભૂલોને ઢાંકવામાં આવે તો તેવો ઇતિહાસ ઇતિહાસ ન કહેવાય. ´તે ભાટચારણોનાં કાવ્યો બની જાય. એટલે વાસ્તવિક ઇતિહાસ લખવો અને જાણવો બહુ અઘરું કામ છે. લગભગ બધા જ રાજા-મહારાજાઓ તથા બાદશાહો પોતાના લેખકો, કવિઓ વગેરે રાખતા. જેમનું કામ તેમની વાહ-વાહ અને વખાણ કરવાનું રહેતું. આવા લોકો જે કાંઈ લખે તેમાં વાસ્તવિકતા ઓછી હોય અને કલ્પના વધારે હોય. તેમાંથી ઐતિહાસિક સત્ય અને તથ્ય કાઢવું કઠિન થઈ જાય.

ઇતિહાસના વિદ્યાર્થી માટે મહત્ત્વનો પ્રશ્ન એ છે કે આપણો આટલો વિશાળ ભારત દેશ ગુલામ કેમ થયો? શું આવનારા આક્રાન્તાઓ બળવાન હતા? અથવા આપણે દુર્બળ હતા? ભૂતકાળના ઇતિહાસમાંથી સાચી માહિતી જોઈએ તો આવનારા મુસ્લિમ આક્રાન્તાઓ મોટા ભાગે કંઈ ન હતા. મહંમદ ગઝની એક જાગીરદારનો વંઠેલો પુત્ર હતો. તેની પાસે કોઈ મોટું રજવાડું ન હતું. તેમ છતાં તેણે રખડતા, ભટકતા ગરીબ લોકોનું સંગઠન કરીને સેના બનાવી અને સત્તર વાર ભારતને ઘમરોળ્યું તે હકીકત છે. તેની તુલનામાં ભારતમાં મોટાં-મોટાં રજવાડાં હતાં અને અપાર ધનવૈભવ હતો. મંદિરો તો સોના-ચાંદી, ઝવેરાતથી ઊભરાતાં હતાં છતાં આપણે વારંવાર ભૂંડી રીતે હારતા રહ્યા તે પણ હકીકત છે.

આવી જ રીતે બાબર પણ કોઈ મોટો બાદશાહ નહોતો. સમરકંદમાં ઘોર ગરીબીમાં રખડુ જીવન જીવતો ખાનાબદોશ હતો. તે પોતાના જેવા રખડુ જુવાનોની નાનીસરખી સેના બનાવીને ભારતનાં એક પછી એક નાનાં-મોટાં રાજ્યો જીતતો દિલ્હીનો બાદશાહ બની જાય તે પણ આશ્ચર્ય જ કહેવાય. બોધપાઠ એ લેવાનો છે કે આવનારા આક્રાન્તાઓની સામે આપણે એટલા બધા દુર્બળ હતા કે આપણે આપણાં રાજ્યોની રક્ષા ન કરી શક્યા અને મુસ્લિમો અને મોગલો અહીંના સર્વોપરી બાદશાહ બની ગયા? જો આ વાસ્તવિકતાને સ્વીકારીને તેનાં સાચાં કારણો શોધવામાં ન આવે અને બહાદુરીનાં બણગાં ફૂંકી વાતોનાં વડાં કરવામાં આવે તો કાલ્પનિક ગૌરવ તો મળી શકે છે, પણ સાચો ઉપાય મળી શકતો નથી. આપણા કરતાં આવનારા ઘણા ઓછા હતા, તેમની પાસે સાધનો પણ ઓછાં હતાં. તેમ છતાં તે વિજયી રહ્યા અને સત્તાધીશ બન્યા. તો ગૌરવ તેમણે લેવું જોઈએ કે આપણે લેવું જોઈએ, તેનો વિચાર કરવો જોઈએ.

જહાંગીરના મૃત્યુ પછી તેનો પુત્ર ખુર્રમ શાહજહાં નામ ધારણ કરીને ગાદીએ બેઠો. તેણે પૂર્વે કહ્યું તેમ અઢાર ભાઈઓ તથા કાકાઓની હત્યા કરીને ગાદી મેળવી હતી. અકબરના સમયમાં આગ્રાના લાલકિલ્લામાં કોઈ-કોઈ વાર મીનાબજાર ભરાતું. મીનાબજાર એટલે જેમાં અત્યંત કીમતી દરદાગીના, આભૂષણો અને કીમતી વસ્ત્રો વગેરેની દુકાનો રહેતી. આવી દુકાનો માત્ર રાજ્યપરિવારની સ્ત્રીઓ જ લગાવી શકતી અને ખરીદનારો વર્ગ પણ ઉચ્ચ કુલીન

રાજપરિવારનો રહેતો. સામાન્ય જનતાને તેમાં પેસવાનો કે હરવા-ફરવાનો અધિકાર પણ ન રહેતો. આવા મીનાબજારમાં એક દુકાન ખુર્રમબેગમની પણ હતી. આ ખુર્રમબેગમ આગળ જતાં મુમતાઝમહેલ બની ગઈ. બન્યું એવું કે એક દિવસ શાહજહાં મીનાબજારમાં ફરવા નીકળ્યો અને તેની નજર ખુર્રમબેગમ ઉપર પડી. ખુર્રમબેગમને લાડલીબેગમ પણ કહેવામાં આવતી. તે નૂરજહાંની દીકરી હતી. નૂરજહાંના પતિનું નામ શેરઅફગાન હતું. જે ઈરાનથી ભારત આવ્યો હતો. નૂરજહાંને પ્રાપ્ત કરવા માટે જહાંગીરે નૂરજહાંને આગ્રા તેડાવી હતી. નૂરજહાં પોતાની પુત્રી લાડલીબેગમને પણ લેતી આવી હતી. આ લાડલીબેગમ જ્યારે જુવાન થઈ ત્યારે શાહજહાંના બીજા પુત્ર સહરયાર સાથે તેનાં લગ્ન કરી દીધાં. અર્થાત્ નૂરજહાં માતા પણ બની અને સાસુ પણ બની. શાહજહાંની નજર આ લાડલીબેગમ ઉપર ઠરી ગઈ. તેથી શાહજહાંએ સહરયારની હત્યા કરીને લાડલીબેગમને પોતાની પત્ની બનાવી દીધી.

પૂર્વે કહ્યું તેમ અકબરના સમયમાં આગ્રાના લાલકિલ્લામાં અવારનવાર મીનાબજાર લગાવવામાં આવતું હતું. આ મીનાબજારની દુકાનો શાહજાદીઓ લગાવતી અને તેની ખરીદી માટે પણ ઉચ્ચવર્ગના શાહજાદાઓ વગેરે આવતા. વિશ્વમાં પ્રત્યેક જગ્યાએ હંમેશાં એક અભિજાતવર્ગ રહ્યો છે. જેની પાસે પ્રજાનો મોટો ધનદોલતનો ભાગ હોય તથા સત્તા અને જ્ઞાનવિજ્ઞાન હોય, ઇજ્જત, આબરૂ અને પ્રતિષ્ઠા હોય, આ બધું જ્યાં એકસાથે ભેગું થાય તેવા વર્ગને અભિજાતવર્ગ કહેવાય છે. આવું પહેલાં પણ હતું અને આજે પણ છે. આ વર્ગ પોતાનાથી ઊતરતા વર્ગથી પોતાને અલગ જ રાખતો હોય છે અને પોતે ઉચ્ચ છે એવું સતત ભાન રાખતો-રખાવતો હોય છે. સામ્યવાદીઓએ આવા અભિજાતવર્ગને નષ્ટ કરી નાખવાનો પ્રયત્ન કર્યો, પણ તેમ કરવા જતાં તે પોતે જ નષ્ટ થઈ ગયા. આવો અભિજાતવર્ગ આ મીનાબજારમાં ખરીદ-વેચાણ કરવા આવતો. અભિજાતવર્ગ જ્યાં આવે ત્યાં મૂળા, મોગરી કે શાકભાજી જેવી હલકી વસ્તુઓ ન વેચાય પણ જર, ઝવેરાત, સોનું, ચાંદી, દરદાગીના વગેરે કીમતી વસ્તુઓ વેચાય. ઈ. સ. ૧૬૦૭માં એક વાર શાહજહાં ખુર્રમ અર્થાત્ શાહજહાં મીનાબજાર જોવા માટે નીકળ્યો. ઊંચા લોકોને હરવા-ફરવા જોવા માટે ઊંચી જગ્યાઓ રહેતી હોય છે. જ્યારે ઊતરતા લોકો ઊતરતી જગ્યામાં હરફર કરવા જતા હોય છે. જોકે ઊતરતા લોકોને હરફર કરવાનો સમય જ નથી હોતો. પેટ ભરવા માટે તેમને સતત મહેનત, મજૂરી કરવી પડતી હોય છે. પ્રાચીનકાળમાં રવિવારની રજા પણ ન રહેતી. તેથી હરવા-ફરવાનું ઊતરતા વર્ગ માટે રહેતું જ નહિ.

મીનાબજારમાં ફરતાં-ફરતાં શાહજહાં અરજુમંદની દુકાને પહોંચી ગયો. આ અરજુમંદ આમ તો તેની મામાની દીકરી બહેન થતી હતી, પણ મુસ્લિમોમાં સગી બહેન સિવાય બધી સ્ત્રીઓ સાથે લગ્નસંબંધ થઈ શકતા હોવાથી મુસ્લિમો કાકા-મામાની દીકરીઓ પ્રત્યે પણ પ્રેમ-આકર્ષણ રાખતા હોય છે. અરજુમંદ રૂપરૂપનો અંબાર હતી. તેથી સૌ કોઈની નજર તરત જ તેના ઉપર પડતી હતી. રૂપ સહજ રીતે આકર્ષણનું કેન્દ્ર બની જતું હોય છે, એટલે જે લોકો રૂપના આકર્ષણને પચાવી શકતા નથી હોતા તે રૂપઘેલા થઈને લંપટતા કરવા લાગે છે. આવા રૂપઘેલા લંપટોથી બચવા માટે રૂપને હંમેશાં ઢાંકેલું રાખવું પડતું હોય છે. આ કારણે જ ઘૂંઘટ અથવા બુરખો નીકળ્યો હશે. જોકે ચતુર સ્ત્રીઓ એવો ઘૂંઘટ રાખતી હોય છે કે પારદર્શક વસ્ત્રમાંથી તેમનો ચહેરો દેખાતો રહે. ખરેખર તો રૂપઘેલા લંપટ પુરુષો રૂપ જોવા માટે જેટલા બાવરા બનતા હોય છે તેટલું જ બાવરાપણું રૂપાળી સ્ત્રીઓને પોતાનું રૂપ બતાવાનું પણ થતું હોય છે. એટલે સમાજ, ધર્મ કે રાજવ્યવસ્થાથી કદાચ મોઢું ઢાંકવું પડે તોપણ તે એવી રીતે ઢાંકે છે કે જેથી રૂપની ઝલક દેખાતી રહે. લંપટતા બંને તરફ હોય છે. માત્ર એકતરફી હોય તેવું પણ બને, પરંતુ તેમાંથી બચી શકવું કઠિન નથી હોતું. જ્યારે ઓછાવત્તા અંશે બંને તરફ

લંપટતા હોય તો તેનાં માઠાં પરિણામો આવતાં હોય છે. લંપટતા મર્યાદા તોડ્યા વિના રહેતી નથી અને મર્યાદા તોડવાથી સુખશાંતિ પણ રહેતી નથી.

શાહજહાંએ અરજુમંદબાનુનું રૂપ જોયું. ફિદા-ફિદા થઈ ગયો. તે જોતો જ રહી ગયો. બીજી તરફ અરજુમંદબાનુ પણ શાહજહાં તરફ જોતી જ રહી ગઈ. અંતે પરિણામ આવ્યું કે શાહજહાંએ પોતાના પિતા જહાંગીરને વાત કરી કે મારે અરજુમંદબાનુ સાથે લગ્ન કરવાં છે. પૂર્વે કહ્યં‌ુ તેમ તે નૂરજહાંના ભાઈની દીકરી હતી અને નૂરજહાં જહાંગીરની બેગમ હતી. જહાંગીરે શાહજહાંની વાત સ્વીકારી અને અરજુમંદબાનુ સાથે તેનાં લગ્ન કરાવી દીધાં. શાહજહાંની આ ત્રીજી પત્ની હતી. જોકે શાહજહાંને કુલ નવ પત્નીઓ હતી અને નિકાહ વિનાની તો સેંકડો સ્ત્રીઓ તેના હરમમાં હતી, પણ જોતજોતામાં આ ત્રીજી પત્ની બાદશાહ-બેગમ બની ગઈ. બાદશાહ-બેગમ એટલે બધી બેગમોમાં સર્વોચ્ચ સ્થાને રહેનારી મહારાણી. શાહજહાંએ તેનું નામ મુમતાઝમહેલ રાખ્યું અને તે તેનાથી એટલો બધો પ્રભાવિત થઈ ગયો હતો કે બધાં શાહી ફરમાનો મુમતાઝબેગમના અધિકારમાં આવી ગયા હતા. રાજમુદ્રા પણ તેની પાસે રહેતી એટલે ભલે બાદશાહ શાહજહાં હોય, પણ બાદશાહની ખરી શક્તિ તો મુમતાઝમહેલ પાસે રહેતી.

જ્યાં ઘણી સ્ત્રીઓ અથવા ઘણા પુરુષો કાર્યકર્તા હોય ત્યાં સમય જતાં કોઈ ને કોઈ એકાદ વ્યક્તિ સર્વોચ સ્થાન પ્રાપ્ત કરી લેતી હોય છે. જેમ નિશાળમાં બધા વિદ્યાર્થીઓમાં એક મોનિટર બની જતો હોય છે, તેમ નોકર-ચાકરોના સમૂહમાં પણ એકાદ વ્યક્તિ પોતાની યોગ્યતા, અને કુશળતાના કારણે ઉપરી માલિક અથવા અમલદારનું મન જીતી લેતી હોય છે. આવી જ રીતે પ્રાચીનકાળમાં બહુ પત્નીઓ કરવાનો રિવાજ હતો ત્યારે ઘણી પત્નીઓ પૈકીની એકાદ પત્ની મહત્ત્વના ઉચ્ચ સ્થાને પહોંચી જતી. જોકે આવી ઉચ્ચતા ઈર્ષ્યા, દ્વેષ વિનાની નથી હોતી તોપણ આવું બનતું જ હોય છે એ વાસ્તવિકતા છે. આ નિયમ જે ગુરુને ઘણા શિષ્યો હોય તેમાં પણ લાગુ થઈ જતો હોય છે. ઘણા શિષ્યો હોવા છતાં તેમાંથી એકાદ મહત્ત્વની ઉચ્ચતા પ્રાપ્ત કરી લેતો હોય છે. કહેવા માટે ભલે આપણે કહીએ કે બધામાં સમભાવ રાખવો જોઈએ, પણ વ્યવહારમાં ગુણદોષ અને ક્ષમતા પ્રમાણે વ્યવહારભેદ થઈ જ જતો હોય છે.

શાહજહાંએ લાડમાં ને લાડમાં ખુર્રમબાનુનું નામ મુમતાઝમહેલ રાખી દીધું. લાડ વાંઝિયું નથી હોતું. જેના પ્રત્યે લાડ હોય તેના પ્રત્યે ઉદારતા અને સમર્પણવૃત્તિ પણ આપોઆપ જાગતી હોય છે. આવી પ્રસન્નતા બહુમુખી હોય છે. એને વ્યક્ત કરવા જતાં અથવા આચારમાં મૂકવા જતાં સંયુક્ત પરિવારમાં ખટપટો શરૂ થઈ જતી હોય છે. આનું નામ તો સંસાર કહેવાય.

મુમતાઝ ફારસીની વિદુષી હતી. તે પોતે કવિતા રચતી અને ઘણા ફારસી કવિઓને રાજદરબારમાં આશ્રય આપતી. આમેય ફારસ એટલે કે ઈરાન ભવ્ય સંસ્કૃતિનો દેશ છે, એટલે તેની પાસે ભવ્ય સાંસ્કૃતિક વારસો પણ રહે તે સ્વાભાવિક છે. `મુમતાઝ ઈરાની હતી એટલે એક પ્રકારથી આર્યવંશી રૂપાળી હતી. મુમતાઝનો પ્રભાવ શાહજહાં ઉપર એટલો બધો પડ્યો હતો કે પીઠ પાછળની ખરી સત્તા મુમતાઝ જ બની ગઈ હતી. વાચકને જાણીને નવાઈ લાગશે કે આ મુમતાઝને શાહજહાંથી ચૌદ બાળકો થયાં હતાં. તે પરણી ત્યારે તેની ઉંમર ઓગણીસ વર્ષની હતી અને લગ્ન પછી તે માત્ર ૧૯ વર્ષ જીવી. આમ ઓગણીસ વર્ષમાં તે ચૌદ બાળકોની માતા બની ગઈ હતી. લોકોમાં એવી માન્યતા છે કે સ્ત્રી જેમ-જેમ પ્રસૂતિ કરતી જાય તેમ-તેમ પોતાની જુવાની ખોતી જાય. અર્થાત્ પ્રત્યેક પ્રસૂતિ પછી સ્ત્રીની જુવાની ઘટતી જતી હોય છે. આવી માન્યતાના કારણે આજકાલ ઘણી સ્ત્રીઓ પ્રસૂતિથી મુક્ત રહેવા માગે છે અર્થાત્ તે કામભોગ તો ભોગવવા માગે છે પણ ગર્ભધારણ કરવા નથી માગતી. તેને જુવાની ખોટકાઈ જવાનો ડર હોય છે. આમ જુઓ તો કેટલીક સ્ત્રીઓ પાસે રૂપ અને જુવાની એ બે જ વ્યક્તિત્વનાં કેન્દ્રો હોય છે. જો આ બે ન રહે તો તે `ઝીરો' થઈ જાય. ઝીરો થવું કોઈને પણ

ગમતું નથી, એટલે પોતાનું વ્યક્તિત્વ સાચવવા માટે કરવા જેવાં અને ન કરવાં જેવાં બધાં કાર્યોનાં હવાતિયાં મારતી હોય છે. જે સ્ત્રીઓ પાસે રૂપ અને જુવાની સિવાયનું પણ વ્યક્તિત્વ હોય છે તેવી સ્ત્રીઓને રૂપ, જુવાની સાચવવા માટે હવાતિયાં મારવાની જરૂર રહેતી નથી હોતી. વૃદ્ધાવસ્થામાં પણ તે સુંદર અને ભવ્ય લાગતી હોય છે. ચૌદ-ચૌદ પ્રસૂતિઓ પછી પણ મુમતાઝ હતી તેવી ને તેવી જ દેખાતી હતી. તેની ચૌદમી પ્રસૂતિ બુરહાનપુરમાં થઈ. તેણે ચૌદમું સંતાન કન્યારત્ન આપ્યું. જેનું નામ ગૌહરબેગમ રાખવામાં આવ્યું, પણ આ પ્રસૂતિ વખતે જ મુમતાઝનું મૃત્યુ થઈ ગયું. ત્યારે આજના જેવી તબીબી વ્યવસ્થા ન હતી, એટલે તેને બચાવી શકાઈ નહિ.

મુમતાઝના મરણથી શાહજહાંને એટલો આઘાત લાગ્યો કે તેણે નવી જન્મેલી બાળકીનું મોઢું પણ ન જોયું. મુમતાઝનું શબ બુરહાનપુરના જૈનાબાદ બાગમાં દફન કરવામાં આવ્યું, પણ તેને દફન કરતાં પહેલાં ઇજિપ્તથી મડદાંને સુરક્ષિત રાખવાની પ્રક્રિયા જાણનાર કારીગરોને બોલાવ્યા. ઇજિપ્તમાં પિરામિડમાં હજારો વર્ષ જૂની મમીઓ રાખવામાં આવી છે. આ લોકો મડદાંની અંદર હાથ નાખીને અંદરથી બધું કાઢી લેતા હોય છે. તેમાં ખાસ પ્રકારના મસાલા ભરી દેવામાં આવતા હોય છે. આવી બધી વિધિ કરાવીને મુમતાઝના મડદાને ગંધરહિત સુરક્ષિત કરી દેવામાં આવ્યું. આપણે હિંદુઓ મડદાંને જલદીથી જલદી અગ્નિદાહ આપીને રાખ કરી નાખીએ છીએ, પણ જે લોકો દફનવિધિ કરે છે તેમને મડદાં પ્રત્યે પણ ખૂબ અહોભાવ રહે છે. તેથી મડદાંને વધુ ને વધુ વર્ષો સુધી સાચવવા પ્રયત્ન કરતા રહે છે. આમાંથી જ ઇજિપ્તના પિરામિડો પેદા થયા.

મુમતાઝના શોકમાં એક વર્ષ સુધી શાહજહાં બહાર નીકળ્યો નહિ. પ્રેમ વિયોગ વિનાનો ભાગ્યે જ હોય છે અને વિયોગ શોક વિનાનો હોતો નથી. શાહજહાંને ઘણી બેગમો હતી. તેમ છતાં પ્રેમ તો માત્ર ને માત્ર મુમતાઝ ઉપર જ કેન્દ્રિત થઈ ગયો હતો.

શાહજહાંએ મુમતાઝની સ્મૃતિને અમર રાખવા તાજમહાલનું નિર્માણ શરૂ કરાવ્યું. બુરહાનપુરથી મુમતાઝના શબને કાઢીને વાજતે-ગાજતે આગ્રા લઈ જવામાં આવ્યું. નિર્માણાધીન તાજમહાલના પ્રાંગણમાં તેને દફનાવવામાં આવ્યું.

ઈ. સ. ૧૬૪૦માં તાજમહાલ તૈયાર થઈ ગયો, ત્યારે મુમતાઝના શબને કબરમાંથી કાઢીને તાજમહાલના છેક નીચેના ભોંયરામાં દફનાવવામાં આવ્યું અને ઉપરની મંજિલ ઉપર તેની બીજી બનાવટી કબર બનાવવામાં આવી. આજે દર્શકોને જે કબર બતાવવામાં આવે છે તે બનાવટી કબર બતાવાય છે. ખરી કબર તો છેક નીચેના ભોંયરામાં છે. આ જ કબર પાસે શાહજહાંને પણ દફનાવવામાં આવેલો. જેથી તેની કબર પણ બાજુમાં જ છે. આમ, બાદશાહ અને બેગમ બંનેની કબરો પાસે-પાસે છે.

પૂર્વે કહ્યું તેમ શાહજહાંને મુખ્ય નવ બેગમો હતી. આમ, શરિયત પ્રમાણે તો માત્ર ચાર પત્નીઓ કરવાની છૂટ હોય છે, પણ શાસ્ત્રોના નિયમો સામાન્ય દુર્બળ માણસો માટે હોય છે. સમર્થ પુરુષો આવા નિયમોને ગણકારતા નથી અને ધર્મગુરુઓ પણ આવા સમર્થ લોકો વિરુદ્ધ ફતવા આપી શકતા નથી. તેથી રાજા-મહારાજા અને બાદશાહ વગેરે સેંકડો પત્નીઓ રાખતા. નવ બેગમો હોવા છતાં શાહજહાંને મુમતાઝથી જે સંતાનો થયાં તેમની જ મહત્તા રહી. મુમતાઝને ચૌદ સંતાનો થયાં હતાં, પણ તેમાંથી આઠ જ જીવતાં રહ્યાં. બાકીનાં બધાં મરી ગયાં. આઠમાં ચાર શાહજાદા અને ચાર શાહજાદીઓ જીવતાં રહ્યાં. ચાર શાહજાદાનાં નામ આ પ્રમાણે છે ઃ (૧) દારાસિકોહ, (૨) શાહ સૂજા, (૩) ઔરંગઝેબ અને (૪) મુરાદબક્ષ. ચાર શાહજાદીઓનાં નામ આ પ્રમાણે છે : (૧) પરવુનારબેગમ, (૨) જહાંઆરાબેગમ, (૩) રોશનઆરાબેગમ, (૪) ગૌહરબેગમ.

આ આઠ સંતાનો મુમતાઝમહલનાં જીવતાં રહ્યાં. તેમાં સૌથી મોટો દારાસિકોહ હતો.

દારાસિકોહ ફારસી અને સંસ્કૃતનો સારો વિદ્વાન હતો. તેણે ઉપનિષદોનો અનુવાદ ફારસીમાં કરાવડાવ્યો અને બીજાં પણ ઘણાં કામો કર્યાં. તે ઉદાર સ્વભાવનો, દયાળુ અને સજ્જન હતો.

આ યોગાનુયોગ જ કહેવાય કે જહાંગીરે નૂરજહાંના પતિની બંગાળમાં હત્યા કરાવીને વિધવા થયેલી નૂરજહાં સાથે લગ્ન કર્યાં. આવી જ રીતે શાહજહાંએ પોતાના ભાઈ સહરયારની પત્ની અંજુમર્દબાનુની સાથે લગ્ન કર્યાં. આ અંજુમર્દ આગળ જતાં મુમતાઝમહલ બની. તીવ્ર કામમોહ એટલો બધો આંધળો હોય છે જો તેની સાથે સત્તા અને શક્તિ જોડાઈ જાય તો ઘોર અનર્થો કરતો રહે છે. મોટા રાજા-મહારાજાઓ અને બાદશાહોના તીવ્ર કામમોહની લગભગ આવી જ કથા હોય છે.

મુમતાઝમહેલ રૂપરૂપનો અંબાર તો હતી જ, પણ ગુણ-ગુણનો ભંડાર પણ હતી. રૂપનું આકર્ષણ ગમે તેટલું પ્રબળ હોય તોપણ તેમાં સ્થિરતા હોતી નથી, કારણ કે રૂપ પોતે જ સ્થિર નથી હોતું. ગુણનું આકર્ષણ સ્થિર રહે છે, કારણ કે ગુણો રૂપની માફક ચંચળ નથી હોતા. જો તે સ્વભાવજન્ય હોય તો મરણપર્યંત રહેતા હોય છે.

મુમતાઝ દયાળુ અને ઉદાર સ્વભાવની હતી. તેથી તે ગરીબગુરબા, અનાથ, વિધવા વગેરે દુઃખી માણસો સાથે જાતે સંપર્ક રાખતી અને તેમને ખૂબ મદદ કરતી. તેથી તે ગરીબોમાં પણ પ્રિય હતી. જે લોકો ધનાઢ્ય થઈને માત્ર ધનાઢ્યો સાથે જ સંબંધો રાખે છે અને ઉદારતા બતાવે છે તે લોકપ્રિય નથી થઈ શકતા. બહુ-બહુ તો તે પ્રચારપ્રિય થઈ શકતા હોય છે. કેટલાક લોકો જાહેરખબરો દ્વારા ધૂમ પ્રચાર કરાવીને પોતાનો જયજયકાર કરાવતા રહે છે. આવા જાહેરખબરિયા લોકો લાંબો સમય પ્રસિદ્ધિ પામતા નથી હોતા. જાહેરખબરો બંધ થતાં જ તેમની પ્રસિદ્ધિ મરી જતી હોય છે. જે લોકો દૂર-દૂરનાં ગરીબ, અનાથ, દુઃખી માણસો સાથે સંપર્ક રાખીને મૂંગામોઢે તેમનાં દુઃખોનું નિવારણ કરતા રહે છે તે જાહેરખબરો વિના પણ લાંબો સમય પ્રસિદ્ધિ પામતા રહે છે. પ્રસિદ્ધિનો સૌથી મોટો દુશ્મન પ્રસિદ્ધિ પ્રત્યેનો મોહ હોય છે. જેને આવો મોહ નથી હોતો, પ્રસિદ્ધિ તેની પાછળ-પાછળ દોડતી રહે છે, પણ તે બહુ મોડે-મોડે દોડવાનું શરૂ કરે છે, તરત જ નહિ! મુમતાઝ માનવતાનાં કામોમાં રચીપચી રહેતી હોવાથી તેની પ્રસિદ્ધિનાં મૂળ સામાન્ય જનતા સુધી ફેલાયેલાં હતાં.

મુમતાઝમાં બીજો મોટો ગુણ એ હતો કે તે વડીલો, ધર્મગુરુઓ વગેરેને બહુ માન આપતી. આ ખાનદાનીની નિશાની કહેવાય. સામાન્ય રીતે કોઈ સામાન્ય માણસ ઓચિંતાનો બહુ ઊંચાઈએ પહોંચી જાય તો તે ઊંચાઈને પચાવી શકતો નથી. ઊંચાઈનું અભિમાન તેને મદહોશ કરી નાખે છે. આવી મદહોશ વ્યક્તિ વડીલો, ગુરુજનો ધાર્મિક પુરુષો વગેરેનાં અપમાન, તિરસ્કાર કે ઉપેક્ષા કરતી થઈ જતી હોય છે. જેથી તેનું પતન થતું હોય છે. મુમતાઝમાં આ દુર્ગુણ ન હતો. તે એક તરફ સૌથી નીચેના માણસોનો પ્રેમ જીતતી હતી તો બીજી તરફ સૌથી ઉપરના માણસોનો પ્રેમ પણ જીતતી હતી.

પત્નીથી અત્યંત સુખી શાહજહાં પરિવારથી મહાદુઃખી હતો. ચૌદ બાળકોની માતા બનીને પત્ની મુમતાઝ મૃત્યુ પામી. નવ-નવ પત્નીઓ હોવા છતાં શાહજહાંના જીવનમાં મુમતાઝની ખોટ કદી પૂરી શકાઈ નહિ. તે મુમતાઝની પાછળ હંમેશાં ઝૂરતો રહ્યો. જે વિધુર પત્નીવિયોગમાં ઝૂરતો રહેતો હોય છે તે જલદી વૃદ્ધ થઈ જતો હોય છે, કારણ કે જીવનનું સૌથી મોટું ટૉનિક પ્રેમ છે. જેને પ્રેમ ન મળે અથવા મળીને સુકાઈ જાય તે લાંબો સમય જુવાન રહી શકે નહિ. ખરેખર તો પ્રેમ વ્યક્તિને જુવાની આપતો હોય છે. જો વૃદ્ધાવસ્થામાં પણ સાચો પ્રેમ મળે તો વ્યક્તિ વૃદ્ધાવસ્થામાં પણ ફરીથી જુવાન જેવી થઈ જતી હોય છે, પણ જો ભરજુવાનીમાં વ્યક્તિ પ્રેમભંગ થાય અને પછી કદી પણ પ્રેમ પ્રાપ્ત ન થાય તો તે વ્યક્તિ જુવાનીમાં પણ વૃદ્ધ થઈ જતી હોય છે.

પૂર્વે કહ્યું તેમ શાહજહાંને ચાર શાહજાદા અને ચાર શાહજાદીઓ હતી. ચાર શાહજાદાઓમાં સૌથી મોટો દારાસિકોહ હતો. તે જ્ઞાની, વિદ્વાન અને દયાળુ હતો. તેના પર તેના દાદા અકબરનો મોટો પ્રભાવ હતો. તેથી તે હિન્દુ-મુસ્લિમ બધાંની સાથે સુમેળ કરીને સમન્વયભર્યું જીવન જીવવા માગતો હતો. તેના ઉપર હિન્દુ ધર્મનાં વેદ, ઉપનિષદો વગેરેનો બહુ મોટો પ્રભાવ હતો. શાહજહાંને દારાસિકોહ ઉપર વિશેષ પ્રેમ હતો તેથી અને મોટો હોવાથી સિનિયોરિટી તેની હોવાથી યુવરાજપદે તેની નિમણૂક કરી. શાહજહાં બાદશાહ થયો તેની સાથે જ દારાસિકોહને સાઠ હજારની મનસબ આપી અને ચાલીસ હજાર ઘોડેસવારોનો સેનાપતિ બનાવ્યો. બીજી તરફ ઔરંગઝેબને વીસ હજારની મનસબ અને પંદર હજાર ઘોડેસવારોનો સેનાપતિ બનાવ્યો. આવી જ રીતે મુરાદબક્ષને પંદર હજાર મનસબ તથા બાર હજાર ઘોડેસવારનો સેનાપતિ બનાવ્યો. આમ, દારાસિકો કરતાં બાકીના ત્રણેય ભાઈઓને ઘણા નીચા સ્થાને ગોઠવી દેવાયા. સંયુક્ત પરિવારમાં પિતા અથવા માતા દ્વારા જ્યારે પુત્ર-પુત્રીઓમાં કક્ષાભેદ કરવામાં આવે છે ત્યારે પરસ્પર ઈર્ષા, દ્વેષ વધી જતાં હોય છે. પોતાને દારાસિકોહથી ઘણો નીચો દરજ્જો આપવાના કારણે ઔરંગઝેબ તથા બીજા શાહજાદા શાહજહાં અને દારાસિકોહ પ્રત્યે ખૂબ નારાજ થયા અને તેથી તેમના પ્રત્યે ઈર્ષ્યા કરવા લાગ્યા.

શાહજહાંને ચાર શાહજાદા હતા. તેવી જ રીતે ચાર શાહજાદીઓ પણ હતી. આ ચાર શાહજાદીઓમાં સૌથી મંોટી જહાંઆરા હતી. બીજી રોશનઆરા, ત્રીજી પુરહુનારા અને ચોથી ગૌહરઆરા હતી. આ ચાર શાહજાદીઓએ પણ એક-એક ભાઈને વારસદાર બનાવવા માટે ચૂંટી લીધો હતો. જહાંઆરા દારાસિકોહ સાથે હતી. રોશનઆરા ઔરંગઝેબ સાથે, પુરહુનારા શાહસૂજા સાથે અને ગૌહરઆરા મુરાદબક્ષ સાથે થઈ ગઈ હતી. સંયુક્ત પરિવારમાં જ્યારે વિખવાદ પેસે છે, ત્યારે પક્ષો પડી જતા હોય છે અને તે ખુનામરકી સુધી પહોંચતા હોય છે. શાહજહાંને ખબર પડી ગઈ હતી કે ત્રણેય નાના શાહજાદાઓ મોટા શાહજાદા દારાસિકોહને પસંદ કરતા નથી, અને તેની વિરુદ્ધમાં હંમેશાં ખટપટ કરતા રહે છે. ઘરના વડીલને ઘરની અશાંતિનું સંતુલન કરતાં આવડે તો જ પરિવારનું રક્ષણ થાય. શાહજહાંએ નક્કી કર્યું કે ત્રણેય નાના શાહજાદાઓને રાજધાની આગ્રાથી દૂર મોકલી દઉં. જેથી તે રાજધાનીમાં રહીને દારાસિકોહને હેરાનપરેશાન ન કરે. તેણે ઔરંગઝેબને દક્ષિણનો સૂબેદાર બનાવીને દક્ષિણમાં મોકલી દીધો. શાહસૂજાને બંગાળનો સૂબેદાર બનાવીને દૂર બંગાળમાં મોકલી દીધો. મુરાદબક્ષને ગુજરાતનો સૂબેદાર બનાવીને ગુજરાત મોકલી દીધો. આ રીતે ત્રણેય શાહજાદાઓને રાજધાનીથી દૂર મોકલી દીધા અને રાજધાનીમાં પોતે રહ્યો સાથે જહાંઆરા શાહજાદી અને દારાસિકોહ શાહજાદાને પણ રાખ્યો, કારણ કે તે પોતાના શાહજાદાઓની ગેરહાજરીમાં દારાસિકોહને ગાદીએ બેસાડવા માગતો હતો. આ જ રાજકારણ કહેવાય. રાજકારણ કદી પણ ખટપટો વિનાનું હોતું નથી. આ રીતે રાજધાની આગ્રામાં ખટપટોનાં સોગઠાં ખેલાઈ રહ્યાં હતાં. પૂર્વે કહ્યું તેમ દૂર મોકલાયેલા ત્રણેય શાહજાદાઓ સાથે એક-એક શાહજાદી જોડાયેલી હતી અને પ્રત્યેક શાહજાદી પોતાના ભાઈને બાદશાહ બનાવવા માગતી હતી, પણ શાહજહાંનો પ્રત્યક્ષ વળાંક દારાસિકોહ સાથે થઈ ગયો હોવાથી અને મોટીબહેન જહાંઆરા પણ દારાસિકોહ સાથે ભળી ગઈ હોવાથી બાકીના ત્રણ ભાઈઓ અને ત્રણ બહેનો સંયુક્ત રીતે શાહજહાં, દારાસિકોહ અને જહાંઆરાનાં દુશ્મન બની ગયાં.

તા. ૩૧/૦૭/૨૦૨૦

લાલકિલ્લાની ધગધમગતી હોળી

સાંસારિક જીવનનું કેન્દ્ર સ્ત્રી છે. જો સ્ત્રી ન હોય તો સાંસારિક જીવનનું અસ્તિત્વ રહેતું નથી અને સ્ત્રી એટલે પ્રશ્નો, પ્રૉબ્લેમ. સ્ત્રી હોય અને પ્રશ્નો ન હોય એવું ભાગ્યે જ બને. સ્ત્રી પોતાના માટે અને બીજાના માટે પ્રશ્નો ઊભા કરતી રહે છે. તેથી રામાયણો અને મહાભારતો સર્જાય છે. પશ્ચિમે એનો ઉપયોગ ખોળી કાઢ્યો છે. લગ્ન થતાંની સાથે જ પુત્ર અને પુત્રવધૂ જુદાં રહેવા જતાં રહે. આફ્રિકામાં તો જ્યારે પ્રજા વસ્ત્રવિનાની રહેતી હતી ત્યારથી જ પુત્રનાં લગ્ન થવાનાં હોય તેના પહેલાં જ તે પોતાનો જુદો કૂબો બનાવી લેતો અને જેવાં લગ્ન કરીને આવે કે તરત જ પહેલી રાત્રિ પેલા કૂબામાં વિતાવે અને ત્યાં જ જીવન શરૂ કરે. આપણે આ પદ્ધતિ ન સ્વીકારી. સંયુક્ત કુટુંબને જીવનનો આદર્શ માન્યું. જોકે સંયુક્ત પરિવારનું જીવન બહુ સારું કહેવાય. પણ શરત એટલી કે જો બધાં હળીમળીને રહે તો. જો સંપીને, હળીમળીને ન રહેવાય તો પછી સંયુક્ત પરિવાર દુઃખનું મહાકારણ બની જાય.

શાહજહાંની બેગમ મુમતાઝમહેલને ચૌદ બાળકો થયાં હતાં. તેમાંથી છ મરી ગયાં અને આઠ જીવતાં રહ્યાં. તે ઓગણીસ વર્ષની ઉંમરે પરણેલી અને આડત્રીસ વર્ષની ઉંમરે મૃત્યુ પામેલી. જો તે પચાસ વર્ષની ઉંમર સુધી જીવી હોત તો કદાચ પિસ્તાલીસ બાળકોની માતા બની હોત. એ તો સારું છે કે કુદરતે સ્ત્રીઓને મોનોપોઝ આપ્યો છે. જેથી આગળ બાળકો થવાની શક્યતા ન રહે. જો મોનોપોઝ ન આપ્યો હોત અને સો વર્ષની ઉંમર સુધી મુમતાઝ જેવી સ્ત્રીઓ જીવતી રહે તો શું થાય? કુદરતની અજબ વ્યવસ્થા કહેવાય કે માદાઓને મોનોપોઝ આપી દીધો અને છેલ્લું રજ બહાર કાઢીને ગર્ભધારણની ક્ષમતા સમાપ્ત કરી દીધી. આવી વ્યવસ્થા કુદરતે નર માટે ના કરી કે નરનું છેલ્લું વીર્ય બહિષ્કૃત કરીને સંતાન પેદા કરવાની ક્ષમતા સમાપ્ત કરી દીધી. નર અને નારી બંને વચ્ચે આવો ભેદ કુદરતે રાખ્યો છે. તેથી માદા અર્થાત્ નારી લગભગ પચાસ વર્ષ પછી પ્રસૂતિની પળોજણથી મુક્ત થઈ જાય છે. એક પ્રશ્ન એવો પણ થાય કે શ્રીમંત ઘરોની સ્ત્રીઓનું પ્રજા-ઉત્પત્તિ અથવા કામભોગ સિવાયનું પ્રયોજન શું? શાહજહાં એટલે તો મુમતાઝને પ્રજા-ઉત્પત્તિનું મશીન માનતો હતો.

પૂર્વે કહ્યું તેમ મુમતાઝનાં જીવિત રહેલાં આઠ સંતાનોમાં ચાર શાહજાદાઓ અને ચાર શાહજાદીઓ હતી. શાહજાદાઓને ઉત્તરાધિકાર મેળવવાની મહત્ત્વાકાંક્ષા હતી. બીજી તરફ સ્ત્રીઓ માટે બાદશાહ કે રાજા-મહારાજા થવાની વ્યવસ્થા હિંદુ ધર્મ અને ઇસ્લામમાં ન હોવાથી શાહજાદીઓ તથા રાજકુમારીઓ નવરી રહેતી. તેમનું એકમાત્ર લક્ષ્ય સારો વર મેળવીને લગ્નજીવન જીવવાનું રહેતું. અકબરે જોયું કે પરણેલી શાહજાદીઓ પોતપોતાના વરોને બાદશાહ બનાવવાની હોડમાં લાગી જતી હોય છે અને તેથી ભારે ખટપટો થતી હોય છે. બીજો પ્રશ્ન એ હતો કે બાદશાહને પોતાની કક્ષાના જમાઈઓ લાવવા ક્યાંથી? બાદશાહ ઊતરતી કક્ષાના અમીર-ઉમરાવનાં સંતાનોને જમાઈ બનાવે તો એક તો બદનામી થાય અને બીજું પાછળથી ઉત્તરાધિકારીના ઝઘડા વધી જાય. બીજી તરફ બાદશાહોના હરમમાં બેગમો અને રખાતો ઘણી રહેતી. કહેવાય છે કે અકબરના હરમમાં પાંચહજાર સ્ત્રીઓ હતી. આવું જ બીજા બાદશાહોના હરમમાં પણ રહેતું. જ્યાં આટલી બધી સ્ત્રીઓ રહેતી હોય ત્યાં એટલાં બધાં બાળકો પણ રહેતાં હોય. એ બાળકોમાં ઢગલાબંધ શાહજાદીઓ પણ રહેતી હોય. આ બધી શાહજાદીઓને પરણાવવા માટે એટલા બધા જમાઈઓ શોધવા પડે. પરિણામે ઉત્તરાધિકારીની ખટપટો વધી જાય. આ ખટપટોથી મુક્તિ મેળવવા માટે અકબરે તેના સમયમાં નિર્ણય કરેલો કે શાહજાદીઓને પરણાવવી નહિ. ત્યારથી બધી શાહજાદીઓ કુંવારી રહેતી અને મરણપર્યંત

કુંવારું જીવન જીવતી. પશ્ચિમે ખાસ કરીને ખ્રિસ્તી ધર્મે આ પ્રશ્નનો ઉકેલ એકપત્ની વ્રતમાં આણી દીધો. કોઈ ગમે એટલો મોટો રાજા-મહારાજા કે બાદશાહ હોય તોપણ તે એક જ પત્ની કરી શકે અને રખાતો તો રાખી શકાય જ નહિ. આ વ્યવસ્થાથી એક પત્ની દ્વારા થયેલાં બાળકો જ રાજગાદીનાં સરળતાથી ઉત્તરાધિકારી થઈ શકતાં. વિલાયતની રાજગાદી માટે મુસ્લિમો કે મોગલો જેવી ખુનામરકી થઈ હોય તેવું જાણવા મળતું નથી. જે બાળકોમાં જેની વધુ સિનિયોરિટી હોય તે બાળક રાજગાદીનો સહજ રીતે ઉત્તરાધિકારી થઈ જાય, પણ આવું આપણે ત્યાં થઈ શક્યું નહિ. ખાસ કરીને મુસ્લિમો-મોગલોમાં તો ન જ થયું. તેથી રાજગાદી ખુનામરકી સિવાય ઉત્તરાધિકારીનો નિર્ણય કરી શકતી નહિ.

શાહજહાંએ પોતાના મોટા પુત્ર દારાસિકોહને યુવરાજપદે સ્થાપિત કર્યો હતો અને મોટી શાહજાદી જહાંઆરાને બાદશાહ-બેગમ બનાવી હતી. આ વ્યવસ્થા બાકીના ત્રણ શાહજાદાઓ અને ત્રણ શાહજાદીઓને ગમી નહિ. એટલે પ્રત્યેક શાહજાદી એક-એક શાહજાદાનો પક્ષ લઈને ખટપટો કરવા માંડી. રોશનઆરાએ ઔરંગઝેબનો પક્ષ લીધો, પુરહુનારાબેગમે શાહસૂજાનો અને ગૌહરઆરાએ મુરાદબક્ષનો પક્ષ લીધો. સૌની નજર મયૂરાસન, લાલકિલ્લો અને કોહિનૂર હીરા ઉપર હતી. જ્યાં અઢળક સંપત્તિ હોય અને ઘણા ઉત્તરાધિકારી હોય ત્યાં વિખવાદ ન થાય એવું ભાગ્યે જ બને. કહેવાય છે કે પૂરા મોગલકાળમાં સૌથી વધુ સંપત્તિ શાહજહાંના કાળમાં મોગલખજાનામાં ભેગી થઈ હતી.

આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે શાહજહાંએ પોતાના ત્રણેય શાહજાદાઓને દેશના દૂર-દૂરના પ્રદેશોના સૂબેદાર બનાવીને મોકલી દીધા. તેણે શાહસૂજાને બંગાળનો સૂબેદાર બનાવ્યો, ઔરંગઝેબને દક્ષિણનો સૂબેદાર અને મુરાદબક્ષને ગુજરાત માળવાનો સૂબેદાર બનાવીને આગ્રાથી દૂર મોકલી દીધા.

એવું મનાય છે કે પૂરા મુસ્લિમકાળ અને મોગલકાળમાં જેટલાં ભવ્ય સ્થાપત્યો શાહજહાંના કાળમાં નિર્મિત થયાં તેટલાં બીજા કોઈ કાળમાં થયાં નથી. શાહજહાં પાસે અપાર ખજાનો હતો અને તે સ્થાપત્યોનો ભારે શોખીન હતો. તેણે ખજાનાનો ઉપયોગ સ્થાપત્ય નિર્માણ કરવામાં કર્યો હતો. તેણે આગ્રાનો લાલકિલ્લો બંધાવ્યો, દિલ્હીનો લાલકિલ્લો બંધાવ્યો અને વિશ્વપ્રસિદ્ધ તાજમહાલ પણ બંધાવ્યો. આ સિવાય પણ તેણે અનેક ભવ્ય ઇમારતો બંધાવી. આમ જોવા જાઓ તો શાહજહાંને અમર કરનારી તેની આ સ્થાપત્ય ઇમારતો કહી શકાય. ઐતિહાસિક વ્યક્તિઓ ઇતિહાસની લડાઈઓથી અમર થતી હોય છે, પણ તેથી વધારે તેમની સ્થાપત્ય ઇમારતોથી થતી હોય છે. સ્થાપત્યોની દૃષ્ટિએ મરાઠા, પેશ્વા, મોગલોની બરાબરી કરી શકે નહિ તે કટુસત્ય સ્વીકારવું જ જોઈએ, કારણ કે મરાઠાનો ખજાનો મોટા ભાગે યુદ્ધોમાં ખર્ચાઈ જતો, એટલે કહેવત પડી છે કે, `તગારે, નગારે અને પગારે' ખજાનો ખર્ચાઈ જતો હોય છે. મોગલકાળમાં તગારે એટલે કે બાંધકામમાં, મરાઠાકાળમાં નગારે એટલે કે યુદ્ધ પાછળ અને આઝાદી પછી આપણા સ્વતંત્રકાળમાં પગારે એટલે કે સરકારી નોકરોના પગારમાં તથા પેન્શન વગેરેમાં રાષ્ટ્રનો ખજાનો ખર્ચાઈ જવા લાગ્યો છે.

શાહજહાંને આગ્રાનો લાલકિલ્લો ગમતો નહિ. તેથી તેણે આગ્રાથી દૂર દિલ્હીમાં નવો લાલકિલ્લો બનાવવાનો નિર્ણય કર્યો. કોઈ પણ ભવ્ય ઇમારત અઢળક પૈસાથી જ બનતી હોય છે, પણ માત્ર પૈસાથી જ ઇમારત બનતી નથી. તેમ માત્ર કડિયા, સુથાર, મજૂરોથી પણ બનતી નથી. ભવ્યાતિભવ્ય ઇમારત બનતી હોય છે કોઈ મહાન સ્થપતિ અર્થાત્ આર્કિટેક દ્વારા. મોગલોની સાથે ઈરાન અને સમરકંદથી સારા-સારા સ્થપતિઓ પણ આવેલા. આ સ્થપતિઓએ ભારતમાં ઘણી ભવ્ય ઇમારતોની રચના કરી. આવો જ એક મહાન સ્થપતિ હતો ઉસ્તાદ અહેમદ લાહોરી. જેણે પહેલાં લાલકિલ્લાનું સ્થાપત્ય નિર્મિત કરેલું. એ જ અહેમદને બાદશાહ

શાહજહાંએ તાજમહાલ બનાવવાની જવાબદારી આપી. અહેમદ લાહોરીએ આખા સ્થાપત્યનો નકશો બનાવીને કામ શરૂ કરી દીધું. ૧૨ મે, ૧૬૩૮ના રોજ દિલ્હીમાં યમુનાના કિનારે લાલકિલ્લાનો શિલાન્યાસ થયો. રાતદિવસ કામ કરીને ૬ એપ્રિલ, ૧૬૪૮માં બનીને તૈયાર થઈ ગયો. આ રીતે લાલકિલ્લાને તૈયાર થતાં દસ વર્ષનો સમય લાગ્યો હતો. એ જ સ્થપતિને તાજમહાલ બનાવવાની જવાબદારી આપવામાં આવી અને અહેમદે ભારે બુદ્ધિ, કૌશલ્ય વાપરીને તાજમહાલનું નિર્માણ કર્યું.

તાજમહાલ મજબૂતાઈની દૃષ્ટિએ તો અદ્વિતીય છે જ, કારણ કે તેનો પાયો દોઢસો ફૂટ ઊંડો નાખવામાં આવ્યો છે -- અને પાયામાં કાશ્મીરથી લાવેલા ઓક વૃક્ષનાં તોતિંગ બીમો અગ્નિમાં પકાવીને મૂકવામાં આવ્યાં છે. જેથી વર્ષો પછી પણ તે સડે નહિ અને તેની મજબૂતાઈ જેવી ને તેવી રહે. બીમો ઉપર તાજમહાલનું ચણતર પથ્થરોમાં કરવામાં આવ્યું છે. જેના કારણે ચારસો વર્ષ વીતી ગયાં હોવા છતાં પણ હજી સુધી તેમાં એક તિરાડ પણ પડી નથી. બીજી તરફ તેનું સૌંદર્ય પણ અદ્વિતીય છે. ભારતમાં ખાસ કરીને દક્ષિણ ભારતમાં ઘણાં ભવ્યાતિભવ્ય સ્મારકો રચાયાં છે, પણ સૌંદર્યની દૃષ્ટિએ કોઈ તાજમહાલની બરાબરી કરી શકે નહિ તે સ્વીકારવું જોઈએ. જરા કલ્પના કરો કે તાજમહાલની ચારેતરફ જે ચાર મિનારા ઊભા કર્યા છે તે ન હોય તો આખી ઇમારત બૂચી લાગે. આ મિનારાની એક ખાસ ખૂબી એ છે, જે લોકોના ધ્યાનમાં નથી આવતી. પ્રત્યેક મિનારો તાજમહાલથી ઊલટી દિશામાં થોડો ઝૂકેલો છે. તેનો ઝુકાવ એટલો ઓછો છે કે નરી આંખે ખબર જ ન પડે. આ ઝુકાવ એટલા માટે છે કે ધરતીકંપ આવે તો મિનારો તાજમહાલ તરફ ન પડે, પણ ઊલટી દિશામાં પડે. સ્થપતિની દીર્ઘદૃષ્ટિ અને બુદ્ધિમત્તા દાદ માગી લે છે. તાજમહાલની ચારેતરફ વિશાળ મેદાન છે. પ્રવેશદ્વારથી તાજમહાલ સુધી એક ફુવારાની નહેર છે. આ નહેરમાં કાયમ થોડું પાણી ભરાયેલું રહે છે. તમે પ્રવેશ-દરવાજાથી જેવો પ્રવેશ કરો તેવો જ તાજમહાલ તો દેખાય પણ સાથે-સાથે તેનું તેવું જ પ્રતિબિંબ પેલી ફુવારા નહેરમાં પણ દેખાય. આ દૃશ્ય અત્યંત અદ્ ભુત લાગે છે. જો આ નહેર ન બનાવી હોત અને સીધો જ તાજમહાલ બનાવી દીધો હોત તો જે સૌંદર્ય અનુભવાય છે તે ન અનુભવાત. આમ, સ્થાપત્ય અને સૌંદર્ય બંનેની દૃષ્ટિએ વિશ્વની આ અત્યંત અદ્ભુત ઇમારત છે. તે માટે બાદશાહ શાહજહાં અને સ્થપતિ અહેમદ લાહોરીને ધન્યવાદ આપવા જોઈએ. જ્યારે તાજમહાલ તૈયાર થઈ ગયો ત્યારે તેની પ્રિય બેગમ મુમતાઝમહેલના શબને લાવીને તેના ભોંયરામાં દફન કરવામાં આવ્યું અને પછી જ્યારે શાહજહાં મૃત્યુ પામ્યો ત્યારે તેના શબને પણ તાજમહાલના ભોંયરામાં મુમતાઝની કબર પાસે દફનાવવામાં આવ્યું. આમ, શાહજહાંનાં સ્થાપત્યો અમર થઈ ગયાં કહેવાય.

પૂર્વે કહ્યું તેમ શાહજહાંનો પરિવાર ખટપટોથી ખદબદવા લાગ્યો. દારાસિકોહ બાદશાહની સાથે રહીને રાજવ્યવસ્થા સંભાળતો રહ્યો અને બાકીના ત્રણેય શાહજાદાઓ દૂર-દૂરના પ્રદેશોના સૂબેદારો થઈને જે-તે સૂબાઓની સત્તા સંભાળતા રહ્યા, પણ બધાંની નજર રાજગાદી ઉપર રહેવા લાગી. દરેક શાહજાદા સાથે તેમની એક-એક બહેન શાહજાદી જોડાયેલી હતી. આ શાહજાદીઓ ઝીણામાં ઝીણી પરિસ્થિતિના સમાચાર પોતપોતાના ભાઈ શાહજાદાને મોકલતી રહી અને ખટપટો કરતી રહી. એવું કહેવાય છે કે જો સ્ત્રીઓ કામક્રીડામાં લિપ્ત ન રહેતી હોય અથવા ધર્મક્રિયામાં મગન ન રહેતી હોય અને કશું કામ ન હોય તો તે ભયંકર ખટપટોમાં જોતરાઈ જતી હોય છે. આમાં અપવાદરૂપ કેટલીક ડાહી સ્ત્રીઓ હોઈ શકે, એટલે ડાહ્યા પુરુષો સ્ત્રીઓને કાં તો કામક્રીડામાં અથવા ધર્મભક્તિમાં રત રાખતા હોય છે. શાહજાદીઓ માટે આ બંનેમાંથી એકેય ક્ષેત્રની પ્રવૃત્તિ ન હતી. તેથી સંપૂર્ણ નવરી હતી. તેમની નવરાશ શાંતિની પ્રતીક ન બનતાં ખટપટોની પ્રતીક બની ગઈ. પુરુષ નવરો કદાચ ચાલી શકે,

પણ જો સ્ત્રી નવરી હોય તો તે ઘટનાઓનું નિર્માણ કર્યા વિના રહે નહિ. તમે જો-જો પરણ્યા વિનાના અને નોકરીધંધા વિનાના વાંઢા પુરુષો પગ ઉપર પગ ચઢાવીને મેલાં કપડાંવાળા ઘરના ખૂણામાં પડ્યા રહેતા હોય છે, પણ આવી નવરી સ્ત્રીઓ ઘરના ખૂણામાં પડી રહી શકતી નથી. તે આખું ગામ ખૂંદી વળતી હોય છે અને આખા ગામને ચકડોળે ચડાવતી હોય છે. આમાં તેનો દોષ કહેવાય નહિ. કુદરતે તેની પ્રકૃતિ જ આવી રચી છે. આમાં હજારોમાં એકાદ અપવાદ હોઈ શકે.

ચારેય શાહજાદીએ પોતપોતાના શાહજાદાભાઈની તરફેણમાં રાજધાનીમાં બેઠી-બેઠી ચકડોળ ચલાવતી રહી.

તા. ૬ એપ્રિલ, ૧૬૪૮ના રોજ બાદશાહ શાહજહાં વાજતે-ગાજતે દિલ્હીના લાલકિલ્લામાં રહેવા આવી ગયો. આગ્રાથી દિલ્હી આવતાં પૂરા હરમ સાથે અને મંત્રીઓ, સરદારો વગેરે ઉચ્ચ કુલીનો સાથે આવતાં તેણે અઢાર કરોડનો ખર્ચ કર્યો હતો. કેટલાક લોકો અવારનવાર ઉત્સવો કરીને મોટા ખર્ચા કરતા રહે છે. શાહજહાં જ્યારે આગ્રાથી દિલ્હી રહેવા આવ્યો ત્યારે તેની ઉંમર છપ્પન વર્ષની હતી. મુમતાઝના મૃત્યુ પછી થોડો સમય તો તે તેના વિયોગમાં ઝૂરતો રહ્યો, પણ પછી ફરી પાછો ભોગવિલાસમાં ગળાડૂબ ડૂબી ગયો. આઘાતથી અથવા ઉપદેશથી જીવનમાં જે વૈરાગ્ય આવતો હોય છે તે કાયમી નથી હોતો. સમય જતાં વ્યક્તિ ફરી પાછી હતી તેવી ને તેવી જ થઈ જતી હોય છે. શાહજહાંના અતિવિલાસી થઈ જવાના કારણે પાછલી જિંદગીમાં તેને યૌનરોગ થઈ ગયો હતો. તેનો પેશાબ બંધ થઈ જતો હતો અને હકીમોના બધા પ્રયત્નો પછી પણ પેશાબની છૂટ ન થવાથી તે ભારે દુઃખી થતો હતો. તેના ગુપ્તાંગમાં અનેક રોગો થઈ ગયા હતા. બીજા બધા રોગો લોકોને કહી શકાય, પણ ગુપ્તાંગના રોગ લોકોને કહી શકાતા નથી, કારણ કે આવા રોગો મોટા ભાગે અનૈતિક કામાચારથી થતા હોય છે. જે લોકો એક જ પત્ની કરીને એક જ પત્નીમાં સંતોષ માનતા હોય છે તે મોટા ભાગે આવા યૌનરોગોથી બચી જતા હોય છે. એટલું જ નહિ પણ તે માનસિક અને વૈચારિક રીતે પણ બળવાન રહેતા હોય છે. જે લોકો બહુભોગી બનીને વધુમાં વધુ સ્ત્રીઓને ભોગવી લેવા પ્રયત્નો કરતા હોય છે તેવા લોકો વધુપડતું કામસુખ તો ભોગવતા હોય છે, પણ સાથે-સાથે શારીરિક, માનસિક અને બૌદ્ધિક દુર્બળતા પણ વહોરી લેતા હોય છે. તેમની સામાજિક, ચારિત્રિક પ્રતિષ્ઠા ખતમ થઈ જતી હોય છે અને પુરુષોની તુલનામાં સ્ત્રીઓના ગુપ્તરોગો ઘણા વધારે હોય છે. જેને પુરુષોની માફક સ્ત્રીઓ પણ છુપાવતી હોય છે. જે બહુભોગી પુરુષો અથવા સ્ત્રીઓ હોય છે તે કોઈ ને કોઈ ગુપ્તરોગી વ્યક્તિની ઝપટમાં આવી જ જાય છે અને પછી તે ગુપ્તરોગની ભોગ બની જાય છે. શાહજહાંને કહેવાય છે કે રોજ એક નવી-નવી સ્ત્રીની જરૂર પડતી. ઉચ્ચ સત્તાધિકારી અથવા પ્રચુર ધનાઢ્ય વ્યક્તિ માટે આવી માગણી સરળ કહેવાય. શાહજહાં સરળતાથી પોતાની ભૂખ સંતોષતો. તેથી તેના હરમમાં પત્નીઓ સિવાયની સેંકડો સ્ત્રીઓ હરફર કરતી રહેતી.

જ્યારે ઘણા પ્રયત્નો પછી પણ શાહજહાંનો યૌનરોગ ન મટ્યો ત્યારે તે લાલકિલ્લામાં પોતાના ગુપ્ત મહેલમાં રહેવા લાગ્યો. તેની સાથે તેની મોટી શાહજાદી જહાંઆરા જ માત્ર સેવા કરવા રહેતી. દાસદાસીઓને પણ મહેલમાં પ્રવેશ કરવા દેવાતો નહિ. દાસદાસીઓનો પ્રવેશનિષેધ થઈ જવાથી તે લોકો જાતજાતની અફવાઓ ફેલાવા લાગ્યાં. પ્રત્યેક મોટા ઘરમાં રહેનારાં નોકરો-ચાકરો ઘરની રજેરજની વાતો જાણતાં હોય છે અને આવી વાતોને બહારગામોમાં નગરોમાં ફેલાવવામાં રસ ધરાવતાં હોય છે. તે બધાં અંદરોઅંદર તથા બહારના માણસો સાથે પોતાના માલિકો કે શેઠ-શેઠાણીઓની અંતરંગ વાતોને રસપૂર્વક કહેતાં રહેતાં હોય છે. નોકરચાકરો વિના ચાલી શકે નહિ અને નારાજ થયેલાં નોકરો-ચાકરો વાત ઉડાડ્યા

વિના રહે નહિ, એટલે કેટલાંક મોટાં ઘરોમાં નોકરો-ચાકરોને ઘરોમાં જ રહેઠાણ આપીને રાખવામાં આવતાં હોય છે, કારણ કે લોકસંપર્કથી તેમને દૂર રાખવાનો આ એક જ ઉપાય છે.

બાદશાહ વિશે જાતજાતની અફવાઓ ફેલાવા લાગી. કોઈ કહે બાદશાહ મરી ગયો છે તો કોઈ કહે કે બાદશાહ બીમાર થઈને બેભાન પડ્યો છે. જહાંઆરા અને દારાસિકોહએ તેનો કબજો કરી લીધો છે. નોકર-ચાકરોની સાથે શાહજહાંની ત્રણ શાહજાદીઓ પણ અફવાઓ ફેલાવવામાં અગ્રેસર રહેતી. શાહજહાંના ત્રણ શાહજાદાને બંગાળ, દક્ષિણ અને ગુજરાતના સૂબેદારો બનાવીને દૂર મોકલી દેવાયા હતા, પણ ત્રણેય શાહજાદાઓની સમર્થક ત્રણ શાહજાદીઓ દિલ્હીમાં લાલકિલ્લામાં જ રહેતી હતી. આ ત્રણેય શાહજાદીઓ રોજેરોજ પોતપોતાના ભાઈ શાહજાદાને પત્રો લખીને બધી ગુપ્ત માહિતી મોકલતી રહેતી. ખરેખર તો લાલકિલ્લામાં બે પક્ષો પડી ગયા હતા. એક પક્ષમાં બાદશાહ શાહજહાં, મોટો શાહજાદો દારાસિકોહ અને મોટી શાહજાદી જહાંઆરા. આ ત્રણેય એક તરફ હતાં. શાહજહાં દારાસિકોહને ઉત્તરાધિકારી બનાવવા માગતો હતો અને જહાંઆરા પણ દારાસિકોહના પક્ષમાં હતી, પણ બાકીની ત્રણ શાહજાદીઓ વિરોધી હતી. ત્રણેયે પોતપોતાના એક-એક ભાઈનો પક્ષ લીધો હતો. તે સમયે દિલ્હીની વસતીમાં પંચાણું ટકા હિંદુઓ હતા અને પાંચ ટકા મુસ્લિમો હતા. પાંચ ટકા મુસ્લિમોને `રિયાયા' કહેવાતા. આ રિયાયાનો મત દિલ્હીના તખ્તને પ્રભાવિત કરતો. બાકીના પંચાણુ ટકા હિંદુઓના મતનું કશું મૂલ્ય ન હતું. એટલે રિયાયા પણ મોટા ભાગે દારાસિકોહના વિરુદ્ધમાં થઈ ગયો હતો. તેનું કારણ દારાસિકોહની ઉદાર ધાર્મિકતા હતી. તે હિન્દુ ધર્મથી બહુ પ્રભાવિત હતો અને બીજા ધર્મોને પણ અકબરની માફક સ્વીકારતો હતો. તેની આવી ઉદારતાને કારણે ઔરંગઝેબ તથા બાકીના શાહજાદા અને શાહજાદીઓ તેને હંમેશાં `કાફર' કહીને બોલાવતા. પોતાના સમર્થનમાં તેમણે રિયાયામાંથી મૌલાના અને મૌલવીઓ પાસે ફતવો પણ પડાવેલો. આ રીતે રિયાયા અને શાહજાદાઓની દૃષ્ટિએ દારાસિકોહ કાફર હતો. જ્યારે બીજી તરફ બાદશાહ શાહજહાં અને રાજાઓ લાલકિલ્લામાં તહેનાતમાં રહેતા. તેમાંના મોટા ભાગના દારાસિકોહના પક્ષમાં હતા. આ રીતે લાલકિલ્લાનું વાતાવરણ ગુટબાજીમાં વહેંચાઈ ગયું હતું. શાહજાદી રોશનઆરા ઔરંગઝેબના પક્ષમાં હતી. તે પણ ઔરંગઝેબની માફક કટ્ટર સુન્ની મુસ્લિમ હતી. ગૌહરઆરા મુરાદાબક્ષના પક્ષમાં હતી અને પરહુનારાબેગમ શાહસૂજાના પક્ષમાં હતી. આ રીતે કુંવારી શાહજાદીઓ પોતપોતાના પક્ષની વ્યક્તિને બાદશાહ બનાવવા માટે રમતો રમી રહી હતી.

સ્ત્રીઓનો રાગ વધારે હોય છે અને દ્વેષ તો તેથી પણ વધારે હોય છે. સ્ત્રીઓની મોટી કમજોરી એ હોય છે કે તે પતિના રાગદ્વેષને છુપાવી શકતી નથી. જે અંદર હોય તે ચહેરા ઉપર આવી જ જાય. એટલું જ નહિ વાણીમાં પણ તે બધું છલકાવા લાગે અને છેવટે વ્યવહારમાં પણ બધું ઊતરી આવે. આ રીતે રાગ અને દ્વેષ બંનને છેક વ્યવહાર સુધી પહોંચાડી દે. આમ હોવાથી કદાચ સ્ત્રીને રાજગાદીએ બેસવાની મનાઈ કરવામાં આવી હશે. રાજનીતિમાં જે પ્રૌઢતા હોવી જોઈએ, જે ગંભીરતા રાખવી જોઈએ તે કદાચ સામાન્ય સ્ત્રીમાં નહિ રહેતી હોય તેથી તેને મુત્સદ્દગીરીની રમતથી અળગી રખાતી હશે. એટલા માટે ગંભીર પુરુષો ગંભીર વાતોને સ્ત્રીઓ આગળ સંતાડતા રહેતા હોય છે, જોકે આમાં અપવાદ હોઈ શકે છે. કેટલીક સ્ત્રીઓ પુરુષો કરતાં પણ વધુ ધીર-ગંભીર અને મુત્સદ્દી હોય છે.

ત્રણેય શાહજાદીઓ રાતદિવસ મોટીબહેન જહાંઆરાની નિંદા કર્યા કરતી. દ્વેષ અને ઈર્ષા નિંદા વિનાનાં હોતાં નથી. જેટલો દ્વેષ અને ઈર્ષા પ્રબળ એટલી જ નિંદા પણ પ્રબળ. આ શાહજાદીઓ જહાંઆરાની નિંદા કરતાં-કરતાં એટલી હદે નીચે ઊતરી આવતી કે તે લોકોને કહેતી ફરતી કે જહાંઆરા તો બાદશાહની પુત્રી મટીને રખાત બની ગઈ છે. અર્થાત્ બાપ-

દીકરીનો અવૈધ અનૈતિક સંબંધ બની ગયો છે. તેથી તેઓ સાથે જ રહે છે. વળી પાછી એકાદ શાહજાદી એવું પણ કહે કે મેં તો બધું નજરોનજર જોયું છે. આ બંને મહાપાપી બની ગયાં છે.

મોહ વ્યક્તિને ભાન ભુલાવે છે. તેવી જ રીતે દ્વેષ અને પ્રબળ ઈર્ષા પણ વ્યક્તિને ભાન ભુલાવતાં હોય છે. આવા ભાનભૂલેલા દુર્જનો સૌથી પહેલાં સજ્જનોને કલંક લગાડવાનું કામ કરતા હોય છે. તેના માટે બનાવટી કાલ્પનિક વાતો ઘડી કાઢતા હોય છે. પુરાવો પણ ઊભો કરી દેતા હોય છે અને સામાન્ય જનતામાં અફવાઓ ફેલાવીને તેમની પ્રતિષ્ઠાને ધૂળધાણી કરી નાખતા હોય છે.. લોકોને પારકું કલંક સાંભળવામાં મજા આવતી હોય છે. તેમાં પણ જે પોતાનો વિરોધી હોય તેનું કલંક તો લોકો હોંશે-હોંશે સાંભળતાં હોય છે અને બીજાને સંભળાવતાં રહેતાં હોય છે. આ રીતે શાહજહાં, જહાંઆરા અને દારાસિકોહ ત્રણેયની ખૂબ નિંદા-ટીકા, અફવાઓ દ્વારા થવા લાગી.

તા. ૦૨/૦૮/૨૦૨૦

૫

શાહજહાંનો અંતિમ કાળ

કેટલાક લોકોનું જીવન ધન્ય-ધન્ય બની જતું હોય છે, તો કેટલાક લોકોનું મૃત્યુ ધન્ય-ધન્ય થઈ જતું હોય છે. જે લોકો પરોપકાર અને પરમાર્થમય જીવન જીવતા હોય છે તેમનું જીવન ધન્ય-ધન્ય થઈ જતું હોય છે, ધર્મ માટે, રાષ્ટ્ર માટે કે માનવતા માટે શહીદ થઈ જતું હોય છે. કેટલીક વાર એવું પણ બને કે જેનું જીવન ધન્ય ન હોય પણ મૃત્યુ ધન્ય બની ગયું હોય. ગામનો કોઈ માથાભારે માણસ આખા ગામને પજવતો હોય અને તેથી અળખો થઈને જીવન જીવતો હોય પણ જો ગામ ઉપર લૂંટારા ચડી આવે તો પેલો માથાભારે માણસ સૌથી પહેલાં ધીંગાણે ચડે અને ગામને બચાવવા માટે શહીદ થઈ જાય. આવા માણસના પાળિયા પૂજાય અને તેનું મૃત્યુ ધન્ય-ધન્ય થઈ જાય. તો કેટલીક વાર આખું જીવન સારું પરમાર્થમય જિવાયું હોય પણ મૃત્યુ બગડી જાય અર્થાત્ મરતી વખતે કુબુદ્ધિ સૂઝે અને ન કરવાનું ખોટું કામ કરી બેસે તો તેનું મૃત્યુ બગડી જાય. આપણાં મન-બુદ્ધિનો કદી પણ પૂરેપૂરો ભરોસો રાખી શકાય નહિ. ક્યારે તે પલટી મારે અને ન કરવાનું કરાવી બેસે તે કહી શકાય નહિ, એટલે ડાહ્યા પુરુષો હંમેશાં પરમેશ્વરના અને સંતોના શરણે રહેતા હોય છે. આવા શરણે રહેલા ભક્તોને ભગવાન બચાવી લેતો હોય છે, કારણ કે ગીતામાં તેણે પ્રતિજ્ઞા કરી છે કે, ``ન મે ભક્તઃ પ્રણશ્યતિ." અર્થાત્ હું મારા ભક્તનું પતન થવા દેતો નથી. છેલ્લી ઘડીએ તેનો હાથ પકડી લઉં છું.

આ બધું લખવાનો હેતુ એટલો જ છે કે મુસ્લિમો અને મોગલોના લગભગ બધા બાદશાહો, સુલતાનો, રાષ્ટ્રપતિઓ અને પ્રધાનમંત્રીઓનાં મૃત્યુ લગભગ બગડ્યાં છે. અકબરનું મૃત્યુ સલીમે બગાડ્યું હતું, તો સલીમનું મૃત્યુ તેના શાહજાદાએ બગાડ્યું હતું. હવે શાહજહાંનું મૃત્યુ તેના શાહજાદાઓ બગાડી રહ્યા છે. શાહજહાં મૃત્યુ સમયે ત્રણેય તરફથી ઘેરાઈ ગયો હતો. એક તરફ કટ્ટર સુન્ની રિયાયા મુસ્લિમો અને તેમના મૌલાના, મૌલવીઓ હતા. જે શાહજહાંને કાફર કહીને નિંદી રહ્યા હતા; બીજી તરફ તેના ત્રણ વિરોધી શાહજાદાઓ અને ત્રણ શાહજાદીઓ હતી; જે પરિવારમાં વિરોધની હોળી પ્રગટાવી ચૂકી હતી. તો ત્રીજી તરફ શાહજહાંને યૌનરોગ લાગુ પડ્યો હોવાથી શારીરિક, માનસિક અને બૌદ્ધિક રીતે બાદશાહ દુઃખી થઈ રહ્યો હતો. આમ ત્રણેય તરફથી મૃત્યુના સમયમાં શાહજહાં ભારે દુઃખ ભોગવી રહ્યો હતો.

હિન્દુ પરંપરામાં સામાન્ય ગરીબ માણસ જ્યારે મરવા પડે ત્યારે તેના ગરીબ પુત્રો, પુત્રીઓ વગેરે તેના ખાટલા આગળ ભેગાં થાય. ઘીનો દીવો કરે. મોઢામાં ગંગાજળ અને તુલસીનું પાન મૂકે, કાનમાં રામનામ સંભળાવે અને છેલ્લી ઇચ્છા પૂછે. જેથી તેની છેલ્લી ઇચ્છા પૂરી કરવામાં આવે છે. શક્તિ પ્રમાણે દાન-પુણ્ય થાય અને પછી મરનાર માણસ પ્રાણ છોડે. જરા વિચાર કરો આવું મૃત્યુ સારું કે પેલા બાદશાહો, અમીરો, શ્રીમંતોનું મૃત્યુ સારું - જેના મૃત્યુ વખતે ભયંકર ખુનામરકીની ખટપટો ખેલાતી હોય! કહેવા ખાતર લોકો બાદશાહી જીવનને ભાગ્યશાળી માનતા હોય છે, પણ અંદરથી જુઓ તો મોટા ભાગના આવા બાદશાહોનાં જીવન નરક જેવાં બની ગયાં હોય છે.

ત્રણ વિદ્રોહી શાહજાદીઓએ અફવા ફેલાવી કે બાદશાહ મરી ગયો છે અને દારસિકો તથા જહાંઆરાએ તેના મડદાનો કબજો કરી લઈને પોતે સત્તા લઈ લીધી છે. જેમ-જેમ મૃત્યુ નજીક આવતું ગયું તેમ-તેમ શાહજહાંની બુદ્ધિ પણ બગડતી ગઈ. તેને નજીકના અત્યંત વિશ્વાસુ માણસો ઉપર શંકા-કુશંકા થવા લાગી. જેને ચારે તરફથી મૃત્યુનો ભય સતાવતો હોય તેને મિત્રોમાં પણ દુશ્મનો દેખાવા લાગતા હોય છે. બાદશાહની ગાદીપરંપરા ખુનામરકીના

ખેલથી ચાલી આવતી હોવાથી મરતી વખતે પ્રત્યેક બાદશાહને બધામાં પોતાના ખૂની જ દેખાવા લાગે. આવું હોવાથી શાહજહાંએ દારાસિકોહને પોતાનાથી દૂર કરી દીધો, એટલું જ નહિ પણ જે રાજપૂત રાજાઓ તેના ખાસ વિશ્વાસુ હતા – જેવા કે, મહારાજા જયસિંહ તથા જશવંતસિંહ તથા રૂપગઢના રાજા રૂપસિંહ રાઠોડ વગેરેને પણ દૂર કરી દીધા. આ રીતે તે ઓછામાં ઓછા રક્ષણથી મૃત્યુના દિવસો ગણતો રહ્યો. બીજી તરફ બંગાળના સૂબેદાર મુરાદબક્ષે પોતાને બાદશાહ જાહેર કરી દીધો અને પોતાની સેના લઈને દિલ્હી તરફ કૂચ કરી નીકળ્યો.

તા. ૦૪/૦૮/૨૦૨૦

કાવાદાવા અને છળકપટ

`સત્યમેવ જયતે' આદર્શ વાક્ય છે, વ્યાવહારિક વાક્ય નથી. શાસ્ત્રમાં બધાં વાક્યો એકસરખાં નથી હોતાં. જુદા-જુદા સંદર્ભોમાં લખાયેલાં જુદાં-જુદાં વાક્યો જુદા-જુદા હેતુઓ માટે હોય છે. મારી દૃષ્ટિએ શાસ્ત્રમાં મુખ્યતઃ પાંચ પ્રકારનાં વાક્યો આવતાં હોય છે ઃ

(૧) સિદ્ધાંત વાક્ય, (૨) આદર્શ વાક્ય, (૩) વ્યાવહારિક વાક્ય, (૪) આશ્વાસન વાક્ય અને (૫) માહાત્મ્ય વાક્ય.

(૧) જે વાક્યો સિદ્ધાંતનું પ્રતિપાદન કરે તે સિદ્ધાંત વાક્ય કહેવાય. આ મુખ્યતઃ પ્રમાણ વાક્ય કહેવાય. (૨) જે વાક્યો ઉચ્ચ આદર્શોને પ્રગટ કરે તેને આદર્શ વાક્ય કહેવાય. જેમ કે `સત્યમેવ જયતે.' (૩) જે વાક્યો વ્યવહારની વ્યવસ્થા કરે તેને વ્યાવહારિક વાક્યો કહેવાય. (૪) જે વાક્યો દુઃખમાં કે આઘાતમાં આશ્વાસનરૂપ કહેવામાં આવે તે આશ્વાસન વાક્ય કહેવાય, (૫) જે વાક્યો શુભપ્રવૃત્તિ કરાવવા અને અશુભ પ્રવૃત્તિ નિવારવા માટે કહેવામાં આવે તેને માહાત્મ્ય વાક્ય કહેવાય.

આ રીતે જુદા-જુદા હેતુ માટે વાક્યો બોલાતાં અને લખાતાં હોય છે. કુશળ શાસ્ત્રવેત્તાઓએ સંદર્ભ-સાપેક્ષ તેનો ઉપયોગ કરવો જોઈએ. આંખ મીંચીને બધાં વાક્યો બધી જગ્યાએ લાગુ પાડી શકાય નહિ. જેમ કે, `રામનામ સત્ય હૈ.' આ મહા વાક્ય હોવા છતાં કોઈના લગ્નપ્રસંગે બોલી શકાય નહિ. આવી જ રીતે `સત્ય મેવ જયતે' મહાન વાક્ય હોવા છતાં પણ વ્યવહારમાં ખાસ કરીને રાજકારણમાં અક્ષરસઃ તેને આચરી શકાય નહિ. જે સાચા હોય તેની સાથે `સત્ય મેવ જયતે' આચરી શકાય, પણ જે છળકપટ, જુઠ્ઠાણાંવાળા હોય તેની સાથે સત્ય વ્યવહાર કરી શકાય નહિ. ખાસ કરીને રાજકારણમાં તો સાવધાનીપૂર્વક જે જેવો હોય તેની સાથે તેવો વ્યવહાર કરવામાં આવે તો જ રાજકારણ સફળ થાય. રાજકારણની સફળતાનો પ્રભાવ રાષ્ટ્ર ઉપર પડે. રાષ્ટ્રનો પ્રભાવ રાષ્ટ્રમાં રહેતી પ્રજા પર પડે. અર્થાત્ પ્રજા સુખી કે દુઃખી થાય તેમાં રાજકારણ સૌથી વધુ મહત્ત્વનો ભાગ ભજવતું હોય છે, એટલે રાજકારણની ઉપેક્ષા કરી શકાય નહિ. તેમજ તેને વેદિયાની માફક આચરી શકાય પણ નહિ. તેમાં ડગલે ને પગલે મુત્સદ્દીગીરી હોવી જ જોઈએ. જો મુત્સદ્દીગીરી ન હોય તો સફળ રાજકારણ આચરી શકાય નહિ. આવા વેદિયા નેતાઓ રાષ્ટ્રને દુશ્મન કરતાં પણ વધુ નુકસાન પહોંચાડતા હોય છે. સત્ય જરૂરી હોવા છતાં પણ રાજકારણમાં બધી જગ્યાએ સોએ સો ટકા વ્યવહાર કરવાનો આગ્રહ કોઈ ચાણક્ય કે શિવાજી રાખી શકે નહિ. કપટી ઔરંગઝેબ સાથે શિવાજીએ પણ ચતુરાઈ વાપરવી જોઈએ. તો જ છળકપટથી થયેલી કેદમાંથી છુટકારો મળી શકે.

બાદશાહ શાહજહાં બીમાર થયો, એટલે એ એકાંતમાં રહેવા લાગ્યો. માત્ર મોટી શાહજાદી જહાંઆરાને જ પાસે રાખીને બીજાં બધાંને દૂર કરી દીધાં હતાં. દર અઠવાડિયે એક વાર બાદશાહ લોકોને દર્શન આપતો અને ફરિયાદો સાંભળતો તે પણ બંધ થઈ જવાથી તથા જુમ્માની નમાજ પઢવા તે જુમ્મા મસ્જિદ જતો તે પણ બંધ થઈ જવાથી લોકોમાં અનેક પ્રકારની અફવાઓએ જોર પકડ્યું. અફવાઓ સાચી હોય કે ખોટી હોય પણ તે તેનું પરિણામ લાવતી જ હોય છે. અયોધ્યાનો એક સામાન્ય ધોબી રામજીના લગ્નજીવનને ભંગ કરી નાખે છે. સીતાજીને વન-વનમાં વિચરતાં કરી તેમનું આખું જીવન બરબાદ કરી નાખે છે. જો અફવાના જોરે સીતારામની આવી દશા થતી હોય તો સામાન્ય માણસની તો વાત જ શી કરવી? એટલે અફવાની ઉપેક્ષા કરી શકાય નહિ. પ્રત્યેક ગામમાં અફવા ફેલાવનારાં અને લોકોનાં જીવન

બરબાદ કરનારાં તત્ત્વો રહેતાં જ હોય છે. બધા લોકો ડાહ્યા, શાણા, ગંભીર હોતા નથી. અફવાઓની આંધીમાં ઊંડી જનારા લોકોનો મોટો વર્ગ હોય છે. આ બધા વચ્ચે જેણે જીવવું હોય તેણે અફવાખોરોથી સચેત – સાવધાન રહેવું જોઈએ.

બધી રીતે દુઃખી થયેલો બાદશાહ અને જહાંઆરા ભગવાનને ખૂબ પ્રાર્થના કરતાં હતાં. એવામાં કોઈની દુઆ અને કોઈની દવા કામ કરી ગઈ. ધીરે-ધીરે બાદશાહ સારો થઈ ગયો. તે ઝરૂખે બેસીને દર્શન આપવા માંડ્યો. જુમ્માની નમાજ પઢવા જવા લાગ્યો અને દિલ્હીમાં હરવા-ફરવા પણ લાગ્યો. આ કારણે અફવા ફેલાવનારાઓના હાથ હેઠા પડ્યા. બાદશાહ જીવે છે અને એની તબિયત પણ સારી છે. એવા સમાચાર પ્રસિદ્ધ થયા, એટલે વિરોધીઓના હાથ હેઠા પડ્યા. રાજકારણની ખટપટોમાં વિરોધીઓના હાથ હેઠા પાડતાં આવડે તો જ સફળ રાજનેતા થઈ શકાય.

બાદશાહની તબિયત સુધરી ગઈ હતી. તોપણ શરીરમાં હજી કમજોરી હતી. તેથી કેટલાક લોકોએ બાદશાહને પાણીબદલો કરવાની સલાહ આપી. આપણે ત્યાં જૂની પરંપરા છે કે બધી દવાઓ કરવા છતાં રોગ ન મટે તો આબોહવા બદલવી અર્થાત્ ક્યાંક દૂર રહેવા જતું રહેવું. ત્યાંનું પાણી અને નવી હવાથી કદાચ સારું થઈ જાય. ઘણો વિચાર કરીને શાહજહાંએ દિલ્હીથી આગ્રા જવાનું નક્કી કર્યું. આગ્રાનાં અનેક આકર્ષણોમાં સૌથી મોટું આકર્ષણ તાજમહેલનું હતું. મુમતાઝમહેલને મરી ગયાને છવ્વીસ વર્ષ વીતી ચૂક્યાં હતાં અને ઘણા સમયથી તાજમહાલ જોયો ન હતો. તેથી બાદશાહને આગ્રા જવાનું મન થયું. પૂરા જનાના સાથે સેંકડો નહિ પણ હજારો લોકોની સાથે બાદશાહ દિલ્હીનો લાલકિલ્લો છોડીને આગ્રા તરફ વિદાય થયો અને આગ્રામાં જઈને રહેવા લાગ્યો. આગ્રામાં રહેવાથી તેની તબિયત સુધરવાની જગ્યાએ વધુ ને વધુ બગડવા લાગી. હવે તેના માટે ઊઠવું, બેસવું પણ મુશ્કેલ થઈ ગયું હતું. તેને પોતાનો અંતકાળ નજીક દેખાવા લાગ્યો હતો. આવી સ્થિતિમાં બધા અમીર-ઉમરાવોને ભેગા કરીને મોટા શાહજાદા દારાસિકોહને યુવરાજ બનાવી દીધો. દારાસિકોહનો વિરોધ કરનારી ત્રણેય શાહજાદીઓએ પોતપોતાના ભાઈઓને બધી હકીકત જણાવી. બીજી તરફ આગ્રાના કટ્ટર સુન્ની મૌલાનાઓએ દારાસિકોહનો વિરોધ કર્યો, કારણ કે દારાસિકોહેએ આવા કટ્ટર મુલ્લાઓને નારાજ કરી રાખ્યા હતા. રાજકારણમાં વગરજોઈતા દુશ્મનો ઊભા કરવાનો સ્વભાવ ગમે ત્યારે ખત્તા ખવરાવી બેસતો હોય છે. આવા વિરોધ વચ્ચે પણ રાજપૂત રાજાઓએ દારાસિકોહને સાથ આપ્યો. થરપારકરના રાઠોડ જશવંતસિંહ, કિશનગઢના રૂપસિંહ તથા બિકાનેરના કર્ણસિંહ રાઠોડે પૂરેપરો સાથ આપ્યો. બીજી તરફ ઔરંગઝેબ આ બધા રાજાઓની શક્તિને જાણતો હોવાથી તે ઇચ્છતો હતો કે બધા રાજપૂત રાજાઓ તેના પક્ષમાં રહે.

ઔરંગઝેબ દક્ષિણ ભારતમાં હતો. ત્યાં શિયા મુસ્લિમોનાં ચાર રાજ્યો સાથે અવારનવાર યુદ્ધો થયા કરતાં હતાં. ઔરંગઝેબ કટ્ટર સુન્ની હતો. તેથી શિયાઓને કાફીર માનતો હતો. જોકે તેની એક પત્ની દિલરાસબાનુ શિયા મુસ્લિમ હતી. આમ ભારે ખટપટો વચ્ચે આગ્રામાં શાહજહાં જીવન વિતાવી રહ્યો હતો.

બંગાળના સૂબેદાર શાહસૂજાને જેવી ખબર પડી કે શાહજહાંએ દારાસિકોહને ગાદી સોંપી દીધી છે કે તરત જ તેણે પોતાને હિન્દુસ્તાનનો બાદશાહ જાહેર કરી દીધો. ઔરંગઝેબે પણ તેને લલચાવી રાખ્યો હતો કે જો આપણે જીતશું તો તને જ બાદશાહ બનાવવાનો છે. હું તો ફકીર જેવો છું તેથી મારે તો બાદશાહ થવાનું નથી. આ રીતે શાહસૂજાને ભોળવીને, લલચાવીને સાથે રાખ્યો હતો. રાજમહલ નામના સ્થાનમાં શાહસૂજાએ પોતાની બાદશાહ થવાની વિધિ પતાવી અને મોટી સેના લઈને ગંગાકિનારે-કિનારે તે આગ્રા જવા નીકળી પડ્યો.

તેનો હેતુ આગ્રા પહોંચીને શાહજહાં તથા દારાસિકોહને કેદ કરીને અથવા મારીને ગાદી પચાવી લેવાનો હતો. ૧૬૫૮ના જાન્યુઆરી મહિનામાં તે બનારસ પહોંચી ગયો. શાહસૂજા સેના લઈને આવી રહ્યો છે તેવા સમાચાર જ્યારે દારાસિકોહે સાંભળ્યા ત્યારે તેણે પોતાના પુત્ર સુલેમાનસિકોહને સેના લઈને રોકવા માટે સામે મોકલ્યો. સુલેમાનની સાથે મહારાજા જશવંતસિંહને પણ મોકલ્યા. બંને સેનાઓ બનારસ નજીક બહાદુરપુર સ્થાન પર ભેગી થઈ. બંને વચ્ચે ભયંકર યુદ્ધ થયું. આ યુદ્ધ નિર્ણાયક ન રહ્યું પણ બંને વચ્ચે સંધિ કરવામાં આવી કે શાહસૂજા બંગાળ પાછો જતો રહે. તેને બંગાળ તથા ઑડિશાનો સૂબેદાર બનાવવામાં આવે. શાહસૂજા બંગાળ જવા માટે પાછો વળી ગયો. બીજી તરફ ગુજરાતના સૂબેદાર મુરાદબક્ષે પણ પોતાની જાતને ગુજરાતનો બાદશાહ જાહેર કરી દીધો. તે પણ આગ્રા તરફ આગળ વધ્યો અને દિપાલપુર આગળ બંને સેનાઓ ભેગી થઈ ગઈ. તેમને રોકવા માટે દારાસિકોહે પોતાના પુત્ર સુલેમાનસિકોહને તથા મહારાજા જયસિંહને આગ્રાની રક્ષા કરવાની જવાબદારી સોંપી તથા મહારાજ જશવંતસિંહને સેનાપતિ કાસીમખાંની સાથે ઔરંગઝેબની સેનાને રોકવા માટે દિપાલપુર મોકલ્યા.

કેટલીક વાર યુદ્ધ બહુમુખી બની જતું હોય છે. તમારે એક મોરચે નહિ પણ અનેક મોરચે યુદ્ધ કરવું પડે. શાહજહાંનું પણ એવું જ થયું. તેને પોતાના વિદ્રોહી થયેલા ત્રણેય શાહજાદાઓ તરફ યુદ્ધ કરવાનું થયું હતું. મહારાજ જશવંતસિંહને સુલેમાનનો સાથી બનાવી મુરાદબક્ષની સામે મોકલ્યો અને મુરાદબક્ષને દિપાલપુર આગળ અટકાવીને સંધિ કરીને પાછો ફરવા મજબૂર કર્યો, પણ મુરાદબક્ષ પાછો ફરવાનો દેખાવ કરીને પણ પાછો ફર્યો નહિ. મહારાજા જશવંતસિંહને મદદ કરવા મોટી સેના સાથે કાસીમખાંને મોકલવામાં આવ્યો. જશવંતસિંહના કાસીમખાં ઉપર બહુ ઘણા ઉપકાર હતા, તોપણ ખરા સમયે કાસીમખાંએ દગો દીધો અને સામાપક્ષમાં ભળી ગયો. મહારાજા જશવંતસિંહને ભારે નુકસાન ઉઠાવવું પડ્યું. જશવંતસિંહે જે દારૂગોળો ક્ષિપ્રા નદીની રેતમાં સંતાડેલો તેની જાણકારી કાસીમખાંએ મુરાદબક્ષને આપી દીધી. મુરાદબક્ષે તે બધો દારૂગોળો સળગાવી દીધો, જેમાં મહારાજાના ઘણા સૈનિકો માર્યા ગયા. બીજી તરફથી મુરાદબક્ષના સૈનિકોએ હુમલો કર્યો. ત્યારે કાસીમખાંની સેના નિષ્ક્રિય રહી ગઈ. આવી પરિસ્થિતિ જોઈને જશવંતસિંહ મારવાડ તરફ પાછા નીકળી ગયા. તેમની સેનામાં અઢાર હજાર સૈનિકો હતા, પણ હવે માંડ છસો જ બચી ગયા હતા અને જ્યારે જોધપુર પહોંચ્યા ત્યારે માત્ર પંદર સૈનિકો જ રહી ગયા હતા. આમ આ દગાબાજીભર્યાં યુદ્ધમાં મહારાજાનું આખું સૈન્ય નષ્ટ થઈ ગયું. આ સમાચાર જ્યારે આગ્રા પહોંચ્યા ત્યારે શાહજહાં અને જહાંઆરાને ભારે આઘાત લાગ્યો.

બીજી તરફ ઔરંગઝેબ પણ પોતાની સેના લઈને આગ્રા તરફ આગળ વધી રહ્યો હતો. તેનો સામનો કરવા દારાસિકોહ પોતાની સેના લઈને આગ્રાથી નીકળ્યો. ઔરંગઝેબે ચાલાકી કરીને પોતાની થોડી સેના દારાના સામે મોકલી અને પોતે ઘોર જંગલોમાંથી થઈને ચંબલ નદી પાર કરી દીધી. તેની સાથે સહાયક તરીકે રાજા ચંપકરાય હતો. ઔરંગઝેબ ચંબલથી સીધો યમુનાકિનારે પહોંચી ગયો. દારાને જ્યારે આ ચાલાકીની ખબર પડી ત્યારે તે સ્તબ્ધ બની ગયો.

યુદ્ધમાં બળ કરતાં બુદ્ધિકૌશલ્ય વધારે કામ આવતું હોય છે. યુદ્ધનેતા તરીકે દારાહ કરતાં ઔરંગઝેબ ઘણો કુશળ હતો. દારાએ પોતાના ઊંટ-સવારોને ઔરંગઝેબ પાછળ દોડાવ્યા, કારણ કે ઔરંગઝેબ જલદી જલદીથી આગ્રા પહોંચી જવા માગતો હતો. દારાસિકોહની સાથે મહારાજા રૂપસિંહ પણ હતા. આ બંને ઔરંગઝેબને રોકવા માટે પૂરી શક્તિ લગાવીને આગળ વધી રહ્યા હતા. બંનેની સેના શામુગઢ પહોંચી ગઈ. અહીંથી આગ્રા માત્ર આઠ માઈલ જ દૂર હતું. ઔરંગઝેબે પોતાની સેનાને ગોઠવી દીધી. બંને પક્ષની સેનાઓ

આમને-સામને આવી ગઈ. રૂપસિંહ પોતાના તોપચીઓને ૩૦ મે, ૧૬૫૮ના દિવસે સામે લઈ આવ્યો, પણ રૂપસિંહ કરતાં ઔરંગઝેબ પાસે વધુ સારી તોપો હતી. રૂપસિંહના સૈનિકો તલવાર, ભાલા અને તીરકામઠાં ઉપર વધુ આધાર રાખતા હતા. બંને વચ્ચે ભયંકર યુદ્ધ થયું. ચારે તરફ ધુમાડા છવાઈ ગયા. આ યુદ્ધમાં રૂપસિંહે ભારે પરાક્રમ બતાવ્યું. તે ઘોડા ઉપરથી નીચે કૂદીને છેક ઔરંગઝેબના હાથી સુધી પહોંચી ગયો અને હાથી ઉપર બાંધેલી અંબાડીના દોરા કાપી નાખ્યા. અંબાડી નીચે પડવા લાગી, જેના ઉપર ઔરંગઝેબ બેઠો હતો. ઔરંગઝેબ નીચે પડે એટલે એકઝટકે રૂપસિંહ તેનો નિકાલ કરી નાખે. આવી પરિસ્થિતિ સર્જાઈ... પણ ખરા સમયે ઔરંગઝેબના સિપાહીએ રૂપસિંહ પર હુમલો કરી દીધો અને તેના શરીરના ટુકડેટુકડા કરી નાખ્યા. આ દૃશ્ય થોડે જ દૂર હાથી ઉપર બેઠેલો દારાસિકોહ જોતો રહ્યો. જો તેણે તત્કાલ રૂપસિંહની મદદ કરી હોત તો કદાચ ઇતિહાસ બદલાઈ ગયો હોત, પણ દારાની નિષ્ક્રિયતાએ રૂપસિંહના પ્રાણ લઈ લીધા. રૂપસિંહના મૃત્યુથી દારા હિંમત હારી ગયો અને તે પાછો ભાગવા માંડ્યો. તેના ભાગવાથી તેની સેના પણ પાછી ભાગવા માંડી. પાછા ભાગીને તે આગ્રા પહોંચી ગયો અને પોતાની બેગમોને સાથે લઈને દિલ્હી તરફ ભાગી નીકળ્યો. તેનો પુત્ર સુલેમાનસિકોહ પણ તેની પાછળ-પાછળ ભાગી નીકળ્યો. આમ આ યુદ્ધમાં મહારાજા રૂપસિંહની સાથે રામસિંહ અને બુંદીનરેશ છત્રશાલ પણ લડાઈ કરવા આવ્યા હતા. આ બધા પણ કોઈ ને કોઈ રીતે હારી ગયા હતા.

બીજી તરફ પરાજયના સમાચાર જ્યારે આગ્રામાં શાહજહાંને મળ્યા ત્યારે તેણે તરત જ બધા દરવાજા બંધ કરાવી દીધા. જેથી ઔરંગઝેબ અને મુરાદબક્ષ આગ્રામાં પેસી શકે નહિ. બંનેની સેના કિલ્લા બહાર રહી, પણ ઔરંગઝેબે હોશિયારી વાપરીને આગ્રામાં જતી જમુના નહેરને અટકાવી દીધી. જેથી આગ્રાના લોકો પાણી વિના તરસે મરવા માંડ્યા. ત્રણ દિવસ સુધી તરસ્યે મર્યા પછી દરવાજા ખોલી દેવામાં આવ્યા અને ઔરંગઝેબ તથા મુરાદબક્ષની સેના આગ્રામાં ઘૂસી ગઈ. શાહજહાંનો પૌત્ર મોહમ્મદ છેક શાહજહાં પાસે પહોંચી ગયો અને પોતાના દાદા શાહજહાંને કેદ કરી લીધા. તેમની સાથે મોટી શાહજાદી જહાંઆરા હતી. રૂપસિંહના મરણથી તે શોકમાં કાળાં કપડાં પહેરતી હતી, પણ હવે બાજી પલટાઈ ગઈ હતી. તેથી તેણે કાળાં કપડાં ઉતારીને રંગીન કપડાં પહેરી લીધાં, કારણ કે હવે વિજય સામાપક્ષનો થયો હતો. શાહજાદા મોહમ્મદે જ્યારે શાહજહાંને કેદ કર્યો ત્યારે ઔરંગઝેબ અને મુરાદબક્ષ નૂરમંજિલમાં રહેતા હતા. તે પણ લાલકિલ્લામાં દોડી આવ્યા. રોશનઆરાએ ઔરંગઝેબનાં વધામણાં લીધાં. શાહજહાં અને જહાંઆરાએ ઔરંગઝેબને મનાવવા બહુ પ્રયત્ન કર્યો પણ તે માન્યો નહિ. તેણે પૂરેપૂરી સલ્તનત ઉપર અધિકાર કરી લીધો. જહાંઆરાએ પણ ઔરંગઝેબને બહુ પ્રાર્થના, અનુનય વિનય કર્યાં, પણ તેની એક પણ વાત માનવામાં આવી નહિ. છેવટે જહાંઆરાની એક વાત ઔરંગઝેબે સ્વીકારી કે વૃદ્ધપિતા શાહજહાંની સેવા કરવા તેની સાથે રહેવા દેવામાં આવે. આ રીતે આગ્રામાં શાહજહાંને કેદ કરી જહાંઆરાને સેવા કરવા સાથે રાખી.

બીજી તરફ મુરાદબક્ષ અને ઔરંગઝેબમાં બાદશાહ થવા માટે મતભેદ થઈ ગયો. ઔરંગઝેબે મુરાદબક્ષને બાદશાહ થવાનું વચન આપ્યું હતું, પણ ખરા સમયે ઔરંગઝેબ બદલાઈ ગયો. ઔરંગઝેબે તેને પણ દારૂના રવાડે ચડાવીને અંતે બંદી બનાવી દીધો. એક દિવસ તેના જ પાયજામાના નાડાથી હાથ-પગ બાંધીને દિલ્હી મોકલી દીધો અને સલીમગઢમાં બંદી બનાવી દીધો. ઔરંગઝેબ દિલ્હી પહોંચ્યો અને પોતાનો ભવ્ય રાજ્યાભિષેક કરાવ્યો. તે પછી મુરાદબક્ષને ગ્વાલિયરના કિલ્લામાં બંદી તરીકે ગોંધી ત્રણ વર્ષ સુધી જેલમાં સબડ્યા પછી ઈ. સ. ૧૬૬૨ના ડિસેમ્બર મહિનામાં તેને ભયાનક યાતના આપીને મારી નાખવામાં આવ્યો. આ રીતે મુરાદબક્ષનો કાંટો પણ ઔરંગઝેબે કાઢી નાખ્યો.

તા. ૪/૦૮/૨૦૨૦

દારાસિકોહના વંશનો ખાતમો

રાજકારણમાં ઔરંગઝેબ સૌથી વધુ કુશળ હતો. તેણે પહેલાં બંને ભાઈઓને બાદશાહ થવાની લાલચ આપીને પોતાના પક્ષે કરી લીધા અને આગ્રા તરફ કૂચ કરાવી, પણ મોકો મળતાં જ તેણે મુરાદબક્ષનો કાંટો કાઢી નાખ્યો. હવે બંગાળનો શાહસૂજા બાકી હતો. શાહસૂજાનો પણ કાંટો નીકળી જાય તો માત્ર દારાસિકોહ જ બાકી રહે - જેને ઘણા શત્રુઓ સાથે એકસાથે યુદ્ધ કરવાનું થાય. તેણે મુત્સદ્દગીરી વાપરીને એક પછી એક શત્રુઓને ઓછા કરવાનું અથવા સમાપ્ત કરવાનું ગોઠવી પછી મુખ્ય શત્રુને એકલો પાડીને તેની સાથે યુદ્ધ કરવાનું ગોઠવવું જોઈએ. જેથી યુદ્ધ સરળતાથી જીતી શકાય.

બંગાળનો સૂબેદાર શાહસૂજા બાદશાહ થવા થનગની રહ્યો હતો. ઔરંગઝેબે તેને લાલચ પણ આપી હતી, પણ તેને જ્યારે મુરાદબક્ષની હત્યાના સમાચાર મળ્યા ત્યારે તેની આંખ ઊઘડી ગઈ. તેને થયું કે હવે આ રીતે ઔરંગઝેબ મારી પણ હત્યા કરી નાખશે. તેથી પાછો ફરવા લાગ્યો અને ખાનવા આગળ અટકી ગયો. ઔરંગઝેબે તેને રોકવા માટે પોતાના પુત્ર સુલતાન મોહમ્મદને મોકલ્યો અને ઔરંગઝેબ પણ મીરજુમલાને સાથે લઈને મોટી સેના લઈને શાહસૂજા સાથે લડવા માટે પહોંચી ગયો. બંને સેનાઓ વચ્ચે ભયંકર યુદ્ધ થયું. જેમાં શાહસૂજા હારી ગયો અને બંગાળ તરફ ભાગી ગયો. તેનો પીછો કરવા ઔરંગઝેબે મીરજુમલાને તથા પોતાના શાહજાદાને મોકલ્યા.

મુસ્લિમો તથા મોગલો ભાગતા શત્રુનો પીછો કરતા હોય છે અને ગમે તે ભોગે પકડીને કાંટો કાઢી નાખતા હોય છે. જ્યારે હિંદુ રાજાઓ ભાગતા શત્રુને જવા દેતા હોય છે. જેથી ભાગેલો શત્રુ ફરીથી મજબૂત થઈને લડવા આવી જતો હોય છે. આવી ભૂલના કારણે પૃથ્વીરાજને હારવું પડ્યું અને કમોતે મરવું પડ્યું. શત્રુનો કાંટો કાઢીને જ જંપવું જોઈએ, તેવી ચાણક્યની નીતિ હિંદુ રાજાઓ પાળી શકતા નથી. આવું માત્ર પૃથ્વીરાજ સાથે જ નહિ પણ મરાઠા સરદારો સાથે પણ થયેલું જોવા મળે છે.

ઔરંગઝેબનો વિજય થયેલો જોઈને હિંદુ રાજાઓએ વલણ બદલવા માંડ્યું. દારાસિકોહ પહેલાં હારી ગયો હતો. હવે શાહસૂજા હાર્યો એટલે મિરજા રાજા જયસિંહ તથા જશવંતસિંહ સમજી ગયા કે હવે દિલ્હીનો તખ્ત ઔરંગઝેબના હાથમાં આવી જશે. એમ સમજીને મિરજા રાજા જયસિંહના આગ્રહથી જશવંતસિંહ પણ ઔરંગઝેબ સાથે ભળી જવા તૈયાર થઈ ગયા. ઔરંગઝેબે જશવંતસિંહનું ખૂબ સન્માન કર્યું અને મહત્ત્વના ઊંચા હોદ્દા ઉપર તેમની નિમણૂક કરી. આ પણ મુત્સદ્દીપણું કહેવાય કે સમય આવે ત્યારે શત્રુને પણ મિત્ર બનાવી દેવા માટે પુરસ્કારોથી આંજી દેવામાં આવે. બીજી તરફ ઔરંગઝેબનો મામા સાહિસ્તખાન - જેની આંગળીઓ શિવાજી મહરાજે કાપી નાખી હતી તે - જશવંતસિંહથી બહુ ભયભીત રહેતો હતો. તેણે જશવંતના ભયથી ઝેર પીને આત્મહત્યા કરી લેવાનો નિર્ણય કર્યો, પણ છેલ્લી ઘડીએ હરમની બેગમોએ ઝેરનો પ્યાલો પડાવી લીધો અને સાહિસ્તખાનને બચાવી લીધો. શાહસૂજા અને ઔરંગઝેબ વચ્ચે ફરીથી યુદ્ધ થયું. આ ભયંકર યુદ્ધમાં શાહસૂજા હારી ગયો. ૧૨ એપ્રિલ ૧૬૫૯ના રોજ તે ઢાકા પહોંચ્યો. બંગાળના મુસ્લિમ સુલતાનોએ ઔરંગઝેબની ધાકથી તેને આશરો આપ્યો નહિ. તેથી તે ઢાકાથી અરાકાન ભાગી ગયો. અરાકાનના હિંદુ રાજાએ શાહસૂજાને આશરો આપ્યો, પણ આ કૃતઘ્ન શાહસૂજાએ અરાકાન રાજ્ય પડાવી લેવા હિંદુ રાજાની હત્યા કરવાનું ષડ્ યંત્ર રચ્યું, પણ હિંદુ રાજાને ખબર પડી ગઈ. જેથી શાહસૂજાને અરાકાનમાંથી પણ ભાગવું પડ્યું અને અરાકાનનાં ગીચ જંગલોમાં

જંગલી લોકોએ મારી-મારીને તેના ટુકડા કરી નાખ્યા અને આ રીતે શાહસૂજાનો અંત આવ્યો.

મોરચા ઉપર હારીને ભાગેલો દારાસિકોહ આગ્રા પહોંચ્યો અને આગ્રાથી બાળબચ્ચાં તથા ખજાનો લઈને ભાગીને દિલ્હી પહોંચ્યો. તેણે જશવંતસિંહને સેના લઈને દિલ્હી આવવાનું આમંત્રણ મોકલ્યું, પણ જશવંતસિંહને હારેલા દારાસિકોહને સાથ આપવાનું યોગ્ય લાગ્યું નહિ અને મિરજા રાજા જયસિંહના સમજાવવાથી ઔરંગઝેબના પક્ષમાં ભળવાની તૈયારી કરી. બીજી તરફ દારાસિકોહ અજમેર ભાગી ગયો અને અજમેર પહોંચીને ઊંચી જગ્યાએ મોરચો બાંધી દીધો. બંને તરફથી તોપોના ધડાકા થવા લાગ્યા. ઔરંગઝેબની મદદ કરવા જમ્મુનો રાજા રામરૂપરાય પણ આવ્યો હતો. તે છેતરીને દારાસિકોહની પાછળ પહાડીઓમાં પહોંચી ગયો અને તેના પ્રહારથી દારાસિકોહની સેના મરવા લાગી, પણ આ યુદ્ધમાં જમ્મુના રાજાનું મૃત્યુ થઈ ગયું. તે તો મૃત્યુને શરણ થયો, પણ ઔરંગઝેબને જિતાડી દીધો. જ્યારે બંને તરફ યુદ્ધ જામ્યું હતું ત્યારે શેખ મીર પણ આવી ગયો અને ઔરંગઝેબનો સસરો શાહનવાજખાં પણ મદદમાં આવી ગયો. આમ, ઔરંગઝેબને ચારેતરફથી ભરપૂર મદદ મળવાથી અંતે દારાસિકોહની હાર થઈ ગઈ. દારા મેડતા તરફ ભાગી ગયો. ઔરંગઝેબને પોતાના વિજયનો ભારે આનંદ ને આશ્ચર્ય થયાં. ઔરંગઝેબની સેના અજમેર ઉપર તૂટી પડી અને લૂંટફાટ શરૂ કરી દીધી.

આ યુદ્ધમાં ઔરંગઝેબ કરતાં દારાની સેના વધારે સમર્થ હતી, પણ દારાની કાયરતા અને અયોગ્યતાના કારણે તેની હાર થઈ ગઈ. હિંદુ રાજાઓએ ઔરંગઝેબનો સાથ આપ્યો અને ઔરંગઝેબ વિજયી થયો. જો આ હિન્દુ રાજાઓએ ઔરંગઝેબને સાથ ન આપ્યો હોત તો કદાચ દારાનો વિજય થાત. આમ, બીજી વાર દારાની કાયરતા અને હિંદુ રાજાઓની અદૂરદર્શિતાના કારણે દારાને પરાજય વેઠવો પડ્યો. પહેલી ભૂલ તેણે મહારાજા રૂપસિંહના યુદ્ધ વખતે કરી હતી. તે પોતાના હાથી ઉપર બેઠો-બેઠો રૂપસિંહનું પરાક્રમ જોતો રહ્યો અને ઔરંગઝેબના સૈનિકોએ તેના ટુકડા કરી નાખ્યા હતા. બીજી ભૂલ અજમેરના યુદ્ધ વખતે કરી કે હિંદુ રાજાઓ ઔરંગઝેબના પક્ષમાં ભળી ગયા અને યુદ્ધ વખતે દારા હાથી ઉપરથી ઊતરીને ભાગી ગયો.

દારા અજમેરથી ભાગીને મેડતા પહોંચ્યો. મેડતાના રાજા તેને શરણ આપશે તેવી આશા હતી, પણ ઔરંગઝેબે એવી જાહેરાત કરી હતી કે જે કોઈ દારાને સાથ-સહકાર કે શરણ આપશે તે અમારો દુશ્મન કહેવાશે. વિજયી રાજાની ધાક હોય અને પરાજિત રાજાની નામોશી હોય છે. વ્યક્તિને જ્યારે પરાજયના દિવસો જોવા મળતા હોય છે ત્યારે કેટલાક તો મિત્રો પણ દુશ્મનો સાથે ભળી જતા હોય છે. પરાજયના દિવસો બહુ કપરા હોય છે. મેડતામાં શરણ ન મળવાથી દારાએ વિચાર કર્યો કે હવે અમદાવાદ જાઉં. અમદાવાદનો સૂબો કદાચ શરણ આપે, પણ ઔરંગઝેબના ભયથી અમદાવાદના સૂબાએ પહેલેથી જ ના કહી દીધી. તેથી દારા સિંધ તરફ રવાના થઈ ગયો. તેની સાથે મોટો ખજાનો હતો અને હરમની બેગમો પણ હતી.

મિરઝારાજા જયસિંહને જ્યારે ખબર પડી કે દારા સિંધ તરફ ભાગી રહ્યો છે તો તેની પાછળ પડ્યો. દારાને જયસિંહની બીક લાગવાથી તે સીધો ઈરાન પહોંચી ગયો. ઈરાન એવી જગ્યા હતી જ્યાં મોગલ બાદશાહો શરણ લેવા જતા. બન્યું એવું કે દારાની બેગમ નાદીરા બીમાર પડી અને પ્રવાસમાં ઘણા પ્રયત્નો કરવા છતાં તે બચી શકી નહિ. અંતે તેનું મૃત્યુ થયું. દારા સીમા પર આવેલા નાના સરખા જાગીરદારના શરણે ગયો. જાગીરદાર મલિક જીવાએ દારાને શરણ આપી. આ જીવાને બાદશાહે હદપાર કર્યો હતો. તેથી તે હદબહાર દાદરમાં રહેતો હતો. થોડા જ દિવસોમાં જીવાની બુદ્ધિ બગડી અને તેણે દારાસિકોહને ઔરંગઝેબના સરદાર બહાદુરખાનને સોંપી દીધો. શરણે આવેલાની રક્ષા કરવી એ પ્રાચીનકાળથી ચાલ્યો આવતો રાજપૂતી નિયમ હતો, પણ આ નિયમ મુસ્લિમોનો આદર્શ ન હતો. તેથી શરણે આવેલી

વ્યક્તિને કોઈ કારણે લોભલાલચ કે ભય થતો હોય તો મુસ્લિમો દુશ્મનને પકડાવી દેતા હોય છે. જીવાએ પણ આવું જ કર્યું અને દારાને લોભલાલચમાં પકડાવી દીધો. ઔરંગઝેબે જીવાને બહુ મોટું ઇનામ આપ્યું અને તેને એક હજારની મનસબ પણ આપી. આ રીતે જીવાને લાભ થયો.

હવે દારાનું શું કરવું - તેવો વિચાર ઔરંગઝેબ કરવા લાગ્યો. તેના પક્ષની બહેન રોશનઆરા અને મામા સાહિસ્તખાન તરત જ વધ કરી નાખવાની માગણી કરતા હતા, પણ મોગલ બાદશાહો કોઈનો સરળતાથી વધ કરીને છુટકારો આપતા નથી. તે દુશ્મનને રિબાવી-રિબાવીને ફજેત કરી-કરીને પછી મારતા હોય છે. આ તેમનું કલ્ચર બની ગયું હતું. તેથી ઔરંગઝેબે ધાધર થયેલી એક હાથણીને મંગાવી. તેના ઉપર દારાને તથા તેના કિશોર પુત્રને બેસાડ્યા અને પછી દિલ્હીમાં તેનો ફજેતી-વરઘોડો કાઢ્યો. બંને તરફ ઊભેલી જનતાએ દારાની દુર્દશા જોઈ અને હાય-હાય કરીને રડવા લાગી. માનો કે દારા દુશ્મન હતો, પણ તેનો કિશોર અવસ્થાનો અબુધ શાહજાદો તો દુશ્મન ન હતો, પણ તેને પણ આવા વરઘોડામાં ફેરવીને હડધૂત કરવામાં આવ્યો. આવી દશામાં દારા ઊંચી આંખ કર્યા વિના નીચું જોઈને બધું અપમાન સહન કરતો રહ્યો. અંતે ઔરંગઝેબે ધર્મગુરુ મૌલાનાઓની સભા બોલાવી અને પૂછ્યું કે દારાને કેવી સજા આપવી જોઈએ? મૌલાનાઓએ વિજયી ઔરંગઝેબના પ્રભાવમાં આવીને ફતવો આપ્યો કે દારાને મોતની સજા આપવી જોઈએ, કારણ કે તે કાફર થઈ ગયો હતો. ઇસ્લામમાં કાફર થવું મોટું પાપ હતું અને આવા પાપની સજા માત્ર ને માત્ર મોત જ હતી. ઔરંગઝેબને તો આટલું જ જોઈતું હતું. મૌલાનાઓ તો માત્ર નિમિત્ત હતા. તે પોતે જ દારાનો વધ કરવા માગતો હતો, પણ ન્યાયનું બહાનું કરીને મૌલાનાઓ ઉપર દોષ ઢોળી દેવા માગતો હતો. એક જલ્લાદને બોલાવીને ઔરંગઝેબે હુકમ કર્યો કે દારાનું માથું કાપી નાખવામાં આવે. ક્રૂર જલ્લાદ દારાને કેદ કરાયેલી અંધારી કોટડીમાં તલવાર લઈને પહોંચ્યો. તેને જોતાં જ કિશોર શાહજાદો બીકનો માર્યો દારાને ચોંટી ગયો. તેને જબરદસ્તીથી દૂર કરીને જલ્લાદે દારાનું માથું કાપી નાખ્યું અને આ કપાયેલા માથાને ઓરંગઝેબ આગળ મૂક્યું. ઔરંગઝેબ અને તેની બહેન રોશનઆરાએ દારાના માથાને ચાંદીની થાળીમાં મૂકીને તેના ઉપર કિનખાબ વસ્ત્ર ઓઢાડીને શાહજહાંને ભેટ આપવા માટે આગ્રા મોકલ્યું. જ્યારે દૂતો માથું લઈને આગ્રા પહોંચ્યા ત્યારે નજરબંધ કરાયેલો શાહજહાં ભોજન કરવાની તૈયારી કરતો હતો. તેને કહેવામાં આવ્યું કે ઔરંગઝેબે બહુ કીમતી ભેટ મોકલાવી છે. શાહજહાં સમજ્યો કે કદાચ હવે ઔરંગઝેબનું મન પીગળ્યું હશે. તે રાજી-રાજી થઈ ગયો, પણ થાળી લઈને કપડું હટાવ્યું કે તરત જ તેને દારાનું કપાયેલું માથું દેખાયું. એ જોતાં જ તે બેભાન થઈને ધરતી ઉપર ઢળી પડ્યો અને એવી અવસ્થામાં જ લાંબો સમય પડી રહ્યો. બીજી બાજુ દારાના કિશોર પુત્રને અફીણ પિવડાવી-પિવડાવીને ઔરંગઝેબે મારી નાખ્યો. કારણ કે તેને ભય હતો કે જો આ છોકરો જીવિત રહેશે અને મોટો થશે તો બાપનું વેર લેશે, એટલે કાંટાને મૂળમાંથી જ કાઢી નાખવો જોઈએ. આવું સમજીને બાળકની પણ અફીણ પિવડાવીને હત્યા કરી નાખી.

દારાના ધડને હાથી ઉપર બેસાડીને દિલ્હીની સડકો ઉપર ફેરવવામાં આવ્યું. દિલ્હીની જનતા હાય! હાય! કરવા લાગી. એવામાં પેલો ગદ્દાર દગાબાજ મલિક જીવા દિલ્હીની સડકો ઉપર ફરવા નીકળ્યો હશે. લોકો તેને જોઈ ગયા અને ઓળખી ગયા તેથી તેના ઉપર તૂટી પડ્યા. જીવા માંડ-માંડ મરતો-મરતો બચીને ઔરંગઝેબ પાસે આવ્યો. આ રીતે ઔરંગઝેબે પોતાના ત્રણેય ભાઈઓનો નિકાલ કરી નાખ્યો અને પછી દિલ્હીના તખ્ત ઉપર પોતાનો અભિષેક કરાવ્યો. હવે દારાસિકોહનો મોટો પુત્ર સુલેમાનસિકોહ જીવિત રહી ગયો હતો. તે ભાગીને હિમાલયમાં ગઢવાલ પહોંચી ગયો. હિમાલય પણ આશ્રયસ્થાન રહ્યું છે. ખાસ કરીને

મુસ્લિમ શાસનકાળમાં જીવ બચાવવા ભાગેલા રાજાઓ, સરદારો અને પ્રજા પણ હિમાલયના શરણે જતી રહેતી. જેથી બચી જતી. આવી જ શરણાગતિને કારણે ઘણી મહારાષ્ટ્રની પ્રજા હિમાલયમાં વસી ગઈ છે અને નેપાળમાં પણ વસી ગઈ છે. સુલેમાનસિકોહને ગઢવાલના રાજા પૃથ્વીસિંહે શરણ આપી, પણ રાજાનો કુંવર મેદિનીસિંહ વિરોધી બન્યો. તેણે સુલેમાનને પકડીને દિલ્હી મોકલી દીધો. ઔરંગઝેબે તેને ગ્વાલિયરના કિલ્લામાં બંદી બનાવીને અફીણના રવાડે ચડાવી મારી નાખ્યો. આ રીતે દારાસિકોહનો વંશ નષ્ટ કરીને ઔરંગઝેબ નિષ્કંટક રાજ ભોગવવા તૈયાર થયો.

તા. ૭/૦૮/૨૦૨૦

૮

ચાર પ્રકારનાં રાજકારણ

મારી દૃષ્ટિએ રાજકારણના ચાર પ્રકાર કરી શકાય ઃ (૧) સ્વકેન્દ્રિત રાજકારણ, (૨) રાષ્ટ્રકેન્દ્રિત રાજકારણ, (૩) સર્વકેન્દ્રિત રાજકારણ અને (૪) સ્વપરિવાર અથવા સ્વસંપ્રદાયકેન્દ્રિત રાજકારણ.

પ્રજાના સામૂહિક જીવનમાં સૌથી મહત્ત્વનો ભાગ રાજકારણ ભજવતું રહ્યું છે અને રહેવાનું છે, તેથી રાજકારણની ઉપેક્ષા કરી શકાય નહિ, પણ રાજકારણના પ્રકાર સમજવા જેવા છે. ઔરંગઝેબનું રાજકારણ સ્વકેન્દ્રિત હતું. અર્થાત્ મારો પોતાનો લાભ એ જ મહત્ત્વની વસ્તુ હતી. જેમાં મારો લાભ થતો હોય અને બીજાનું ગમે તેટલું નુકસાન થતું હોય તોપણ તેવો લાભ મેળવવાનો. અહીં સુધી તો તોય ઠીક કહેવાય પણ જેનાથી મને હાનિ થતી હોય અથવા ભવિષ્યમાં હાનિ થવાની સંભાવના હોય તેવા તત્ત્વને જરાય દયા રાખ્યા વિના મૂળમાંથી નષ્ટ કરી નાખવાનું! આ સ્વકેન્દ્રિત રાજકારણ થયું. માનવજીવનમાં પણ આવા સ્વકેન્દ્રિત માણસો હોય છે. જેમની પાસે સત્તા ન હોવાથી બીજાને બહુ લાભ કે હાનિ પહોંચાડી શકતા નથી. તોપણ તેમની સ્વકેન્દ્રિત દાનત અને જીવનપદ્ધતિ તેમના વ્યવહારમાં જણાઈ જ આવતી હોય છે.

બીજું રાજકારણ રાષ્ટ્રકેન્દ્રિત હોય છે. અર્થાત્ રાજા કે પછી નેતા રાષ્ટ્રને સમર્પિત હોય છે. મારું જે થવાનું હોય તે થાય પણ મારા રાષ્ટ્રને આંચ આવવી જોઈએ નહિ. તેથી આવો રાજા કે આવો નેતા માત્ર ને માત્ર રાષ્ટ્રના હિત માટે જ વિચારતો હોય છે અને તેવી પ્રવૃત્તિ કરતો હોય છે. ઉદાહરણ તરીકે સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રકેન્દ્રિત રાજકારણ રમતા હતા. જોકે મહાત્મા ગાંધીજીને પણ આ કક્ષામાં મૂકી શકાય. તોપણ કેટલીક વાર ગાંધીજી પોતાનું ધાર્યું કરવા માટે રાષ્ટ્રહિતની ઉપેક્ષા પણ કરતા લાગે છે. જ્યારે પોતાનું ધાર્યું ન થતું ત્યારે ઉપવાસનું શસ્ત્ર ઉગામીને જે-તે શાસકો પાસે પોતાનું ધાર્યું કરાવતા. આ દૃષ્ટિએ તે અહિંસક ડિક્ટેટર કહી શકાય. લોકો શું ધારે છે અથવા મંત્રીમંડળ શું ધારે છે, તેની પરવા કર્યા વિના હું જે ધારું છું તે જ થવું જોઈએ. તેવી વૃત્તિ ડિક્ટેટરવૃત્તિ કહેવાય. સરદાર પટેલ અને ગાંધીજીમાં એક બહુ સારી વૃત્તિ હતી કે તેઓ કોમવાદી ન હતા અને પરિવારવાદી પણ ન હતા. તેમણે પોતાની કોમ અને પોતાના પરિવાર માટે રાજકારણનો જરાય લાભ ન લીધો તે ઉત્તમ ઉદાહરણ કહી શકાય.

પરંતુ આવું ઉદાહરણ પંડિત જવાહરલાલ નહેરુ પૂરું પાડી શક્યા નહિ. તેમનું રાજકારણ કોમવાદી તો ન હતું, પણ પૂરેપૂરું પરિવારવાદી બની ગયું હતું. જેથી તેમની પરંપરામાં પણ આ દૂષણ ઊતરી આવ્યું. ખરેખર તો કોમવાદ અને પરિવારવાદ એ રાષ્ટ્રવાદને દુર્બળ કરનારાં તત્ત્વો છે. આવાં તત્ત્વો રાષ્ટ્રને દુર્બળ બનાવીને મારી નાખતાં હોય છે.

કાયદેઆઝમ મહંમદઅલી ઝીણા પણ રાજકારણી હતા, પરંતુ તેમનું રાજકારણ મજહબવાદી બની ગયું હતું. મજહબવાદ અને રાષ્ટ્રવાદ બંનેને મેળ રહેતો નથી. તેમના મજહબવાદના કારણે દેશના ટુકડા થયા અને ટુકડા પછી પણ બંને ભાગોમાં ઘોર વિરોધ થયો, હજારો-લાખો માણસો વગરમોતે મરાયા અને ઘણી બરબાદી થઈ. જોકે ટુકડા થયા પછી ભારત તો ઘણી સારી રીતે સ્વસ્થ થઈ ગયું, પણ પાકિસ્તાન હજુ પણ િઝન્નાા રોગોથી રિબાઈ રહ્યું છે. તેમના ઉત્તરાધિકારીઓ વધુ ને વધુ કટ્ટર મજહબવાદી બનતા ગયા. છેવટે પોતાના જ બે ટુકડા કરાવીને જંપ્યા અને હવે બાકી બચેલા પાકિસ્તાનના ત્રણ-ચાર ટુકડા થવાની તૈયારી ચાલી રહી છે.

ત્રીજું રાજકારણ સર્વકેન્દ્રિત હોય છે. અર્થાત્ રાષ્ટ્રવાદ ખરો પણ વિશ્વવાદ પણ ખરો.

ભારત મારો દેશ છે પણ બાકીનું વિશ્વ મારું દુશ્મન નથી. તે પણ મારા માટે એટલું જ પૂજ્ય છે, જેટલું ભારત છે. આવી ઉદાત્ત ભાવના જે રાજામાં કે જે નેતામાં હોય તે સર્વકેન્દ્રિત રાજકારણ રમતા હોય છે. પોતાના દેશની સાથે-સાથે પૂરા વિશ્વનું કલ્યાણ થાય તેવી પ્રવૃત્તિ કરતા રહે છે. આવો રાજા કે આવો નેતા મળવો દુર્લભ છે.

ચોથું રાજકારણ એક રીતે ઉપર બતાવી દેવામાં આવ્યું છે તોપણ તેની થોડી વધુ વ્યાખ્યા કરવી જરૂરી છે. વિશ્વના કેટલાક દેશોએ પોતાને ઇસ્લામિક દેશો જાહેર કર્યા છે. આવા દેશોમાં માત્ર ને માત્ર માન્ય મજહબના જ લોકો વિશેષ હક ભોગવતા હોય છે. જેમ કે, પાકિસ્તાનમાં માત્ર મુસ્લિમ લોકો વિશેષ હકો ભોગવે છે. અન્ય ધર્મ-સંપ્રદાયના લોકો ગમે તેટલા યોગ્ય હોય તોપણ તેમને આગળ વધવાની તક મળે નહિ. આવું રાજકારણ મજહબી રાજકારણ કહેવાય.

ઔરંગઝેબ સ્વકેન્દ્રિત અને મજહબી રાજકારણ રમનારો બાદશાહ હતો. તેણે પોતાના સ્વાર્થ માટે પોતાના પિતા, ભાઈઓ અને પરિવારની હત્યા કરાવી નાખી. એટલું જ નહિ પણ તેમના સાથીદારો અને સહાયકોને પણ મારી નાખ્યા. જેથી પોતાનો કોઈ વિરોધી જીવતો રહે નહિ. બીજી તરફ તે કટ્ટર સુન્ની મુસ્લિમ હતો. તેનામાં ધાર્મિક ઉદારતાનો છાંટોય ન હતો. જે દેશમાં પંચાણું ટકા વસતી બિનમુસ્લિમ હોય અને માત્ર પાંચ ટકા જ પ્રજા મુસ્લિમ હોય ત્યાં પંચાણું ટકા ઉપર જજિયાવેરો અને બીજા બધા કઠોર વેરાઓ નાખીને પ્રજાને ત્રાહિમામ પોકારાવે. બીજા ધર્મનાં મંદિરો, ગુરુદ્વારાઓ, ચર્ચો વગેરેનો નાશ કરે. આવું બધું કરવાના કારણે તેને રાષ્ટ્રવાદી તો ન જ કહેવાય. સર્વકેન્દ્રિત રાજકારણવાળો શાસક પણ ન કહેવાય.

તા. ૦૯/૦૮/૨૦૨૦

૯

સર ટોમસ-રોએ તક ઝડપી

રાજસત્તા દ્વિમુખી હોય છે ઃ (૧) પ્રત્યક્ષ દેખાતી અને (૨) પ્રત્યક્ષ ન દેખાતી, પણ પડદા પાછળથી કરાતી. ચાહે રાજાશાહી હોય અથવા લોકશાહી હોય, ઘણા થોડા અંશે આવી બે પ્રકારની સત્તા ચાલતી હોય છે. જે પ્રત્યક્ષ દેખાય છે તે રાજા અને તેના મંત્રીઓ અથવા પ્રધાનમંત્રી અને તેનું મંત્રીમંડળ. પ્રત્યક્ષ સત્તાનાં આ પ્રત્યક્ષ નિમિત્ત હોય છે, પણ આ બધાની પાછળ કેટલાક ગુપ્ત માણસો પણ રહેતા હોય છે જે પ્રત્યક્ષ દેખાતા નથી હોતા, પણ પાછળ રહીને સત્તાનું સંચાલન કરતા હોય છે. ખાસ કરીને રાજાશાહીમાં અને તેમાં પણ મોગલશાહીમાં હરમમાં રહેનારી સ્ત્રીઓ રાજકારણમાં રસ લેતી અને પાછળ રહીને પોતાનું ધાર્યું કરાવતી. રાજા હોય કે બાદશાહ હોય, પણ તેની રાણી અથવા બેગમ પડદા પાછળ નાનીમોટી ભૂમિકા જરૂર ભજવતી રહેતી. આપણે ત્યાં અને મુસ્લિમોમાં પણ રાજા કે બાદશાહની સ્ત્રીઓની સંખ્યા ઘણી ઓછી છે અથવા નહિવત્ છે, પણ કુશળ રાણીઓ અથવા બેગમો પડદા પાછળ રહીને રાજકારણને પ્રભાવિત કરનારી ઘણી થઈ છે.

બાદશાહ શાહજહાંના સમયમાં તેની મુખ્ય બેગમ મુમતાઝમહેલ ખૂબ જ પ્રભાવશાળી હતી અને તેથી તે શાહજહાંને રાજકારણમાં પણ પ્રભાવિત કરતી રહેતી. મોટા ભાગે શેઠિયાઓ પોતાની પત્નીઓને વેપારધંધામાં સામેલ થવા દેતા નથી. તે કરોડોનો વેપાર કરતા હોય પણ તેમની પત્નીને તેની કશી ખબર કે ગતાગમ ન હોય. એવું માની લેવાયું છે કે સ્ત્રીઓને ચાર દીવાલ પૂરતી જ સીમિત રાખવી જોઈએ. જેથી તે બાહ્ય દુનિયાના વ્યવહારમાં દખલગીરી કરે નહિ. જોકે આમાં ધનીમા જેવી કોઈ-કોઈ સ્ત્રીઓ અપવાદરૂપ હોઈ શકે, પણ મોટા ભાગે આવું થતું આવ્યું છે. અકબરના સમયથી શાહજાદીઓને લગ્ન કરવા ઉપર પ્રતિબંધ મુકાયો હોવાથી બધી શાહજાદીઓ કુંવારી રહી જતી. પતિ વિનાની સ્ત્રીઓ જંપીને બેસી શકે નહિ. સ્ત્રીઓને જંપવાનું કેન્દ્ર તેનો પતિ હોય છે. જો પતિનો ભરપૂર પ્રેમ મળે અને ભરપૂર કામભોગ મળે તો સ્ત્રીઓ ઘરમાં જ જંપીને રહેતી હોય છે, પણ જો આ બેમાંથી એકેય ન મળે તો તેમને જંપીને રાખવી કઠિન થઈ જાય. એટલે બાદશાહોના હરમમાં રહેનારી કુંવારી શાહજાદીઓ રાજકારણમાં પણ ભરપૂર ભાગ લેતી. જોકે ધર્મના નિયમ પ્રમાણે તે પ્રત્યક્ષ કશો ભાગ ભજવતી નહિ, પણ પડદા પાછળ રહીને ઘણી ઊથલપાથલ કરતી રહેતી.

શાહજહાંને મુમતાઝમહેલથી ચૌદ બાળકો થયેલાં પણ તેમાંનાં આઠ જ જીવતાં રહ્યાં. બાકીનાં છ મૃત્યુ પામ્યાં હતાં. આ આઠમાં ચાર શાહજાદા અને ચાર શાહજાદીઓ હતી. સૌથી મોટો શાહજાદો દારાસિકોહ હતો અને સૌથી મોટી શાહજાદી જહાંઆરા હતી. આપણે જહાંઆરા વિશે થોડી ચર્ચા કરવાની છે. ઈ. સ. ૧૬૧૪માં માર્ચ મહિનાની ૨૩મી તારીખે જહાંઆરાનો જન્મ અજમેરમાં થયો હતો. તે રૂપરૂપનો અંબાર તો હતી જ, સાથે-સાથે ગુણગુણનો ભંડાર પણ હતી. રૂપ અને ગુણ જન્મજાત વારસામાં મળતાં હોય છે. પ્રયત્નો કરીને પાછળથી લાવી શકાતાં નથી. જેને જે મળ્યું તે તેનું નસીબ કહેવાય છે. જહાંઆરા બચપણથી જ વિદ્યાપ્રેમી હતી. તેથી અરબી, ફારસી, તુર્કી વગેરે ભાષાઓનું તેણે સારું એવું અધ્યયન કર્યું હતું અને તેના પુસ્તકાલયમાં ઘણાં પુસ્તકો વસાવ્યાં હતાં. કોઈ પણ વ્યક્તિની વિચારધારાનું માપ તેનાં પુસ્તકોના સંગ્રહ ઉપરથી પણ નીકળતું હોય છે. જહાંઆરા વિદ્વત્તા અને રાજકારણમાં એટલી બધી સક્ષમ હતી કે જો સ્ત્રીઓ માટે રાજગાદી સંભાળવાનો પ્રતિબંધ ન હોત તો શાહજહાં તેને જ બાદશાહ બનાવત, પણ સ્ત્રી હોવાના કારણે યોગ્યતા હોવા છતાં તે બાદશાહ બની શકી નહિ.

મોગલોમાં એક પ્રથા એવી હતી કે જેથી હરમમાં રહેનારી ઘણી બેગમોમાંથી એક બેગમને શાહબેગમ બનાવવી પડતી. આમેય ઘણા મજૂરો હોય ત્યાં એક મુકરદમ હોય. ઘણા વિદ્યાર્થીઓ હોય ત્યાં એક મોનિટર હોય, એમ જ્યાં ઘણા સમૂહમાં સ્ત્રી-પુરુષો રહેતાં હોય ત્યાં એકાદને નેતૃત્વ આપવું જ પડે. બાદશાહો સેંકડો-હજારો સ્ત્રીઓ સાથે લગ્ન કરતા. આ બધી સ્ત્રીઓ હરમમાં રહેતી. આ ટોળાને વશમાં કરવા તેમાંથી જ એક સ્ત્રીને નેતા બનાવવી જ પડે. પ્રાચીન કાળમાં જ્યારે આપણા સંયુક્ત પરિવારમાં વડીલશાહી ચાલતી ત્યારે સાસુમા બધી વહુઓ ઉપર નિયંત્રણ રાખતી. એમ બાદશાહના હરમમાં રહેનારી સેંકડો સ્ત્રીઓ ઉપર નિયંત્રણ રાખવા એક બેગમને શાહબેગમ નિયુક્ત કરવામાં આવતી. શાહજહાંએ જહાંઆરાને હરમની શાહબેગમ બનાવી હતી. જહાંઆરાએ આ પદવીનો પૂરેપૂરો સદ્ુપયોગ કર્યો અને પોતાના ચારેય ભાઈઓ તથા ચારે બહેનો વચ્ચે સંપ રખાવ્યો. પરિવારને એકતામાં બાંધી રાખ્યો. કેટલીક વાર પરિવારમાં અ ાંતરકલહ થતો રહેતો - ખાસ કરીને શાહજહાં અને ઔરંગઝેબ તથા રોશનઆરાને ઓછું બનતું, તેથી કકળાટ થયા કરતો. આવા સમયે જહાંઆરા કુશળતાપૂર્વક વચ્ચે પડીને બધાંનું સમાધાન કરાવતી અને પરિવારને તૂટતો બચાવી લેતી. તેની આવી કુશળતાથી શાહજહાં તેના તરફ બહુ પ્રસન્ન રહેતો. પરિવારની એકતા અને સંપ એ આંતરિક સુખનું પહેલું કારણ છે. બધું હોય પણ પરિવારમાં ભારે કલહ-કકળાટ ચાલતો હોય તો પરિવારના માણસો સુખી થઈ શકે નહિ. પારિવારિક દુઃખ જેવું કોઈ દુઃખ નથી અને પારિવારિક સુખ જેવું કોઈ સુખ નથી. પારિવારિક સુખ કોઈ ને કોઈ એકાદ સંત જેવી નિર્મળ વ્યક્તિથી રહેતું હોય છે. જહાંઆરા આવી જ હતી.

એક વાર એવું બન્યું કે જહાંઆરાના મહેલમાં નૃત્ય-સમારોહ ગોઠવાયો હતો. અજવાળા માટે અનેક મશાલો પ્રકટાવી હતી. નર્તકીઓ નાચગાન પ્રસ્તુત કરી રહી હતી. એવામાં એક નર્તકી નાચતી-નાચતી છેક મશાલ નજીક પહોંચી ગઈ અને તેનાથી મશાલ નીચે પડી ગઈ. મશાલ નીચે પડતાં જ ભડકો થયો અને નર્તકીનાં કપડાં સળગવા લાગ્યાં. દર્શક પક્ષમાં બેઠેલી જહાંઆરા તરત જ દોડી અને નર્તકીને બચાવવા પ્રયત્ન કરવા લાગી. એવું કરવા જતાં તેનાં ખુદનાં કપડાંમાં આગ લાગી ગઈ. જ્યારે આવો કોઈ અકસ્માત થતો હોય છે; જેમ કે કોઈ જળમાં ડૂબતું હોય અથવા આગમાં બળતું હોય ત્યારે અનેક દર્શકો કિકિયારીઓ તો પાડે છે પણ બચાવવા માટે કૂદી પડવાની હિંમત કોઈ કરતું નથી. આવા સમયે જે પોતાના પ્રાણની પરવા કર્યા વિના કૂદી પડતાં હોય છે તે ખરેખર બહાદુર અને મહાન હોય છે. જોકે કેટલીક વાર આવાં બચાવનારાંઓનો પણ ભોગ લેવાઈ જતો હોય છે. જે હોય તે, પણ લાંબો વિચાર કરનારા કૂદી પડવાનું સાહસ કરી શકતા નથી હોતા. આવો નિર્ણય તો તત્કાલ સાહસ કરનારા જ કરતા હોય છે.

નૃત્યગાનની મહેફિલ બંધ થઈ ગઈ. જહાંઆરા એટલી બધી દાઝી ગઈ હતી કે તેનું બચવું મુશ્કેલ હતું. શાહજહાંને ખબર પડી તો તે બધાં કામ પડતાં મૂકીને દોડતો હરમમાં આવ્યો. જહાંઆરાની દશા જોઈને ચીસ પાડી બેઠો. આપણે માનીએ કે ના માનીએ આપણે બધા અકસ્માતના વાતાવરણમાં પણ જીવીએ છીએ. ક્યારે, કોનો, કેવો અકસ્માત થઈ જાય અને જીવનભર ક્યારે, કોણ અપંગ કે વિકલાંગ થઈ જાય તે કહેવાય નહિ.

શાહજહાંએ જહાંઆરા માટે ઘણી દવાઓ કરી. ઘણા ફકીરોની દુવાઓ લીધી પણ જહાંઆરાની તબિયત સુધરી નહિ. છેવટે એ સમયે વિલાયતથી ઈસ્ટ ઇન્ડિયા કંપનીનો પ્રતિનિધિ સર ટોમસ-રો આવેલો. એક વર્ષથી બાદશાહે તેને મળવાનો સમય આપેલો નહિ. તેથી તે 'આગ્રામાં પડ્યો રહે ધીરજ રાખીને તે સમય વીતાવતો રહ્યો હતો. જ્યારે તેને ખબર પડી કે બાદશાહની મોટી શાહજાદી અગ્નિમાં ખૂબ દાઝી ગઈ છે ત્યારે તેણે કહેણ મોકલ્યું કે જો

મને તક આપવામાં આવે તો હું શાહજાદીને સારી કરી શકું તેમ છું. તક ઝડપવાની પણ તક આવતી હોય છે. જે લોકોને તક ઝડપતાં આવડે છે તેમનું નસીબ સુધરી જતું હોય છે. બાદશાહે તક આપી અને સર ટોમસ-રોએ વિલાયતથી પોતાની સાથે આવેલા ડૉક્ટરની દવા શરૂ કરી. જોતજોતામાં જહાંઆરા સાજી થઈ ગઈ. બાદશાહ પ્રસન્ન થયો અને સર ટોમસ-રોને જે માગવું હોય તે માગવાની છૂટ આપી. કહેવાય છે કે સર ટોમસ-રોએ બાદશાહ પાસે ભારતમાં વેપાર કરવાની છૂટ માગી. જેને બાદશાહે મંજૂર રાખી. પરિણામે સુરત અને કલકત્તામાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીની કોઠીઓ સ્થપાઈ અને વેપાર શરૂ થયો. આને રાષ્ટ્રવાદ કહેવાય. સર ટોમસ-રોએ ધાર્યું હોત તો પોતાના માટે સોનામહોરો કે જાગીર માગ્યાં હોત, પણ તેણે પોતાના માટે કશું માગ્યું નહિ માત્ર ને માત્ર પોતાના દેશનું ભલું થાય એ માટે વેપાર કરવાની મંજૂરી માગી.

જહાંઆરા પૂરેપૂરી સ્વસ્થ થઈ ગઈ. બાદશાહે તેની ખુશીમાં ઘણું દાન-પુણ્ય કર્યું અને જહાંઆરાને સુરત બંદરની બધી આવકનું વર્ષાસન બાંધી આપ્યું. ત્યારે ભારતનું સૌથી ધીકતું બંદર સુરત હતું. તેથી અહીંથી માલની આવક-જાવક બહુ મોટા પ્રમાણમાં થયા કરતી. તેના ઉપર લગાવેલો ટેક્સ એટલો બધો હતો કે જહાંઆરા દુનિયાની સૌથી વધુ ધનાઢ્ય મહિલા થઈ ગઈ હતી!

તા. ૦૯/૦૮/૨૦૨૦

શાહજહાંનો કરુણ અંત

પ્રત્યેક વ્યક્તિને જન્મજાત બે તત્ત્વો મળતાં હોય છે, જે મરણપર્યંત તેની સાથે રહેતાં હોય છે ઃ એક છે સ્વભાવ અને બીજું છે ક્ષમતા. આ સિવાયનાં બાકીનાં તત્ત્વો વ્યક્તિને પુરુષાર્થથી અથવા સંયોગથી મળતાં હોય છે. આપણે બીજાં તત્ત્વોની ચર્ચા કરવી નથી, પણ જન્મજાત મળનારાં તત્ત્વોની ચર્ચા કરવી છે. ઉપર કહ્યું તેમ સ્વભાવ જન્મજાત હોય છે અને તે મરણપર્યંત રહે છે. આવા સ્વભાવમાં વળી બે તત્ત્વો બહુ મહત્ત્વનાં હોય છે ઃ ઉદારતા અને દયાળુતા. જેને આ બંને તત્ત્વો ભરપૂર મળ્યાં હોય છે તે જ સાચા સંત થઈ શકતા હોય છે. આ બે તત્ત્વો વિના કદાચ કોઈ દીક્ષા લઈને સાધુ થાય તો તે માત્ર સાધુ જ થાય. એવું બને કે તે વારસદાર તરીકે મોટી જગ્યાનો મહંત અથવા બીજી કોઈ ઊંચી પદવી પ્રાપ્ત કરીને અનેક સાધુઓનો કે સંપ્રદાયનો નેતા અથવા આચાર્ય થઈ જાય, પણ તેથી તે સાચો સંત ન થઈ શકે. સંતપણું જન્મજાત હોય છે અને તે ઉદારતા અને દયાળુતાના સ્વભાવથી મળ્યું હોય છે. આ બંને તત્ત્વોની સાથે જો સત્તા અને સામર્થ્ય ખાસ કરીને ધનસામર્થ્ય મળ્યું હોય તો સોનામાં સુગંધ ભળી જાય અર્થાત્ ઉદારતા અને દયાળુતાને પાંખો આવી જાય.

શાહજહાંની મોટી દીકરી જહાંઆરા જન્મજાત ઉદાર અને દયાળુ હતી. આ તેના સ્વભાવના ગુણો હોવાથી મરણપર્યંત રહ્યા હતા, પણ જહાંઆરા અઢળક ધનની માલિક પણ હતી. તેના સમયમાં તેની વ્યક્તિગત આવક એટલી બધી હતી કે તે દુનિયાની સૌથી વધુ ધનાઢ્ય મહિલા ગણાતી હતી. આટલું બધું ધન હોવા છતાં તેના જીવનમાં ત્યાગ, વૈરાગ્ય પણ હતો. તેથી તેને મળેલી ઊંચાઈને તે બરાબર સાચવી શકતી હતી. તેણે પોતાની ઊંચાઈનો કદી પણ દુરુપયોગ ન કર્યો તેમજ કદી છકી પણ ન ગઈ. તે ગરીબોને પુષ્કળ દાન આપતી. દુષ્કાળ વખતે પોતાનો ખજાનો ખુલ્લો મૂકી દેતી. તેણે અસંખ્ય મસ્જિદો અને ભવનો બનાવડાવ્યાં. તે પ્રતિવર્ષ મક્કામાં ચોખાનાં જહાજો ભરી-ભરીને મોકલતી અને ફકીરો તથા નિર્ધનોને વહેંચી દેતી. આ તેના સ્વભાવનું જ પરિણામ હતું. પણ તે શાહજહાં અને દારાસિકોહના પક્ષમાં હોવાથી ઔરંગઝેબ તેનો વિરોધી થઈ ગયો હતો. ખાસ કરીને બીજી બહેન રોશનઆરા ઔરંગઝેબના પક્ષમાં ખટપટો કરતી રહેતી હતી અને શાહજહાં તથા જહાંઆરાની વિરુદ્ધમાં અફવાઓ ફેલાવતી રહેતી હતી. એટલે તેના પ્રભાવમાં આવીને ઔરંગઝેબે જહાંઆરા પાસેથી શાહબેગમનું પદ છીનવી લીધું અને રોશનઆરાને શાહબેગમ બનાવી દીધી. બીજી તરફ ઔરંગઝેબે શાહજહાંને જેલમાં બંદી બનાવી દીધો હતો, પણ જહાંઆરાને બંદી બનાવવા માગતો નહોતો, કારણ કે જહાંઆરાના ઘણા ઉપકાર ઔરંગઝેબ પર હતા તથા તેનું વ્યક્તિત્વ બહુ પ્રભાવશાળી હતું. તોપણ જેમ લક્ષ્મણ સામે ચાલીને રામની સાથે વનમાં ગયા હતા તેમ જહાંઆરાએ સામે ચાલીને પોતાના વૃદ્ધ પિતા શાહજહાંની સાથે જેલમાં રહેવાની માગણી કરી. કારણ કે શાહજહાંને કોઈની ઓથ અને સેવાની જરૂર હતી. સામાન્ય રીતે આપત્તિના સમયે પરિવારના માણસો પણ સાથ છોડી દેતા હોય છે. તેવા સમયે જહાંઆરા પિતાનો સાથ છોડવાની જગ્યાએ જેલખાનામાં સાથે રહીને બંદીજીવન જીવવા તૈયાર થઈ હતી. તે જાણતી હતી કે મારી પાસે જે વિશાળ ધનદોલત છે તે મારા પુરુષાર્થથી મળેલું નથી પણ પિતાની કૃપાથી મળેલું છે અને આ ઊંચાઈ પણ તેમના પ્રતાપે જ મળી છે. હવે જ્યારે પિતા જીવનના છેક નીચેના તળિયે પહોંચી ગયા છે તો મારે પણ તેમની સાથે તળિયે બેસીને જીવન ગુજારવું જોઈએ. આવા વિચારના કારણે તે જેલમાં પણ શાહજહાંની સાથે જ રહી અને સેવા કરતી રહી. આવી ઉચ્ચતાને સંત જ કહેવાય. આ રીતે જહાંઆરા મોગલ પરંપરામાં સૌથી ઊંચી સંત

થઈ કહેવાય.

બીજી તરફ શાહબેગમનું પદ જહાંઆરા પાસેથી પડાવીને ઔરંગઝેબે પોતાની માનીતી બહેન રોશનઆરાને આપી દીધું. રોશનઆરા આ જ ઇચ્છતી હતી. જેમ શાહજાદાઓ બાદશાહ થવાની મહત્ત્વાકાંક્ષા રાખતા તેમ શાહજાદીઓ પણ શાહબેગમ થવાની મહત્ત્વાકાંક્ષા રાખતી. શાહબેગમ થતાંની સાથે જ રોશનઆરાએ આ ઉચ્ચ પદનો દુરુપયોગ શરૂ કરી દીધો. નીચા માણસો જ્યારે ઊંચા પદ ઉપર બેસતા હોય છે ત્યારે તે પદની ઊંચાઈનો ભરપૂર દુરુપયોગ કરતા હોય છે. રોશનઆરાએ હરમની બધી બેગમોને હેરાન કરવા માંડી તથા બધા શાહજાદા ખાસ કરીને રાજપૂત સરદારોને પણ હેરાન કરવા માંડી. લાંચરુશવત લેવા માંડી અને થોડા જ સમયમાં ચારે તરફ તેના પ્રત્યે અણગમો વધવા લાગ્યો. તોપણ ઔરંગઝેબ તેને સહન કરતો રહ્યો. એક વખત ઔરંગઝેબના જાણવામાં આવ્યું કે રોશનઆરા કોઈ વ્યક્તિના પ્રેમમાં પડી છે અને પ્રેમમાં ગળાબૂડ થઈને જીવન જીવી રહી છે. પુરુષ કદાચ કુંવારો રહીને સ્ત્રી વિનાનું જીવન જીવી શકે, પણ સ્ત્રી કુંવારી રહીને લાંબો સમય પુરુષ વિનાનું જીવન જીવી શકે નહિ. કુદરતે વ્યવસ્થા જ એવી કરી કે સ્ત્રી-પુરુષ તરફ ઢળતી ખેંચાતી રહેતી હોય છે. કઠોર નિયંત્રણો રાખીને કદાચ સ્ત્રીઓને પુરુષ વિનાની રાખી શકાય, પણ ગમે તેવા કઠોર નિયંત્રણમાં પણ જો નાનું સરખું છીંડું પણ મળી જાય તો સ્ત્રી તરત જ પુરુષ તરફ ઢળી જતી હોય છે. આથી ઉતાવળી થયેલી સ્ત્રી પાત્ર-કુપાત્ર કશો ભેદ સમજી શકતી નથી. કેટલીક વાર તો તે પિતા અને પરિવારના દુશ્મન સાથે પણ પ્રેમ કરી બેસતી હોય છે. આ સ્ત્રીની પ્રકૃતિમાં કુદરતે મૂકેલી કમજોરી અથવા પ્રકૃતિ કહેવાય, અેટલે ડાહ્યા માણસો સ્ત્રીઓને હંમેશાં કવચમાં સુરક્ષિત રાખવાનો પ્રયત્ન કરતા હોય છે. કવચ એ કેદખાનું અથવા ગુલામી નથી, પણ રક્ષણતત્ત્વ છે. રક્ષણતત્ત્વ વિનાની સ્વતંત્ર સ્ત્રી ક્યારે કેવો મોટો અનર્થ કરી બેસે તે કહી શકાય નહિ. કુંવારી રોશનઆરા કોઈ નજીકના પુરુષના પ્રેમમાં પડી ગઈ અને લાખ પ્રયત્ન કરવા છતાં પ્રેમને ઢાંકી શકાતો નથી. આજ નહિ તો કાલ તે છાપરે ચડીને બોલતો હોય છે. તેમાં પણ મોટાં ઘરોમાં થનારી પ્રેમલીલાને નોકર-ચાકરો પહેલાં તો ગુસપુસ કરીને અંદરોઅંદર છુપાવતાં હોય છે, પણ પછી તેમના જ દ્વારા તે ચોરેચૌટે ફેલાઈ જતો હોય છે.

ઔરંગઝેબને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તે ધૂંઆપૂંઆં થઈ ગયો. ઔરંગઝેબ સ્વયં અસહિષ્ણુ હતો. તેને પણ ઘણી બેગમો અને ઘણાં સંતાનો હતાં, પણ પ્રેમ ન હતો. તેથી અને કટ્ટર ઇસ્લામી હોવાથી ઝનૂની હતો. તેના રૂઢિવાદે તેને કઠોર બનાવી દીધો હતો. તેથી તેણે રોશનઆરાને ધીમું ઝેર આપવાનું શરૂ કરી દીધું. જે રોશનઆરાએ ઔરંગઝેબને બાદશાહ બનાવવા મહત્ત્વની ભૂમિકા ભજવી હતી તે જ રોશનઆરાને ધીમું ઝેર આપીને ઈ. સ. ૧૬૭૧માં મારી નાખી. તેના મૃત્યુ પછી રોશનઆરા બાગમાં તેનો મકબરો બનાવ્યો. આ તો માથું કાપીને પાઘડી બંધાવવા જેવું થયું. આ રીતે રોશનઆરાનું પણ કરુણ મૃત્યુ થઈ ગયું.

શાહજહાંને જહાંઆરા સાથે જ્યાં કેદ કરવામાં આવ્યો હતો ત્યાંથી છટકી જવા માટે શાહજહાંએ પ્રયત્ન કર્યો, પણ શાહજહાં કંઈ શિવાજી મહારાજ તો ન હતા. છટકવા માટે પણ આવડત હોવી જોઈએ. બધામાં એવી આવડત હોતી નથી. તેથી પકડાઈ ગયો. ઔરંગઝેબે કેદખાનાની છટકબારીઓ દીવાલથી ચણાવી લીધી. હવે છટકવાનું રહ્યું નહિ. એટલું જ નહિ, તેણે કઠોર જલ્લાદને ચોકી ઉપર બેસાડી દીધો. શાહજહાં રોજ ઝરૂખે બેસીને તાજમહાલનાં દર્શન કરતો અને પોતાની પ્રિય બેગમ મુમતાઝને યાદ કરતો. તે ઝરૂખો પણ બંધ કરાવી દીધો. હવે શાહજહાંનું જીવવું બહુ કઠિન થઈ ગયું હતું. આવા સમયમાં તેને એકમાત્ર સહારો જહાંઆરા દીકરીનો હતો. જહાંઆરા તેને વારંવાર સમજાવતી કે હવે તમે ચુંમોત્તેર વર્ષના થયા છો અને આવા જીવનમાં મૃત્યુ નજીક છે. ડાહ્યો માણસ જ્યારે મૃત્યુ નજીક આવે અને તેને

ભાન થાય તો સૌથી પહેલાં બે કામ કરતો હોય છે. પહેલું, પોતાના અપરાધોની ક્ષમા માગી લેતો હોય છે અને બીજું, પોતાના અપરાધીઓને ક્ષમા આપી દેતો હોય છે. ક્ષમા માગવી અને ક્ષમા આપવી એ પણ સંતનાં જ લક્ષણ કહેવાય. દુર્જન અપરાધો તો કરી શકે છે પણ ક્ષમા માગી શકતો નથી. તેમજ પોતાના અપરાધીઓને માફ કરી શકતો નથી. જહાંઆરા વારંવાર શાહજહાંને સમજાવતી કે મોગલો હત્યા કરીને બાદશાહ બન્યા છે તો તમારો શાહજાદો ઔરંગઝેબ પણ તે જ રસ્તે ચાલ્યો તેમાં કંઈ નવાઈ કહેવાય નહિ. સારું એટલું કહેવાય કે તેણે તમને જીવતા રાખ્યા છે. માટે હવે મરતાં પહેલાં તેને ક્ષમા કરી દો. ઇસ્લામમાં એવી માન્યતા છે કે જે અપરાધનો શિકાર બન્યો હોય તે જો અપરાધીને માફ કરી દે તો અલ્લા પણ તેને માફ કરી દેતો હોય છે. જોકે આવી માન્યતા હિન્દુ ધર્મમાં નથી. હિંદુ ધર્મમાં એટલે કે હિંદુ, જૈન, બૌદ્ધ ત્રણેયમાં કર્મ તો ભોગવવું જ પડતું હોય છે. કોઈના માફ કરવાથી તે છૂટી જતું નથી.

જહાંઆરાની બહુ સમજાવટથી અંતે શાહજહાં તૈયાર થઈ ગયો. તેણે જહાંઆરાની ઇચ્છા પ્રમાણે ઔરંગઝેબને માફ કરવાનો પત્ર લખી દીધો. તેના ઉપર પોતાની સહી તથા મહોર લગાવી દીધી. આટલું કર્યા પછી શાહજહાં જહાંઆરાના હાથ ઉપર ઢળી પડ્યો અને થોડી જ વારમાં તેણે પ્રાણ છોડી દીધા. જ્યારે શાહજહાંનું મૃત્યુ થયું ત્યારે એ કેદખાનામાં કોઈ પુરુષ હાજર નહોતો. માત્ર જહાંઆરા અને બીજી થોડી દાસીઓ વગેરે હાજર હતી. આ કેટલી દુઃખદ ઘટના કહેવાય કે મોગલ પરંપરામાં સૌથી ધનાઢ્ય અને સૌથી વધુ સરળ શાસન કરનાર બાદશાહ શાહજહાં કેદખાનામાં એકાકી, અસહાય થઈને મરે!

તેની ઇચ્છા પ્રમાણે તેને તાજમહાલના મકબરામાં છેક નીચે ભોંયરામાં મુમતાઝની કબર પાસે દફનાવી દેવામાં આવ્યો. આ રીતે શાહજહાંનો કરુણ અંત આવ્યો કહેવાય.

તા. ૧૦/૦૮/૨૦૦૦

૧૧

રોશનઆરાનો કરુણ અંત

સામાન્ય લોકોની માન્યતા છે કે રાજકારણમાં સજ્જનોનું કામ નહિ. સજ્જનો રાજકારણમાં સફળ રહેતા નથી. રાજકારણમાં તો જે દુર્જનો હોય; છળકપટ, લાંચરુશવત, વચનભંગ વગેરે કરવામાં નિપુણ હોય તેવા દાદાટાઇપના દુષ્ટો જ સફળ રહેતા હોય છે. જનસાધારણની માન્યતાઓ લાંબા સામૂહિક અનુભવોના આધારે નિર્ધારિત થતી હોય છે અને પછી પ્રચલિત થતી હોય છે, પણ આવી માન્યતાઓ સર્વાંશે સાચી હોય છે તેવું પણ કહી શકાય નહિ. રાજકારણમાં રહીને ભાવનગરના શ્રી પ્રભાશંકર પટ્ટણી ભારે સફળ રહ્યા. મોરબીમાં ઘેર-ઘેર લોટ માંગીને જીવન ચલાવનાર અત્યંત ગરીબ બ્રાહ્મણનો છોકરો કોઈની લાગવગ વિના પોતાના આપબળે ભાવનગરનો દીવાન અને પછી ઍડમિનિસ્ટ્રેટર બને એટલું જ નહિ, પણ અંગ્રજો તેમને `સર'નો ઇલ્કાબ આપે તે નાનીસૂની વાત કહેવાય નહિ. આવી જ રીતે ભાવનગરના મહારાજા કૃષ્ણસિંહ, ગોંડલના મહારાજા ભગવતસિંહ અને જૂનાગઢના નાગર અમરજી વગેરેએ રાજાશાહીના જમાનામાં પણ રાજકારણમાં રહીને ભારે સફળતા મેળવી હતી. તે પોતે તો ધન્ય થયા, સાથે-સાથે જે-તે રજવાડાંને પણ ધન્ય કરી દીધાં.

આવી જ રીતે લોકશાહીમાં સરદાર વલ્લભભાઈ પટેલ જેવા બાહોશ રાજનેતા પૂરેપૂરી સજ્જનતા સાથે સફળ રહ્યા. જો આ બધા રાજકારણમાં ન પડ્યા હોત તો પ્રજાની કેવી દશા થાત તે વિચારતાં પણ કમકમાં આવી જાય છે. એટલે રાજકારણ ગમે તેવું ગંદું હોય તોપણ તેમાં પડેલા કેટલાક સજ્જનો હેમખેમ દાગ વિના સફળ રાજનેતા થઈ શકતા હોય છે તે પણ એટલું જ સાચું છે. એક વાત નક્કી છે કે કોઈ રાજકારણમાં ગમે એટલા ઊંચા પદે પહોંચે પણ તેમાંથી જે સજ્જન અને રાષ્ટ્રભક્ત, પ્રજાહિતેષી હોય છે તે જ અમર થતા હોય છે. લોકો સદીઓ સુધી તેને યાદ કરતા રહે છે.

મોગલપરંપરામાં ચાલતું રાજકારણ, મારામારી, કાપાકાપી અને ખુનામરકીથી ભરેલું રહેતું. ક્યારે કોની હત્યા થઈ જાય તે કહેવાતું નહિ. આવા ઘોર અનર્થકારી રાજકારણમાં પણ શાહજહાંની મોટી શાહજાદી જહાંઆરા પૂરેપૂરી સજ્જનતા સાથે સફળ રાજકારણ રમતી રહી. તેણે આદિથી અંત સુધી પિતાને સાથ આપ્યો. જ્યારે શાહજહાંનો સૂર્ય સોળે કળાએ ખીલ્યો હતો ત્યારે પણ જહાંઆરા તેની સાથે હતી અને જ્યારે શાહજહાંનો સૂર્ય અસ્તાચળમાં આથમી ગયો હતો ત્યારે પણ જહાંઆરા સાથે ને સાથે રહી હતી. તેણે પ્રત્યક્ષતઃ દારાસિકોહને સાથ આપ્યો. રાજકારણમાં ખંધા લોકો ગોળ-ગોળ વાતો કરીને બધાંને રાજી રાખતા હોય છે. આવું રાજકારણ તકવાદી તો હોય છે, પણ િચરસ્થાયી નથી હોતું. થોડા જ સમયમાં ખરું વ્યક્તિત્વ પ્રગટ થઈ જતું હોય છે. ચહેરા ઉપર ગમે એટલાં મહોરાં લગાવો પણ અંતે ખરો ચહેરો દેખાઈ આવતો હોય છે. જહાંઆરાએ કદી પણ પોતાના ચહેરા ઉપર તકવાદી મહોરાં પહેર્યાં નહિ. જોકે આમ કરવા જતાં તે ઔરંગઝેબ અને બીજા શાહજાદાઓ તથા પોતાની શાહજાદી બહેનોની દુશ્મન થઈ ગઈ. સ્પષ્ટવક્તા કદી પણ દુશ્મન વિનાનો હોતો નથી. તેણે સ્પષ્ટવક્તા થવાનું ભારે મૂલ્ય ચૂકવવું જ પડતું હોય છે. શાહજાદી બહેનોએ જહાંઆરાની ભારે નિંદા કરી. તેને જાત-જાતનાં કલંક લગાડ્યાં. તેમ છતાં તે ચૂપ રહી અને બધું સહન કરતી રહી. ખાસ કરીને રોશનઆરા તો તેની પાક્કી દુશ્મન જ બની ગઈ હતી. ઔરંગઝેબને ભરમાવીને રોશનઆરાએ જહાંઆરા પાસેથી શાહીબેગમનું પદ છીનવી લીધું હતું. તોપણ જહાંઆરાએ કશો ડંખ રાખી બદલો ન લીધો.

શાહજહાં જ્યારે મરવા પડ્યો અને છેલ્લી ઘડીઓ ગણવા લાગ્યો ત્યારે જહાંઆરાએ

તેને સમજાવી-સમજાવીને ઔરંગઝેબના અપરાધોને માફ કરી દેવાનો પત્ર લખાવ્યો. જેથી મરનાર શાંતિથી મરી શકે અને જીવનાર ઔરંગઝેબને પશ્ચાત્તાપ થાય. જ્યારે શાહજહાં મરી ગયો ત્યારે ઓરંગઝેબ દિલ્હી હતો. અર્થાત્ મૃત્યુ વખતે પણ તે પિતાની પાસે હાજર રહ્યો ન હતો. શાહજહાંના મૃત્યુ પછી તે આગ્રા આવ્યો અને જહાંઆરાને મળ્યો ત્યારે જહાંઆરાએ તેને શાહજહાંનો ક્ષમાપત્ર આપ્યો. તે વિચારમાં પડી ગયો. અરેરે! મેં મારા બાપ સાથે કેટલો ખરાબ દુર્વ્યવહાર કર્યો!

જોકે જહાંઆરા સૌથી વધુ ધનાઢ્ય મહિલા હતી. તેની કરોડોની આવક હતી તોપણ છેલ્લાં નવ વર્ષથી તે ફકીરો જેવું જીવન જીવતી હતી. તે કુંવારી હતી અને બેંતાલીસ વર્ષની થઈ ચૂકી હતી, તોપણ કદી કોઈ પુરુષના લફરામાં તે પડી નહિ. તે છેક સુધી નેકીટેકીનું જીવન જીવતી રહી. વ્યક્તિનો સૌથી મોટો પ્રભાવ તેના ચારિ�યને કારણે પડતો હોય છે. આ બાબતમાં રોશનઆરા સફળ ન રહી શકી. તે કોઈ ને કોઈ લફરામાં પડતી રહી.

ઔરંગઝેબ ભારે કઠોર અને સ્વાર્થી બાદશાહ હતો, છતાં તે જહાંઆરાનું માન રાખતો હતો. તેણે જહાંઆરાને ફરીથી શાહીબેગમ બનાવવાનો પ્રસ્તાવ રાખ્યો, પણ જહાંઆરાએ તે પ્રસ્તાવ સ્વીકાર્યો નહિ. એક વાર જે પદથી હડધૂત થવું પડ્યું હોય અને હાથ નીચેના માણસો આગળ જૂનું પદ પ્રાપ્ત કરીને ફરીથી પ્રભાવ પાડી શકાય નહિ. પ્રભાવ વિનાનું પદ એ મલાઈ વિનાના દૂધ જેવું કહેવાય. તેથી જહાંઆરાએ ફરીથી શાહીબેગમ થવાનું સ્વીકાર્યું નહિ. આ તેની પદ પ્રત્યેની અનાસક્તિ કહેવાય. જોકે ઘણા સમય પછી એટલે કે જહાંઆરા જ્યારે ચોપ્પન વર્ષની થઈ ગઈ હતી ત્યારે હરમનું વાતાવરણ બહુ બગડી ગયું હતું. જેમ રાજા વિના રાજ્ય બગડી જાય તેમ હરમની બધી બેગમો અને સ્ત્રીઓ સ્વચ્છંદી થઈ ગઈ હતી. તેથી ઔરંગઝેબ જહાંઆરાને વારંવાર શાહીબેગમ થવાની પ્રાર્થના કરતો રહ્યો. અંતે જહાંઆરાએ ઔરંગઝેબની પ્રાર્થના માની લીધી અને ફરીથી તે શાહીબેગમ બની ગઈ. આ પદ ઉપર તે લગભગ વીસ વર્ષ સુધી રહી અને હરમને વ્યવસ્થિત કરી દીધું. ખરેખર તો સાચા સુખનો આધાર બાદશાહો માટે હરમ અને ગૃહસ્થો માટે ઘર હોય છે. હરમમાં અને ઘરમાં સ્ત્રીઓ રહેતી હોય છે. આ સ્ત્રીઓ જ સુખદુઃખ, શાંતિ-અશાંતિનું કારણ બનતી હોય છે. જો ઘરમાં સુખશાંતિ હોય તો જ ઘરવાળો સુખશાંતિ અનુભવે. રાષ્ટ્રમાં શાંતિ સ્થાપિત કરવી તેના કરતાં પણ હરમમાં શાંતિ સ્થાપિત કરવી બહુ અઘરું કામ છે, કારણ કે હરમમાં અનેક સ્ત્રીઓ રહેતી હોવાથી રાતદિવસ કાનાફૂસી અને કકળાટ ચાલતાં રહેતાં હોય છે. કુશળ જહાંઆરાએ ઔરંગઝેબના હરમને શાંત કરી દીધું તેથી ઔરંગઝેબને પણ શાંતિ મળી.

દિલ્હી, આગ્રા અને હિન્દુસ્તાનના મુસ્લિમો દર વર્ષે હજ કરવા મક્કા-મદીના જતા. જહાંઆરા આ બધા હાજીઓને ખૂબ મદદ કરતી. જહાંઆરાની ધાર્મિકતા અને નેકીભર્યું જીવન જોઈને મુસ્લિમોમાં કાદરિયા સંપ્રદાયના ધર્મગુરુ મુલ્લા શાહબદક્ષી જહાંઆરાને પોતાની ધર્મગાદી ઉપર બેસાડવાનો આગ્રહ રાખતા હતા, જેનો જહાંઆરાએ નમ્રતાપૂર્વક અસ્વીકાર કરી દીધો. હું ધર્મગુરુ થવાને લાયક નથી તેવું કહીને ખસી ગઈ. જ્યારે વ્યક્તિમાં યોગ્યતા હોય તો સામે ચાલીને મોટાં-મોટાં પદો તેને નવાજવા આવતાં હોય છે અને અયોગ્ય માણસો પદ-લોલુપતાના કારણે નાનાં-મોટાં પદો મેળવવા કૂતરાંની માફક લાળ ટપકાવતા પદોની પાછળ-પાછળ દોડતા હોય છે. ઔરંગઝેબે જ્યારે હિંદુઓ ઉપર જજિયાવેરો લગાવ્યો ત્યારે જહાંઆરાએ તેનો વિરોધ કર્યો હતો અને આવો વેરો હિંદુઓ ઉપર જ ન લગાવવા સમજાવ્યું હતું, પણ જિદ્દી ઔરંગઝેબ માન્યો નહિ.

શાહજહાંની માફક ઔરંગઝેબને પણ વૃદ્ધાવસ્થા આવી અને તે બીમાર પડ્યો. મોટા માણસોની માંદગીને છુપાવવી પડતી હોય છે. ખાસ કરીને જેના ઉત્તરાધિકારીનો નિર્ણય ન થયો

હોય અને ઘણા વારસદારોમાં સંઘર્ષ થવાની શક્યતા હોય ત્યારે તો આવી માંદગીને અને કેટલીક વાર મરણને પણ દિવસો સુધી, અરે! મહિનાઓ સુધી ઢાંકી રાખવું પડતું હોય છે. રોશનઆરા પહેલેથી જ ખટપટી અને દુષ્ટ સ્વભાવની હતી. તે શાહજાદા આઝમને બાદશાહ બનાવવા માગતી હતી. ઔરંગઝેબને ચાર પુત્રો હતા. તેમાંથી આઝમશાહ તરફ રોશનઆરાને પક્ષપાત હતો. રોશનઆરાએ પત્રો લખી-લખીને અમીરો અને હિન્દુ સરદારોને આઝમશાહ તરફ વાળવા પ્રયત્નો શરૂ કરી દીધા, પણ આ વાતની ખબર મોટા શાહજાદા મુઅઝ્ ઝમને પડી ગઈ. તેણે તેની માતા નવાબબાઈ આગળ વાત કરી. નવાબબાઈને રોશનઆરા ઉપર ઘણો ગુસ્સો ચડ્યો.. ગુસ્સામાં ને ગુસ્સામાં તે બીમાર ઔરંગઝેબના ઓરડામાં ઘૂસી ગઈ. રોશનઆરાએ નવાબબાઈના વાળ પકડીને ધધડાવીને ઓરડા બહાર કાઢી મૂકી. આ વાતની ઔરંગઝેબને જાણ થઈ એટલે તેણે રોશનઆરાને શાહીબેગમના પદથી દૂર કરી દીધી હતી, એટલું જ નહિ પોતાના દરબારમાં પણ આવવાની મનાઈ કરી દીધી હતી. રોશનઆરા જ્યારે શાહીબેગમ હતી ત્યારે ઘણા ઠાઠમાઠ અને રુઆબથી દરબારમાં જતી અને ભારે રોફ જમાવતી હતી. રોશનઆરાને ખબર પડી ગઈ કે હવે મારો સૂર્ય આથમી ગયો છે. તેથી તે રાજમહેલ છોડીને દૂરના જંગલમાં રહેવા ચાલી ગઈ અને ત્યાં જ મરી ગઈ. કહેવાય છે કે ઔરંગઝેબે તેને ધીમું ઝેર આપીને મરાવી નાખી હતી. આ રીતે દુષ્ટ રોશનઆરાનો અંત આવ્યો.

તા. ૧૧/૦૮/૨૦૨૦

૧૨

ઔરંગજેબની સલ્તનતમાં
કલાકારોને દેશનિકાલ

જીવનની બધી પ્રવૃત્તિઓનો મૂલાધાર આવેગો છે. સંસારમાં જીવિત પ્રાણીમાત્રમાં ઓછા-વત્તા અંશે આવેગો રહેતા જ હોય છે. આવેગો વિનાનું જીવન શક્ય જ નથી. આ આવેગોને ત્રણ ભાગમાં વહેંચી શકાય ઃ (૧) શારીરિક આવેગો, (૨) માનસિક અથવા લાગણીઓના આવેગો અને (૩) બૌદ્ધિક આવેગો.

શરીરની રચના એવી છે કે સમય-સમય ઉપર તેમાં નાના-મોટા આવેગો આંધીની માફક ઊભા થતા રહે છે. જેમ કે ભૂખ લાગે, તરસ લાગે અને કામવાસના જાગે. શરૂઆતમાં મંદ પ્રમાણમાં રહેનારા આ આવેગો સમય જતાં વધુ ને વધુ ઉગ્ર થતા જાય છે. તેમની ઉગ્રતા એટલી હદે વધી જાય કે પ્રાણી ભાન ભૂલીને ન કરવાનું કરી બેસે. ભૂખ અને તરસ જન્મતાં જ લાગતી હોય છે, પણ કામવાસનાનો આવેગ યુવાનીની સાથે શરૂ થતો હોય છે અને છેક મૃત્યુપર્યંત રહેતો હોય છે, એટલે બાળકને સ્તનપાન દ્વારા માતા ભૂખના આવેગને શાંત કરે અને પછી યુવાની શરૂ થતાં લગ્નજીવનની શરૂઆતથી કામના આવેગને શાંત કરવાનો પ્રયત્ન થાય છે.

મનનો આવેગ લાગણીઓથી વ્યક્ત થાય છે. લાગણીઓ બહુમુખી હોય છે, પણ તેનાં બે મોટાં મૂળ હોય છે ઃ રાગ અને દ્વેષ. રાગમાંથી અને દ્વેષમાંથી અનેક પ્રકારના ફાંટા ફૂટતા રહે છે અને લાગણીઓનું વિશાળ વૃક્ષ અનેક ડાળીઓવાળું ઊભું થઈ જતું હોય છે. લાગણીઓ પૂરી કરવા માટે વ્યક્તિ અનેક પ્રકારની નાની-મોટી પ્રવૃત્તિઓ કરતી રહે છે. આ પ્રવૃત્તિઓમાં ખરી પણ હોય અને ખોટી પણ હોય. તેમાંથી કથાઓ રચાતી હોય છે.

ત્રીજો આવેગ બુદ્ધિનો છે. બુદ્ધિ શંકા-કુશંકા, જિજ્ઞાસા વગેરે દ્વારા આવેગ ઊભી કરતી હોય છે. તેમાંથી બૌદ્ધિક સમાધાનો શોધવાનો પ્રયત્ન થતો હોય છે. જેનામાં શંકા-કુશંકા કે જિજ્ઞાસા હોતી જ નથી તેનો બૌદ્ધિક વિકાસ પણ હોતો નથી. એટલે બૌદ્ધિક વિકાસ માટે આ ત્રણેય તત્ત્વો જરૂરી છે. જેમ આહારથી પેટના આવેગ શાંત થાય, જેમ કામભોગથી કામનો આવેગ શાંત થાય છે; તેમ બુદ્ધિના આવેગોને પણ સમાધાન દ્વારા શાંત કરાય છે. આ ત્રણેય પ્રકારના આવેગોનું સમાધાન થાય તેને જ શાંતિ મળે. જે લોકો આ ત્રણેય આવેગોના સમાધાન વિના શાંતિ શોધવા નીકળ્યા હોય છે તે ભટકી-ભટકીને મરી જાય તોય શાંતિ મળતી નથી, પણ આપણે અહીં બધા આવેગોની ચર્ચા કરવી નથી. અહીં માત્ર શારીરિક અને માનસિક આવેગોની જ થોડીક ચર્ચા કરવાની છે.

અકબરના સમયથી શાહજાદીઓના લગ્ન ઉપર પ્રતિબંધ મૂકવામાં આવેલો તે વાત આપણે પાછલાં પ્રકરણોમાં જાણી. આ એક પ્રયોગ હતો. પ્રયોગનાં પરિણામ લાંબાગાળે નીવડવાથી મળતાં હોય છે. પરણેલી શાહજાદીઓ પોતપોતાના પતિઓ સાથે રાજકીય વારસદારીની ખટપટોમાં લાગી જતી અને તેથી રાજકીય વાતાવરણ, ખાસ કરીને હરમનું વાતાવરણ ડહોળાયેલું રહેતું. જ્યાં ડહોળાયેલું વાતાવરણ હોય ત્યાં સુખ-શાંતિ ન હોય. જેમ પાણી નીતરીને સ્વચ્છ થાય પછી જ શાંત થાય તેમ માનવજીવનમાં પણ હરમ હોય કે ઘર હોય, જો તેમાં સતત ડહોળાયેલું વાતાવરણ રહેતું હોય તો તેમાં રહેનારા કદી પણ સુખ-શાંતિ ભોગવી શકે નહિ. તેથી તેને શાંત કરવું જરૂરી છે. અકબરથી શરૂ થયેલી આ પ્રથા જહાંગીર, શાહજહાં સુધી ચાલતી રહી અને શાહજાદીઓ કુંવારી રહેતી રહી, પણ અનુભવોથી સમજાયું કે આવી કુંવારી શાહજાદીઓ પરણેલી શાહજાદીઓ કરતાં વધુ અવળ-ચંડાઈ કરતી રહે છે. તે કોઈ ને કોઈનો પક્ષ લઈને ખટપટો કરે છે. એટલું જ નહિ પણ તેમના કામના આવેગોને

નિયંત્રણમાં રાખવા ભારે પ્રતિબંધો મૂકવા પડે છે. ખરેખર તો સ્ત્રીઓના કામવેગો અને લાગણીના વેગો પુરુષો કરતાં અનેકગણા વધારે હોય છે. અને તેને નિયંત્રણમાં રાખવા બહુ કઠિન હોય છે. આવા આવેગોમાં સ્ત્રીઓ લગભગ આંધળી થઈ જતી હોય છે. તેવી અવસ્થાને શાસ્ત્રોમાં મુગ્ધાવસ્થા કહેવામાં આવી છે. આવી મુગ્ધાવસ્થામાં તે ન કરવાનું કરી બેસે છે. એટલે સમય રહેતાં તેમને પરણાવી દેવી, જેથી પતિ અને સંતાનોમાં તેનું મન લાગ્યું રહે. તેમની લાગણીઓ નિશ્ચિત જગ્યાએ કેન્દ્રિત થઈ જાય અને ભટકતી બંધ થાય. તે પોતે શાંત રહે ને પરિવારને પણ શાંત રહેવા દે. આવા અનુભવો પછી ઔરંગઝેબે પોતાના સમયમાં શાહજાદીઓનાં લગ્ન કરવાની શરૂઆત કરી.

હરમમાં દારાસિકોહના મહેલમાં ગુલામબંદી નામની એક નર્તકી રહેતી હતી. તે નર્તકી હોવા છતાં ભારે ગુણિયલ હતી. કેટલીક વાર એવું પણ બનતું હોય છે કે રાણીના ગુણ દાસીમાં આવે અને દાસીના ગુણ રાણીમાં આવે. ઔરંગઝેબે તેની સાથે લગ્ન કરી લીધાં. તેને ઉદયપુરીબેગમ નામ આપ્યું. આ ઉદયપુરીબેગમના પેટે શાહજાદા કામબક્ષનો જન્મ થયો હતો. આ કેટલી નવાઈની વાત કહેવાય કે પોતાના દુશ્મનની નર્તકી પત્ની સાથે હિંદુસ્તાનનો કટ્ટર ધાર્મિક બાદશાહ લગ્ન કરે અને નર્તકી પણ દારાનો બદલો લેવાની જગ્યાએ દારાના દુશ્મન ઔરંગઝેબનો પતિ તરીકે ભરપૂર સ્વીકાર કરે!

ઔરંગઝેબે પોતાના ત્રણેય ભાઈઓને મારી નાખ્યા હતા. પણ તેમનાં કેટલાંક બાળકો જીવતાં રહી ગયાં હતાં. આ જીવતાં બાળકોને તેણે ઉછેર કરવા પોતાની બહેનોને સોંપી દીધાં. કારણ કે તે માબાપ વિનાનાં થઈ ગયાં હતાં. સૌથી મ◌ોટી બહેન જહાંઆરાને દારાસિકોહ તથા મુરાદબક્ષની પુત્રીઓ સોંપી દીધી અને શાહસૂજાની પુત્રીઓને ગૌહરઆરાને સોંપી દીધી. ગૌહરઆરાએ દારસિકોના એકમાત્ર જીવતા રહી ગયેલા પુત્ર સિપહરસિકોનો પણ ઉછેર કર્યો. દારાસિકોહની પુત્રી જહાંજેબ જહાંઆરા જેવી વિદુષી અને સદ્ગુણી લાગતી હતી. તેને જાનીબેગમ નામથી પણ ઓળખવામાં આવતી. જાનીબેગમ ઉપર કઠોર ઔરંગઝેબને પણ ઘણો પ્રેમ હતો. આ રીતે પોતાના ભાઈઓની તથા પરિવારની ઔરંગઝેબે હત્યા તો કરી નાખી, પણ તેનાં બાળકોને લાડકોડથી ઉછેરવા માટે પોતાની કુંવારી બહેનોને સોંપી દીધાં. તેણે જોયું કે સ્ત્રીઓને કુંવારી રાખવી શક્ય નથી, તેથી દારાસિકોહની પુત્રી જાનીબેગમનાં લગ્ન પોતાના પુત્ર શાહઆઝમ સાથે કરી દીધાં. દારાસિકોહની બીજી પુત્રી સલીમબાનુ હતી. તેનાં લગ્ન ઔરંગઝેબે પોતાના શાહજાદા મોહમ્મદ અકબર સાથે કરી દીધાં. સગા કાકાની દીકરી સાથે લગ્ન કરવાં એ મુસ્લિમોમાં કાયદેસરની વાત છે. ઔરંગઝેબ આટલું કરીને જ ન અટક્યો પણ પોતાની પુત્રી જુબદઉનનિશાનાં લગ્ન દારાસિકોહના એકમાત્ર જીવિત પુત્ર સિપહરસિકો સાથે કરી દીધાં. અર્થાત્ પોતાના દુશ્મનના પુત્રનો જ તે સસરો બન્યો. આ રીતે મોગલકાળની પરંપરામાં ઔરંગઝેબે પરિવર્તન કર્યું અને કુદરતી વ્યવસ્થાનો સ્વીકાર કરી શાહજાદીઓને પોતાના પરિવારમાં અંદરોઅંદર પરણાવી દીધી.

જહાંઆરા હવે વૃદ્ધાવસ્થાએ પહોંચી ગઈ હતી. તેથી ઈ. સ. ૧૬૮૧માં તેણે દિલ્હીમં નિઝામુદ્દીન ઓલિયાની દરગાહ પાસે પોતાનો મકબરો પણ બનાવ્યો. મરતાં પહેલાં પોતાનો મકબરો, મજાર અથવા સમાધિ બનાવવાની કેટલાક લોકોને સૂઝબૂજ રહેતી હોય છે. જ્યારે જહાંઆરાનું મરણ થયું ત્યારે તેને આ મકબરામાં દફનાવવામાં આવી. જહાંઆરા જ્યારે મરી ત્યારે તેની પાસે ત્રણ કરોડ રૂપિયા હતા. તેની ઇચ્છા પ્રમાણે આ બધા રૂપિયા ફકીરોમાં તથા ગરીબોમાં વહેંચી દેવામાં આવ્યા. જહાંઆરાની એ ખાસિયાત કહેવાય કે તેણે શાહજહાં, દારાસિકોહનો પ્રેમ જીત્યો હતો તો બીજી તરફ તેણે કટ્ટર વિરોધી ઔરંગઝેબનો પણ પ્રેમ જીત્યો હતો. આવું વ્યક્તિત્વ બહુ થોડાં માણસોમાં જ પ્રગટતું હોય છે.

કોઈ પણ બાદશાહ, રાજા કે નેતાના શાસનની સફળતા અથવા નિષ્ફળતાને માપવી હોય તો આટલા મુદ્દાઓનું પૃથક્કરણ કરવું જોઈએ ઃ (૧) તેના શાસનકાળમાં પ્રજા સુરક્ષિત, સુખશાંતિથી રહી કે કેમ; (૨) તેના શાસનકાળમાં ખેતીવાડી, વેપાર, ઉદ્યોગ વગેરે ખીલ્યાં કે કેમ; (૩) તેના શાસનકાળમાં લોકોની સંખ્યા વધી કે ઘટી; (૪) તેના શાસનકાળમાં સંગીત, સાહિત્ય અને કળાને કેટલું પ્રોત્સાહન મળ્યું; (૫) રાષ્ટ્રની સીમારક્ષા થઈ કે કેમ; રાષ્ટ્ર વિશાળ બન્યું કે સંકુચિત થયું.

આ પાંચ મુદ્દાઓનો તટસ્થ વિચાર કરવામાં આવે તો શાસકની સફળતા અથવા નિષ્ફળતાની સાચી માહિતી મળી રહે. ઔરંગઝેબના સમયમાં હિન્દુ પ્રજા સુરક્ષિત ન હતી. તેના ઉપર જજિયાવેરો લાદવામાં આવેલો અને જે જજિયા ન ભરી શકે તેમને મુસલમાન બનાવી દેવામાં આવતા હતા. હિંદુઓનાં સેંકડો મંદિરો તૂટ્યાં અને હિંદુઓના ઉત્સવો ઊજવવા ઉપર પ્રતિબંધ લગાવવામાં આવ્યો. તેથી હિંદુ પ્રજા ભારે દુઃખી હતી. તેણે મુસ્લિમો માટે બધા કર હટાવી દીધા અને હિંદુ ઉપર કરનું પ્રમાણ ડબલ કરી દીધું. આ રીતે હિંદુ-મુસ્લિમ પ્રજા વચ્ચે ભારે ભેદ કરવામાં આવ્યો. ખરેખર તો તે હિંદુઓને હિંદુ ન કહેતાં કાફીર કહેતો અને આ કાફીરના ક્ષેત્રમાં માત્ર હિંદુઓ ઉપરાંત શિયા મુસ્લિમો, સૂફીઓ, શીખો, જૈન, બૌદ્ધો, ખ્રિસ્તીઓ વગેરે બધા આવી જતા. એક રીતે એમ કહી શકાય કે જે બિનમુસ્લિમ હતા તે બધા કાફીર હતા અને તેમનું જીવન સુખશાંતિભર્યું ન હતું.

શાહજહાંના સમયથી ખીલેલાં ખેતીવાડી અને ઉદ્યોગધંધા તેના સમયમાં અટકી ગયા.

તેના ધાર્મિક ત્રાસથી ઘણા લોકો ભાગી-ભાગીને હિમાલય તરફ અથવા નેપાળ તરફ ચાલ્યા ગયા. અથવા શિવાજી જેવા હિંદુ રાજાઓના રાજ્યમાં ભાગી ગયા. આ રીતે ઘણી વસતિએ સ્થળાંતર કરવું પડ્યું.

તેના શાસનકાળમાં સૌથી મોટો ફટકો સંગીત, સાહિત્ય, કલા અને ભવનનિર્માણોને પડ્યો. તેના પહેલાંના બાદશાહોના સમયમાં દરબારમાં ગવૈયાઓ, નર્તકો, કલાકારો વગેરે રહેતા અને સંગીત, નૃત્ય વગેરે કલાનો વિકાસ કરતા. આ સમયમાં ઘણા નવા-નવા રાગો શોધાયા અને દરબારી વાતાવરણ સંગીત અને નૃત્યથી ખીલી ઊઠતું. ઔરંગઝેબે બધી નર્તકીઓ, બધા ગવૈયાઓ વગેરેનો એક જ ઝટકે દેશનિકાલ કરી દીધો. આ બધાં હિંદુ રાજાઓના રાજ્યમાં આશરો મેળવવા ચાલ્યાં ગયાં. તેના સમયમાં દારૂ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો, જેથી સાચા અર્થમાં દારૂબંધી થઈ ગઈ. તેણે બધી વેશ્યાઓને પણ દેશનિકાલ કરી દીધી, જેથી વેશ્યાપ્રથા પણ બંધ થઈ ગઈ. તેના પહેલાંના બધા બાદશાહો અઠવાડિયે એક દિવસ ઝરૂખામાં બેસીને લોકોની ફરિયાદો સાંભળતા. જ્યારે ફરિયાદો સંભળાવવા લોકો આવતા ત્યારે બાદશાહને ઝૂકી-ઝૂકીને સલામ કરતા તે પ્રથા પણ તેણે બંધ કરી દીધી. તેનું માનવું હતું કે ઝૂકી-ઝૂકીને સલામ માત્ર અલ્લાહને જ કરાય, બંદાને નહિ. આ કૂફ્ર છે તેથી તેને બંધ કરવું જરૂરી છે. પહેલાં નવરોઝ, દશેરા વગેરે તહેવારો ધૂમધામથી મનાવવામાં આવતા, તે પણ બંધ કરાવી દીધા. અકબરના સમયથી મીનાબજાર લગાવવામાં આવતું તે પણ બંધ કરાવી દીધું. આ રીતે તેણે ઘણા રિવાજો બંધ કરાવી દીધા. હવે દિલ્હી, આગ્રા અને મોગલ સલ્તનત સંગીત, નાચગાન અને કલા વિનાનું થઈ ગયું. તેથી આ ક્ષેત્રમાં રોજી-રોટી મેળવનારા કલાકારો બેકાર બનીને ભીખ માગતા થઈ ગયા.

તા. ૧૨/૦૮/૨૦૨

મંદિરો તોડી મસ્જિદો બનાવી

સજ્જનતા અને દુર્જનતા બંને સાવકી બહેનો છે. તેમને જો સત્તારૂપી સહેલી મળી જાય તો તે સોળે કળાએ ખીલી ઊઠતી હોય છે. કદાચ પુરુષ એકાકી જીવન જીવી શકે, પણ સ્ત્રી એકાકી જીવન જીવી શકતી નથી. તેને કદાચ પુરુષ સાથી ન મળ્યો હોય તો ચાલે, પણ સહેલી તો જોઈએ જ. તે જ્યાં જાય અને જ્યાં રહે ત્યાં સૌથી પહેલાં સહેલીની શોધ કરે. આ સહેલી જો મંથરા જેવી મળી ગઈ હોય તો મોટાં-મોટાં રામાયણની રચના થઈ જાય. ડાહ્યા પુરુષોએ હંમેશાં પોતાના પરિવારની સ્ત્રીઓની સહેલીઓ ઉપર ચાંપતી નજર રાખવી જોઈએ.

ઔરંગઝેબને જન્મજાત દુર્જનતા મળી હતી. તેની દુર્જનતાને સત્તારૂપી બેફામ સહેલીઓ મળી અને તે પોતે બેફામ બની ગયો. તેણે સત્તાના દુરુપયોગથી કરેલી દુષ્ટ પ્રવૃત્તિઓની થોડી જાણકારી આ પ્રકરણમાં મેળવીએ.

(૧) બાબરના શિયા સેનાપતિ મીરબાંકીએ અયોધ્યામાં શ્રીરામ જન્મભૂમિ મંદિરને તોડી નાખ્યું હતું અને તેના સ્થાનમાં તે જ પથ્થરોની બાબરી મસ્જિદ બનાવી હતી. આ સેનાપતિએ બીજાં પણ કેટલાંય મંદિરો તોડ્યાં હતાં અને જ્યાં-જ્યાં મંદિરો તોડ્યાં ત્યાં-ત્યાં એ જ પથ્થરોથી મસ્જિદો બનાવી હતી.

(૨) ઔરંગઝેબ જ્યારે લાલકિલ્લામાં રહેતો હતો ત્યારે નમાઝ પઢવા માટે જામા મસ્જિદમાં જતો હતો પણ એ જ રસ્તેથી હિંદુ ભક્તજનો જમુનાજીમાં સ્નાન કરવા જતા હતા. ભક્તો વાજતે-ગાજતે, નાચતા-કૂદતા જતા-આવતા તેથી ઔરંગઝેબને ભારે દુઃખ થતું હતું. તે એમ માનતો હતો કે આ બધા કાફીરો છે, એટલે તેમનાં મોઢાં જોવાં અને તેમના મુખેથી હરિકીર્તન વગેરે સાંભળવું એ ભારે કૂફ્ર કહેવાય. તેથી તેણે લાલકિલ્લામાં જ એક મસ્જિદ બનાવી. એને મોતીમસ્જિદ કહેવાય છે. હવે તેને નમાજ પઢવા માટે બહાર જવાની જરૂરત ન રહી.

(૩) એ સમયમાં જે સિક્કા પાડવામાં આવતા તેના ઉપર કુરાનના કલમાઓ લખવામાં આવતા. તે કલમાઓ ઔરંગઝેબે બંધ કરાવી દીધા, કારણ કે આવા સિક્કા કાફરોના હાથમાં જાય તો કલમા અપવિત્ર થઈ જાય તેવી માન્યતા હતી.

(૪) ઔરંગઝેબે પ્રત્યેક મોટા કસબા અને નગરમાં એક-એક નિરીક્ષક અમલદાર રાખ્યો હતો. તેનું કામ એટલું હતું કે લોકો ઇસ્લામિક વ્યવસ્થા પ્રમાણે જીવન જીવે છે કે નહિ, તે ફરી-ફરીને લોકોની જીવનપદ્ધતિ જોયા કરતો. જેના જીવનમાં ઇસ્લામવિરોધી રીતભાત દેખાતી તેને તે દંડિત કરતો. આવા દંડમાં તે સમયના એક સૂફી મસ્ત ફકીરને મારી નાખવામાં આવ્યો, કારણ કે તે દારાસિકોહનાં વખાણ કરતાં સંભળાયો હતો.

(૫) તેણે હિંદુઓમાં ખાસ કરીને રાજપૂતોમાં ચાલતી સતીપ્રથાને બંધ કરાવી દીધી. જોકે આ સારું કામ કહેવાય.

(૬) તેણે હિંદુ પ્રજા ઉપર જજિયાવેરો લગાવી દીધો અને સખતીથી તેની વસૂલાત કરવામાં આવતી. બીજી તરફ મુસ્લિમોના બધા વેરા માફ કરી દેવામાં આવ્યા.

(૭) તે માત્ર હિંદુઓ પ્રત્યે જ નહિ પણ શિયા અને સૂફી મુસ્લિમો પ્રત્યે પણ ઘોરઘૃણા કરતો હતો. દક્ષિણનાં ચાર શિયા-રાજ્યોને નષ્ટ કરવા તે જિંદગીનાં પાછલાં પચીસ વર્ષ દક્ષિણમાં પડ્યો રહ્યો હતો. શિયાઓ `તબરૉ' ભાષા બોલતા હોય છે. ઔરંગઝેબ તબરૉ બોલનારની હત્યા કરાવી દેતો.

(૮) તેણે હુકમ કાઢ્યો કે રાજપૂત સિવાય કોઈ પણ હિંદુ હાથી, ઘોડા અથવા

પાલખીમાં બેસી શકે નહિ. કોઈ પણ પ્રકારનાં અસ્ત્ર-શસ્ત્ર ધારણ કરી શકે નહિ. હિંદુઓ પોતાનો ધાર્મિક મેળો પણ લગાવી શકે નહિ. દિવાળી, હોળી વગેરે પણ મનાવી શકે નહિ અને મનાવવાં હોય તો રાજાની પરવાનગી લઈને જ મનાવી શકે.

(૯) મંદિરોમાં શંખ, ઘડિયાલ, કરતાલ કે નગારાં વગેરે વગાડી શકે નહિ. તે જ્યાં-જ્યાંથી નીકળતો અથવા જ્યાં-જ્યાં તેનો પડાવ રહેતો ત્યાંથી દૂર સુધી આ બધાં વાજિંત્રો વગાડવાનાં બંધ કરી દેવાતાં.

(૧૦) કદાચ ઉતાવળમાં કે મજૂરોના અભાવે કોઈ મંદિર પૂરું ન તોડી શકાતું તો એનું શિખર તોડી નાખવામાં આવતું અને ત્રિપાલથી મંદિરને ઢાંકી દેવામાં આવતું.

(૧૧) બાદશાહ થતાંની સાથે જ તેણે હિંદુ મંદિરોનો નાશ કરવાનો હુકમ આપ્યો. તે જ્યારે ગુજરાતનો સૂબેદાર હતો ત્યારે અમદાવાદનું જૈન મંદિર બનીને તૈયાર થતું હતું. તેના હુકમથી તેને તોડી નાખવામાં આવ્યું અને ત્યાં ઘોડાઓ બાંધવાના તબેલા બનાવ્યા. પાછળથી મસ્જિદ બનાવી દીધી.

(૧૨) ઔરંગઝેબે બિહારના સૂબેદારને હુકમ આપ્યો કે કટક અને મેદીનીપુરની વચ્ચે જેટલાં મંદિરો દેખાય તે બધાં તરત જ તોડી નાખવામાં આવે. સૂબેદારે તિલકકૂટીનું ભવ્ય મંદિર તોડી નાખ્યું.

(૧૩) ઔરંગઝેબે સોમનાથના મંદિરને પણ તોડી નાખ્યું. તેના પહેલાં આ મંદિરને મહંમદ ગઝનવીએ તોડ્યું હતું. આમ જુઓ તો સોમનાથના મંદિરને મુસ્લિમોએ છ-સાત વાર તોડ્યું છે.

(૧૪) ઈ. સ. ૧૬૬૬માં તેણે મથુરાનું કેશવરાય મંદિર તોડી નાખ્યું. આ મંદિરની રેલિંગ તેના ભાઈ દારાસિકોહે બનાવડાવી હતી.

(૧૫) ઈ. સ. ૧૬૬૭માં આંબેરના મહારાજા જયસિંહનું મૃત્યુ થયું. તેના છઠ્ઠા દિવસે ઔરંગઝેબે સિદી ફૌલાદખાંને હુકમ કર્યો કે દિલ્હીમાં આવેલા બે હજાર વર્ષ જૂના કાલકાજી શક્તિપીઠના મંદિરને તોડી નાખવામાં આવે. આ મંદિર મિરઝા રાજા જયસિંહના વહીવટ નીચે હતું. જ્યાં સુધી મહારાજા જીવ્યા ત્યાં સુધી ઔરંગઝેબ તેને તોડી શક્યો નહોતો, પણ મહારાજાના મૃત્યુ પછી તરત જ તોડી નાખ્યું. કહેવાય છે કે ફૌલાદખાં જ્યારે મંદિર તોડવા ગયો ત્યારે તેના બ્રાહ્મણ પૂજારીથી સહન ન થયું એટલે તેણે ફૌલાદખાં ઉપર તલવારથી ત્રણ ઝાટકા માર્યા. જોકે ફૌલાદખાં તો બચી ગયો, પણ પછી પેલા બ્રાહ્મણને મારી નાખવામાં આવ્યો. આજે જો કાલકાજી મંદિર દિલ્હીમાં હોય તો તેના વહીવટદારોએ તરત જ આ શહીદ બ્રાહ્મણની સ્મૃતિમાં તેની પ્રતિમા મૂકવી જોઈએ અને ઇતિહાસ લખવો જોઈએ.

(૧૬) ૯ એપ્રિલ, ૧૬૬૯માં તેણે હુકમ કાઢ્યો કે જ્યાં-જ્યાં મોગલ સલ્તનત હોય ત્યાં-ત્યાં જેટલાં મંદિરો હોય તે બધાં તોડી નાખવાં જોઈએ તથા પાઠશાળાઓને બંધ કરાવી દેવી જોઈએ. આમ કરવાથી તેનો હેતુ હિંદુઓને ધર્મમુક્ત અને સંસ્કૃતિમુક્ત કરવાનો હતો.

(૧૭) ઈ. સ. ૧૬૬૯માં રાજસ્થાનમાં મોરેલ નદીના કિનારે મલ્હારના ગામમાં બહુ પ્રાચીન શિવમંદિર હતું. તેને તોડવા સાલેહ બહાદુરને મોકલ્યો. મંદિર તો તોડી નાખ્યું, પણ તેના ખંડેર આજે પણ ત્યાં પડ્યાં છે.

(૧૮) કાશીનું વિશ્વપ્રસિદ્ધ કાશીવિશ્વનાથ મંદિર ઈ. સ. ૧૧૯૪માં કુતુબુદ્દીન ઐબકે તોડ્યું હતું. પણ તે પછી ગુજરાતના એક વેપારીભક્તે તેનું પુનર્નિર્માણ કરાવ્યું હતું. આ ગુજરાતી વેપારી કોણ હતો તે જાણવા મળતું નથી. આ મંદિરને સિકંદર લોદીએ તોડી નાખ્યું હતું. તે પછી આંબેર-નરેશ માનસિંહે તેને ફરીથી બનાવ્યું હતું. અલબત્ત, કાશીના પંડ્યા-પૂજારીઓએ એ મંદિરનો સ્વીકાર નહિ કરેલો, કારણ કે માનસિંહ અકબરનો સંબંધી હતો. તેણે

પોતાની દીકરીઓ મોગલ સાથે પરણાવી હતી, એટલે તે ભ્રષ્ટ હિંદુ હતો તેવું કાશીના પૂજારીઓનું માનવું હતું. બંને વચ્ચે ફરક જુઓ. તોડેલાં મંદિરોના પથ્થરોથી મુસલમાનો ત્યાં જ મસ્જિદ બનાવતા તેમને તેમાં કોઈ ભ્રષ્ટતા દેખાતી નહિ, પણ આપણે હિંદુઓ પરિસ્થિતિવશ બેટી-વ્યવહાર બાંધી ચૂકેલા રાજપૂતોને નજીક લાવવાની જગ્યાએ વધુ દૂર ધકેલવા માટે તેમનાં બાંધેલાં મંદિરોને પણ ભ્રષ્ટ માનવા લાગ્યા. આમ, આ પ્રકારની ભ્રષ્ટતાથી હિંદુ પ્રજા વધુ દુર્બળ બની, કારણ કે નજીક આવવા માગતો માનસિંહ દૂર ધકેલાઈને દુશ્મન બન્યો.

(૧૯) ઈ. સ. ૧૫૮૫માં રાજા ટોડરમલે કાશીવિશ્વનાથ મંદિરને ફરીથી બંધાવ્યું. આ મંદિરને ઔરંગઝેબે ફરીથી તોડી નાખ્યું, એટલું જ નહિ પણ કાશીનું નામ બદલીને મોહમ્મદાબાદ પાડી દીધું. જ્યારે કાશીમાંથી મોગલોનું રાજ્ય સમાપ્ત થઈ ગયું ત્યારે ઇન્દોરની મહારાણી અહલ્યાબાઈ હોલકરે ફરીથી ત્યાં મંદિર બાંધ્યું જે આજે કાશીવિશ્વનાથ મંદિરના નામથી પ્રસિદ્ધ છે. તેની બાજુમાં જ ઔરંગઝેબની બાંધેલી મસ્જિદ પણ છે. જે વિવાદિત હોવાથી પોલીસના પહેરા નીચે સુરક્ષિત રાખવામાં આવી છે.

(૨૦) ઔરંગઝેબે હુકમ કર્યો કે જેટલાં હિંદુ મંદિરો હોય તે બધાં તોડી નાખવાં. નવાં મંદિરો બાંધવા દેવાં નહિ અને મંદિરોમાં સ્થાપિત દેવી-દેવતાઓની મૂર્તિને તોડીને આગ્રાની મસ્જિદોમાં પગથિયાંમાં જડી દેવી. જેથી મુસલમાનો તેના ઉપર પગ મૂકીને નમાજ પડવા જાય. આ રીતે હિંદુઓને અપમાનિત કરવા માટે તેણે નીચામાં નીચા પ્રયત્નો પણ કર્યા.

(૨૧) ઔરંગઝેબે ગદાબેગ નામના સરદારને ૪૦૦ સિપાહીઓ આપ્યા અને કહ્યું કે ઉજ્જૈનનું મહાકાલ મંદિર તોડી નાખો. તેની સહાય કરવા માલવાના સૂબેદાર વઝીરખાંને સેના સાથે મોકલ્યો. જ્યારે આ બધું સૈન્ય ઉજ્જૈન પહોંચ્યું અને મંદિર તોડવા માંડ્યું ત્યારે ઉજ્જૈનના રાવતે પ્રબળ વિરોધ કર્યો. તેણે ગદાબેગને મારી નાખ્યો અને તેના ૧૨૧ સિપાહીઓનો વધ કરી દીધો. આ રાવતે એટલી બધી બહાદુરી બતાવેલી કે માળવાના ગ્રામીણ લોકો અાજે પણ લોકગીતોમાં તેની કીર્તિ ગાતાં રહે છે. ઉજ્જૈન મહાકાલ મંદિરના સંચાલકોને મારી નમ્ર અરજ કે મંદિરના પ્રાંગણમાં પેલા બહાદુર રાવતની પ્રતિમા મૂકવામાં આવે.

(૨૨) અયોધ્યામાં રામજન્મભૂમિ સિવાય બીજાં પણ ઘણાં મંદિરો હતાં. જ્યાં શ્રીરામજીએ દેહત્યાગ કર્યો હતો ત્યાં `સ્વર્ગદ્વારમ્' નામનું મંદિર હતું. તેને તોડી નાખવામાં આવ્યું.

(૨૩) અયોધ્યામાં `ત્રેઝાના ઠાકુર' નામનું મંદિર હતું. તેને પણ તોડી નાખ્યું.

(૨૩) ઈ. સ. ૧૬૭૨માં બંગાળના ઢાકા પાસે ધામારી ગામમાં યશોમાધવ મંદિર હતું તેને પણ તોડી નાખ્યું.

(૨૫) ત્યારે કાબુલ પાસે ગોરબંધગામમાં `રાજા માંધાતા' મંદિરમાં પૂજા-આરતી કરતો હતો. તેવું ઔરંગઝેબને જાણવા મળ્યું. તે મંદિર પણ ઔરંગઝેબે તોડાવીને ત્યાં મસ્જિદ બનાવી દીધી. આવી જ રીતે સરદાર હસનઅલીખાંએ મથુરા જેને ઔરંગઝેબે ઇસ્લામાબાદ નામ આપ્યું હતું તે મંદિરને પણ તોડી નાખ્યું અને ત્યાં હસનપુર નામનું ગામ વસાવ્યું.

(૨૬) ઈ. સ. ૧૬૮૧માં ઔરંગઝેબે પોતાના મામા સાહિસ્તખાનને હુકમ કર્યો કે તે જગન્નાથપુરીના મંદિરને તોડી નાખે. આ સાહિસ્તખાનની આંગળીઓ શિવાજી મહારાજે કાપી નાખેલી. તેથી તેને બંગાળનો સૂબેદાર બનાવ્યો હતો.

(૨૭) ઔરંગઝેબે ૧૬૮૧માં હુકમ બહાર પાડ્યો કે બુરહાનપુર અને અજમેરની વચ્ચે જેટલાં મંદિરો હોય તે બધાં તોડી નાખવામાં આવે. તેના હુકમ પ્રમાણે બધાં મંદિરો તોડી નાખવામાં આવ્યાં.

(૨૮) ઈ. સ. ૧૬૮૧ના છેલ્લા મહિનામાં ઔરંગઝેબ દક્ષિણમાંથી બુરહાનપુર જવા

નીકળ્યો. આ વાતની ખબર કોટા-નરેશને પડી. તેમણે તાત્કાલિક શ્રીનાથજીની પ્રતિમા તથા બીજાં મંદિરોની મુખ્ય પ્રતિમાઓ લઈને સંતાડી દીધી અને મંદિરના પૂજારીઓ ભાગી ગયા. ઔરંગઝેબને જવાની ઉતાવળ હોવાથી બધાં મંદિરોના દરવાજા ઈંટોથી ચણાવી બંધ કરાવી દીધાં.

(૨૯) ઈ. સ. ૧૬૮૨માં કાશી બનારસનું નંદમાધવ મંદિર જેને બિંદુમાધવ પણ કહેવાય છે, તે તોડી નાખવામાં આવ્યું અને તેની જગ્યાએ મસ્જિદ બનાવાઈ. આ મંદિર ઈ. સ. ૧૫૮૫માં રાજા ટોડરમલ તથા રાજા માનસિંહે બંધાવ્યું હતું.

(૩૦) ઈ. સ. ૧૬૮૨માં પોતાના શાહજાદા આઝમશાહને આદેશ આપ્યો કે સંભાજીના રાજ્યમાં પેરગામ સ્થિત શિવમંદિરને તોડી નાખે. આઝમે મંદિર તોડીને ગામનું નામ રહેમતપુર કરી નાખ્યું.

(૩૧) ઈ. સ. ૧૬૮૭માં અબ્દુલખાને હૈદરાબાદનાં મંદિરો તોડવા મોકલ્યો અને ઈ. સ. ૧૬૯૦માં અજન્તા, ઈલોરા, �યમ્બકેશ્વર, પંઢરપુર, જાજોરી તથા યવતમાલનાં મંદિરો તોડાવી નાખ્યાં.

તા. ૧૩/૦૮/૨૦૨૦

૧૪

બીબી કા મકબરા

જીવનમાં નાના-મોટા પ્રસંગોની હારમાળા ચાલતી રહે છે. આવા પ્રસંગો કેટલીક વાર શુભ હોય છે, તો કેટલીક વાર અશુભ પણ હોય છે. કેટલીક વાર શુભ પ્રસંગનું પરિણામ અશુભમાં અને અશુભ પ્રસંગનું પરિણામ શુભમાં પણ આવતું હોય છે. પ્રસંગ આરંભ કરવો એ મનુષ્યના હાથની વાત છે, પણ તેનું પરિણામ લાવવું એ પૂરેપૂરી મનુષ્યના હાથની વાત નથી હોતી. એક વાર અમારા આશ્રમમાં એક પાર્સલ આવ્યું. ખોલીને જોયું તો તેમાં લગ્નપત્રિકા હતી. તે એટલી મોટી અને ભવ્ય હતી કે જોનારા દંગ રહી ગયા. કોઈએ કહ્યું કે આ પત્રિકા પચાસહજાર રૂપિયાના ખર્ચે તૈયાર કરાઈ હશે. જો માત્ર લગ્નપત્રિકામાં જ પચાસહજાર રૂપિયા ખર્ચે તે બાપ પૂરા લગ્નમાં કેટલો બધો ખર્ચ કરતો હશે! કરોડોના ખર્ચે બાપે પોતાની વહાલી દીકરીને પરણાવી, પણ પછી માત્ર છ મહિનામાં જ છૂટાછેડા થઈ ગયા અને રોતી-કકળતી દીકરી બાપના ઘરે પાછી આવી. આ શુભપ્રસંગનું અશુભ પરિણામ કહેવાય.

કેટલીક વાર અશુભ પ્રસંગમાંથી પણ શુભ પરિણામ આવતું હોય છે. એક સજ્જન વિમાનમાં બેસવા ભારે પ્રયત્ન કરતા રહ્યા. તેમની પાસે કન્ફર્મ ટિકિટ હતી, પણ છેલ્લી ઘડીએ તેમને રોકી દેવામાં આવ્યા. તે બહુ દુઃખી થયા પણ પછી જાણવા મળ્યું કે જે વિમાનમાં તેમને પ્રવાસ કરવાનો હતો તે વિમાન અકસ્માતનો ભોગ બનીને તૂટી પડ્યું અને બધા પ્રવાસીઓ માર્યા ગયા. હવે પેલા નહિ જઈ શકનાર સજ્જનને થયું કે સારું થયું! મને રોકી દેવામાં આવ્યો. તે વખતે તો હું બહુ દુઃખી થયો હતો, પણ હવે સમજાય છે કે હું બચી ગયો. આવા અશુભ પ્રસંગોનું પરિણામ શુભમાં પણ આવતું હોય છે, એટલે ભક્ત લોકો સફળતા-નિષ્ફળતા બંનેમાં પરમેશ્વરની કૃપા અનુભવતા હોય છે.

બાદશાહો, રાજાઓ અને શેઠિયાઓ ઘણી વાર યુદ્ધમાં કે પ્રવાસમાં પણ પોતાની પત્નીઓને સાથે રાખતા હોય છે. ઔરંગઝેબ પણ પોતાની પત્નીઓને સાથે રાખતો. તેનો હેતુ માત્ર ને માત્ર કામભોગ પૂરો કરવાનો રહેતો. પ્રેમ વિનાનો કામભોગ માત્ર યાંત્રિક પ્રક્રિયા જ બની જતી હોય છે. ઔરંગઝેબ શુષ્ક અને નીરસ હતો. તેથી તેના જીવનમાં કોઈ પ્રેમગાથા બની ન હતી. જેમ અકબર અને જોધા, જહાંગીર અને અનારકલી, શાહજહાં અને મુમતાઝ વગેરે તેના પૂર્વજોની પ્રેમગાથાઓ હતી તેવી કોઈ પ્રેમગાથા ઔરંગઝેબની ન હતી. કવિઓ પતિના અનેક નામોમાં એક નામ `રસિયા' પણ બોલે છે. ગીતોમાં `હે રંગરસિયા ક્યાં રમી આવ્યા રાસ' એવાં ગીતો પણ આવે છે. ભાગવતમાં તો ભગવાનને રસરાજ કહ્યા છે. અને વેદોમાં `રસો વૈ સઃ' કહીને પરબ્રહ્મ પરમાત્માને રસરૂપ માન્યા છે. શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ શ્રીકૃષ્ણને `નવીનકેલિ રંજનમ્' કહીને નવાજ્યા છે. આમ આપણે ત્યાં પરમેશ્વર અને અધ્યાત્મને રસથી ભરપૂર માનવામાં આવ્યાં છે. જે `વીતરાગ' ભગવાન છે તે રસિક નથી, કારણ કે તેમની કોઈ પ્રેમગાથા નથી. પ્રેમ જ રસ છે અને જેને રસમાં રસ આવે તેને રસિક કહેવાતા. એટલે ગીતકારોએ પતિને `રસિકબલમા' કહ્યું છે. જેના ભગવાન રસિક ન હોય તેના અનુયાયીઓ પણ રસ વિનાના હોય એવું બની શકે. ભર્તૃહરિએ વિધાતા પાસે યાચના કરી છે કે, `હે વિધાતા! તારે મને ઘોર નરકમાં જગ્યા આપવી હોય તો આપજે, બીજાં જેટલાં દુઃખ દેવાં હોય તેટલાં દેજે પણ કદી અરસિકજનો પાસે કવિતા સંભળાવવાનું દુઃખ ન દઈશ.' આ બધા ઉપરથી જીવનમાં રસ અથવા પ્રેમનું કેટલું મહત્ત્વ છે તે સમજાઈ શકે છે.

બન્યું એવું કે ઔરંગઝેબ જ્યારે દક્ષિણ ભારતની વિજયયાત્રા કરવા નીકળ્યો હતો ત્યારે તેની બેગમ રબિયા તેની સાથે હતી. પહેલાં કહ્યું તેમ યાંત્રિક કામભોગ માટે બાદશાહો

આવી સ્ત્રીઓને સાથે રાખતા. કામભોગની ગરજ એ થોડા સમય પૂરતી જ હોય છે. ગરજ પતી નહિ કે `હું કોણ અને તું
કોણ?' જેવું થઈ જતું હોય છે. ખાડકી નામના ગામમાં આ રબિયા ઉર્ફે દિલરાસબાનુ નામની બેગમનું મૃત્યુ થઈ ગયું. ઔરંગઝેબે તેને ખાડકી જેનું નામ ઔરંગાબાદ કરી દેવામાં આવ્યું હતું, ત્યાં જ સામાન્ય કબર બનાવીને દફનાવી દીધી.

મરતાં પહેલાં દિલરાસબાનુએ પોતાના શાહજાદા આઝમશાહને કહ્યું હતું કે તું મારી કબર ઉપર તાજમહાલ જેવો મકબરો બનાવજે. સ્ત્રીઓમાં દેખાદેખી અને ચડસાચડસી વધુ હોતી હોય છે. મુમતાઝનો મકબરો જોઈને કેટલીયે બેગમો ઇચ્છતી હતી કે અમારો પણ આવો મકબરો થાય. માતાની ઇચ્છા પૂરી કરવાનું આઝમશાહે વચન આપ્યું અને પછી તેણે ઔરંગઝેબને વાત કરી કે મારી માતા પાછળ તાજમહાલ જેવો મકબરો મારે બનાવવો છે, એટલે મને પૈસા આપો. ઔરંગઝેબે હસીને જવાબ આપ્યો કે આવા ફાલતું કામ માટે મારી પાસે પૈસા નથી. ઇસ્લામમાં પાકી કબર બનાવવાની પણ મનાઈ છે. તો તાજમહાલ જેવી ભવ્ય ઇમારત તો બનાવાય જ નહિ એટલે હું ફૂટી કોડી આપવાનો નથી. આઝમશાહ માન્યો નહિ. તે વારંવાર હઠ કરતો રહ્યો. જેના પરિણામે અંતે ઔરંગઝેબે તેને છ લાખ રૂપિયા આપ્યા. આગ્રાનો તાજમહાલ ત્રણ કરોડ અને વીસ લાખમાં તૈયાર થયો હતો. તેની તુલનામાં આ રકમ કંઈ જ ન કહેવાય. તોપણ આઝમશાહે પોતાની માતાની કબર ઉપર મકબરો બાંધવાનું શરૂ કર્યું. આગ્રાનો તાજમહાલ બાંધનાર અહમદ લાહોરી મરી ચૂક્યો હતો પણ તેનો પુત્ર અતાઉલ્લા જીવતો હતો. તેને બોલાવ્યો. આગ્રાનો તાજમહાલ ઈસા નામના કારીગર દ્વારા કરાવ્યો હતો, પણ તે પણ મરી ચૂક્યો હતો. એટલે આઝમશાહે કોઈ નવા શિલ્પકારને શોધવા માંડ્યો. તે સમયમાં હંસપતરાય નામનો શિલ્પી બહુ પ્રસિદ્ધ હતો. તેને બોલાવીને તેની દેખરેખ નીચે તેની ડિઝાઈન પ્રમાણે દિલરાસબાનુનો મકબરો બનાવવાનો શરૂ થયો. આઝમશાહનો ભરપૂર પ્રયત્ન હતો કે આ મકબરો પણ તાજમહાલ જેવો જ બને, પણ તેવો બની શક્યો નહિ. આ તાજમહાલના મિનારા વ્યવસ્થિત ન થવાથી આગ્રા જેવા તાજમહાલની સુંદરતા મેળવી શકાઈ નહિ. આ મકબરાને `બીબી કા મકબરા' નામથી પ્રસિદ્ધિ મળી છે. ઔરંગાબાદમાં આ દક્ષિણના તાજમહાલને જોવા પ્રવાસીઓ જતા હોય છે.

પૂર્વે કહ્યું તેમ ઔરંગઝેબે મુગલ સલ્તનતમાંથી હિંદુઓનાં બધાં મંદિરો તોડી નાખવાનું કામ પુરજોરમાં ઉપાડ્યું હતું. ઈ. સ. ૧૬૬૯માં તેના ત્રાસથી મથુરા, વૃંદાવનનાં બધાં મંદિરોના પૂજારીઓ પોતપોતાની મૂર્તિઓ લઈને અંધારી રાત્રે જયપુર, જોધપુર, ઉદયપુર તરફ ભાગી ગયા અને રાજસ્થાનના આ રાજપૂત રાજાઓએ આ બધા પૂજારીઓ, ગોંસાઈઓ અને સાથે લાવેલી પ્રતિમાઓને આશ્રય આપ્યો. તેથી મથુરાધીશ ભગવાનની પ્રતિમાને કોટામાં આશ્રય આપ્યો અને તેથી મથુરેશજીનું પ્રસિદ્ધ મંદિર બનાવાયું. ઈ. સ. ૧૬૬૯માં વૃંદાવનના ભવ્ય ગોવિંદદેવ મંદિરને તોડવામાં આવ્યું. તેની પ્રતિમાને જયપુર પહોંચાડી દેવાઈ. રાજા માનસિંહે ઈ. સ. ૧૫૯૦માં અકબરની મંજૂરી લઈને આ વિશાળ મંદિર બનાવ્યું હતું. અકબરે આ મંદિરની ગાયો માટે ૧૩૫ વીઘા જમીન પણ આપી હતી. સાત માળનું ઊંચું મંદિર જ્યારે દીપમાળાથી ઝગમગતું ત્યારે તેના દીવા ઠેઠ આગ્રા સુધી દેખાતા હતા. આ મંદિરને ઔરંગઝેબે તોડાવી નાખ્યું. મંદિર એટલું બધું મજબૂત હતું કે તોડનારા થાકી ગયા. તેથી આજે પણ આ મંદિરના પાંચ માળ અડીખમ ઊભા છે. મંદિરમાંથી પ્રતિમાઓ લઈને પૂજારીઓ જયપુર ભાગી ગયા અને જયપુરમાં ગોવિંદદેવનું ભવ્ય મંદિર બંધાવીને ત્યાં રહેવા લાગ્યા. ઔરંગઝેબે ઈ. સ. ૧૬૭૭માં વૃંદાવનનું મંદિર તો તોડી નાખ્યું પણ સાથે-સાથે અકબરે આપેલી ૧૩૫ વીઘા ગોચર જમીન પણ પાછી લઈ લીધી. પહેલાં જ્યારે ભૂમિદાન વગેરેનો દસ્તાવેજ તામ્રપત્ર ઉપર

કરવામાં આવતો ત્યારે દાતા લખતો કે આ દાન `યાવત્ ચન્દ્ર દિવાકરો' છે. અમારા વારસદારોને પણ તે મંજૂર છે. આવું તામ્રપત્ર હોવા છતાં ઔરંગઝેબે પૂર્વજોનું વચન તોડી નાખ્યું.

ઈ. સ. ૧૬૭૦માં મથુરામાં કેશવરાયનું મંદિર તોડી નાખ્યું. મથુરાનું નામ ઇસ્લામાબાદ કરી દેવામાં આવ્યું અને મંદિરના પથ્થરોથી ત્યાં જ મસ્જિદ બનાવી દેવામાં આવી. પ્રતિમાઓના ટુકડા કરીને મસ્જિદના રસ્તા ઉપર અને સીડીઓ ઉપર લગાવી દીધા જેથી નમાઝીઓ તેના ઉપર પગ મૂકીને નમાજ પડવા જાય. આ ઉપરથી જાણી શકાય છે કે ઔરંગઝેબને બિનમુસ્લિમો ઉપર અને તેમની પૂજાપદ્ધતિ, ધર્મસ્થાનો ઉપર કેટલી હદે ઘૃણા હતી. વૃંદાવનમાંથી પણ ઘણાં મંદિરો તોડી નાખવામાં આવ્યાં. તેની પ્રતિમાઓને પૂજારીઓ જેમ-તેમ કરીને જયપુર વગેરે સ્થાનોએ લઈ ગયા. ઈ. સ. ૧૬૬૯ના સપ્ટેમ્બર મહિનાની ૨૯મી તારીખે મથુરાના સમીપમાં આવેલા ગોવર્ધન પર્વત ઉપર ગિરિરાજ મંદિરના ગોસાંઇજી ભગવાન શ્રીનાથજીની પ્રતિમાને પોતાની સાથે લઈને રાજસ્થાન તરફ ભાગી નીકળ્યા., અનેક જગ્યાએ ફરતા-ફરતા મેવાડ પહોંચ્યા. મેવાડના રાણા રાજસિંહે શ્રીનાથજીનો સત્કાર સ્વીકાર કર્યો અને ઈ. સ. ૧૬૭૨માં સિહાડ ગામમાં નળિયાવાળા એક સામાન્ય ઘરમાં તેમની સ્થાપના કરી. આ ગામને હવે નાથદ્વારા કહેવાય છે. ઔરંગઝેબના ત્રાસથી અસંખ્ય મંદિરોની પ્રતિમાઓ મેવાડમાં આવવા લાગી. જેમને નાની-નાની હવેલીઓ બનાવીને રાખવામાં આવી એટલે વૈષ્ણવોનાં મંદિરોને `હવેલી' કહેવાય છે.

તા. ૧૪/૦૮/૨૦૨૦

૧૫

ઔરંગઝેબની ધર્મઝનૂની ઘૃણા

દુનિયાનું અનિવાર્ય દૂષણ યુદ્ધ છે. આ યુદ્ધ માત્ર મનુષ્યો સુધી જ સીમિત નથી, પણ પ્રાણીમાત્ર, જંતુમાત્ર પરસ્પરમાં લડી રહ્યાં છે. કોઈ એવું પ્રાણી કે એવું જંતુ નહિ હોય જે પોતાની જાતિ સાથે અથવા વિજાતીય જાતિ સાથે લડતું ન હોય, એટલે યુદ્ધને દુનિયાનું અનિવાર્ય દૂષણ કહેવાય. આ દૂષણને રોકવા માટે કેટલાક લોકોએ યુદ્ધવિમુખ થઈને અહિંસાનો માર્ગ લીધો, પણ તે સદંતર નિષ્ફળ રહ્યો. ખરેખર તો યુદ્ધને યુદ્ધ દ્વારા જ રોકી શકાતું હોય છે. એમ કહી શકાય કે અધર્મ યુદ્ધોને ધર્મયુદ્ધોથી રોકી શકાય છે.

મારી દૃષ્ટિએ યુદ્ધોનાં પાંચ કારણો હોય છે ઃ

(૧) ભૂમિ વધારવા માટે, (૨) સંપત્તિ લૂંટવા માટે, (૩) સત્તા મેળવવા માટે, (૪) વિચારો સ્થાપિત કરવા માટે, (૫) પોતાના ધર્મને ફેલાવવા માટે.

(૧) પહેલાં અને અત્યારે પણ વિસ્તારવાદી નીતિ ચાલતી રહી છે. અર્થાત્ પોતાના રાષ્ટ્રનો દૂર-દૂર સુધી વિસ્તાર થાય તે માટે સીમાડા વધારવા માટે રાષ્ટ્રો યુદ્ધો કરતાં હોય છે. જોકે યુનોની સ્થાપના થયા પછી આ કારણ બંધ પડી ગયું છે અથવા મંદ પડી ગયું છે. તોપણ ચીન જેવાં વિસ્તારવાદી રાષ્ટ્રો પોતાના દેશને અડીને આવેલાં જુદાં-જુદાં રાષ્ટ્રોની સીમામાં પગપેસારો કરીને વધુ ને વધુ ભૂમિ હડપવાનો પ્રયત્ન કરે છે અને સીમા ઉપર યુદ્ધનું વાતાવરણ ઊભું કરે છે. વિશ્વનો સૌથી શક્તિશાળી દેશ અમેરિકા હોવા છતાં હવે તે ક્યાંય પણ ભૂમિવિસ્તાર કરતો નથી. તેની સાથે પશ્ચિમનાં મિત્રરાષ્ટ્રો પણ આવી લાલચથી લગભગ મુક્ત થઈ ગયાં છે.

(૨) પ્રાચીનકાળમાં ખાસ કરીને મુસ્લિમ સરદારો અડોશ-પડોશનાં સમૃદ્ધ રાષ્ટ્રો ઉપર એટલા માટે હુમલો કરતા, કે ત્યાં સોનું વધારે હતું. ભારત ઉપર મહમદ બિનકાસિમથી માંડીને મહેમૂદ ગઝનવી સુધી અને તે પછી બીજા ઘણા મુસ્લિમ સરદારોએ ભારતનું સોનું લૂંટવા માટે અનેક યુદ્ધો કર્યાં અને સેંકડો ટન સોનું-ચાંદી, જવાહરાત ભરી-ભરીને પોતપોતાને દેશ લઈ ગયા. આવું જ દક્ષિણ અમેરિકામાં સ્પેનના ફ્રાન્સિકો પિઝારો અને તેના પછીના અનેક સરદારોએ દક્ષિણ અમેરિકાનાં સમૃદ્ધ રાષ્ટ્રોને લૂંટવા માટે યુદ્ધો કર્યાં અને સફળ રહ્યાં.

(૩) ભારતમાં મુસ્લિમ શાસન દરમિયાન સત્તા મેળવવા માટે બાપ-દીકરા વચ્ચે, ભાઈ-ભાઈ વચ્ચે અને સગાંસ્નેહી વચ્ચે ભયંકર યુદ્ધો થતાં રહ્યાં. તેનું લાંબું લિસ્ટ છે. એવો કોઈ બાદશાહ નથી કે જે શાંતિથી રાજગાદી આપીને નિવૃત્ત થયો હોય. લગભગ પ્રત્યેકને પોતાના પુત્રો સાથે ખુનામરકીનાં યુદ્ધો કરવાં પડ્યાં છે. આ દૂષણ વિલાયત કે અમેરિકામાં જોવા મળતું નથી.

(૪) વિશ્વમાં સૌથી વધુ વૈચારિક યુદ્ધો થયાં છે. ભારતમાં પ્રાચીનકાળથી વૈચારિક સ્વતંત્રતા હતી, એટલે પંડિતો પોતપોતાના જુદા-જુદા વિચારો ગામ વચ્ચે અથવા રાજદરબારમાં શાસ્ત્રાર્થ દ્વારા વ્યક્ત કરતા. કદાચ વિશ્વભરમાં અહીં જ શાસ્ત્રાર્થની પરંપરા હતી અને આ રીતે રાજા-પ્રજા સૌ પરસ્પર વિરોધી વિચારો ધરાવતા પંડિતોને સહન કરતા, સ્વીકારતા એટલું જ નહિ તેમનું સન્માન પણ કરતા. આવી સ્વતંત્રતા વિશ્વમાં ક્યાંય જોવા નથી મળતી. અહીં આસ્તિક, નાસ્તિક, વૈદિક, વેદવિરોધી વગેરે બધા વિચારો ફૂલતા-ફાલતા રહ્યા. તેથી આ દેશ પચરંગી બની ગયો. માત્ર ચામડીના રંગના કારણે જ નહિ, પણ વિચારોના કારણે પણ આ દેશ આજે પચરંગી રહી શક્યો છે. તે પ્રાચીન પદ્ધતિને આભારી કહી શકાય. પશ્ચિમના દેશોમાં જ્યારથી ખ્રિસ્તી ધર્મનો ઉદય થયો અને પછી અરબસ્તાનમાં ઇસ્લામનો ઉદય થયો. તે પછી

આ વૈચારિક ઉદારતા લગભગ સમાપ્ત થઈ ગઈ. જોકે મોડે-મોડે ખ્રિસ્તી ધર્મે આવી ઉદારતાને સ્વીકારી લીધી છે. તોપણ હજી ઇસ્લામિક જગત આવી વૈચારિક ઉદારતાને સ્વીકારી શકતો નથી. તે તો માને છે કે માત્ર ને માત્ર અમારી વિચારધારા જ સાચી છે અને તે બધાએ સ્વીકારી લેવી જોઈએ. જો કોઈ ન સ્વીકારે તો તેની સાથે યુદ્ધ કરીને કે તેનો નાશ કરીને પણ આ વિચારધારાને વિશ્વવ્યાપી કરવી જોઈએ. આવું કરવું એ પ્રત્યેક મુસલમાનનું કર્તવ્ય છે. તેને જેહાદ કહેવાય છે. જેહાદ એટલે કાફીરો દ્વારા આચરાતા કૃત્યને સમાપ્ત કરવા માટેનું યુદ્ધ. આ યુદ્ધ આજે પણ તાલિબાની જેવા લોકો ચાલુ રાખી રહ્યા છે. જેનાથી વિશ્વને અને સ્વયં ઇસ્લામને ભારે હાનિ થઈ રહી છે.

આ ધાર્મિક કટ્ટરતાને પણ શરમાવે તેવી આર્થિક કટ્ટરતા પશ્ચિમમાંથી ઊભી થઈ અને સામ્યવાદ અથવા કૉમ્યુનિસ્ટ જેવી સંસ્થાઓ ઊભી થઈ, જેમણે મજદૂરો, કિસાનો વગેરેનું સંગઠન કરીને અડધી દુનિયા ઉપર પોતાની સત્તા જમાવી દીધી. પોતાની સામ્યવાદી વિચારધારા સિવાય બીજી બધી પૂંજીવાદી વિચારધારાઓ અને તેને માનનારા માણસોનું ભારે રક્ત વહાવ્યું. એવું કહેવાય છે કે લેનિન અને સ્ટાલિને જ્યારે રશિયાની સત્તા સંભાળી ત્યારે તેમણે આ જ કારણસર બે કરોડ માણસોને મરાવી નાખ્યા હતા. કેટલાક લોકોને દંડિત કરવા માટે પગે ચાલીને સાઇબીરિયાના કૅમ્પોમાં મોકલી દેવાયા હતા, જ્યાં તે રિબાઈ-રિબાઈને મરી ગયા. રશિયાયાત્રામાં અમે એક બ્લડીગાર્ડન જોવા ગયેલા. જ્યાં રશિયાના તે સમયના ઉચ્ચ કવિઓ, સાહિત્યકારો, લેખકો તથા સરદારોનાં માથાં કાપી-કાપીને તેની પ્રતિકૃતિઓ બનાવીને એક મોટા પાંજરામાં ઢગલો કરેલો. આવા સેંકડો બુદ્ધિજીવીઓનાં માથાં જોઈને કમકમાં આવી જતાં. જરાક સત્તાધીશો સાથે મતભેદ થયો કે માથું ઊડ્યું! આ રીતે વિશ્વમાં અસહિષ્ણુ વિચારધારાનું રાજકીય યુદ્ધ પણ થતું રહ્યું છે અને બાકીના સામ્યવાદી દેશોમાં પણ થયું. જોકે આ દૂષણ હવે ધીરે-ધીરે ઓછું થઈ રહ્યું છે, કારણ કે સામ્યવાદ લગભગ નિષ્ફળ ગયો છે. તોપણ આવા વૈચારિક પુરુષો સદંતર સમાપ્ત તો નથી જ થયા. આજે પણ ઉત્તર કોરિયા આખા વિશ્વને બાળી મૂકવા તૈયાર થઈને બેઠું છે. એ તો સારું છે કે પશ્ચિમની શક્તિઓ તેના ઉપર નિયંત્રણ રાખી રહી છે. નહિ તો આ સનકી શાસકે ક્યારનુંયે વિશ્વને ધમરોળી નાખ્યું હોત.

(૫) ધાર્મિક ઝનૂનનો શિકાર બનીને લોકો પોતાના ધર્મને વિશ્વ-વ્યાપી કરવા માટે પણ જે ધાર્મિક કટ્ટર વિચારો ધરાવે છે તે જ્યાં-જ્યાં સત્તા ઉપર આવે છે ત્યાં-ત્યાં ભિન્ન ધાર્મિકો પર ઘોર અત્યાચારો કરે છે. ખાસ કરીને ઇસ્લામિક રાજ્યોમાં વધુ બનતું હોય છે. પાકિસ્તાનમાં સૈનિક ડિક્ટેટર ઝિયા-ઉલ-હકના સમયમાં ઈશનિંદાનો કાયદો બનાવવામાં આવ્યો. જેનો હેતુ હતો કે ઇસ્લામ, કુરાન, પયગંબર વગેરેની નિંદા કરનારને સીધો જ મૃત્યુદંડ આપી દેવો. આ કાયદા હેઠળ ત્યાં રહેનારા અલ્પમતવાળા હિંદુઓ, ખ્રિસ્તીઓ, શીખો વગેરે ઉપર ઘોર દમન થવા લાગ્યું છે. નાની-નાની બાબતોમાં પણ જો મુસ્લિમ અને બિનમુસ્લિમોને ઝઘડો થયો હોય તો તેને ઈશનિંદાના કાયદા હેઠળ જેલમાં ધકેલીને ફાંસીના માંચડે લટકાવી દેવાનું આજે પણ ચાલુ છે. ચૌદ વરસના એક ખ્રિસ્તી બાળક ઉપર પણ આવો કેસ ચાલ્યો. કરિયાણાના એક હિંદુ વેપારી ઉપર પણ આવો કેસ ચાલ્યો, કારણ કે તેના ત્યાંથી ઉધાર કરિયાણું લઈ જનાર મુસ્લિમ ઉપર તે વારંવાર પૈસાની ઉઘરાણી કરતો હતો. તેનાથી છુટકારો મેળવવા પેલા દેવાદાર મુસ્લિમે ઈશનિંદાનો કેસ ઠોકી દીધો. એક હિંદુ શિક્ષક ઉપર તેના જ મુસ્લિમ વિદ્યાર્થીએ ઈશનિંદાનો કેસ ઠોકી દીધો અને તેની સ્કૂલ તો બાળી નાખી, પણ મારઝૂડ કરીને તેને અપંગ બનાવી દીધો. આવા અનર્થકારી કાયદાઓ ઓછા-વત્તા અંશે બધાં ઇસ્લામિક રાજ્યોમાં સ્થાપિત કરી દેવાયા છે, કારણ કે આખું રાજ્ય સરિયાના કાયદા પ્રમાણે ચાલતું હોય છે. ભારતમાં પણ જ્યારે મુસ્લિમ મોગલકાળ હતો ત્યારે આવા કાયદા હેઠળ કેટલાય લોકોને

રિબાવી-રિબાવીને મારી નાખવામાં આવ્યા હતા. શીખોના નવમા ગુરુ તેગબહાદુર મહાન યોદ્ધા, સરદાર બંદાસિંહ બૈરાગી તથા ગુરુ ગોવિંદસિંહજીના બંને કિશોર બાળકોને આવા જ કાયદા હેઠળ મૃત્યુદંડ અપાયો. તેમાં જીવતાં બાળકોને દીવાલમાં ચણી લેવામાં આવ્યાં હતાં. આને ધાર્મિક, વૈચારિક યુદ્ધો કહેવાય. આજે પણ આવી તાલિબાની વિચારધારા સમાપ્ત થઈ નથી. પણ જગ્યા-જગ્યાએ વધી રહી છે. પહેલાં વિશ્વને લાલવાવટો અર્થાત્ કમ્યુનિસ્ટોનો ભય હતો. હવે કમ્યુનિસ્ટો તો મંદ પડી ગયા છે, પણ લીલો વાવટો તાલિબાનોના હાથમાં આવી ગયો છે. એટલે તે વિશ્વભરમાં એટલે સુધી કે મુસ્લિમ રાષ્ટ્રોમાં પણ ખુનામરકી મચાવી રહ્યા છે. તેમનો એક જ હેતુ છે - ``આખું વિશ્વ ઇસ્લામિક શાસનમાં આવી જાય."

આ રીતે અનેક કારણોથી યુદ્ધો થતાં હોય છે. ભારતમાં અંગ્રેજોનું રાજ્ય હતું, ત્યારે આવાં યુદ્ધો ભારત પૂરતાં તો લગભગ ઓછાં થઈ ગયેલાં, તેનું કારણ અંગ્રેજોની કડક નીતિ હતી. આઝાદી પછી મુસ્લિમ તુષ્ટીકરણ કરનારા નેતાઓ અને પક્ષો સત્તા ઉપર આવ્યા. તેમણે મુસ્લિમોને વધુ ને વધુ ઉશ્કેર્યા. પરિણામે હવે ભારતમાં આ તાલિબાની વિચારધારા વધવા માંડી છે. જો આવતી કાલે તેમને સત્તા મળે તો તે ફરીથી ઔરંગઝેબને પણ ભુલાવી દે તેવા ધાર્મિક અત્યાચારો કરતાં વાર નહિ કરે.

ઔરંગઝેબે અનેક મંદિરો તોડ્યાં. તોપણ તેને સંતોષ થયો નહિ. વ્રજભૂમિનાં ઘણાં મંદિરોની મૂર્તિઓ રાજસ્થાનનાં રાજા-મહારાજાઓના રાજ્યમાં લઈ જવામાં આવી હતી. તે તેનાથી છાનું રહ્યું નહિ, એટલે વ્રજભૂમિને ઉજાડીને હવે તેની તલવાર રાજસ્થાન તરફ વળી. ઈ. સ. ૧૬૭૯માં મીર આવિશ દારાબ-ખાનને તેણે હુકમ કર્યો કે ખંડેલા ગામમાં મોહનજીનું વિશાળ મંદિર છે, તેને તોડી નાખો. સરદારે હુમલો કર્યો તો મંદિરના બચાવમાં ત્રણસો હિન્દુ યુવાનો સામે ધીંગાણે ચડ્યા. આતિશખાને આ બધા હિંદુ યુવાનોની હત્યા કરી નાખી. આ યુવાનોમાં સુજાનસિંહ નામનો એક મીંઢળબંધો રાજપૂત પણ હતો. લગ્ન કરીને તે આવેલો અને હજી મીંઢળ પણ નહિ છૂટેલું તે ધીંગાણે ચડ્યો અને અનેક આતતાયીઓને રહેંસી નાખીને અંતે પોતે પણ વીરગતિને પ્રાપ્ત થયો. આ સુજાનસિંહની વીરતાનાં લોકગીતો આજે પણ શેખાવટી ક્ષેત્રમાં ગવાતાં હોય છે. મુસ્લિમ સરદારે ખાટુશ્યામજીનું શામળાજી મંદિર તોડી નાખ્યું અને બીજાં પણ નજીકનાં અનેક મંદિરો તોડી નાખ્યાં. સરદારના ત્રાસથી ખંડેલાનો રાજા બહાદુરસિંહ પોતાની પ્રજા સાથે કોરસકરાયના પહાડી દુર્ગમાં ચાલ્યો ગયો અને ત્યાંથી તેણે સામનો કર્યો.

૨૫ મે, ૧૬૭૯માં ઔરંગઝેબનો સરદાર ખાનજહાં મારવાડનાં ઘણાં મંદિરો તોડીને દિલ્હી જવા નીકળ્યો. તેણે જોધપુરમાં ફલૌદી, મેડતા, શિવાન, પોકરણ, સાંચોર, ઝાલોર, ભીનમાલ તથા મોરઠ જેવાં સ્થાનોમાં આવેલાં બધાં મંદિરો તોડી નાખ્યાં અને હિંદુઓની બળદગાડીઓમાં બધી મૂર્તિઓ ભરીને દિલ્હી લઈ ગયો. ઔરંગઝેબે આ બધી મૂર્તિઓને તોડીને જામા મસ્જિદના રસ્તામાં પાથરી દીધી. જેથી નમાજીઓ તેના ઉપર પગ મૂકીને નમાજ પઢવા જાય.

ખાનજહાંએ આઠમી શતાબ્દીનું જૂનું કોશિયાનું હરિહરમંદિર, મહિષાસુરમર્દિની મંદિર, ત્રિવિક્રમમંદિર તથા બીજાં ઘણાં મંદિરોનો નાશ કર્યો.

૧૬૭૯ના ઑગસ્ટ મહિનામાં ઔરંગઝેબે મોગલ ફોજદાર તહબરખાંને પુષ્કરનું વારાહમંદિર તોડવા મોકલ્યો. મેડતિયા રાઠોડોએ મંદિરને બચાવવા સામનો કર્યો. ત્રણ દિવસ સુધી ભારે ધીંગાણું ચાલ્યું. અંતે બધા રાઠોડો શહીદ થઈ ગયા અને સરદારે વારાહમંદિર તોડી નાખ્યું.

એ જ વર્ષમાં ઔરંગઝેબે હસનઅલીખાંને મેવાડ મોકલ્યો અને ઉદયપુરનાં બધાં મંદિરો

તોડી નાખવાનો હુકમ કર્યો. મહારાણા રાજસિંહ ઉદયપુર છોડીને પહાડોમાં ચાલ્યા ગયા. હસનઅલીની મદદ કરવા માટે ઔરંગઝેબ જાતે ઉદયપુર આવી ગયો. તેણે ઉદયસાગર તળાવના કિનારે આવેલાં ત્રણે મંદિરો પડાવી નાખ્યાં અને પાંચ ગાઉ દૂર આવેલા બીજા મંદિરને પણ તોડી નાખ્યું. નગરના જગદીશમંદિરને પણ તોડાવી નાખ્યું. આ જગદીશમંદિરને મહારાજાએ લાખો રૂપિયા ખર્ચીને નવું જ બનાવ્યું હતું. જ્યારે આ મંદિર તોડવા માટે મોગલોની સેના આવી, ત્યારે માંચાતોડ રાજપૂતોએ તેનો સામનો કરીને ધીંગાણું મચાવ્યું હતું. જોકે એ બધા શહીદ થઈ ગયા. આમ ઈ. સ. ૧૬૮૦માં એકલા ઉદયપુરમાં જ ૧૭૨ મંદિરો તોડવામાં આવ્યાં હતાં.

આમેરના મહારાજા જયસિંહ કછવાહા મોગલ બાદશાહોના સૌથી મોટા સેનાપતિ હતા. તેમણે અનેક યુદ્ધો જીતીને મોગલોના સામ્રાજ્યને દૂર-દૂર સુધી ફેલાવ્યું હતું. આવા મહારાજા જયસિંહના નગરમાં બધાં મંદિરો ઔરંગઝેબે તોડાવી નાખ્યાં.

ઔરંગઝેબની મોગલસેના મેરઠ પહોંચી અને મેરઠનાં બધાં મંદિરો તોડી નાખ્યાં. મીર્જા રાજા જયસિંહના અામેરમાં મોગલસેનાએ છાસઠ મંદિરો તોડ્યાં હતાં. હવે તે મેરઠ થઈને ચિતોડ પહોંચ્યો હતો અને ચિતોડનાં ત્રેસઠ મંદિરો તોડી નાખ્યાં. એમાં સૂર્યવંશી મહારાણાનું બનાવેલું સૂર્યમંદિર પણ તોડી નાખ્યું. આ મંદિરોમાં સ્થાપત્ય અને શિલ્પના બેનમૂન નમૂના હતા. મોગલસેનાએ ચિતોડના મંદિરને તોડીને મેવાડ રાજ્યમાં આવેલાં બીજાં અસંખ્ય પ્રાચીન મંદિરો તોડી નાખ્યાં. જેમાં દસમી શતાબ્દીનું કૂકડેશ્વર મહાદેવ, સમિદ્ધેશ્વર મહાદેવ, અન્નપૂર્ણા અને બામણમાતામંદિર પણ સામેલ છે.

૨ ઑગસ્ટ ૧૬૮૦માં ઔરંગઝેબની સેનાએ માળવાનું પ્રસિદ્ધ સોમેશ્વર મંદિર તોડી નાખ્યું. ૧૬૮૧માં ઔરંગઝેબના સરદાર અસદઅલી ખાંને આમેરની પાસે ગોનેરમાં લક્ષ્મી-જગદીશમંદિર તોડી નાખ્યું. ગોનેર એટલું સુંદર હરિયાળુ હતું કે રજપૂતો તેને વૃંદાવન કહેતા હતા. ગોનેરમાં અગિયાર મંદિરો હતાં તે બધાં તોડી નાખવામાં આવ્યાં. જ્યારે ઔરંગઝેબના હુકમથી રાજસ્થાનમાં મંદિરો તોડવા માંડ્યાં ત્યારે રાજપૂત રાજાએ પ્રતિમાઓને બચાવવા માટે રાજસ્થાનમાં સુરક્ષિત જગ્યાએ સંતાડી દીધી. આ કામમાં બિકાનેરના મહારાજ અનુપસિંહ તથા આમેરના રાજા જયસિંહે મહત્ત્વનું કામ કર્યું. આ રીતે બચાવેલી મૂર્તિઓ બિકાનેરમાં ભેગી કરવામાં આવી અને ત્યાં ત્રેતીસ કરોડ દેવી-દેવતાઓનું મંદિર બનાવી તેમાં બધી પધરાવી. આ મંદિર અને બચાવેલી મૂર્તિઓ આજે પણ બિકાનેરમાં જોઈ શકાય છે.

ઈ. સ. ૧૬૯૩માં ઔરંગઝેબે ગુજરાતના વડનગરમાં નાગર બ્રાહ્મણોના ઇષ્ટદેવ હાટકેશ્વરને તોડી નાખવાનો હુકમ કર્યો. તેના હુકમ પ્રમાણે હાટકેશ્વરનું મંદિર તોડી નાખવામાં આવ્યું અને મંદિરના કેટલાય પૂજારીઓની હત્યા મંદિરમાં જ કરી નાખવામાં આવી. ઉત્તર પ્રદેશના ગૌડા જિલ્લામાં દેવીપાટન નામના સ્થાનમાં દેવવનનો નાશ કરવામાં આવ્યો.

આમેરના મિરઝા રાજા જયસિંહે જયસિંહપુરા ગામ વસાવ્યું અને અહીં મંદિર બનાવી ભેગી કરેલી મૂર્તિઓની સ્થાપના કરી. જ્યારે ઔરંગઝેબને આ વાતની ખબર પડી ત્યારે તેણે જયસિંહપુરા ઉપર હુમલો કરી દીધો અને તેની બધી મૂર્તિઓ તોડાવી નાખી અને આ સમયે આજુબાજુ રહેતા ઘણા હિંદુઓ ભેગા થઈ ગયા અને જેમ-તેમ કરીને આશ્રિત રહેતા વૈરાગીસાધુઓને છોડાવી લીધા.

ઈ. સ. ૧૬૯૮માં ઔરંગઝેબના સરદાર હમીદદ્દીનખાંએ બીજાપુર ઉપર હુમલો કર્યો અને બીજાપુરનાં બધાં મંદિરો તોડી નાખી મસ્જિદો બનાવી. સરદારના આવા કામથી ઔરંગઝેબ ખૂબ ખુશ થયો અને તેને સ્નાનાગારનો ફોજદાર બનાવી દીધો. જ્યાં-ત્યાંથી મંદિરો તોડીને મૂર્તિઓ ગાડાં ભરી-ભરીને દિલ્હી તથા આગ્રા લાવવામાં આવતી. તે બધી જામા

મસ્જિદના રોડ ઉપર અથવા પગથિયાંમાં જડી દેવામાં આવતી, જેથી નમાજ પઢવા જતા નમાજીઓ તેના ઉપર જોડાં સહિત ચાલે અને ઠોકરો મારે આટલી ઘૃણા તેને મૂર્તિપૂજા તરફ હતી.

હવે ઔરંગઝેબ વૃદ્ધ થઈ ગયો હતો. તે કેડથી વાંકો વળી ગયો હતો. તોપણ મંદિરો અને મૂર્તિઓ તોડવાનો તેનો અભરખો જરાય ઓછો થયો ન હતો. સામાન્ય રીતે રાજા-મહારાજાઓ પોતાની રાજ્ય સીમા વધારવા માટે યુદ્ધ કરતા હોય છે અને વિજય મેળવીને પરાજિત પ્રદેશ અને પ્રજા ઉપર રાજ કરતા હોય છે; પણ ઔરંગઝેબ માત્ર ભૂમિ વધારવા માટે જ યુદ્ધ ન કરતો, તેને ભૂમિ વધારવા કરતાં હિંદુઓનાં મંદિરો અને મૂર્તિઓ તોડવામાં વધુ રસ હતો. તેના ત્રાસથી પંઢરપુરના વિઠોબામંદિરના પૂજારીઓએ વિઠોબા તથા રુક્મણીદેવીની પ્રતિમા હટાવીને જંગલોમાં છુપાવી દીધી. જ્યારે મોગલસૈનિકો મંદિરમાં પહોંચ્યા અને પ્રતિમા ન જોઈ ત્યારે ભારે ગુસ્સામાં આવી ગયા. તેમણે ગાયો મંગાવીને મંદિરમાં જ કતલ કરી નાખી અને પછી આખું મંદિર તોડીને પાડી નાખ્યું.

જ્યારે ઔરંગઝેબ મરી ગયો ત્યારે હિંદુ પૂજારીઓએ જંગલમાં છુપાવેલી મૂર્તિઓ ફરીથી લાવીને નવું મંદિર બાંધીને પ્રતિષ્ઠા કરાવી. ઔરંગઝેબની નસ-નસમાં હિંદુમંદિરો, મૂર્તિઓ અને કાફરો પ્રત્યે ઘોર ઘૃણા હતી.

તા. ૧૬ /૦૮/૨૦૨૦

૧૬

ધર્મવિરુદ્ધનું આચરણ

પરાક્રમ વિના યોદ્ધા થવાય નહિ અને યોદ્ધા થયા વિના સેનાપતિ થવાય નહિ. યોદ્ધા થવું એ જન્મજાત ગુણ છે. તેને પ્રયત્નથી પ્રસ્થાપિત કરી શકાય નહિ. યોદ્ધા અને સેનાપતિપણું જન્મજાત હોય છે.

આવી જ રીતે મુત્સદ્દીગીરી વિના રાજકારણમાં સફળ થવાય નહિ. મુત્સદ્દીગીરી પણ જન્મજાત ગુણ હોય છે. મુત્સદ્દીગીરી વિના ચંૂટણીની ટિકિટ તો કદાચ મળી શકે અને કોમવાદ કે બીજાં સાધનો દ્વારા વિજય પણ મેળવી શકાય, પણ જો મુત્સદ્દીગીરી ન હોય તો લોકસભા અથવા વિધાનસભામાં જઈને પણ માત્ર પપ્પુ જ થઈ જવાય.

આ મુસ્તદ્દીગીરી બે પ્રકારની હોય છે ઃ (૧) શાલીનતાભરી અને (૨) નીચતાભરી. શાલીનતાભરી મુત્સદ્દી ગમે તેટલા ઊંચા પદે પહોંચી હોય તોપણ તેની ધીરોદાત્ત ઉત્તમતા બની રહે છે, જ્યારે નીચતાભરી મુત્સદ્દીગીરી જ્યારે જુઓ ત્યારે ઊંચે પહોંચે કે નીચે જાય તોપણ તેની નીચતા પ્રગટ થતી રહે છે. ઔરંગઝેબમાં શૌર્ય તથા મુત્સદ્દીગીરી બંને સારા પ્રમાણમાં હતાં. તેણે અનેક યુદ્ધો લડ્યાં અને વિજયી રહ્યો. તેમજ રાજકીય ખટપટોમાં પણ તેણે પોતાની મુત્સદ્દીગીરીને ખૂબ સફળ બનાવી. છતાં તેની મુત્સદ્દીગીરી શાલીનતાભરી ન હતી, નીચતાભરી હતી. તે વારંવાર વચનભંગ કરતો અને પોતાના ઉપકારકોની સાથે પણ દગાબાજી કરીને તેમની હત્યા કરાવી નાખવામાં પાછો ન પડતો. આ કારણે તે ઇતિહાસનો ખલનાયક બની ગયો છે. તેના પૂર્વજો, ખાસ કરીને અકબર, ઉદારનીતિ અપનાવીને રાજપૂતો તથા હિંદુપ્રજા પ્રત્યે થોડું ઉદાર વલણ દાખવતા હતા.

જ્યારે કોઈ પ્રજા પર અતિશય જુલમ કરવામાં આવે ત્યારે મડદાલ પ્રજા પણ તેનો સામનો કરવા ઊભી થઈ જતી હોય છે. ઔરંગઝેબના અતિશય ત્રાસથી મહારાષ્ટ્રની પ્રજા ખળભળી ઊઠી. બધા ત્રાસોમાં ધાર્મિક ત્રાસ અને સ્ત્રીઓ ઉપરનો ત્રાસ કોઈ પણ પ્રજા માટે અસહ્ય બની જતો હોય છે. તેથી મહારાષ્ટ્રની તીખી પ્રજા ખળભળી ઊઠી અને ત્રાસમાંથી છૂટવા માટે ફાંફાં મારવા લાગી.

શિવાજી મહારાજ સામાન્ય સૈનિકના સામાન્ય પુત્ર હતા. કદમાં ઠીંગણા અને શિક્ષણમાં નિરક્ષર હતા. આવો છોકરો શું દાળદર મારશે! તેવી શંકા બધાને થતી હતી, પણ શક્તિ પુરુષના કદથી નક્કી ન થાય, શક્તિ તો નીવડે જ નક્કી થાય. શિવાજી મહારાજે મરાઠા કોમને જાગ્રત કરી અને નાનું સંગઠન બનાવ્યું. મરાઠા કોમ જન્મજાત સૈનિક હતી, પણ તેનું સૈનિકપણું દક્ષિણ ભારતના નવાબો અથવા મોગલોના ત્યાં નોકરીમાં વેચાતું હતું. નેતા વિનાનું શૌર્ય ગમે ત્યાં વેચાઈ જતું હોય છે, કારણ કે સૌને પહેલી આવશ્યકતા પેટની હોય છે. શિવાજી મહારાજે આ શૌર્યને દિશા આપી, લક્ષ્ય આપ્યું અને ધીરે-ધીરે તેમાંથી મહાશક્તિ પેદા કરી.

જ્યારે શિવાજી મહારાજ પોતાની શક્તિ વધારી રહ્યા હતા ત્યારે ઔરંગઝેબ દક્ષિણનો સૂબેદાર હતો અને શાહજહાં આગ્રાનો બાદશાહ હતો, પણ શાહજહાંના ચાર પુત્રોમાં ગાદી માટે ભારે સ્પર્ધા શરૂ થઈ ગઈ, એટલે ઔરંગઝેબ બાદશાહ થવા માટે દક્ષિણ ભારત છોડીને આગ્રા જવા નીકળી પડ્યો અને આગ્રા આવીને ભાઈઓની હત્યા કરીને તે ગાદીએ બેસવા માટે સફળ થયો. દિલ્હીની ગાદી સંભાળતાંની સાથે જ તેણે પોતાના મામા સાહિસ્તખાંને દક્ષિણનો સૂબેદાર બનાવીને મોકલ્યો. આ સાહિસ્તખાંની બેગમ ઉપર બાદશાહ શાહજહાંએ બળાત્કાર કરેલો અને તેના આઘાતથી આ બેગમે આત્મહત્યા કરી લીધી હતી. પોતાની પત્ની સાથે આટલી

હદે દુર્વ્યવહાર કરનાર બાદશાહની સાથે સાહિસ્તખાં સરદારી કરતો રહ્યો. કેટલાક લોકો પત્નીના ભોગે ઊંચાં પદ મેળવતા હોય છે અને સુરક્ષિત રાખતા હોય છે. શાહજહાંના વારસદારોમાં જ્યારે ઝઘડો થયો ત્યારે સાહિસ્તખાંએ ઔરંગઝેબને સાથ આપ્યો હતો, એટલું જ નહિ, પોતાની પત્નીના બળાત્કારી શાહજહાંને બંદી બનાવવામાં પણ તેણે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. આવા સાહિસ્તખાંને વિશાળ સેના આપીને ઔરંગઝેબે દક્ષિણનો સૂબેદાર બનાવીને મોકલ્યો અને હુકમ આપ્યો કે કોઈ પણ ભોગે શિવાજીની મરાઠાશક્તિને કચડી નાખો.

ઈ. સ. ૧૬૬૦માં વિશાળ સેના લઈને સાહિસ્તખાં ઔરંગાબાદ તરફ આગળ વધ્યો. અહમદનગર થઈને તે દક્ષિણ તરફ જઈ રહ્યો હતો ત્યાં તેને સમાચાર મળ્યા કે શિવાજી મહારાજે બીજાપુરના મોટા સેનાપતિ અફઝલખાંનો વધ કરી નાખ્યો છે અને મોગલ સેનાપતિ ફઝલખાં રૂસ્તમે જમા તથા સિદ્દીજોહરની સેનાઓને હરાવી દીધી છે. આ બધું સાંભળીને તેને ભય લાગ્યો. ઔરંગાબાદ જવાની જગ્યાએ તે પૂના પહોંચી ગયો. પૂના શિવાજી મહારાજના અધિકારમાં હતું, પણ મોગલોએ તે પડાવી લીધું હતું. પૂનામાં શિવાજી મહારાજે પોતાને રહેવા માટે લાલમહેલ નામનો આલીશાન બંગલો બનાવ્યો હતો. તેમાં સાહિસ્તખાં રહેવા લાગ્યો. તેણે મારવાડના મહારાજા જશવંતસિંહને પણ પોતાની મદદ માટે બોલાવી લીધા. બીજી બાજુ શિવાજી મહારાજના ગુપ્તચરો સાહિસ્તખાંની રજેરજ માહિતી અ ાપતા રહ્યા અને તે હવે મહારાજના લાલમહેલમાં દાસ-દાસીઓ, બેગમો સાથે રહીને એશઆરામ કરી રહ્યો છે તેવું જાણ્યું.

શિવાજી મહારાજે વ્યૂહ બનાવ્યો કે પોતાની ઓછી સેનાએ મોગલોની ભારે સેના સાથે કેવી રીતે લડવું? તેમણે પોતાની સેનાને જંગલોમાં અને ડુંગરોનાં શિખરો ઉપર સંતાડી દીધી. બીજી તરફ સાહિસ્તખાંનો સરદાર કરતલખાન મોટી સેના અને ભારે તોપખાનું લઈને શિવાજી મહારાજને હરાવવા નીકળી પડ્યો હતો. તે ઉંબરખીંડ નામના સાંકડા ઘાટ આગળ પહોંચ્યો. આ જગ્યા એવી હતી કે બે પહાડો વચ્ચેથી માત્ર એક માણસ આગળ વધી શકે. આવા સાંકડા રસ્તે તેણે સેનાનો પ્રવેશ કરાવ્યો. આ માર્ગ બાવીસ કિલોમીટર લાંબો હતો. યોગ્ય સેનાપતિ આવા માર્ગને કદી પણ પસંદ કરે નહિ. મોગલ સરદારે મૂર્ખામી કરી અને આ માર્ગે સૈન્યનો પ્રવેશ કરાવ્યો. જ્યારે પૂરી સેના અંદર પ્રવેશી ચૂકી ત્યારે શિવાજી મહારાજની સેનાએ બંને તરફથી તેને ઘેરી લીધી અને ઉપર છુપાયેલા મરાઠા સૈનિકોએ મોગલ સેના ઉપર શિલાઓ ગબડાવવા માંડી તથા બંદૂકોની ગોળીઓની રમઝટ કરવા લાગી. જોતજોતામાં મોગલસેનાનો કચ્ચરઘાણ વળી ગયો. ભૂંડી રીતે ફસાઈ ગયેલા કરતલબખાને હાથ ઊંચા કરી દીધા અને સંધિ માટે સફેદ વાવટો ફરકાવ્યો. શિવાજી મહારાજે તેની બધી સામગ્રી તથા બધાં હથિયારો લૂંટી લીધાં અને બચી ગયેલા સૈનિકોને બહાર નીકળી જવા રસ્તો આપ્યો. હારેલો કરતલબખાન, સાહિસ્તખાં પાસે પહોંચ્યો. બીજી તરફ શિવાજી મહારાજે બીજાપુર રાજ્યના દાંભોલ, સંગમેશ્વર, ચીપલોણ, રાજાપુર તથા પાલી અને શંૃગારપુર જેવાં અનેક રાજ્યો જીતી લઈને ત્યાં મરાઠા સામ્રાજ્યનો ઝંડો લહેરાવી દીધો., નેતાજી પાલકર મોગલસેના સામે લડતા રહ્યા અને શિવાજી મહારાજે પૂરા કોંકણ પ્રદેશ ઉપર અધિકાર કરી લીધો.

સાહિસ્તખાં પૂનામાં જ શિવાજી મહારાજના લાલમહેલમાં એશઆરામ કરતો હતો. હવે સાહિસ્તખાનને કેવી રીતે પરાસ્ત કરવો તેની યોજના મહારાજ બનાવવા લાગ્યા. આ પહેલાં આવી યોજના બનાવીને મહારાજે અફઝલખાંનો વધ કરી નાખ્યો હતો અને તેની વિશાળ સેનાને મારી-કાપીને ભગાડી દીધી હતી. જેને વ્યૂહ રચતાં આવડે તે જ યુદ્ધમાં સફળ થાય.

મહારાજે વ્યૂહ બનાવી લીધો. તેણે સિંહગઢમાં પોતાના એક હજાર બહાદુર મરાઠા સૈનિકોને ભેગા કર્યા. સિંહગઢ પૂનાની નજીકમાં જ હતો અને હજી પણ મહારાજના હાથમાં હતો. આ હજાર મરાઠા સૈનિકો વેશ બદલીને કોઈ વરરાજાની જાન લઈને નીકળી પડ્યા. તેમાંથી બસો મરાઠા જાનૈયા બન્યા. બાકીના આઠસો મોગલ સિપાહીઓ બન્યા અને તેવાં જ કપડાં પહેરી લીધાં. મોગલોની સેનામાં મરાઠા સૈનિકો પણ રહેતા હતા. તેથી જ્યારે તેમને રોકવામાં આવ્યા ત્યારે તેમણે મોગલ સૈનિક હોવાની ઓળખ આપીને પૂનામાં પ્રવેશી ગયા. કહેવાય છે કે સિંહગઢથી ૪૦ કિ.મી. દૂર પૂના સુધી મહારાજ શિવાજી ચાલીને આવ્યા હતા. તોપણ જરાય થાક્યા વિના રાત પડવાની રાહ જોઈને લાલમહેલની નજીક ગુપ્તવેશે રોકાઈ ગયા હતા. રાત પડી, અંધારું છવાયું અને મહારાજ લાલમહેલની છેક દીવાલ સુધી પહોંચી ગયા. આ મહેલમાં તેઓ પોતે ઘણાં વર્ષો સુધી રહ્યા હતા, એટલે તેના ખૂણેખૂણાની જાણકારી હતી. એક જગ્યાએ બારી તોડીને તેઓ મહેલમાં દાખલ થયા અને છેક સાહિસ્તખાંના શયનખંડ સુધી પહોંચી ગયા, પણ દાસીઓને ખબર પડી તેથી તેણે મશાલ બુઝાવી દીધી. ઓરડામાં અંધારું થઈ ગયું. સાહિસ્તખાં જીવ બચાવીને ભાગ્યો, પણ ભાગતા સરદાર પર શિવાજી મહારાજે તલવારનો ઝટકો માર્યો, જેથી તેની આંગળીઓ કપાઈ ગઈ. તે તો બચીને ભાગી ગયો, પણ તેનો પુત્ર અબુલફતહ મરાઠા સૈનિકોના હાથમાં આવી ગયો. તેને જ સાહિસ્તખાં સમજીને મરાઠા સૈનિકોએ તેનું માથું કાપી નાખ્યું. યોજના પ્રમાણે મહારાજના સૈનિકોએ ઢોલનગારાં વગાડ્યાં અને હેમખેમ કિલ્લામાંથી બહાર નીકળી ગયા. જોકે અહીં થયેલી ઝપાઝપીમાં મહારાજના ૫૦-૬૦ સૈનિકો ઘાયલ થયા, તોપણ બધા પોતાનું મિશન પતાવવામાં સફળ રહ્યા હતા.

દુશ્મનના ઘરમાં ઘૂસીને દુશ્મનને મારવો હોય તો બહુ મોટું આયોજન કરવું પડે. માત્ર આયોજન જ નહિ, પણ બહુ મોટું સાહસ પણ હોવું જોઈએ. આવું સાહસ કાયર લોકો કરી શકતા નથી, તેથી દુશ્મન સાથે સીધો મુકાબલો પણ કરવાથી દૂર રહે છે. આવા લોકો બદલો લેવા માટે પીઠ પાછળ ઘા કરવાનો પ્રયત્ન કરતા રહે છે. કેટલાક અતિશય કાયર લોકો તો બદલો લેવાનો પણ વિચાર કરતા નથી ચૂપચાપ બધું સહન કરીને જેમ-તેમ દિવસો પસાર કરતા હોય છે. અત્યારે ઇસ્લામિક સ્ટેટવાળા આત્મઘાતી બૉમ્બરો તૈયાર કરે છે. તે પોતાની છાતીએ બૉમ્બ બાંધીને જરૂર હોય ત્યાં બટન દબાવીને વિસ્ફોટ કરી દે છે. વિસ્ફોટ થતાં જ અસંખ્ય માણસોના ફોદા ઊડી જાય છે. એમાં સૌથી પહેલાં આત્મઘાતી બૉમ્બર મરી જતો હોય છે. પોતે મરીને અનેકને મારવાની આ પ્રક્રિયા બહુ પ્રચલિત થઈ ગઈ છે. માત્ર ઇઝરાયલ જ એવો દેશ છે, જે આવી આત્મઘાતી પ્રક્રિયા અપનાવતો નથી. તે દુશ્મનોના ઘરમાં પેસીને દુશ્મનોને મારે તો છે, પણ પોતે મારીને જીવતા પાછા આવી જાય છે! આ તેની વિશેષતા કહેવાય. આપણે હિંદુ પ્રજા હજી સુધી આવા આત્મઘાતી બૉમ્બરોને પેદા કરી શકી નથી. તેનું ગૌરવ લઈ શકાય અને શરમ પણ લઈ શકાય. વર્ષો પહેલાં શિવાજી મહારાજ પણ આજના ઇઝરાયલની નીતિ પ્રમાણે ચાલતા હતા. તે પણ દુશ્મનોને મારીને મરી જવામાં માનતા ન હતા, પણ મારીને ભાગી જવામાં અને જીવતા રહીને ફરી-ફરીને મારવા આવવામાં માનતા હતા.

પૂનાનું લાલમહેલ મિશન પૂરું કરીને હવે મોટો પ્રશ્ન એક હજાર ગુપ્ત સૈનિકોને હેમખેમ સિંહદુર્ગમાં પહોંચાડવાનો હતો. મહારાજ જાણતા હતા કે તરત જ મોગલ સેના પાછળ પડશે, એટલે પહેલેથી જ તેમણે વ્યૂહ રચી રાખ્યો હતો. જે દિશામાં ભાગવું હતું તે દિશાથી વિરુદ્ધ દિશામાં કેટલાક લોકોને મશાલો પ્રગટાવીને દોડાદોડી કરવાની યોજના કરી રાખી હતી. સંકેત મળતાની સાથે જ આ માણસોએ મશાલો પ્રગટાવીને ડુંગરાળ પ્રદેશોમાં દોડાદોડી કરવા માંડી. મોગલ સેનાને થયું કે મરાઠા ડુંગરોમાં ભાગી રહ્યા છે. તે તેમને મારવા તે તરફ દોડી. આમ

મોગલસેનાને દિશા ભુલાવીને મહારાજ પોતાના સૈનિકો સાથે હેમખેમ સિંહદુર્ગ પહોંચી ગયા. અર્થાત્ પોતાના પક્ષે બહુ મોટી હાનિ સહન કર્યા વિના હેમખેમ પાછા આવી ગયા. જોકે આવા અતિસાહસી કાર્યમાં મહારાજે જાતે ભાગ લેવો જોઈએ નહિ. ન કરે નારાયણ અને જો તેમને કંઈ થઈ જાય તો આખો દેશ રંડાઈ જાય. આવા ભયના કારણે ઇઝરાયલ કે બીજા સાહસી દેશોના પ્રધાનમંત્રી અથવા મુખ્ય નેતા સીધો કાર્યવાહીમાં કદી પણ ભાગ લેતો નથી, જે-તે પ્રશિક્ષિત કમાન્ડોને મોકલતો હોય છે, પણ તે જમાનો એવો હતો કે રાજા અથવા નેતા જાતે જ સાહસમાં નેતૃત્વ કરીને સેનાનું મનોબળ વધારતો.

મહારાજનું મિશન સફળ રહ્યું. સાહિસ્તખાં ઘાયલ તો થયો, પણ મરાયો નહિ. તેના પુત્રને મારી નાખીને મરાઠા તેનું માથું લઈ ગયા. અાવી બેઇજ્જતભરી હાર થવાથી ઔરંગઝેબે સાહિસ્તખાંને દક્ષિણમાંથી બંગાળનો સૂબેદાર બનાવી મોકલી દીધો. જે ઑફિસર અથવા સરદાર જ્યાં પરાજિત થઈને બદનામ થયો હોય તેને તે જગ્યાએ નોકરીમાં ચાલુ રાખી શકાય નહિ, કારણ કે પરાજયના કારણે પ્રજા પર તેનો પ્રભાવ સમાપ્ત થઈ ગયો હોય. પ્રભાવ વિના સરદારી કરી શકાય નહિ. તેથી બીજા કોઈ પ્રભાવશાળી સરદારને એવી જગ્યાએ ગોઠવીને પ્રભાવહીન થયેલા સરદારને દૂર કોઈ સરળ જગ્યાએ મોકલી દેવો એવી રાજનીતિ હોય છે. જોકે સાહિસ્તખાં પોતે પણ આવું ઇચ્છતો હતો, કારણ કે મોગલોના સમયમાં સરદારોને દંડ દેવા માટે કંદહાર, અફઘાનિસ્તાનના યુદ્ધ મોરચે મોકલી દેવામાં આવતા. આ મોરચો અત્યંત કષ્ટકર હતો. અહીં જનારો સરદાર કાં તો આબોહવાથી મરી જતો અથવા યુદ્ધમાં મરી જતો. આ રીતે મોગલો નારાજગી વસૂલ કરવા સરદારોને અફઘાનિસ્તાનના મોરચે મોકલતા રહેતા. સાહિસ્તખાં એટલા માટે બંગાળ જવા તૈયાર થઈ ગયો કે તેને કંદહાર જવું ન પડે.

પૂનામાં ઔરંગઝેબે મહારાજ જશવંતસિંહને પણ સૂબેદારની મદદ કરવા મોકલેલા. આ મિશનમાં જશવંતસિંહે કોઈ મહત્ત્વનો ભાગ ન ભજવ્યો. તેથી તેમના તરફ નારાજ થઈને ઔરંગઝેબે જશવંતસિંહને અફઘાનિસ્તાનના યુદ્ધમાં મોકલી દીધા અને તેમના રાજકુમાર પૃથ્વીસિંહને દિલ્હી બોલાવી એક બહુ કીમતી પોશાક પહેરાવ્યો. આ પોશાકની ખૂબી એવી હતી કે તેને પહેરનાર થોડા જ દિવસોમાં રિબાઈ-રિબાઈને મરી જતો, કારણ કે પોશાકમાં ઝેર ભેળવેલું હતું. આવા પ્રયોગ છેક ચાણક્યના સમયથી થતા આવ્યા છે. વિરોધીને મારી નાખવા માટે તલવારનો નહિ પણ પોશાકનો ઉપયોગ કરવામાં આવતો. તાજેતરમાં પણ ફિદલ કાસ્ટ્રોને મારી નાખવા અમેરિકાએ ઝેર ભરેલો પોશાક ભેટ આપેલો પણ ચતુર કાસ્ટ્રો ચેતી ગયો. અને તે પોશાક પહેરવાથી દૂર રહીને બચી ગયો હતો.

મોગલ બાદશાહમાં અકબરના સમયથી એકતરફી બેટી-વ્યવહાર ચાલુ થયો હતો. જેના કારણે ઘણી રજપૂત કન્યાઓ મોગલ હરમમાં રાણીઓ થઈને બેઠી હતી. આગળ જતાં ઔરંગઝેબના સમયમાં આ રિવાજને ફરજિયાત જોરજબરદસ્તીનો કરી દેવામાં આવ્યો અર્થાત્ જે હિંદુરાજાની રાજકુમારી બાદશાહને કે શાહજહાંને પસંદ પડે તેને ઉપાડી લાવવા સૈનિકો સાથે ડોલી મોકલવામાં આવતી. આવી ડોલીમાં જે-તે હિંદુરાજાએ પોતાની જે-તે રાજકુમારીને બાદશાહના હરમમાં મોકલી જ દેવી પડતી. જો ઉપરના લેવલે આવો અત્યાચાર થતો હોય તો નીચેના લેવલે નાના-મોટા અમલદારો કેવા અત્યાચારો કરતા હશે તે વિચારવું રહ્યું.

ઔરંગઝેબની આંખમાં કિશનગઢના રાજા રૂપસિંહ કણાની માફક ખટકતા હતા, કારણ કે ૧૬૫૮માં ઔરંગઝેબ જ્યારે દારાસિકોહને પકડવા પાછળ પડ્યો હતો ત્યારે સામુગઢના યુદ્ધમાં મહારાજા રૂપસિંહે ઔરંગઝેબના હાથીની અંબાડીનો હોઠ કાપી નાખીને ઔરંગઝેબને હાથી ઉપરથી નીચે પછાડ્યો હતો. જોકે ખરા સમયે ઔરંગઝેબના સિપાહીઓએ રૂપસિંહની હત્યા કરી નાખીને ઔરંગઝેબને બચાવી લીધો હતો, પણ તે સમયથી રૂપસિંહ

ઔરંગઝેબનો આંતરિક દુશ્મન બની ગયો હતો. રૂપસિંહના મૃત્યુ પછી તેનો બાળપુત્ર રાજગાદીએ બેઠો હતો. એની ઉંમર માત્ર ત્રણ વર્ષની હતી. માનસિંહની મોટી બહેન ચારૂમતી મહારાજ રૂપસિંહની પુત્રી હતી. તેને હરમમાં લાવવા માટે ઔરંગઝેબે ડોલી મોકલી. ડોલી વાજતે-ગાજતે સૈનિકો સાથે કિશનગઢ આવી પહોંચી. બધા રાજપૂતો સ્તબ્ધ થઈ ગયા. હવે શું કરવું? બે રસ્તા હતા ઃ ચારૂમતી અનિચ્છાએ પણ ઔરંગઝેબના હરમમાં જવા તૈયાર થાય અને પોતાનું જીવન બલિદાન કરી દે. આવું ઘણી રાજકુમારીઓએ પહેલાં પણ કર્યું હતું કે આખા રાજપરિવાર અને રાજની જનતાના હિત માટે અનિચ્છાએ પણ તે પોતાનું બલિદાન આપી દેતી હતી. અથવા કોઈ બીજો રસ્તો કાઢીને ડોલીને પાછી મોકલે. રાજકુમારી ચારૂમતી કૃષ્ણભક્ત હતી અને મીરાંની માફક ભક્તિમાં લીન રહેતી હતી. તેણે તરત જ મેવાડના મહારાણા રાજસિંહને સંદેશો મોકલ્યો કે તમે મને બચાવવા માટે તરત જ ડોલી લઈને આવો અને મને લઈ જાઓ. આવું ઘણી વાર બનતું હોય છે કે કન્યાની ઇચ્છાવિરુદ્ધ કોઈ ન ગમતા મુરતિયા સાથે દબાણ કરીને જોર-જબરદસ્તીથી પરણાવી દેવામાં આવે ત્યારે આવી પરિસ્થિતિમાંથી છૂટવા માટે કન્યા આંધળૂકિયું કરે અને ગામમાં જે કોઈ બહાદુર પુરુષ રહેતો હોય તેની સાથે ભાગી જાય. ચારૂમતીએ પણ આવું જ કર્યું. ચારૂમતીનો સંદેશો મળતાંની સાથે જ મેવાડના મહારાજા રાજસિંહ પોતાના ચુનંદા યોદ્ધાઓ લઈને કિશનગઢ પહોંચી ગયા. ઔરંગઝેબની ડોલી આવે તે પહેલાં જ પોતાની ડોલીમાં ઉદયપુર લઈ ગયા. આ રીતે એક રાઠોડ રાજાની કન્યાને બચાવી લેવામાં આવી, પણ આવું જ્યારે ઔરંગઝેબે જાણ્યું ત્યારે તે ક્રોધથી લાલચોળ થઈ ગયો. મારો શિકાર છીનવી જનાર કોણ? તેણે મહારાણા પાસેથી ગ્યાસપુર તથા બસાઢનાં પરગણાં પડાવી લીધાં. અને પ્રતાપગઢના રાવત હરિસિંહને આપી દીધાં. આ રીતે મેવાડના રાણાને દંડ દીધો.

ઇસ્લામમાં જ્યારે કોઈ સ્ત્રીના કોઈ પુરુષ સાથે નિકાહ પઢાવવામાં આવે છે ત્યારે તે સ્ત્રીને તથા તેનાં માબાપને ત્રણ વાર પૂછવામાં આવે છે કે આ લગ્ન તને મંજૂર છે? જો તે ત્રણ વાર ``કબૂલ, કબૂલ, કબૂલ'' કહે તો જ નિકાહ પઢાવી શકાય. આવી વ્યવસ્થા ધર્મમાં હોવા છતાં સત્તા પર બેઠેલા મદાંધ શાસકો મનગમતી સ્ત્રીને જબરદસ્તી ઉઠાવી લાવી તેની સાથે નિકાહ પઢી લેતા. જે રીતે બાદશાહ ઔરંગઝેબે ચારૂમતી માટે `ડોલો' મોકલ્યો અને જબરદસ્તી તેને હરમમાં લઈ આવવાનો હુકમ કર્યો તે તેના જ ધર્મવિરુદ્ધ કહેવાય. જે ધર્મનું તે રાત-િદવસ રટણ કરતો હતો અને જેના પ્રસાર માટે ગમે તેવાં યુદ્ધો કરતો હતો તે ધર્મથી જ આ કાર્ય વિરુદ્ધ હતું. શક્તિ આગળ ધર્મ અને ધર્મગુરુઓ પણ નમતું જોખીને તેમની મનમાની થવા દેતા હોય છે.

તા. ૧૭/૮/૨૦૨૦

૧૭

શિવાજી મહારાજની હત્યાનું કપટ

જીવનના ત્રણ પ્રકાર છે ઃ (૧) સંઘર્ષમય જીવન, (૨) શાંતિમય જીવન, (૩) નમાલું જીવન

(૧) પ્રત્યેક સમયમાં પ્રત્યેક રાષ્ટ્ર, સમાજ અને વૈશ્વિક વ્યવસ્થામાં કોઈ ને કોઈ પ્રકારના અત્યાચારો, અન્યાય, અવ્યવસ્થા ચાલતાં જ હોય છે. સોએ સો ટકા અન્યાય, અત્યાચારમુક્ત વ્યવસ્થા ગોઠવવી ઘણી કઠિન હોય છે. તેથી અન્યાય અને અત્યાચારની સામે સંઘર્ષ કરનારા માણસો વ્યક્તિગતરૂપે અથવા સમૂહરૂપે નીકળી પડતાં હોય છે. જ્યાં આવા બહાદુરો નથી હોતા ત્યાં અન્યાય અને અત્યાચાર પલાંઠી વાળીને લાંબા સમય સુધી બેસી રહેતો હોય છે. હિંદુ પ્રજા પોતાની કાયરતા છુપાવવા માટે ભગવાનને અવતાર લઈ આવવા માટે આજીજી કરતી રહે છે, પણ પોતે કમર કસીને સામનો કરતી નથી અને કદાચ કોઈ કરે તો તેને પૂરેપૂરો સાથ આપતી નથી. તોપણ સમય-સમય ઉપર અન્યાય અને અત્યાચારોનો વિરોધ કરનારા વીરપુરુષો ભારતમાં ઘણા થયા છે. આ સામનો અનેક રીતે થઈ શકે પણ - મુખ્યતઃ ત્રણ રીતે થતો હોય છે. તલવારનો સામનો તલવારથી કરાય. તલવારનો સામનો કલમથી કરાય. અન્યાયનો સામનો વાણીથી અને વ્યવહારથી પણ કરાય. આ રીતે જેનામાં જે સામર્થ્ય હોય તે તેનાથી વિરોધ કરે. આને સંઘર્ષમય જીવન કહેવાય. સંઘર્ષ અને શાંતિ એકસાથે રહી શકે નહિ. જેનું જીવન સતત સંઘર્ષમય રહેતું હોય તે જીવનમાં કદી પણ શાંતિથી ઘસઘસાટ ઊંઘી શકે નહિ. જેટલો દુશ્મન મોટો તેટલી અશાંતિ પણ મોટી. આવી અશાંતિ તપસ્યા કહેવાય. જે લોકો આવી અશાંતિથી ડરીને ધાર્મિક તપસ્યાઓ કરતા હોય છે — જેમ કે લાંબા-લાંબા ઉપવાસો કરવા અથવા બીજાં કઠોર તપ કરવાં. તે બધા - ખરેખર સાચું તપ સમજી જ નથી શક્યા. માનો કે શિવાજી મહારાજ ઔરંગઝેબની સામે સંઘર્ષમય જીવન જીવ્યા ન હોત અને શાંતિથી હિમાલયની કોઈ ગુફામાં પલાંઠી વાળી બેસી ગયા હોત તો હિંદુ પ્રજાનું અને ભારતનું શું થાત? તેમને રામદાસ સ્વામી જેવા સદ્ગુરુ મળ્યા. જેમણે ઉપદેશ આપ્યો કે ``બેટા! શિવુ! તું તલવાર ચલાવ. હું માળા ફેરવીશ. મારી માળા કરતાં તારી તલવારમાંથી વધુ સાચો ધર્મ પ્રગટશે. શિવાજી સદ્ગુરુનાં વચન પ્રમાણે જીવનભર તલવાર ચલાવતા રહ્યા. આવી જ રીતે રાણા પ્રતાપ અને બીજા બધા સેંકડો-હજારો બહાદુરો રાષ્ટ્ર માટે, ધર્મ માટે, અન્યાય, અત્યાચાર સામે સંઘર્ષ કરતા રહ્યા અને વન-વનના થઈ જઈને ઘોર અશાંતિ ભોગવતા રહ્યા. તે મોટામાં મોટી તપસ્યા જ કહેવાય. આથી વધારે મોટી રાષ્ટ્રભક્તિ કઈ હોઈ શકે?"

(૨) જે લોકો સંઘર્ષમય જીવન જીવી શકતા નથી અથવા જેમને સંઘર્ષ વિમુખ જીવન જીવવાનો ઉપદેશ આપવામાં આવે છે તેવા લોકો શાંતિમય જીવન જીવતા હોય છે. શાંતિમય જીવન જીવવા માટે અન્યાય, અત્યાચાર, અવ્યવસ્થા વગેરે જ્યાં થતું હોય, જેનાથી થતું હોય તેનાથી દૂર ભાગી જાય છે. આમ દૂર ભાગવાથી તેમને શાંતિ મળતી હોય છે. પછી તે પત્નીથી, પરિવારથી, રાષ્ટ્રથી કે વિશ્વથી જ્યાંથી પણ અશાંતિ મળતી હોય તે બધાથી દૂર ભાગીને કોઈ સુરક્ષિત એકાંતમાં જીવન વિતાવતા રહે છે. આવા ત્યાગને લોકો, ખાસ કરીને ભારતના આધ્યાત્મિક લોકો બિરદાવતા રહે છે અને મહાભિનિષ્ક્રમણ અથવા મહાત્યાગ કહીને ત્યાગી વ્યક્તિને ભગવાન પણ બનાવી દેતા હોય છે!

ખરેખર તો ત્યાગના પણ ચાર પ્રકાર છે ઃ (૧) સંપત્તિનો ત્યાગ, (૨) સગાંસંબંધીનો ત્યાગ, (૩) પુત્ર-પરિવારનો ત્યાગ, (૪) પત્નીનો ત્યાગ. વગેરે વગેરે. આ બધાંનો ત્યાગ તો કદાચ સરળ થઈ શકે, પણ વ્યક્તિ જ્યાં જાય ત્યાં તેનામાં રહેલા કુદરતી આવેગોનો ત્યાગ કરી શકતી નથી. ગમે તેવા એકાંતમાં ગમે-તેવું એકાકી જીવન જીવે તોપણ સમય-સમય ઉપર આ આવેગો ખાસ કરીને ભૂખ, તરસ અને કામવાસનાના આવેગો આવતા જ હોય છે. ત્યાગી વ્યક્તિ ભૂખ, તરસ અને આવાસની વ્યવસ્થા તો લોકોમાંથી કરી લેતી હોય છે, પણ કામવાસનાનો આવેગની વ્યવસ્થા કરી શકતી નથી. આ આવેગો બાકી બધા આવેગો કરતાં વધુ પ્રબળ અને પ્રચંડ હોવાથી તેને શાંતિથી રહેવા દેતા નથી, એટલે સંઘર્ષને

છોડીને શાંતિ મેળવવા નીકળેલો માણસ પોતાના અંદરના આવેગોથી અધિક અશાંત થતો રહેતો હોય છે.

(૩) જે લોકો સંઘર્ષમય જીવન જીવી શકતા નથી અને શાંતિમય જીવન પણ જીવી શકતા નથી તે લોકો ત્રીજા પ્રકારનું નમાલું જીવન અથવા રોટલાતોડ જીવન જીવતા થઈ જતા હોય છે. સંઘર્ષમય જીવન જીવનારાનાં તન-મન નવરાં નથી રહેતાં. તે સતત સક્રિય રહેતા હોય છે. શાંતિમય જીવન જીવનારા કોઈ ને કોઈ પ્રકારની સાધનામાં જીવન વિતાવતા હોય છે, પણ જે નમાલું જીવન જીવે છે, કોઈ પણ પ્રકારની સાધના પણ કરી શકતા નથી તેથી તેમને રોટલાતોડ જીવન પણ કહી શકાય. તેમનું એકમાત્ર કામ જ્યાં મફતના રોટલા મળતા હોય ત્યાં બેસી જવું અને વધુમાં વધુ રોટલા તોડતા રહેવું. આવા લોકો નવરા બેઠા ખટપટો કર્યા વિના રહેતા નથી. ખટપટો કદી પણ શાંતિથી જીવવા દે નહિ. તેમની ખટપટોથી તે પોતે તો અશાંત રહેતા હોય છે, સાથે-સાથે બીજાઓ માટે પણ અશાંતિ ઊભી કરતા હોય છે. આવા લોકો મોટા ભાગે `ચકલાં-લડાઈ' કરતા રહે છે. ચકલાં પરસ્પરમાં ખૂબ લડતાં હોય છે, પણ બાજ આવે કે બીજું કોઈ વિજાતીય પક્ષી આવે તો ચૂપ થઈ જતાં હોય છે. આવા યુદ્ધને `ચકલાંયુદ્ધ' કહેવાય. આ નમાલું જીવન જીવનારા પણ અંદરોઅંદર ખટપટો કરીને વાતાવરણને ઘણું દૂષિત કરી નાખતા હોય છે.

શિવાજી મહારાજનું જીવન મહાસંઘર્ષમય હતું. તે જીવ્યા ત્યાં સુધી જંપીને બેઠા નહિ. તેમનો સૌથી મોટો દુશ્મન ઔરંગઝેબ હતો અને ઔરંગઝેબને કેવી રીતે હેરાન-પરેશાન કરવો તેની યોજના તે બનાવતા રહેતા હતા. બંનેનાં શક્તિ અને સામર્થ્યમાં બહુ મોટું અંતર હતું, તોપણ હિંમત હાર્યા વિના નવી-નવી યુક્તિઓ કરીને, નવી-નવી યોજનાઓ દ્વારા તેમણે ઔરંગઝેબને હેરાન-પરેશાન કરી મૂક્યો હતો. અન્યાય, અત્યાચાર સામેની લડાઈમાં શિવાજી મહારાજને શાંતિ ન હતી. તો સામે અન્યાય, અત્યાચાર કરનારને પણ શાંતિ ન હતી.

મહારાજે એક યોજના બનાવી. ઔરંગઝેબનું સૌથી સમૃદ્ધ બંદર સુરત હતું. દિલ્હી તથા આગ્રાથી સુરત ઘણું દૂર હોવાથી જોઈએ તેવી તેની સુરક્ષાવ્યવસ્થા નહોતી. તેથી તે સુરતને લૂંટવામાં આવે તો બે કામ થાય ઃ એક તો બાદશાહનું નાક કપાય અને બીજું મરાઠા સૈનિકોને પગાર અપાય. આવું વિચારીને તેમણે પોતાની સેનામાંથી ચાર હજાર ચુનંદા સૈનિકોને તૈયાર કર્યા. પૂનાથી સુરત જવા માટે બુરહાનપુર થઈને જવાતું હોવાથી અને બુરહાનપુરમાં ઔરંગઝેબની મોટી સેના પડી રહેતી હોવાથી તે જોખમી રસ્તાને ટાળવો જરૂરી હતો, એટલે જાણીકરીને દૂરનો લાંબો રસ્તો લીધો. સૈનિકોને નાની-નાની ટુકડીઓમાં વહેંચીને જુદા-જુદા રસ્તે સુરત તરફ રવાના કરી દીધા. આ બધાએ સુરત જિલ્લાના ગણદેવી ગામમાં પહોંચવું તેવું નક્કી કર્યું. ગણદેવી પહોંચતાં પહેલાં રસ્તામાં ગુજરાતના સીમાડે સોનગઢનો કિલ્લો આવે ત્યાં રાત રહેવું. યોજના બનાવતાં આવડે તો જ લક્ષ્ય પ્રાપ્ત કરી શકાય.

યોજના પ્રમાણે સોનગઢ થઈને બધા ગણદેવી પહોંચી ગયા.

૬ જાન્યુઆરી, ૧૬૬૪ના રોજ ગણદેવીમાં બધી મરાઠા ટોળીઓ ભેગી થઈ ગઈ. આ વાતની ખબર સુરતના સૂબેદાર ઇનાયતખાનને પડી ગઈ. તે ગભરાઈ ગયો. શિવાજી મહારાજે સૂબેદારને તથા સુરતના ધનાઢ્ય વેપારીઓને ધમકીભર્યો પત્ર લખ્યો કે જો મને પચાસ લાખ રૂપિયા આપી દેશો તો હું સુરત લૂંટ્યા વિના પાછો ચાલ્યો જઈશ, પણ સૂબેદાર કિલ્લો છોડીને ભાગી ગયો અને કોઈ વ્યવસ્થા થઈ શકી નહિ. બીજી બાજુ સુરતમાં અંગ્રેજ ઈસ્ટ ઇન્ડિયા કંપનીની કોઠી પણ હતી અને આ કોઠીમાં વેપાર માટે રાખેલા માલનો મોટો જથ્થો હતો તથા ઘણા રૂપિયા પણ હતા. ડાહ્યા અંગ્રેજોએ તરત જ સૂના પડેલા સુરતમાં પોતાની વ્યવસ્થા જાતે કરવા માંડી. તેમની પાસે છ તોપો હતી. તેમાંથી બે તોપો કોઠીની છત ઉપર ચડાવી દીધી. બાકીની ચાર ચારે દિશા તરફ મોઢાં કરીને તૈયાર રાખી. તેમની પાસે દારૂગોળો પણ પુષ્કળ હતો. બીજી બાજુ ધનસંપત્તિ તથા બાળબચ્ચાંને નાવોમાં બેસાડીને તાપી નદી દ્વારા છેક દૂર

સમુદ્રમાં મોકલી દીધાં. તેમનું સાહસ જોઈને સુરતના ધનાઢ્ય લોકોએ પણ પોતાની માલમિલકત કોઠીમાં જમા કરાવવા આપી દીધી, જેને અંગ્રેજોએ નાવ દ્વારા સમુદ્રમાં મોકલી દીધી. આ રીતે સૂબેદાર વિનાની રેઢી પડેલી સુરતનગરીમાં માત્ર અંગ્રેજો જ રક્ષાનું કેન્દ્ર બની ગયા. અંતે શિવાજી મહારાજે સુરત ઉપર હુમલો કરી દીધો. અને આખા સુરતને ધમરોળી નાખ્યું. મહારાજ આઠ દિવસ સુધી સુરતમાં રહ્યા અને સુરતને ખૂબ લૂંટ્યું, પણ અંગ્રેજોની કોઠી સલામત રહી, કારણ કે ત્યાં તોપો ગોઠવેલી હતી.

જો તમારી પાસે શસ્ત્ર હોય અને સમય આવ્યે શસ્ત્ર ચલાવવાની હિંમત હોય તો તેવું શસ્ત્ર ભગવાનનું રૂપ ધારણ કરીને તમારું રક્ષણ કરતું હોય છે. સૂબેદાર પાસે શસ્ત્રો અને સેના તો હતાં, પણ હિંમત ન હતી. સુરતની પ્રજા પાસે અઢળક સંપત્તિ તો હતી, પણ શસ્ત્રો ન હતાં અને હિંમત પણ ન હતી. આથી બહુ સરળતાથી સુરત લૂંટાઈ ગયું. સૂબેદારે છળકપટથી શિવાજી મહારાજની હત્યા કરવા માટે એક મારાને મોકલ્યો. તેણે નજીક જઈને કટારથી હુમલો કરી મહારાજને ઘાયલ કરી દીધા, તોપણ મહારાજે સામનો કરીને પોતાનો બચાવ કર્યો અને મારાને મારી નાખ્યો. આ રીતે સુરતને પૂરેપૂરું લૂંટીને મહારાજ ફરી પાછા પૂના જવા નીકળી પડ્યા. મહારાજના ગયા પછી કેટલાય દિવસે સૂબેદાર ઇનાયતખાન પાછો આવ્યો અને પોતાનું પદ સંભાળી લીધું. અંગ્રેજોએ પણ સમુદ્રમાં મોકલેલી નાવો પાછી બોલાવી લીધી અને જેનો જે કંઈ માલસામાન જમા લીધો હતો તે બધાંને પાછો આપી દીધો.

આ સમાચાર જ્યારે બાદશાહને મળ્યા ત્યારે તે અત્યંત કૃદ્ધ થઈ ગયો. ગમે તે ભોગે શિવાજીનો નાશ કરવો જોઈએ, તેવી મક્કમતાથી તેણે દક્ષિણમાં મોકલેલા પોતાના મુખ્ય સેનાપતિ મિરઝા રાજા જયસિંહને હુકમ કર્યો કે શિવાજીના બધા કિલ્લાઓ જીતી લેવામાં આવે. સુરત શાહજાદી જહાંઆરાની જાગીર હતી, તેથી તેની બધી આવક તેની સંપત્તિ ગણાતી હતી. પોતાની જાગીરને લૂંટનારા શિવાજી મહારાજ પર તેને પણ બહુ ક્રોધ ચડ્યો અને ગમે-તેમ કરીને શિવાજીનો નાશ કરવો જોઈએ તેવી ભલામણ તેણે ઔરંગઝેબને પણ કરી.

તા. ૧૮/૮/૨૦૨૦

સંધિના નામે અપમાન

ભારતમાં જ નહિ, આખા વિશ્વમાં પ્રત્યેક વ્યક્તિની ઓછામાં ઓછી બે ઓળખ હોય છે ઃ એક તેની વ્યક્તિગત અને બીજી તેની સમાજ અથવા જાતિની; જેમ કે એક પારસી વ્યક્તિ તરીકે કેવો છે તે નિવડ્યે ખબર પડે, પણ તેની જાતિ માત્રથી તે કેવો હશે તેનું અનુમાન તરત જ થઈ જાય. જોકે આવું અનુમાન કાયમ માટે સોએ સો ટકા સાચું ન પણ પડે, તોપણ તેવા અનુમાનના આધારે વ્યવહાર થતો હોય છે. આવું જ કોઈ વ્યક્તિ વાણિયો હોય તોપણ તેના જાતિ વિષયક વ્યક્તિત્વની ખબર પડી જાય. આવું પટેલ, બ્રાહ્મણ, કોળી, દરબાર, દેવીપૂજક વગેરે વગેરે બધી જાતિઓ માટે પણ કહી શકાય. મુસ્લિમોમાં પણ શેખ, સૈયદ, પઠાણ, આરબ, પિંજારા, ઢાઢી વગેરે જાતિઓ ઉપરથી ખ્યાલ આવી જાય. આવી જ રીતે કોઈ વ્યક્તિ અંગ્રેજ, જર્મન કે અમેરિકન હોય તો તેના ઉપરથી તેનો સામાન્ય ખ્યાલ આવી જાય, આવું જ પ્રાણીજગતમાં પણ બનતું હોય છે. કોઈ ગાય ગીર, કાંકરેજી, જર્સી વગેરે જુદી-જુદી જાતિઓની હોય છે. તો તેનું મૂલ્ય અને વ્યક્તિત્વ સમજાઈ જાય. આવું જ ઘોડાઓમાં, ઊંટોમાં, હાથીઓમાં વગેરે વગેરે બધાં પ્રાણીઓમાં જુદી-જુદી જાતની કૅટેગરી પ્રમાણે તેમનું મૂલ્ય થતું હોય છે. આવું જ ફળોમાં પણ જોવા મળે છે. કેસર, આફુસ, લંગડો, બદામ, વગેરે વગેરે સેંકડો પ્રકારની કેરીઓ પોતપોતાની જાતિ પ્રમાણે મૂલ્ય અને વ્યક્તિત્વ ધરાવતી હોય છે. કહેવાનો ભાવ એવો છે કે માણસોમાં પણ આ રીતે વ્યક્તિનાં બે રીતે વ્યક્તિત્વ જણાતાં હોય છે. કોઈ કહે કે હિન્દુસ્તાની કેવા? પાકિસ્તાની કેવા? આરબો કેવા? તો બહુ સરળતાથી જવાબ આપી શકાય. જોકે આ જવાબ શતપ્રતિશત સાચો ન હોય, કારણ કે બધામાં સારા-નરસા માણસો રહેતા હોય છે. તોપણ જનરલ અભિપ્રાય તો સત્યની નિકટનો જ હોય છે.

આપણે હિન્દુસ્તાની માણસોની વાત કરવાની છે. હિન્દુસ્તાની માણસો કેવા હોય તેના જવાબમાં દેશપ્રેમી કવિઓ અને લેખકો તેમના માટે ઘણી ઊંચી વાતો કરે અને તેનાં ઉદાહરણ પણ આપે. જે સાચાં હોય અને અડધાં કાલ્પનિક પણ હોય. મોટા ભાગે આપણે પોતે જ આપણી પીઠ થપથપાવવામાં માનીએ છીએ, એટલે કે કેટલાક લોકો તો હંમેશાં `હમ મહાન હૈ' એવી વારંવાર બૂમો પાડતા રહે છે. માની લો કે આપણે મહાન હતા અને મહાન છીએ તોપણ જેટલી મહાનતાનું પ્રમાણ આપણામાં છે તેટલું જ કદાચ તેથી પણ વધારે ગદ્દારીનું પ્રમાણ પણ આપણામાં છે. જો આપણામાં આવા ગદ્દાર લોકો ન હોત તો આપણે ગુલામ થયા ન હોત. આપણી ગુલામી માત્ર વિદેશીઓના પરાક્રમથી જ નથી થઈ, તેમના પરાક્રમની સાથે આપણી ગદ્દારીથી પણ થઈ છે તે સ્વીકારવું જોઈએ.

જ્યારે ભારત ઉપર મુસ્લિમોની સત્તા સ્થાપિત થઈ અને પછી મુસ્લિમોમાં મોગલવંશ સત્તા ઉપર આવ્યો, ત્યારે તેમને સૌથી મોટો વિરોધ રાજપૂતોનો થતો હતો. રાજપૂતો ઉત્તરભારતમાં ખાસ કરીને રાજસ્થાનમાં રાજ કરતા હતા. બહાદુર હતા. સૌની પાસે પોતપોતાની બહાદુર સેનાઓ હતી. બાદશાહ અકબરે વિચાર કર્યો કે આ બહાદુર પ્રજા સાથે સતત યુદ્ધો કરીને શક્તિનો ક્ષય કરવાથી વિશાળ સામ્રાજ્યની સ્થાપના થઈ શકશે નહિ. તેથી તેણે ધર્માંધતાનો ત્યાગ કરીને સહિષ્ણુતાભરી નીતિ અપનાવી. બધા રાજપૂતોની પોતાની સાથે સંધિ કરાવી પોતાના શાસનમાં ઊંચાં પદો પર નિયુક્ત કર્યા. કહેવાય છે કે મોગલોના સૌથી મોટા ત્રણ રાજપૂત-સ્તંભો હતા, જેમણે મોગલ શાસનને દૂર-દૂર સુધી ફેલાવ્યું અને તેનું જતન કર્યું.ં આ હતા ઃ મિરઝા રાજા જયસિંહ, જશવંતસિંહ અને માનસિંહ. આ ત્રણેય જીવનભર મોગલો માટે યુદ્ધ કરતા રહ્યા. એટલું જ નહિ, પણ પોતાની બહેન-દીકરીઓને મોગલો સાથે

પરણાવીને એકપક્ષીય બેટી-વ્યવહાર પણ બાંધતા હતા.

આખા રાજસ્થાનમાં એકમાત્ર મેવાડના મહારાણા પ્રતાપ જ એવા હતા, જેમણે બહેન-દીકરીઓ આપવાનું સ્વીકાર્યું નહિ. આ પ્રતાપને હરાવવા માટે અકબરે પોતાના સેનાપતિ માનસિંહને વિશાળ સેના સાથે મોકલ્યો હતો. અને હલ્દીઘાટીમાં ભયંકર યુદ્ધ થયું હતું. શિવાજી સામે જયસિંહ યુદ્ધે ચડ્યો હતો. આમ મોટા ભાગે હિંદુઓ સામે મોગલો તરફથી હિંદુ રાજાઓ જ ચડાઈ કરતા રહેતા. એવા વિચાર આવે કે જો મેવાડના એકલા મહારાણા પ્રતાપ મોગલો સામે છેવટ સુધી ઝઝૂમતા રહે અને પોતાની ટેકમાં અડગ રહે તો, જો રાજસ્થાનની અને ઉત્તરભારતના બીજા બધા રાજપૂત રાજાઓ સામૂહિક સંગઠન કરીને એક થઈ ગયા હોત તો મોગલ સલ્તનત કે બીજી કોઈ સલ્તનતને મોટો પડકાર આપી શકાયો હોત! પણ આવું ન થયું. મેવાડ સિવાયના લગભગ બધા જ આગ્રા કે દિલ્હીના જે-તે બાદશાહોના પ્યાદા બની ગયા. આ રીતે તેમણે પોતાની જાગીર સલામત કરી દીધી. કહેવાનો ભાવ એવો છે કે એક તરફ આપણે રાણા પ્રતાપ જેવા કે શિવાજી મહારાજ જેવા અદ્ ભુત વ્યક્તિઓનો જયજયકાર કરીએ છીએ જે બરાબર છે, તો બીજી તરફ જયસિંહ, માનસિંહ, જશવંતસિંહ જેવા અનેક રાજા-મહારાજાઓ જે મોગલ બાદશાહોના હાથા બનીને આપણા જ મહાન વીરો સામે યુદ્ધ કરતા હતા અને મોગલોનો ઝંડો લહેરાવતા હતા. તે પણ આપણું જ વ્યક્તિત્વ કહેવાય. હવે તમે કહો કે હિન્દુસ્તાની કેવા હોય? રાણા પ્રતાપ જેવા હોય કે જયસિંહ જેવા હોય? આજે પણ આવો ભેદ ચાલી જ રહ્યો છે. અકબર તો ઠીક, ઔરંગઝેબ જેવા કટ્ટર મુસ્લિમ બાદશાહના દરબારમાં ત્રીસથી વધારે હિંદુ રાજાઓ નોકરી કરતા હતા અને તેમના જોરે ઔરંગઝેબ બાકીના હિંદુ રાજાઓ અને મરાઠાઓને નમાવતો હતો.

જ્યારે શિવાજી મહારાજ વ્યૂહ કરીને આગ્રાના નજરબંદી કેદખાનામાંથી ભાગ્યા અને હેમખેમ રાયગઢ પહોંચી ગયા ત્યારે ઔરંગઝેબના ગુસ્સાનો પાર ન રહ્યો. તેણે દક્ષિણના સેનાપતિ મિરઝા રાજા જયસિંહને હુકમ કર્યો કે શિવાજીના બધા કિલ્લા જીતી લેવામાં આવે. જયસિંહની મદદ માટે બીજી મોટી સેના પણ મોકલવામાં આવી. જયસિંહે એવો સપાટો બોલાવ્યો કે શિવાજી મહારાજના ઘણા કિલ્લાઓ જીતી લીધા. મોગલોની વિશાળ સેના સામે ટકવું શિવાજી મહારાજ માટે કઠિન થઈ ગયું. જ્યારે યુદ્ધો કરી-કરીને કોઈ રાજા થાકી જાય ત્યારે હારતાં પહેલાં બને તેટલી સારી સંધિ કરીને જેટલું બચાવી શકાય તેટલું બચાવી લેવું જોઈએ. ખરેખર તો દક્ષિણનાં યુદ્ધોમાં બંને પક્ષો થાકી ગયા હતા. તેથી ચતુર જયસિંહે વિચાર કર્યો કે જેમ રાજસ્થાનના રાજાઓ ઔરંગઝેબને આધીન થઈને પોતાનાં રજવાડાંમાં રાજ કરે છે, તેમ જો શિવાજી મહારાજ પણ ઔરંગઝેબ સાથે સંધિ કરીને ઔરંગઝેબનું ચક્રવર્તીપણું સ્વીકારી લે તો દક્ષિણનો મોટો પ્રશ્ન ઊકલી જાય.

પૂર્વે કહ્યું તેમ થાકેલો માણસ સંધિ તરફ વળતો હોય છે. એટલે તેમણે શિવાજી મહારાજને મળવા માટે બોલાવ્યા અને સંધિ કરવા માટે સમજાવવા પ્રયત્ન કર્યો. શિવાજી મહારાજને પણ લાગ્યું કે મારા ઘણા કિલ્લા નીકળી ગયા છે, તેથી હવે લાંબો સમય મારાથી યુદ્ધ કરી શકાશે નહિ. એટલે જો સ્વમાનપૂર્વકની સંધિ થતી હોય તો સંધિ કરી લેવી હિતાવહ છે. આવું વિચારીને તે બાદશાહ ઔરંગઝેબને મળવા માટે આગ્રા જવા તૈયાર થયા. ઔરંગઝેબે તેમના રસ્તાના ખર્ચ માટે અગિયાર લાખ રૂપિયા મંજૂર કર્યા. દરેક જગ્યાએ તેમનું બહુ સ્વાગત-સન્માન કરાવતાં-કરાવતાં તે આગ્રા પહોંચી ગયા. તેમની સાથે આઠ વર્ષનો પુત્ર સંભાજી હતો અને ચાર હજાર સૈનિકો હતા. સૌથી આગળ વિશાળ કદનો એક હાથી ચાલતો હતો. તેને સોનાચાંદીથી શણગારીને તેના ઉપર ભગવો ઝંડો લહેરાતો હતો. મહારાજ ધારે તો તે હાથી ઉપર બેસી શકતા હતા, પણ તેવું ન કરતાં તે પાછળ ચાલનારી પાલખીમાં બેસતા. તે

એવું માનતા કે મારું રાજ્ય એ મારું નથી, પણ ગુરુ રામદાસના આપેલા આ ભગવા ઝંડાનું છે. તેથી સર્વોચ્ચ માન ભગવા ઝંડાને મળવું જોઈએ. હું તો માત્ર તેનો વહીવટદાર જ છું. આ રીતે શિવાજી મહારાજ આગ્રા જવા નીકળી પડ્યા. જોતજોતામાં લોકોમાં વાત ફેલાઈ ગઈ અને મહારાજનાં દર્શન કરવા ચારેતરફથી જનતા ઊમટી પડી. સૌનાં સ્વાગત-નમસ્કાર ઝીલતાં-ઝીલતાં અંતે મહારાજ આગ્રા પહોંચી ગયા. તો આગ્રામાં પણ મહારાજને જોવા લોકો ઊમટી પડ્યા. ઔરંગઝેબના બક્ષી મહારાજને સીધા દીવાને-ખાસમાં લઈ ગયા. મોગલ શાસનમાં બાદશાહો બે દરબાનો રાખતા. દીવાને-ખાસ અને દીવાને-આમ. દીવાને-ખાસમાં માત્ર મંત્રીઓ તથા વિશિષ્ટ વ્યક્તિઓ જ હાજરી આપી શકતા, જ્યારે દીવાને-આમમાં સામાન્ય પ્રજા પણ હાજર રહીને પોતપોતાની વાતો રાખી શકતી. શિવાજી મહારાજને દીવાને-ખાસમાં લઈ જવામાં આવ્યા. મહારાજે બાદશાહ ઔરંગઝેબને નજરાણું ધર્યું, એવો રિવાજ કે હતો આવનાર પ્રત્યેક વ્યક્તિ કદી પણ ખાલી હાથે ન આવે. બાદશાહને પોતાની શક્તિ પ્રમાણે સારામાં સારું નજરાણું ધરે. જેમાં કીમતી વસ્તુઓ પણ રહેતી.

આપણે માનવું જોઈએ કે ડિસિપ્લિન અથવા અનુશાસનની દૃષ્ટિએ સૌથી વધુ કડક અંગ્રેજો હતા. અંગ્રેજો પછી મોગલોને દ્વિતીય સ્થાન આપી શકાય. જોકે અંગ્રેજો અને મોગલોમાં બહુ મોટો તફાવત હતો. તોપણ મોગલ બાદશાહો પણ પોતાની સાથે બહુ કડકાઈથી અનુશાસન પળાવતા. દીવાને-ખાસ હોય કે દીવાને-આમ હોય, બાદશાહ સિવાય કોઈને પણ બેસવાની પરવાનગી મળતી નહિ. બધા જ ઊભા રહેતા. એકમાત્ર બાદશાહ પાંચ ફૂટના ઓટલા ઉપર સિંહાસન ગોઠવીને બેસતો. બાકીના બધા યોગ્યતા પ્રમાણે સામે કતારબંધ ઊભા રહેતા. જ્યારે અંગ્રેજોની સભામાં સૌને બેસવા માટે ખુરશી મળતી પણ તે યોગ્યતા પ્રમાણે આગળ-પાછળ રહેતી. બાદશાહની સભામાં વૃદ્ધ, અશક્ત અને ઊભા ન રહી શકતા લોકો માટે ટેકો દેવા માટે એક લાકડીની વ્યવસ્થા કરવામાં આવતી. ટેકો દઈને પણ તેઓએ ઊભા તો રહેવું જ પડતું. કોઈનાથી, બેસાતું તો નહિ. આવી વ્યવસ્થા હતી. બીજું બાદશાહો, સૌ-સૌને કૅટેગરી પ્રમાણે ઊભા રાખતા. સૌથી આગળ વીસ હજારી, પછી પંદર હજારી, પછી અગિયાર હજારી, પછી સાત હજારી, પછી પાંચ હજારી, પછી ત્રણ હજારી એમ જેને જેવો મરતબો મળ્યો હોય તે પ્રમાણે ઊભા રહેતા. શિવાજી મહારાજને સૌથી છેલ્લે પાંચ હજારી કે ત્રણ હજારી મનસબવાળા રાજાઓની લાઈનમાં ઊભા કરી દેવામાં આવ્યા. આ રીતે સભામાં તેમને અપમાનિત કરવાનો ઔરંગઝેબનો હેતુ હતો. કોઈ સાધુ-સંત હોય અને તેને હાથ જોડી પાછળ બેસાડે તો પ્રેમથી બેસી જાય તે તેની ઉચ્ચતા કહેવાય, પણ કોઈ રાષ્ટ્રનો પ્રતિનિધિ હોય અને બીજા રાષ્ટ્રમાં આમંત્રિત મહેમાન થઈને ગયો હોય અને તેને જો તેની યોગ્યતા પ્રમાણે માન આપવામાં ન આવે તો તે તેનું અપમાન કહેવાય. આ અપમાન માત્ર વ્યક્તિનું જ ન રહેતાં પૂરા રાષ્ટ્રનું થઈ જાય. આવા અપમાનને સહન કરવું તે ઉદારતા ન કહેવાય, નમાલાપણું કહેવાય. મહારાજને તરત જ ભાન થઈ ગયું. તે તરત જ ક્રોધમાં જોરજોરથી બૂમો પાડવા લાગ્યા. આખી સભામાં ઘોંઘાટ મચી ગયો. જયસિંહના કુંવર રામસિંહે મહારાજને શાંત કરવા ઘણા પ્રયત્નો કર્યા, પણ મહારાજ શાંત થયા નહિ. ઔરંગઝેબ જોતો જ રહી ગયો. તેને એમ હતું કે હવે તો શિવાજી મારી પકડમાં આવી ગયો છે એટલે તેને જ્યાં ઊભો રાખીશ ત્યાં ઊભો રહી જશે. હવે તે કશી ચૂંચાં કરશે નહિ, પણ શિવાજી મહારાજ જુદી માટીના હતા. દુશ્મનની ભરીસભામાં પણ અંગદની માફક તેમણે પોતાના વ્યક્તિત્વનો પરચો આપ્યો. જ્યારે કોઈ હિસાબે શિવાજી માન્યા નહિ કે ઝૂક્યા નહિ, ત્યારે રામસિંહ તેમને સમજાવીને પોતાની હવેલીએ લઈ ગયો. ઔરંગઝેબે રામસિંહની હવેલીની ચારેતરફ પહેરા ગોઠવીને મહારાજને નજરબંધ કરી દીધા. જો મહારાજની પ્રાણરક્ષાની જવાબદારી જયસિંહે ન લીધી હોત તો

ઔરંગઝેબ સભામાં જ મહારાજની હત્યા કરાવી નાખત, પણ ઔરંગઝેબ પાસે પ્રાણરક્ષાનું વચન મેળવીને જ જયસિંહે મહારાજને આગ્રા મોકલ્યા હતા. એટલે ગમ ખાવા સિવાય ઔરંગઝેબ પાસે બીજો કોઈ રસ્તો ન હતો. ઔરંગઝેબ જેટલો ક્રૂર હતો તેટલો જ તેને ગમ ખાતાં પણ આવડતું હતું. શત્રુને યુક્તિ-પ્રયુક્તિથી કેમ મરાવી નાખવો તે ચાલાકી પણ તેને આવડતી હતી. આ રીતે દીવાને-ખાસમાં તે દિવસે કદી ન બન્યું હોય તેવું નાટક ભજવાયું.

તા. ૧૯/૮/૨૦૨૦

હવે છેતરાય એ બીજા!

જેને સંઘર્ષમય જીવન જીવવું પડતું હોય તેણે પોતાના શત્રુની કક્ષાને હંમેશાં સમજવી જરૂરી છે. શત્રુ વિનાનો સંઘર્ષ હોય જ નહિ. એટલે પોતાને સમજતાં પહેલાં શત્રુને સમજવો જરૂરી છે.

શત્રુના ત્રણ પ્રકાર છે ઃ

(૧) ધીરોદાત્ત નાયક, (૨) નાયક, (૩) ખલનાયક.

આમાંથી જે પ્રકારનો શત્રુ હોય તેની સાથે તેવા પ્રકારનો વ્યવહાર કરવો જોઈએ.

(૧) ધીરોદાત્ત નાયક તેને કહેવાય જે દુશ્મન તો હોય પણ કદી સ્ત્રીઓ, બાળકો, ધર્મસ્થાનોને તથા બીજાં પવિત્ર સ્થાનોની મર્યાદાનું ઉલ્લંઘન ન કરે. જેમ કે, ભાવનગરના મહારાજા અને જોગીદાસ ખુમાણને ભારે શત્રુતા થઈ ગઈ હતી. છતાં જોગીદાસ મહારાજાના ત્યાં શોકનો ખરખરો કરવા ગયા હતા અને ઓળખાઈ જવા છતાં મહારાજાએ તેમને સાથે બેસાડીને, જમાડીને હેમખેમ ભાવનગર રાજ્યના સીમાડા પર વિદાય કર્યા હતા, એટલું જ નહિ પણ જોગીદાસ ખુમાણના શોકપ્રસંગે પોતે મુંડન કરાવીને મહારાજાએ શ્રાદ્ધકર્મ કર્યું હતું. આ બંને પક્ષે ધીરોદાત્તતા કહેવાય.

(૨) નાયક એને કહેવાય કે જે સારા પ્રસંગે આમંત્રણ મળે તો શત્રુના ત્યાં પણ જાય અને શત્રુની ઇચ્છા પ્રમાણે વર્તે. રામ અને રાવણ વચ્ચે ભારે શત્રુતા હતી, તોપણ સમુદ્ર પાર કરતાં પહેલાં રામેશ્વરમાં શિવલિંગની સ્થાપના કરવાની વિધિ માત્ર રાવણ જ કરાવી શકે એવું લાગવાથી શ્રીરામે રાવણને રામેશ્વરની વિધિ કરાવવા આમંત્રણ મોકલ્યું. રાવણ પુરોહિત પણ હતો અને વૈદિક કર્મકાંડનો વિદ્વાન હતો. તેથી રામનું આમંત્રણ સ્વીકારીને તે રામેશ્વરમ્ આવ્યો અને વિધિવિધાનપૂર્વક રામેશ્વરની સ્થાપના કરાવી. શ્રીરામ જ્યારે રાવણને પગે લાગ્યા ત્યારે રાવણે `વિજયીભવ' એવો આશીર્વાદ પણ આપ્યો અને પછી હેમખેમ લંકા આવી ગયો. આ નાયકપણું કહેવાય. બંને પક્ષે મહાનાયકો શત્રુ હોવા છતાં ધાર્મિક પ્રસંગે ભેગા થઈને એકબીજાને સાથ આપતા હતા.

(૩) ખલનાયક તેને કહેવાય જે ઉપકાર કરનારને પણ દગો દઈને હાનિ પહોંચાડે. ઔરંગઝેબ ઇતિહાસમાં ખલનાયકનું પદ ધરાવે છે. આગ્રાના દરબારમાં શિવાજી મહારાજ સાથે જે અવ્યવસ્થા થઈ અને જેના કારણે ઔરંગઝેબનું ભારે અપમાન થયું. નિયમ એવો છે કે અપમાન કરનારનું અપમાન થતું હોય છે. ઔરંગઝેબે શિવાજી મહારાજનું અપમાન કરવા તેમને દીવાને-ખાસમાં સૌથી છેલ્લી પંક્તિમાં ઊભા કરાવી દીધા. એ મહારાજનું અપમાન હતું. શિવાજી મહારાજ જ્યારે દરબારમાં પધાર્યા ત્યારે ઔરંગઝેબે ન તો તેમની સાથે આંખ મેળવી ન વાણી દ્વારા આવકાર આપ્યો. ઔરંગઝેબ શિવાજી મહારાજને તુચ્છ સમજતો હતો. તેથી તેમની તરફ જોયું પણ નહિ અને પૂર્વે વ્યવસ્થા પ્રમાણે છેક છેલ્લી પંક્તિમાં ઊભા કરાવી દીધા. મિર્ઝા રાજા જયસિંહ સાથે થયેલી સંધિ પ્રમાણે આ ઊલટું હતું. આવું અપમાન જોઈને શિવાજી મહારાજ વીફર્યા. અત્યંત શાંત માણસે પણ કોઈ વાર વીફરવું જરૂરી બની જતું હોય છે. શાસ્ત્રકારો આવા વીફરવાને `પુણ્યપ્રકોપ' કહે છે. મહારાજ બેસી ગયા અને ઔરંગઝેબે રામસિંહને હુકમ કર્યો કે તેમને તેમની હવેલીમાં લઈ જવામાં આવે. સામાન્ય રીતે મુસ્લિમોમાં એવો રિવાજ હોય છે કે બાદશાહ, સુલતાન કે કોઈ પીર-ઓલિયાની મજાર હોય ત્યાં પીઠ બતાવી શકાય નહિ. અર્થાત્ પાછા વળવું હોય તોપણ પાછા પગે પાછા વળવાનું, પીઠ બતાવાય નહિ. અને કોઈ પીઠ બતાવે તો તે અપમાન કહેવાય. પણ વીફરેલા શિવાજી મહારાજે બાદશાહ તરફ પીઠ કરીને દીવાને-ખાસમાંથી રામસિંહ સાથે વિદાય લીધી. રામસિંહ મહારાજને પોતાની હવેલીમાં લઈ ગયો કે તરત જ ઔરંગઝેબે હવેલીની ચારેતરફ સૈનિકો ગોઠવી દીધા. અર્થાત્ મહારાજને હવેલીમાં નજરકેદ કરી દેવામાં આવ્યા.

દિવસો વીતવા લાગ્યા અને મહારાજને સમજાઈ ગયું કે હવે મારાથી બહાર નીકળી શકાશે નહિ. વહેલો-મોડો ઔરંગઝેબ મારી હત્યા કરાવી નાખશે. તેથી મહારાજે ઔરંગઝેબને

પત્ર લખીને અનેક પ્રકારની સંધિ કરવાનો પ્રયત્ન કર્યો. તેમણે ઔરંગઝેબને પત્ર લખીને કહ્યું કે દીવાને-ખાસમાં મારાથી જે અવિવેક થયો હોય તેને બાદશાહ દરગુજર કરે. જો મને અહીંથી મુક્ત કરવામાં આવશે તો હું બાદશાહને બે કરોડ રૂપિયા આપીશ, એટલું જ નહિ પણ દક્ષિણનાં યુદ્ધોમાં બાદશાહને સાથ આપીશ.

મારી ઇચ્છા સંન્યાસી થઈને કાશીમાં ભક્તિભાવમાં જીવન વ્યતીત કરવાની છે, એટલે મને મુક્ત કરી દેવામાં આવે.

જો મને મુક્ત કરીને જવા દેવામાં આવશે તો મેં જીતેલા બાદશાહના કિલ્લાઓ બાદશાહને પાછા આપી દઈશ વગેરે.

ઔરંગઝેબ આમાંની એક પણ શરત માનવા તૈયાર ન થયો. મહારાજને સમજાઇ ગયું કે હવે ઔરંગઝેબ કોઈનું કોઈ નિમિત્ત બનાવીને મારી હત્યા કરાવી નાખશે. તેમણે ફરીથી પત્ર લખ્યો કે જો મને પૂના જવાની રજા ન અપાય તો કોઈ વાંધો નહિ, બાદશાહની મરજી હશે ત્યાં સુધી હું અહીં રહીશ, પણ મારી સાથે આવેલા મારા ચાર હજાર સાથીઓને પૂના જવાની મંજૂરી આપવી જોઈએ. ઔરંગઝેબે આ શરત માની લીધી. મહારાજે પોતાની સાથે આવેલા ચાર હજાર સાથીદારોને આગ્રાથી વિદાય કરી દીધા.

બીજી તરફ દક્ષિણના સૂબેદાર મિરઝા રાજા જયસિંહ બાદશાહને વારંવાર પત્ર લખીને જણાવતા હતા કે મારી જામીનગીરી પર શિવાજી આગ્રા આવેલા છે, એટલે તેમની પ્રાણરક્ષા થવી જોઈએ. જો તેમની જાનને હાનિ પહોંચી તો હું મોઢું બતાવવાને લાયક નહિ રહું. જયસિંહના દબાણ આગળ ઔરંગઝેબ લાચાર બન્યો. તેણે એક જુદો ખેલ ખેલ્યો. તેણે શિવાજી મહારાજને કહ્યું કે તેઓ અફઘાનિસ્તાનમાં લડવા ગયેલી મોગલ સેનાની સાથે થઈ જાય. આ સેનાનું નેતૃત્વ મોગલ સેનાપતિ રદાંદખાં કરી રહ્યો હતો. યોજના એવી હતી કે જો મહારાજ અફઘાનિસ્તાનમાં મોગલસેના સાથે યુદ્ધ કરવા જાય તો કોઈ પણ રીતે આ યુદ્ધમાં તેમની હત્યા કરાવી નાખવી, પણ મહારાજે ઔરંગઝેબની આ વાત માની નહિ. તેમની નજરબંધી ચાલુ રહી. ગમે તેવી વિપત્તિ અને આપત્તિમાં માણસ ફસાયો હોય તોપણ જો હિંમત હાર્યા વિના કે નિરાશ થયા વિના તેમાંથી છૂટવાનો પ્રયત્ન કરે તો તેને જરૂર સફળતા મળતી હોય છે.

અંતે મહારાજે પોતાના જન્મદિવસ નિમિત્તે લોકોને, બ્રાહ્મણોને, ફકીરોને તથા સરદારોને મીઠાઇ વહેંચવાનું શરૂ કર્યું. ઔરંગઝેબને શંકા થવાથી રામસિંહની જગ્યાએ એક મુસ્લિમ સરદારને ચોકી કરવા ગોઠવી દીધો. રાજપૂત સૈનિકોની જગ્યાએ મુસ્લિમ સૈનિકો રામસિંહની હવેલીને ઘેરી વળ્યા. ઘણા દિવસો સુધી ટોપલીઓ ભરી-ભરીને મીઠાઈઓ બહાર જતી. મુસ્લિમ સિપાહીઓ તેને ચેક કરી-કરીને જવા દેતા. આ રોજનું કાર્ય થયું હોવાથી હવે તે ચેક કરવામાં ઢીલા થઈ ગયા હતા. એક દિવસ હીરોજી ફરજંદ નામનો મહારાજનો સેવક મહારાજનાં કપડાં પહેરીને જમણા હાથે સોનાનું કડું પણ પહેરીને મહારાજના પલંગ ઉપર ઓઢીને સૂઈ ગયો. માત્ર કડાવાળો જમણો હાથ જ બહાર રાખ્યો. એ જ વખતે મીઠાઈના ટોપલામાં બેસીને મહારાજ તથા આઠ વર્ષનો બાળક સંભાજી ભાગી છૂટ્યા. હવેલીથી દૂર ગયા પછી ગોઠવણ પ્રમાણે તૈયાર રાખેલા ઘોડાઓ ઉપર બેસીને ઉત્તર દિશા તરફ ઘોડા દોડાવી દીધા. બીજી તરફ બપોર સુધી હીરોજી મહારાજનાં વસ્ત્રો કાઢીને મહારાજની કોઈ દવા લેવા જવું છે એવું બહાનું કાઢીને હવેલી બહાર નીકળી ગયા. ઘણા સમય પછી ચોકીદારોને શંકા થઈ અને તેમણે જોયું તો મહારાજ પલંગ ઉપર ન હતા. અત્યાર સુધી તે ઘણી દૂર ભાગી ચૂક્યા હતા. જીવનમાં ભાગી જવું અને બચી જવું એ પણ કોઈ-કોઈ વાર જરૂરી બની જતું હોય છે. કૃષ્ણ ભગવાન દ્વારિકાથી ભાગ્યા હતા અને તેના પહેલાં રણમાંથી ભાગવાને કારણે `રણછોડ' બન્યા હતા. જે લોકો સમય પ્રમાણે પ્રવાહી જીવન જીવી શકતા નથી, તે કેટલીક વાર વગર

મોતે મરી જતા હોય છે.

શિવાજી મહારાજ હવેલીમાંથી ભાગી ચૂક્યા છે તેવા સમાચાર જ્યારે ઔરંગઝેબને મળ્યા ત્યારે તે સ્તબ્ધ થઈ ગયો અને તેણે દક્ષિણ તરફ સેના દોડાવી, કારણ કે મહારાજ ભાગીને દક્ષિણ તરફ જ જાય, એવી તેની ધારણા હતી. મહારાજે જાણીકરીને ઊલટી દિશામાં એટલે કે ઉત્તરમાં જવાનું પસંદ કર્યું હતું. આ ઘટનાને સામાન્ય લોકો ચમત્કાર જ સમજવા લાગ્યા. લોકોમાં એવી છાપ હતી કે શિવાજી મહારાજ ચમત્કારિક પુરુષ છે અને તેથી તે ગમે ત્યારે ગમે ત્યાં પ્રગટ થઈ શકે છે તથા અલોપ પણ થઈ શકે છે.

મહારાજે મથુરા પહોંચીને સાધુનો વેશ ધારણ કરી લીધો. સાધુનો વેશ એવો વેશ છે કે જેમાં બધા પ્રકારના લોકો સમાઈ જાય છે. આ વેશમાં ઊંચામાં ઊંચા જ્ઞાની, ત્યાગી, વિરક્ત સાધુઓ પણ છે અને છળકપટ, ઢોંગ, પાખંડ કરનારા દંભીઓ પણ છે. મહારાજે સાધુના વેશમાં બીજી હોશિયારી કરી કે સંભાજીને પોતાનાથી દૂર-દૂર ચલાવતો રાખ્યો. એક બ્રાહ્મણને તેની જવાબદારી સોંપી હતી. જો સાથે રાખે તો બાપ-દીકરાને જોઈને મોગલ સિપાઈઓને વહેમ પડે અને પકડાઈ જવાય. તેથી તેને દૂર રાખ્યો હતો.

મહારાજે હવે દક્ષિણ તરફનો રસ્તો પકડ્યો અને છેક કર્ણાટકમાં આવી ગયા. કર્ણાટકમાં સાધુઓની એક જમાતમાં ભળી ગયા. એક દિવસ એક કર્ણાટકી ભક્ત બધા સાધુઓને જમવા પોતાને ઘેર લઈ ગયો, પણ જમાડતાં-જમાડતાં તેની આંખમાં આંસુ આવી ગયાં. તે બોલવા લાગ્યો કે મૂઆ મરાઠા સૈનિકો આવીને અમારું બધું લૂંટી ગયા છે તેથી ઘરમાં કશું રહ્યું નથી. તેના કારણે પોતે સાધુ-બાવાઓને સારી રીતે જમાડી શકતા નથી વગેરે વગેરે. બળાપો તેણે કાઢ્યો. મહારાજે તેની વાતની નોંધ લીધી. પચીસમે દિવસે તે રાયગઢ પહોંચી ગયા ને સંન્યાસીના વેશમાં જીજાબાઈના પગમાં પડી ગયા. પહેલાં તો જીજાબાઈ ઓળખી ન શક્યાં, પણ પછી જ્યારે ઓળખ થઈ ત્યારે આનંદનો પાર ન રહ્યો. ચારેતરફ મહારાજના આગમનના સમાચાર પ્રસરી ગયા અને લોકો નાચવા-ગાવા લાગ્યાં.

થોડા દિવસ પછી મહારાજે પેલા કર્ણાટકી ભક્તને પોતાની પાસે બોલાવ્યો અને મરાઠા સૈનિકો હિંદુઓને પણ લૂંટે છે તે બદલ ક્ષમા માગી અને કર્ણાટકી બ્રાહ્મણને ઘણું ધન આપી, રાજી કરીને પાછો મોકલ્યો. સાથે જ મરાઠા સૈનિકોને કડક તાકીદ કરી કે હવે પછી આમજનતાને લૂંટવી કે રંજાડવી નહિ.

મહારાજે જ્યારે આગ્રાથી ભાગી જઈને પ્રસ્થાન કર્યું હતું ત્યારે પહેલાં તો સંભાજીને પાછળ-પાછળ દૂર રાખીને ચલાવ્યો, પણ પછી તેમણે મથુરાના એક દક્ષિણી બ્રાહ્મણને ત્યાં મૂકી દીધો. આ દક્ષિણી બ્રાહ્મણ સંભાજીને સાચવતો રહ્યો. મહારાજે ફરી એક યુક્તિ કરી. તેમણે અફવા ફેલાવી કે સંભાજીનું મૃત્યુ થઈ ગયું છે. તેની બધી વિધિ કરાવી. આમ કરવાથી મોગલ સૈનિકોએ સંભાજીને ખોળવાનું બંધ કરી દીધું. સમય જતાં જેની પાસે સંભાજીને સાચવવા આપેલો તે બ્રાહ્મણ સંભાજીને લઈને મહારાજ પાસે રાયગઢ પહોંચી ગયો અને પિતા-પુત્રનું મિલન કરાવ્યું.

આગ્રામાં જે ઘટના ઘટી તેનાથી નારાજ થઈને ઔરંગઝેબે રામસિંહની `પંચહજારી' પદવી પાછી ખેંચી લીધી. એટલું જ નહિ, પણ તેને દરબારમાં આવવાની મનાઈ કરી દીધી.

મિરઝા રાજા જયસિંહ પર નારાજ થઈને તરત જ આગ્રા આવીને દરબારમાં હાજર થવાનો હુકમ કર્યો અને તેમની જગ્યાએ દક્ષિણનો સૂબેદાર શાહજહાં મુઅજ્જમને બનાવ્યો. હુકમ પ્રમાણે મિરઝા રાજા આગ્રા જવા નીકળ્યા. છેલ્લાં સો વર્ષથી જયપુરના રાજાઓ મોગલોની સેવા કરતા હતા. અને જયસિંહે અનેક વાર ઔરંગઝેબને બચાવ્યો હતો. દારાસિકોહના યુદ્ધમાં જયસિંહે ઔરંગઝેબને સાથ આપ્યો હતો અને તેને વિજયી બનાવીને

બાદશાહ બનાવ્યો હતો. અત્યાર સુધી. મોગલ સલ્તનતની સીમા દૂર-દૂર સુધી ફેલાવવામાં જયસિંહનો મોટો હાથ હતો. આ જયસિંહને કેવી રીતે મારી નાખવો તેની યોજના ઔરંગઝેબે ઘડી લીધી હતી, કારણ કે તે ખલનાયક હતો. પોતાના કેટલાય ઉપકારકોને તેણે મરાવી નાખ્યા હતા.

મહારાજા ૧૬૬૭માં બુરહાનપુર પહોંચ્યા. આ બુરહાનપુરમાં તેમનું મૃત્યુ થઈ ગયું. કહેવાય છે કે ઔરંગઝેબે જયસિંહના પુત્ર કિરતસિંહને જયપુરના મહારાજા થવાની લાલચ આપીને પુત્ર દ્વારા જ પિતાને ઝેર અપાવી દીધું. આ રીતે મહારાજા જયસિંહ ઔરંગઝેબના દરબારમાં હાજર થતાં પહેલાં જ મૃત્યુને શરણ થઈ ગયા. બીજી તરફ ઔરંગઝેબે શિવાજી મહારાજને પત્રો લખી-લખીને ફરીથી આગ્રા આવવાનું આમંત્રણ આપ્યું, પણ હવે છેતરાય એ બીજા! મહારાજ ઔરંગઝેબને નખશિખ ઓળખી ગયા હતા. તેથી ફરીથી તેની જાળમાં સપડાયા નહિ.

તા. ૨૦/૮/૨૦૨૦

ધર્માંધતા

અંધત્વના ઘણા પ્રકાર છે. જેમાં પાંચ અંધત્વને મુખ્ય કહી શકાય ઃ

(૧) જન્માંધ, (૨) કામાંધ, (૩) ક્રોધાંધ, (૪) મોહાંધ, (૫) ધર્માંધ.

(૧) કેટલાંક બાળકો જન્મથી જ આંધળાં અવતરતાં હોય છે અથવા જન્મ પછી થોડા સમયમાં આંધળાં થઈ જતાં હોય છે અને પછી મરણપર્યંત આંધળાં રહેતાં હોય છે. આવા લોકોને જન્માંધ કહી શકાય. આવું કેમ થાય છે? તેનું સમાધાન કર્મવાદી પુનર્જન્મમાં માનનારા આપણે એમ માનીએ છીએ કે ગયા જન્મમાં પાપકર્મોને કારણે બાળક આંધળું જન્મ્યું. જોકે આ સમાધાન બરાબર લાગતું નથી, કારણ કે પહેલાંની તુલનામાં હવે આવાં જન્માંધ બાળકો અવતરતાં ઘણાં ઓછાં થઈ ગયાં છે, કારણ કે હવે તબીબીક્ષેત્રે અને બીજાં ક્ષેત્રે વિજ્ઞાનનો એટલો બધો પ્રચાર-પ્રસાર થયો છે કે પ્રત્યેક વસ્તુનું પૃથક્કરણ વૈજ્ઞાનિક અભિગમથી થવા લાગ્યું છે અને તેનો ઉપચાર પણ થવા લાગ્યો છે. જે હોય તે, પણ આવાં જન્માંધ બાળકો બહુ બુદ્ધિશાળી હોય છે, એટલે લોકો તેમને પ્રજ્ઞાચક્ષુ પણ કહેતા હોય છે.

(૨) બીજું અંધત્વ કામાંધને કહી શકાય. માણસ જ નહિ પ્રાણીમાત્ર કામવાસનાના આવેગોનો ભોગ બનતાં હોય છે. જોકે કુદરતની કૃપા જ કહેવાય કે આ આવેગને થોડા સમય પૂરતો સીમિત રાખ્યો. તે હંમેશાં રહેતો નથી, પણ જ્યારે પણ આવે છે ત્યારે આંધીની માફક આવીને પ્રાણીઓને ભાન ભુલાવીને ન કરવાનું કરાવી બેસે છે, એટલે કામના આવેગમાં સપડાયેલી વ્યક્તિને કામાંધ કહેવાય છે. આપણે તેને આસુરી અથવા માયાવી સ્થિતિ બતાવીએ છીએ. જે હોય તે, પણ ડાહ્યામાં ડાહ્યો અને શાણામાં શાણો માણસ પણ કામના આવેગમાં લાચાર અને આંધળો થઈ જતો હોય છે. આંધળો એટલે ચક્ષુથી આંધળો નહિ, પણ ન કરવાનું કરી બેસવું તે. જોકે આ વંટોળિયો ઊતરી ગયા પછી તેને ભારે પ્રશ્ચાત્તાપ થતો હોય છે. તોપણ જે થવાનું હોય છે તે તો થઈને જ રહેતું હોય છે. આ કારણે ભક્તલોકો ભગવાનનું શરણું લઈને જીવન જીવતાં હોય છે અને ભગવાન તેમની રક્ષા પણ કરતો હોય છે. ભગવાનના શરણ વિના માત્ર પોતાના જોરે આવા આવેગોને રોકી શકાતા નથી અને બચી શકાતું પણ નથી. એટલે જ લોકો અનિશ્વરવાદી અથવા નાસ્તિક હોય છે તે શરણ વિના અનાથ થઈને વારંવાર આવા કામ-વંટોળિયાના શિકાર બનતા રહે છે.

(૩) કામના જેવો જ બીજો આવેગ ક્રોધનો છે. જોકે બાળકનું જીવન શરૂ થાય તેમાં ક્રોધની શરૂઆત પહેલાં થતી હોય છે અને કામની પછી થતી હોય છે. બાળક ચાર-પાંચ વર્ષનું હોય ત્યારથી જ તેનું ધાર્યું ન થાય તો તેને ક્રોધ આવતો હોય છે અને ક્રોધમાં ઘરનું બધું - રમણ-ભમણ કરી નાખતું હોય છે, પણ કામની શરૂઆત તો યુવા અવસ્થાની શરૂઆતથી થતી હોય છે. આ રીતે જીવનમાં ક્રોધ પહેલાં અને કામ પછી પ્રગટતો હોય છે. ક્રોધ પણ વ્યક્તિને ભાન ભુલાવીને ન કરવાનું કરાવી બેસે છે અને ન બોલવાનું બોલાવી દે છે, એટલે તેની આંધીમાં સપડાયેલા માણસને ક્રોધાંધ કહેવામાં આવે છે.

(૪) આવી જ રીતે માણસ મોહાંધ પણ થઈ જતો હોય છે. ખાસ કરીને સ્ત્રીપુરુષમાં અને પુરુષ સ્ત્રીમાં પ્રબળ આકર્ષણ ધરાવતાં થઈ જાય ત્યારે તેમની સ્થિતિ મોહાંધ બની જતી હોય છે. આવા મોહમાં પણ માણસ ન કરવાનું કરી બેસતો હોય છે. મોહનું મૂળ માયા છે અને માયાનું મૂળ રાગ છે. જ્યારે કોઈ વસ્તુ પ્રત્યે અતિશય તીવ્ર રાગ થઈ જાય ત્યારે વ્યક્તિ ક્રમે-ક્રમે મોહાંધ બની જાય અને ભયંકરમાં ભયંકર ઘટના ઘટી જાય. મોહથી બચવા માટે ભક્ત લોકો હરિભજન અને સત્સંગનો સહારો લેતા હોય છે. આ બંને જો સારી રીતે જીવનમાં પચાવવા કે ઉતારવામાં આવે તો તે નિર્મોહી રહેવા માટે રામબાણ ઇલાજ થઈ શકે છે.

ઉપરનાં ચાર અંધત્વ કુદરતે પ્રાણીમાત્રમાં ઓછા-વત્તા અંશે મૂકેલાં છે, પણ આપણે પાંચમા અંધત્વનો વિચાર કરવાનો છે. પાંચમું અંધત્વ છે – ધર્માંધતા.

ધર્માંધતા કુદરતે મૂકેલી નથી હોતી, પણ સંસ્કારો, સંગ અને પરિસ્થિતિથી પેદા થતી હોય છે. આ સૌથી વધુ ભયંકર અંધત્વ છે. તેમાં પણ જો તેને સત્તાનો સાથ મળી જાય તો આવી સત્તા પ્રજાજીવનમાં હાહાકાર મચાવી મૂકે છે. ધર્માંધતામાં સહિષ્ણુતા અને ઉદારતા હોતી જ નથી. હું જ સાચો છું. મારો ધર્મ જ સાચો છે, એટલું જ નહિ. બાકીના બધા ખોટા છે, એટલે તેમને જીવવાનો પણ અધિકાર જ નથી. આવી દૂષિત મનોવૃત્તિ જ્યારે કોઈ રાજા-મહારાજ કે સુલતાન કે બાદશાહને થતી હોય છે ત્યારે તેના રાજ્યમાં ભારે ધાર્મિક ઉત્પીડન થવા લાગે છે.

ઔરંગઝેબ જન્મજાત ધર્માંધ હતો. તેને વારસામાં જ એવો ધર્મ મળ્યો હતો જે અસહિષ્ણુતા, અનુદાર અને ક્રૂર હતો. સામાન્ય રીતે રાજા-મહારાજાઓ અને બાદશાહો પોતપોતાના રાજ્યના સીમાડાઓ વધારવાની મહેચ્છાઓ રાખતા હોય છે અને તે માટે નાનાં-મોટાં યુદ્ધો પણ કરતા હોય છે, ઔરંગઝેબને રાજ્યના સીમાડા વધારવા કરતાં પણ વધારે મહેચ્છા પૂરા ભારતને મુસલમાન બનાવી દેવાની હતી. એટલે તેની તલવાર હંમેશાં વિધર્મીઓ ઉપર ક્રૂરતા વર્તાવતી રહી. ઘણા પ્રયત્નો પછી પણ જ્યારે ભારતની હિંદુ પ્રજા મુસ્લિમ થવા તૈયાર ન થઈ તે એટલે હદ સુધી કે પછાત ગણાતા શૂદ્રો અને દલિતો પણ ધર્મ બદલીને મુસલમાન થવા તૈયાર ન હતા. તેથી ઔરંગઝેબે વિચાર્યું કે જો હિંદુ રાજાઓને મુસ્લિમ બનાવી દેવામાં આવે તો પ્રજા આપોઆપ મુસલમાન થઈ જશે. આવું વિચારીને ઔરંગઝેબે ઈ. સ. ૧૬૬૬માં બધા હિંદુ રાજાઓને ઈરાન લઈ જઈને જબરદસ્તીથી તેમની સુન્નત કરી નખાવી. આ પણ વિચિત્ર કહેવાય કે કોઈને ધર્માન્તરણ કરવું હોય અથવા કરાવવું હોય તો કોઈ ને કોઈ નાની-મોટી વિધિ કરવી પડતી હોય છે. જેમ કે, ખ્રિસ્તી લોકો બપ્તિસ્મા, શીખો અમૃત છકાવે એમ મુસ્લિમો ધર્માન્તરિત થનાર પુરુષની સુન્નત કરાવે. સુન્નત એટલે પુરુષના ગુપ્ત અંગના ઉપરની ચામડીને કાપી નાખવી તે. જોકે આવી ચામડી કુદરતે ગુપ્તાંગની રક્ષા માટે બનાવેલી હોય છે. જો કુદરતી નિષેધ હોત તો કુદરતે જ પહેલેથી એટલી ચામડી ઓછી કરી હોત. પણ કુદરત તો બધાં અંગોનું રક્ષણ કરવાની વ્યવસ્થા કરે છે, તેમ પુરુષના ગુપ્તાંગની રક્ષા કરવા માટે પણ તેના ઉપર ઢાંકતી ચામડી બનાવી દે છે. આ ચામડી ન હોવાથી કેટલાક ચેપી રોગો પુરુષને નુકસાન કરી શકતા હોય છે.

જે હોય તે, પણ એક વાર કોઈની સુન્નત કરી નાખવામાં આવે પછી તે મુસલમાન બની જતો હોય છે. તેવી ધારણા હિંદુ પ્રજામાં આજે પણ છે. નવાઈ તો જુઓ કે કોઈને હિંદુ બનાવવાની કોઈ વિધિ જ નથી! આનો અર્થ એ થયો કે પહેલેથી જ આપણે કોઈને પોતામાં સમાવી શકતા નથી અને કદાચ હવે કોઈ વિધિ દ્વારા સમાવીએ તો તેને ટકાવી શકતા નથી, એટલે વિશ્વના બધા ધર્મો વૃદ્ધિ પામે છે ત્યારે હિંદુ ધર્મ વધુ ને વધુ ક્ષીણ થતો રહે છે. માનો કે કોઈની જબરદસ્તી સુન્નત કરી નાખી અથવા મોંમાં થૂંકીને વટલાવી દીધો તો તેટલા માત્રથી તે વ્યક્તિ મુસલમાન થઈ ગયો. હવે તે પાછો હિંદુ ધર્મમાં આવવા માગે તોપણ તેનો સ્વીકાર ન થાય. આવી અત્યંત મૂર્ખામી-ભરી વ્યવસ્થાના કારણે હિંદુ પ્રજા ક્ષીણ ન થાય તો બીજું શું થાય?

હિન્દુસ્તાનમાંથી પૂરેપૂરા કૂફ્રને નાબૂદ કરીને એકમાત્ર એક છત્ર ઇસ્લામની સ્થાપના કરવાની તીવ્ર મહેચ્છા ઔરંગઝેબની હતી તે આપણે જાણ્યું. તે મહેચ્છા પૂરી કરવા તેણે બધા હિંદુ રાજાઓને ઈરાન લઈ જવાની યોજના ઘડી. બધા રાજાઓ મુસાફરી કરવા મળશે તથા ઈરાન જોવાનો આનંદ મળશે તેવું સમજીને હરખાતાં-હરખાતાં તૈયાર થઈ ગયા, પણ અસસ્તખાં નામના એક મોગલ સરદારે આ વાત એક ફકીર આગળ કરી દીધી. આ ફકીર બિકાનેર મહારાજનો આશ્રિત હતો. તેથી ફકીરે મહારાજ કર્ણસિંહને આ વાત જણાવી દીધી.

ઔરંગઝેબની યોજના પ્રમાણે બધા રાજાઓ `અટક' નદી સુધી પહોંચી ગયા હતા. એવું કહેવાય છે કે અટક નદીના કિનારે ભારત પૂરું થાય છે, એટલે `અટકથી કટક' એવી કહેવત પડી છે. બિકાનેરના મહારાજાને ચિંતા થઈ કે ઔરંગઝેબની જાળમાંથી બધા રાજાઓને કેવી રીતે બચાવવા?

એવામાં એક ઘટના ઘટી. આમેરના મિરઝા રાજા જયસિંહની માતાનું મૃત્યુ થઈ ગયું. આ નિમિત્તે બાર દિવસ સુધી ક્રિયાકાંડ કરવા માટે બધા રાજાઓ નદીના આ કિનારે રોકાઈ ગયા. પછી જ્યારે બાદશાહની સેના અને સરદારો પેલા કિનારે પહોંચી ગયા ત્યારે બધા રાજાઓએ આગ લગાવીને નાવોને બાળી નાખી જેથી નાવોનો ઉપયોગ કરીને બાદશાહની સેના પીછો ન કરી શકે. પોતાને સમયસર સૂચના આપીને બચાવી લેવા બદલ બિકાનેરના મહારાજાએ પેલા ફકીરને દર વર્ષે ઘરે-ઘરે ફરીને એક પૈસો ઉઘરાવવાનો લાગો આપી દીધો જે આજે પણ ઉઘરાવે છે.

જ્યારે ઔરંગઝેબને ખબર પડી કે મારી યોજના નિષ્ફળ ગઈ છે ત્યારે એ ધૂર્ત માણસે હાથમાં કુરાન લઈને રાજાઓને મનાવવા ભારે પ્રયત્ન કર્યો. તેણે સોગંધ ખાધા અને બધાને રાજધાની પાછો લઈ આવ્યો. પોતાની પૂરી યોજનાને બિકાનેરના કર્ણસિંહે બગાડી છે એવું જાણીને તેણે બિકાનેર પર આક્રમણ કરી દીધું અને બિકાનેરના મહારાજાને બાદશાહના દરબારમાં હાજર થવાનો હુકમ કર્યો. ઔરંગઝેબની યોજના હતી કે કર્ણસિંહને આગ્રા બોલાવીને તેની હત્યા કરાવી નાખવી તથા કર્ણસિંહની દાસીના પુત્ર વનમાળીદાસને બિકાનેરનો રાજા બનાવવો. વનમાળીદાસે ઔરંગઝેબને વચન આપ્યું હતું કે જો મને બિકાનેરનો રાજા બનાવશો તો હું ઇસ્લામ ધર્મ સ્વીકારીને મુસલામાન બની જઈશ.

ઔરંગઝેબ બિકાનેર પર આક્રમણ કરે તેના પહેલાં જ કર્ણસિંહ રાજકુમાર કેસરીસિંહને તથા રાજકુમાર પદ્મસિંહને સાથે લઈને ઔરંગઝેબના દરબારમાં હાજર થઈ ગયા. આ બંને રાજકુમારોએ શાહસૂજાની લડાઈમાં ઔરંગઝેબને ભરપૂર સાથ આપ્યો હતો અને ઔરંગઝેબને જીતાડ્યો હતો. તેનો ઉપકાર કદી ભૂલી શકાય તેમ નહોતું. એટલે હવે અત્યારે કર્ણસિંહની હત્યા ન કરવી એવું ઔરંગઝેબે નક્કી કર્યું. ઔરંગઝેબે કર્ણસિંહને રાજગાદીથી પદભ્રષ્ટ કરીને ઔરંગાબાદ મોકલી દીધા અને રાજગાદી ઉપર કર્ણસિંહના મોટા પુત્ર અનુપસિંહને બેસાડી દીધા. ઔરંગાબાદ ગયા પછી કર્ણસિંહ લાંબો સમય જીવ્યા નહિ. માત્ર એક જ વર્ષમાં તેમનું મરણ થઈ ગયું અથવા યુક્તિ-પ્રયુક્તિથી તેમનો અંત કરી દેવામાં આવ્યો. જે હોય તે, આજે પણ ઔરંગાબાદમાં મહારાજા કર્ણસિંહની છત્રી બનેલી છે.

આ રીતે બિકાનેરના મહારાજાએ બધા હિંદુ રાજાઓને ઔરંગઝેબના બહુ મોટા ષડ્યંત્રથી બચાવી લીધા. જોકે તેમ કરવા જતાં તેમણે પોતે પોતાના પ્રાણ ખોયા. ઔરંગઝેબની આવી ધર્માંધતા તેના જીવનભર રહી અને તેથી તે અનેક લોકોનો અણગમો વ્હોરતો રહ્યો. આજ સુધી આખા વિશ્વમાં એક જ ધર્મની સ્થાપના થઈ શકી નથી. લાખ પ્રયત્ન કરીને પણ આખું વિશ્વ નથી ઇસ્લામિક બન્યું. નથી ખ્રિસ્તી બન્યું. આજે પણ વિશ્વમાં અનેક ધર્મો ને પંથો ચાલી રહ્યા છે. આખા િવશ્વને એક ધર્મમાં બાંધવાની ઇચ્છા ઘેલછા જ કહેવાય. આ શક્ય જ નથી. બધા ધર્મો હળીમળીને એકબીજા પ્રત્યે સહિષ્ણુતા રાખીને જીવે એ માર્ગ જ વધુ વ્યાવહારિક અને સલામત લાગે છે.

તા. ૨૨/૮/૨૦૨૦

૨૧

ગોકુલા જાટની વીરતા

તમે સાપ અને નોળિયાની લડાઈ જોઈ હશે તો તમને ખ્યાલ હશે જ કે સાપ પોતાનાથી અનેકગણું મોટું પ્રાણી હોવા છતાં નાનો સરખો નોળિયો તેના પર વિજય મેળવી લેતો હોય છે. તેનું કારણ નોળિયાની વ્યૂહપૂર્વકની લડાઈ છે. નોળિયો કદી સાપ-સન્મુખ જઈને યુદ્ધ કરતો નથી, પણ સાપની પાછળ પૂંછડા ઉપર બચકું ભરે છે. નોળિયો જાણે છે કે સાપની ખરી શક્તિ મોઢામાં છે. ત્યાં તેનું ઝેર છે. તેથી તે મોઢા આગળ જવાથી બચતો હોય છે, પણ સાપની સૌથી દુર્બળ કડી તેનું પૂંછડું છે, કારણ કે પૂંછડામાં ઝેર નથી હોતું, એટલે નોળિયાને જોતાંની સાથે જ સાપ કુંડળી મારી પૂંછડાને સંતાડીને ફેણ ચડાવીને બેસી જાય છે. નોળિયો તેની ચારેતરફ ફરી-ફરીને તેને પજવે છે અને થકવે છે. યુદ્ધ કરતાં પહેલાં શત્રુને થકવી દેવો એ વ્યૂહ કહેવાય. સાપ જ્યારે આગળ વધવા ચાલે છે ત્યારે તેને લાંબા થવું પડે છે. કુંડળી મારેલી સ્થિતિમાં સાપ ચાલી શકે નહિ. ચાલવા માટે લાંબા થવું જરૂરી છે. તે જેવો લાંબો થઈને ચાલવાનો પ્રયત્ન કરે છે કે તરત જ નોળિયો આવીને પૂંછડા ઉપર બચકું ભરી જાય. આમ વારંવાર કરવાથી સાપ ઘાયલ થઈ જાય, અંતે મરી જાય.

ઔરંગઝેબ સાપ જેવો હતો. તેની પાસે સેનાની અપાર શક્તિ હતી. તેનું મોગલ સામ્રાજ્ય દૂર-દૂર સુધી ફેલાયેલું હતું. તે સમયમાં દૂરના સામ્રાજ્ય ભાગમાં જવા-આવવા માટે વાહનવ્યવહારની તથા સંદેશા-વ્યવહારની ઘણી તકલીફ હતી. તેથી દૂરના ભાગો પૂરેપૂરા સુરક્ષિત રહી શકતા નહિ. આ કારણે મહારાજે સીધા આગ્રા કે દિલ્હી ઉપર હુમલો ન કરતાં દૂરના સુરત જેવા સમૃદ્ધ અને શક્તિથી દુર્બળ ભાગ ઉપર હુમલો કરવાનું પસંદ કર્યું, કારણ કે મિરઝા રાજા જયસિંહે શિવાજી મહારાજના ઘણા કિલ્લા જીતી લીધા હતા. તથા ઘણી રોકડ રકમ પણ લૂંટી લીધી હતી. આના કારણે શિવાજીને પોતાની સેનાનો પગાર ચૂકવવા માટે પૈસા બચ્યા ન હતા. તિજોરી ખાલી થઈ ગઈ હતી. તિજોરી ખાલી હોય તો ન તો રાજ કરી શકાય, ન યુદ્ધ કરી શકાય. હવે તિજોરી ભરવી કેવી રીતે? પ્રજા પાસેથી -- કર વસૂલ કરવાની પણ એક સીમા હોય છે. જો સીમા બહાર કર વસૂલ કરવામાં આવે તો પ્રજા નારાજ થઈ જાય અને વિદ્રોહ કરી મૂકે. તેથી તે જમાનામાં એક રસ્તો બાકી રહેતો અને તે સમૃદ્ધ રાષ્ટ્રો પર ચઢાઈ કરીને લૂંટફાટ કરવાનો. માત્ર મરાઠા જ નહિ, પણ મુસ્લિમો પણ ભારતને લૂંટવા આવ્યા અને લૂંટીને, ધમરોળીને ચાલ્યા ગયા. મહારાજ એક વાર સુરતને લૂંટી આવ્યા હતા, પણ સુરત ફરી બેઠું થઈ ગયું હતું, ફરી પાછું ધમધમવા લાગ્યું હતું. મહારાજને પૈસાની તાતી જરૂરત હતી. એટલે ઈ. સ. ૧૬૭૦માં સુરતને ફરીથી લૂંટવા મોટી સેના લઈને રવાના થયા. પહેલી વાર સુરત લૂંટવા આવેલા ત્યારની તેમની ધાક બેસી ગઈ હતી. તેમનું નામ સાંભળતાંની સાથે જ સુરતના લોકો સરકારી કર્મચારીઓ ભાગવા માંડ્યા. સુરતમાં જુદા-જુદા યુરોપીય ગોરા લોકોની વ્યાપારિક કોઠીઓ હતી. આ બધાએ ભેટ આપીને મહારાજનું સ્વાગત કર્યું. આ વખતની સુરતની લૂંટમાં મહારાજને છાસઠ હજાર રૂપિયા મળ્યા, પણ સુરતના વેપારીઓ પોતાની સુરક્ષા ન હોવાથી સુરત છોડીને ભાગવા લાગ્યા. કોઈ પણ પ્રદેશની સમૃદ્ધિ ત્યાંના વેપારીઓ અને ઉદ્યોગપતિઓથી થતી હોય છે. જો પ્રદેશને બરબાદ કરવો હોય તો એક જ કામ કરવાનું કે વેપારીઓને ભગાડી મૂકવાના. વેપારી અને ઉદ્યોગપતિઓ ભાગી જાય તો અર્થતંત્રનું આખું માળખું તૂટી જાય. મજૂરો, કારીગરો વગેરે બધા બેકાર થઈ જાય અને દેશ બરબાદ થઈ જાય. સામ્યવાદીઓએ આ જ ભૂલ કરી અને દેશને બરબાદ કરી દીધો – સામ્યાવાદીની ભૂલને બંગાળના નકસલવાદીઓએ દોહરાવી તો બંગાળ કંગાળ થઈ ગયું, એટલે જેણે પોતાનું રાષ્ટ્ર

સમૃદ્ધ કરવું હોય તેણે વેપારી અને ઉદ્યોગપતિઓને રક્ષણ આપીને તેમને પ્રોત્સાહન આપવું જોઈએ. એટલું ધ્યાન રહે કે વેપારીઓ સામાન્ય પ્રજાનું શોષણ ન કરે. તે માટે કઠોર કાયદા કરવાની જરૂર પડે તો કરવા જોઈએ. જોકે કાયદા કરતાં પણ સૌથી વધુ સારો ઉપાય પરસ્પરની સ્પર્ધા છે. જો વેપાર એકહથ્થુ હોય તો પ્રજાનું શોષણ થાય જ, પણ જો વેપાર બહુહથ્થુ હોય તો અને જીવન જરૂરિયાતોનો માલ પ્રચુર માત્રામાં મળતો હોય તો શોષણ થાય નહિ. એટલે સ્પર્ધાત્મક વેપાર, ઉદ્યોગ, ધમધમવા જોઈએ. મહારાજ મોગલ સામ્રાજ્યના પૂંછડા જેવા સુરતને લૂંટીને હેમખેમ પાછા પોતાના કિલ્લામાં પહોંચી ગયા.

પ્રત્યેક રાષ્ટ્રમાં વસનારી પ્રજા જુદા-જુદા સમાજોની બનેલી હોય છે. આ નિયમ ભારતમાં તો ખાસ જોઈ શકાય. એટલે ભારતમાં ખાસ કરીને ગુજરાતમાં આવી બહુરંગી પ્રજા માટે `અઢારેય વરણ' શબ્દ વપરાય છે. આ વસનારી જુદી-જુદી પ્રજાઓનાં વ્યક્તિત્વ તથા સામર્થ્ય એકસરખાં નથી હોતાં. તેથી તેના સામર્થ્ય પ્રમાણે તેમની કક્ષા પણ `આપોઆપ નિર્ધારિત થઈ જતી હોય છે. જેમ કે ગુજરાતમાં પટેલોનું સામર્થ્ય છે તેવું સામર્થ્ય બીજી કોમમાં જોવા નથી મળતું. જેમાં સામર્થ્ય હોય જ નહિ તેવી પ્રજા ગામના છેવાડે વસીને મહેનત-મજૂરી કરીને જીવનનિર્વાહ કરતી રહેતી હોય છે. તે સમયમાં મોગલ સામ્રાજ્યમાં ખાસ કરીને દિલ્હી, પંજાબ, હરિયાણા, પશ્ચિમ ઉત્તર પ્રદેશ, ભરતપુર ધોલપુર, આગ્રા, મથુરા, મેરઠ, હિસ્સાર, સિકર, ચૂલું, ઝુઝનુ, બિકાનેર, નાગોર, જોધપુર અને બાડમેર જેવા વિભાગોમાં જાટ લોકોની બહુલતા હતી. જાટ ખડતલ, મહેનતુ, સાહસી અને લડાકૂ કોમ છે. ચંબલ નદીના તટ સુધી તેનો પ્રભાવ હતો. તેમની શક્તિથી ગભરાઈને શાહજહાંએ પોતાના રાજ્યમાં તેમના ઉપર ઘોડેસવારી કરવાનો, બંદૂક રાખવાનો તથા કિલ્લા બનાવવાનો પ્રતિબંધ મૂક્યો હતો. તેમને દબાવવા માટે કુલીખાં નામના સરદારને ફોજદાર બનાવીને મોકલવામાં આવેલો. કુલીખાંએ જાટો ઉપર, ખાસ કરીને સ્ત્રીઓ ઉપર બહુ અત્યાચાર કરવા માંડ્યા. તેથી ઊકળી ઊઠેલા જાટોએ કુલીખાંની હત્યા કરી નાખી. એટલે જાટોનું દમન કરવા માટે શાહજહાંએ મિરઝા રાજા જયસિંહને સૂબેદાર બનાવીને મોકલ્યો. જયસિંહે ભારે દમન કરીને જાટોને દબાવી દીધા, એટલે મોગલ સલ્તનતના વિસ્તારમાં અને આધારમાં મહારાજા જયસિંહનો મોટો ફાળો ગણાય છે. મોગલ સત્તાના દમનકારી વ્યવહારથી જાટો ત્રાસી ગયા. તેમણે પોતાનું સંગઠન બનાવ્યું અને તિલપત ગામના જાગીરદાર ગોકુલા જાટને નેતા બનાવ્યો. ગોકુલા જાટે જાટોને તથા બીજી બધી કોમોને સંગઠિત કરીને મહાશક્તિ ઊભી કરી. બધા માણસોમાં સંગઠનશક્તિ નથી હોતી. જેનામાં આવી શક્તિ હોય એ જ સફળ નેતા થઈ શકે. ગોકુલા ઉપર આક્રમણ કરવા ઔરંગઝેબે સેનાપતિ અબ્દુલ નબીખાંને મોકલ્યો, પણ ગોકુલાએ સામનો કરીને નબીખાંને મારી નાખ્યો. એટલું જ નહિ, મોગલ સેનાની બધી વસ્તુઓ લૂંટી લીધી. તથા સાદાબાદ ગામને બાળી મૂક્યું. તેની સફળતાથી છંછેડાઈને ઔરંગઝેબ તેની સાથે યુદ્ધ કરવા વિશાળ સેના લઈને આવી પહોંચ્યો. ઔરંગઝેબની વિશાળ સેના આગળ જાટો કશા હિસાબમાં ન હતા. તેથી જાટોની સ્ત્રીઓએ જૌહરવ્રત ધારણ કરી પોતાનું શિયળ બચાવવા અગ્નિપ્રવેશ કરી લીધો. બીજી તરફ જાટોએ કેસરિયાં કરીને મોગલસેના ઉપર આક્રમણ કરી દીધું. ઘનઘોર યુદ્ધ થયું. આ યુદ્ધ રાજપૂતશૈલીનું હતું. મરાઠાશૈલી એટલે શિવાજીશૈલીનું ન હતું. રાજપૂતો હારી જવાની ખાતરી થાય એટલે એક તરફ રાજપૂતાણીઓ જૌહર કરે અને બીજી તરફ પુરુષો કેસરિયાં કરે. આ રીતે રાજપૂતબીજ અર્થાત્ રોયલબ્લડ સમાપ્ત થઈ જાય. તેથી દુશ્મનને તો ફાયદો જ ફાયદો થાય. શિવાજી મહારાજે મરાઠાશૈલી યુદ્ધ વિકસાવ્યું. તેમાં હારવાનું લાગે તો ચૂપચાપ યુક્તિ-પ્રયુક્તિ કરીને ભાગી જવાનું અને પછી સંગઠિત થઈને ફરી-ફરીને પાછો હુમલો કરવાનો! પોતાની જાતને બચાવવી બહુ જરૂરી છે, તેવું શિવાજી મહારાજ અનેક વાર બતાવી ચૂક્યા છે.

જાટ યુદ્ધમાં મોગલો જીત્યા અને ગોકુલા જાટને જીવતો પકડી આગ્રા લઈ ગયા, તેને ઔરંગઝેબે હુકમ કર્યો કે જો તું ઇસ્લામ સ્વીકારી લે તો તને માફ કરી દેવામાં આવશે. ઔરંગઝેબે જોયું કે આવો વીર પુરુષ જો મારી સેનામાં હોય તો મને ઘણો લાભ થાય. આવું વિચારીને ગોકુલાને ધર્મ બદલવા માટે ઘણી લાલચો આપવામાં આવી, પણ ગોકુલો જાટ ટસથી મસ ન થયો. ઔરંગઝેબે તેનાં અંગો કાપી-કાપીને રિબાવી-રિબાવીને તેને મારી નાખ્યો. આ રીતે ઔરંગઝેબ પકડાયેલા દુશ્મનો પ્રત્યે ઘોર અસહિષ્ણુ અને અનુદાર હતો. મથુરા અને આજુબાજુના લોકોએ ગોકુલા જાટની પ્રતિમા મથુરા કે યોગ્ય જગ્યાએ મૂકવી જોઈએ. આ વીર પુરુષે જાટસમાજને જગાડવા તથા મોગલો સામે પ્રતિકાર કરવા ભારે મહેનત કરી હતી. આવા મહાન પૂર્વજને જાટ-સમુદાય વીસરી શકે નહિ. તેની સ્મૃતિમાં જાટક્ષેત્રોમાં કંઈનું કંઈ યોગ્ય નિર્માણ થવું જ જોઈએ.

તા. ૨૨/૮/૨૦૨૦

૨૨

શિવાજી મહારાજનો રાજ્યાભિષેક

જીવનમાં કમાવવા જેવી ત્રણ વસ્તુ છે ઃ

(૧) પૈસો, (૨) સત્તા અને (૩) પ્રતિષ્ઠા

આ ત્રણેયમાંથી જેણે એક પણ કમાણી ન કરી હોય તેનો સંસાર તેજસ્વી નથી હોતો.

(૧) પૈસો પ્રારબ્ધથી અને પુરુષાર્થથી મળતો હોય છે. એકલું પ્રારબ્ધ નહિ તેમજ એકલો પુરુષાર્થ પણ નહિ. આ બંનેનો મેળ થતો હોય છે ત્યારે પૈસો પ્રાપ્ત થતો હોય છે. જે લોકો પૈસો કમાઈ જ ન શક્યા તેમનું જીવન દરિદ્રતાભર્યું વીતતું હોય છે અને દરિદ્રતા ઘોર દુઃખનું કારણ છે. વ્યક્તિએ પોતાના સામર્થ્ય પ્રમાણે પૈસો કમાવવાનો ભરપૂર પ્રયત્ન કરવો જોઈએ. પૈસો હાથનો મેલ છે અને બધા અનર્થોનું મૂળ છે એવું માનીને પૈસાનો ત્યાગ ન કરવો જોઈએ. પૈસાના ત્યાગી લોકો કરતાં પૈસાનો સદુપયોગ કરનારા ઘણા મહાન હોય છે. લક્ષ્મીનો જડતાપૂર્વકનો ત્યાગ એ વાંઝિયો ત્યાગ છે. જ્યારે લક્ષ્મીનો સદુપયોગ કરીને માનવતા, રાષ્ટ્ર અને સમાજ માટે તેનો યોગ્ય ઉપયોગ કરનારા લોકો સાચા ત્યાગી થતા હોય છે. તેમના ત્યાગથી કેટલાયને નવું જીવન મળતું હોય છે. ધનનો ત્યાગ નહિ, પણ ધનનો સદુપયોગ જ સાચો જીવનમાર્ગ કહેવાય.

(૨) જીવનમાં સત્તા પણ પ્રાપ્ત કરવી જોઈએ. આમ જુઓ તો લગભગ બધાં ક્ષેત્રોમાં કોઈ ને કોઈ શાસક હોય જ છે. ધાર્મિક ક્ષેત્રમાં પણ ભલે ત્યાગની ગમે તેટલી ઊંચી વાતો કરવામાં આવે, પણ તેમાં પણ એવા પદો હોય છે જે પદો ઉપર બેસીને ત્યાગીઓ શાસક બનતા હોય છે. જેમ કે, મહંત, મંડલેશ્વર, આચાર્ય, ગુરુ, પરમગુરુ વગેરે વગેરે. આ બધાં પદોની ગાદીઓ ઉપર હોય છે અને આવી ગાદીઓ ઉપર બેસવા માટે ત્યાગીઓમાં પણ ભારે સ્પર્ધા ચાલતી હોય છે. જે ગાદીપતિ બને છે એ શાસક બને છે અર્થાત્ તેના હાથમાં સત્તા આવે છે. જે નથી બની શકતા ને સત્તા વિનાના થઈને શાસકને આધીન જીવે છે. આવી આધીનતા કેટલીક વાર કોઈ ને કોઈ પ્રકારની ગુલામી બની જતી હોય છે. જે કોઈને ગમતી નથી. પણ શક્તિ ન હોવાથી ધાર્મિકક્ષેત્રમાં પણ આવી ગુલામી ઘણાને ભોગવવી પડતી હોય છે. ખરી સત્તા રાજકીય ક્ષેત્રની હોય છે. પહેલાં જ્યારે રાજાશાહી હતી, ત્યારે વંશપરંપરાથી આવી સત્તા પ્રાપ્ત થઈ જતી. જોકે તેમાં પણ ઘણી ખટપટો અને ઘણા સંઘર્ષો થતાં. તોપણ વંશપરંપરાની આવી સત્તા સહજ રીતે વારસદારને મળી જતી. લોકશાહી આવ્યા પછી રાજાશાહી તો સમાપ્ત થઈ ગઈ. હવે વારસદારોને સત્તા મળી જ જાય તેવો નિયમ રહ્યો નહિ. હવે નાનાં-મોટાં પદો માટે ચૂંટણી થતી હોય છે. આવી ચૂંટણીમાં બહુમતીથી ચૂંટાય તેને સત્તાનું પદ મળતું હોય છે. ગામના સરપંચથી માંડીને પ્રધાનમંત્રી અને રાષ્ટ્રપતિ સુધીનાં બધાં પદો આવી રીતે ભરાતાં હોય છે, એટલે ચ ંટણી લડવા માટે લોકો પડાપડી કરતાં રહે છે. જોકે ચૂંટણીમાં ઊભા રહેનારા બધા માણસોને સફળતા મળતી નથી. તોપણ જેને સફળતા મળે છે તે વિજયી વ્યક્તિના હાથમાં સત્તાનાં ઘણાં સૂત્રો આવી જાય છે. તેથી તે વધુ શક્તિશાળી બની જાય છે.

(૩) માનો કે કોઈ વ્યક્તિ અઢળક ધન કમાઈ અને તેણે મોટી સત્તા પણ પ્રાપ્ત કરી લીધી, તોપણ તે પ્રતિષ્ઠા ન કમાઈ શકી. ધન અને સત્તા પ્રતિષ્ઠા અપાવે અને બદનામી પણ અપાવે. કેટલીક વાર એવું પણ બને કે મોટો ધનાઢ્ય માણસ અને મોટો સત્તાધીશ માણસ પ્રજામાં પ્રતિષ્ઠાની દૃષ્ટિએ કોડીનો હોય! તેમની કમાણીઓ ધૂળ જેવી થઈ ગઈ કહેવાય. એટલે પૈસો, સત્તા બંનેની સાથે લોકપ્રતિષ્ઠા પણ મેળવવી જોઈએ. લોકપ્રતિષ્ઠા લોકોનું ભલું કરવાથી, ખાસ કરીને લોકોના પ્રશ્નો ઉકેલવાથી મળતી હોય છે. પૈસો અને સત્તામાં ઘણા પ્રશ્નો ઉકેલવાનું સામર્થ્ય હોય છે એટલે કે વ્યક્તિ આવા સામર્થ્યનો ભરપૂર સદુપયોગ કરે તો લોકપ્રતિષ્ઠા પણ પ્રાપ્ત કરતી હોય છે. પોતાના સામર્થ્યનો સદુપયોગ કરવો એ જ સાધના અથવા ઉપાસના કહેવાય. જે લોકો સામર્થ્ય વિનાના થઈને જીવન જીવે છે પછી લોકોના કોઈ પ્રશ્નો ઉકેલતા નથી. નિષ્ક્રિય થઈને `રોટલાતોડ' જીવન જીવે છે. તે ભલે પોતાને ત્યાગી સમજતા હોય અથવા ત્યાગી કહેવડાવતા હોય, પણ ખરેખર તો તેમનું જીવન અર્થહીન, નિરૂપયોગી જ કહેવાય. વ્યક્તિનું મૂલ્ય તેની ઉપયોગિતાથી થવું

જોઈએ. પરમેશ્વરે એવી રચના કરી છે કે કોઈ પણ વ્યક્તિ સંપૂર્ણ શક્તિહીન હોતી જ નથી. પ્રત્યેક વ્યક્તિમાં કોઈ ને કોઈ પ્રકારની શક્તિ હોય જ છે. જો તેને તેનો ઉપયોગ કરતાં ન આવડે તો તેમાં દોષ તેનો જ કહેવાય.

આપણે લોકચાહના અથવા લોકપ્રતિષ્ઠાની વાત કરવાની છે. પ્રતિષ્ઠા બહુમુખી હોય છે. તેમાં રાજકીય પ્રતિષ્ઠા, ધાર્મિક પ્રતિષ્ઠા અને સામાજિક પ્રતિષ્ઠા સૌથી મહત્ત્વનું સ્થાન ધરાવે છે. જે પરાક્રમી અને મહત્ત્વાકાંક્ષી લોકો હોય છે તેમની રાજકીય પ્રતિષ્ઠા વધતી હોય છે. જે લોકો ધાર્મિક અને આધ્યાત્મિક ક્ષેત્રમાં ઊંચી કક્ષા ધરાવતા હોય છે તેમની ધાર્મિક પ્રતિષ્ઠા થતી હોય છે અને જે લોકો પોતપોતાના સમાજમાં મહત્ત્વનું કામ કરતા હોય છે તેમની સામાજિક પ્રતિષ્ઠા થતી હોય છે. આવાં બધાં પ્રતિષ્ઠાનાં સ્થાનો પ્રાપ્ત કરનારા પોતાના જીવનને ધન્ય-ધન્ય માનતા હોય છે. જોકે આ બધી પ્રતિષ્ઠાઓ સાચી પણ હોય છે અને ખોટી પણ હોય છે. તોપણ આ પ્રતિષ્ઠાઓનું સાંસારિક જીવન ઉપર ભારે વજન પડતું હોય છે.

મૂળ વાત ઉપર પાછા આવીએ. મહરાજા શિવાજી આગ્રામાંથી ચતુરાઈપૂર્વક છટકીને પાછા પોતાના કિલ્લા રાયગઢ આવીને સમય વીતાવી રહ્યા હતા. તેમણે પોતાનું રજવાડું ઊભું કરી દીધું હતું અને પૂરેપૂરી રાજ્યવ્યવસ્થા પણ સ્થાપિત કરી દીધી હતી. તોપણ બાદશાહો, સુલતાનો અને હિંદુ મહારાજાઓમાં તેમની છાપ લૂંટારા તરીકેની હતી. બધા એવું માનતા કે શિવાજી મહારાજ લૂંટારા છે અને લૂંટી-લૂંટીને ધન ભેગું કરે છે. આમ તેમની પાસે પૈસો અને સત્તા આવ્યાં હોવા છતાં રાજકીય પ્રતિષ્ઠા પ્રાપ્ત ન હતી. તેથી તેમણે નક્કી કર્યું કે હવે મારે શાસ્ત્રોક્ત વિધિથી ચક્રવર્તી રાજાનું પદ પ્રાપ્ત કરવું, જેથી રાજસમૂહમાં મારી છાપ સુધરે અને મને પૂરેપૂરું માન-સન્માન પ્રાપ્ત થાય. શિવાજી મહારાજ ધર્મશાસ્ત્ર પ્રમાણે રાજવ્યવસ્થા ગોઠવવા માગતા હતા. હિંદુ ધર્મમાં રાજાને સર્વોચ્ચ સ્થાન અપાયું છે. રાજા જ પ્રજાનું તથા ધર્મનું રક્ષણ કરે અને અપરાધીઓને દંડ આપે. જે રાજા જ ન હોય તેને આવો અધિકાર મળે નહિ. આવી લોકધારણા હોવાથી શિવાજી મહરાજે પોતાનો ભવ્ય રાજ્યાભિષેક કરાવવાનું નક્કી કર્યું.

એક બીજી વાત પણ ધ્યાનમાં રાખવા જેવી છે. આપણા સમાજોમાં એક જ જ્ઞાતિમાં ઊંચા-નીચા સમાજો રહેતા હોય છે અને તેથી ઊંચા સમાજો નીચા ગણાતા સમાજોને પ્રતિષ્ઠા આપતા નથી. શિવાજી મહારાજ ભોંસલે સમાજમાંથી આવતા હતા અને મહારાષ્ટ્રના મરાઠા સમાજોમાં ભોંસલે સમાજને બહુ ઊંચું સ્થાન મળતું ન હતું. તેથી પણ રાજ્યાભિષેકની જરૂર હતી. શિવાજી મહારાજની ચડતી દશા જોઈને તેમના સમાજના કેટલાક સરદારો તેમની ઈર્ષ્યા કરતા હતા. લગભગ પ્રત્યેક વ્યક્તિને આવી સ્થિતિનો સામનો કરવો પડતો હોય છે. પોતાના જ સમાજના ઈર્ષાળુ લોકો વિરોધ કરીને પગ ખેંચવાના પ્રયત્નો કરતા હોય છે, એટલે કે પોતાના સમાજમાં ઊંચી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા માટે રાજ્યાભિષેક જરૂરી લાગ્યો.

મહારાજે મહારાષ્ટ્રના વિદ્વાન બ્રાહ્મણોને બોલાવીને પોતાની વાત કરી. વિદ્વાન બ્રાહ્મણોએ નિર્ણય આપ્યો કે શિવાજી ક્ષત્રિય નથી, પણ ક્ષુદ્ર કિસાનપુત્ર હોવાથી તેમનો રાજ્યાભિષેક થઈ શકે નહિ. ત્યારે વર્ણવ્યવસ્થાનું ભારે પ્રચલન હતું અને વર્ણવ્યવસ્થાની બધી સત્તા બ્રાહ્મણો પાસે રહેતી. મુસ્લિમોમાં જેમ મૌલાનાઓ ફતવો આપે છે, તેમ તે સમયના બ્રાહ્મણો બધા નિર્ણયો કરતા અને તે બધાંને માન્ય રહેતા.

બ્રાહ્મણોના આવા નિર્ણયથી મહારાજા નિરાશ ન થયા. તેમણે પોતાના મંત્રીઓને કાશી મોકલ્યા. કાશીમાં ગાગા ભટ્ટ નામના એક મહાન વિદ્વાન રહેતા હતા. તેણે ઘણા રાજા-મહારાજાઓના રાજ્યાભિષેક કરાવ્યા હતા. આ ગાગા ભટ્ટ ઉદાર વિચારધારા ધરાવતા હતા. પ્રત્યેક સમયમાં બે વિચારધારાઓ હોય છે ઃ રૂઢિવાદીઓની અને બીજી સુધારાવાદીઓની. રૂઢિવાદીઓ જૂની વાતોને મંકોડાની માફક પકડીને જૂની વ્યવસ્થા સ્થાપિત કરવા મથતા રહેતા

હોય છે, જ્યારે સુધારાવાદીઓ યુગ પ્રમાણે નવીન વિચારધારા સ્થાપિત કરી સમાજને પ્રગતિશીલ બનાવવા મથતા હોય છે. ગાગા ભટ્ટે જોયું કે અત્યારે હિંદુ ધર્મનું રક્ષણ કરનાર સૌથી કોઈ મોટો નેતા હોય તો તે શિવાજી મહારાજ છે. આવા શિવાજી મહારાજનો રાજ્યાભિષેક ન થાય તો પછી કોનો થાય? તેમણે ભારે પુરુષાર્થ કરીને શિવાજી મહારાજની વંશાવલી શોધી કાઢી અને સિદ્ધ કર્યું કે શિવાજી મહારાજ મેવાડના સિસોદિયા વંશના શુદ્ધ ક્ષત્રિય છે. ભલે તેમના પૂર્વજો કિસાન હોય, પણ તેથી તે શૂદ્ર થઈ જતા નથી. સમય પ્રમાણે તેમને જનોઈ અપાઈ ન હોય તોપણ તે શૂદ્ર થઈ જતા નથી. તે ક્ષત્રિય જ છે. આવો નિર્ણય આપ્યો.

જેમ સુપ્રીમ કૉર્ટના કેટલાંક જજમેન્ટો ઐતિહાસિક બની જતાં હોય છે, તેમ ધર્મશાસ્ત્રીઓના પણ કેટલાક નિર્ણયો યુગાન્તરકારી બનતા હોય છે. જે લોકો જુનવાણી હોય છે. તેના જૂના કાળની સાથે જૂના થઈને મરી જતા હોય છે. આ રીતે ગાગા ભટ્ટે શિવાજી મહારાજને શુદ્ધ ક્ષત્રિય ઘોષિત કર્યા એટલે રાયપુરમાં આનંદની લહેર છવાઈ ગઈ. એવું કહેવાય છે કે કાશીથી મહારાષ્ટ્ર આવવા માટે શિવાજી મહારાજે ગાગા ભટ્ટને ઘણી સગવડો આપી. સામે ચાલીને તેમનો સત્કાર કર્યો. આ સમયે માતા જીજાબાઈ એંશી વર્ષનાં થઈ ગયાં હતાં. તેમના આનંદનો પાર ન રહ્યો. મહારાજની કુળદેવી તુળજા ભવાની હતાં. મહારાજે માતાજીને પગે લાગીને સવામણ સોનાનું છત્ર ચડાવ્યું અને બ્રાહ્મણોને પુષ્કળ દાન-દક્ષિણા આપ્યાં. ભરપૂર દાન દક્ષિણા આપવા છતાં કેટલાક બ્રાહ્મણોને સંતોષ ન થયો. તેમણે નારાજગી વ્યક્ત કરી. તેમનું કહેવું હતું કે મહારાજે ઘણાં નગરો બાળ્યાં છે. અને ઘણા લોકોને લૂંટ્યા છે. એટલે આટલા દાનથી તે પાપમુક્ત થઈ શકે નહિ. મહારાજે તેમની વાત માનીને ભરપૂર દક્ષિણા આપી. તેમને રાજી કર્યા. રાજ્યાભિષેકમાં આખા ભારતના રાજા-મહારાજાઓ તો આવ્યા જ હતા. ઈસ્ટ ઇન્ડિયા કંપનીના પ્રતિનિધિ હેનરી ઓક્સિન્ડન પણ આવ્યા હતા. બધાએ મહારાજનો જયજયકાર કર્યો. મહારાજે પોતાના નામના સિક્કા ઢાળ્યા અને પોતાના નામનો સંવત્સર પણ ચલાવ્યો. આ રીતે હવે શિવાજી મહારાજનાં રાજકીય પ્રતિષ્ઠા તથા મહિમા સ્થાપિત થઈ ગયાં. હવે તે `છત્રપતિ શિવાજી મહારાજ' બની ગયા હતા. આમ થવાથી બાકીનાં રજવાડાં તથા મોગલોમાં પણ તેમનો દરજ્જો ઊંચો થઈ ગયો.

તા. ૨૩/૮/૨૦૨૦

બ્લૂ પ્રિન્ટ બદલવાની જરૂર

વિશ્વના બધા મોટા ધર્મો પોતપોતાના અનુયાયીઓની સંખ્યા વધારવામાં લાગેલા રહે છે અને તેમાં સફળતા પણ પ્રાપ્ત કરે છે. સૌથી વધુ સફળતા ઇસ્લામ અને ખ્રિસ્તી ધર્મને મળી છે. આ બંને ધર્મો જોત-જોતામાં વિશ્વભરમાં ફેલાઈ ગયા છે. આમ જુઓ તો લોકો એવું કહેતા હોય છે કે જેને જે ધર્મ પાળવો હોય તે પાળે. તેથી કશું બગડતું નથી. પણ ખરી વાત એ છે કે ધર્મશક્તિ રાજ્યશક્તિની નિર્માતા બની જતી હોય છે. ધર્મ એક શક્તિ બને છે અને તેમાંથી રાજશક્તિ નિર્મિત થતી હોય છે, એટલે ધર્મ, રાષ્ટ્ર અને રાજાનો પણ નિર્માતા થઈ જતો હોય છે. આ વાત હિંદુ ધર્મના ધર્મગુરુઓને ન સમજાઈ. જેથી તેમણે હિંદુ ધર્મને વધુ ને વધુ વ્યાપક બને તેવા પ્રયત્નો તો ન જ કર્યા પણ તે વધુમાં વધુ ક્ષયશીલ થઈ જાય તેવા પ્રયત્નો ભરચક કરતા રહ્યા. જેના પરિણામે દિવસ ઊગે છે અને હિંદુ જનસંખ્યા ઘટે છે. દિવસ આથમે છે અને હિંદુઓ થોડીઘણી ભૂમિ ગુમાવીને પાછા હટે છે. આવું સદીઓથી ચાલતું રહ્યું છે. હિંદુ રાષ્ટ્રો સંકુચિત થતાં ગયાં છે. આપણે દૂર-દૂર પશ્ચિમમાં અફઘાનિસ્તાન, પાકિસ્તાન, બલૂચિસ્તાન જેવા પ્રદેશો ઉપર રાજ કરતા હતા અને પૂર્વમાં બંગાળ, આસામ, બર્મા, ઇન્ડોનેશિયા, મલેશિયા વગેરે પ્રદેશો ઉપર પણ હિંદુરાજ હતું, પણ ધાર્મિક ક્ષયરોગને કારણે આ બધા પ્રદેશો ગુમાવી દીધા છે. મોટા ભાગે હવે ત્યાં ઇસ્લામિક રાજ્યો બની ગયાં છે. આપણને આપણી ભૂલ સમજાતી નથી અને કોઈને સમજાય છે તો સ્વીકારાતી નથી. તેનું આ પરિણામ કહેવાય. આપણે નવા-નવા અનુયાયી શોધતા તો નથી જ પણ જે લોકો જોર-જબરદસ્તીથી ધર્માંતરિત થઈ ચૂક્યા હોય અને ફરી પાછા પોતાના મૂળ હિંદુ ધર્મમાં આવવા માગતા હોય તેને પણ સ્વીકારી શકતા નથી અને કદાચ સ્વીકારવામાં આવે તો તેને પચાવી શકતા નથી. આ આપણા ક્ષયરોગનું મૂળ કારણ છે. મહારાજા છત્રપતિ શિવાજી મહારાજે ખાસ કરીને તેમની માતા જીજાબાઈએ જે ભૂલ ધર્મગુરુઓ સુધારી ન શક્યા તે તેમણે તે સમયમાં સુધારી બતાવી હતી.

શિવાજી મહારાજના સમયમાં બહુ મહત્ત્વપૂર્ણ ઊંચું સ્થાન ધરાવનારા તેમના ત્રણ-ચાર સરદારો હતા. જેમાંના એક હતા નેતાજી પાલકર, નેતાજી પાલકર એટલા બધા મહાન હતા કે લોકો તેમને દ્વિતીય શિવાજી કહેવા લાગ્યા હતા. બન્યું એવું કે ૧૦ નવેમ્બર, ૧૬૫૯ના રોજ શિવાજી મહારાજે બીજાપુરના સેનાપતિ અફઝલખાંનો વધ કરી નાખ્યો હતો. આ વધમાં મહત્ત્વનો ભાગ ભજવનાર નેતાજી પાલકર અને બ્રાહ્મણ પેશ્વા મોરોપંત સાથે હતા. નેતાજી અને શિવાજીની જોડી બરાબર જામતી હતી, પણ ૧૬૬૫માં જ્યારે શિવાજી મહારાજે મિરઝા રાજા જયસિંહ સાથે પુરંદરની સંધિ કરી અને ઔરંગઝેબને મળવા આગ્રા જવાનું સ્વીકાર્યું તથા ઔરંગઝેબની સર્વોપરિતા સ્વીકારવાની વૃત્તિ બતાવી ત્યારે નેતાજી પાલકરને આ સંધિ ગમી નહિ. તે કોઈ પણ ભોગે ઔરંગઝેબના શરણે જવા તૈયાર ન હતા. તેથી તે શિવાજી મહારાજનો સાથ છોડીને બીજાપુરના સુલતાનની નોકરી કરવા ચાલ્યા ગયા. ત્યારે મોટા ભાગે મરાઠા સરદારો આ રીતે અવાર-નવાર જુદા-જુદા નવાબો, સુલતાનો કે બાદશાહોને સાથ આપીને તેમની નોકરી કરવા રહેતા હતા.

જ્યારે મિરઝા રાજા જયસિંહને આ સમાચાર મળ્યા ત્યારે તેમણે નેતાજીને લલચાવીને પોતાના પક્ષમાં ભેળવી દીધા. હવે તે મોગલ સરદાર બની ગયા હતા. જ્યારે શિવાજી મહારાજ આગ્રામાંથી ઔરંગઝેબની કેદમાંથી ભાગી છૂટ્યા હતા ત્યારે ઔરંગઝેબે દક્ષિણના સૂબેદાર જયસિંહને હુકમ કર્યો કે તે નેતાજી પાલકરને છળકપટ કરીને કેદી બનાવીને દિલ્હી મોકલી દે. મોગલ સરદાર બનેલા નેતાજીને છળકપટ કરીને જયસિંહે કેદી બનાવી દીધો અને તેને

ઔરંગઝેબ પાસે દિલ્હી મોકલી દીધો. ઔરંગઝેબે નેતાજી આગળ પ્રસ્તાવ મૂક્યો કે તું મુસલમાન થઈ જા અને મોગલ સલ્તનતની સેવા કર. જો તું મુસલમાન નહિ થાય તો તારી હત્યા કરી નાખવામાં આવશે. નેતાજીએ વિચાર કર્યો કે મરી જવું તેના કરતા મુસલમાન થઈને જીવતા રહેવું સારું છે. તેથી તેમણે અનિચ્છાએ પણ ઇસ્લામ સ્વીકાર કરી લીધો. ઔરંગઝેબે મુસલમાન બનેલા નેતાજીનું નામ મહોમ્મદ કુલીખાં રાખ્યું. એટલું જ નહિ, તેની સાથે ઉચ્ચ કુળની મુસ્લિમ યુવતીને પરણાવી દીધી. જેવી વૈવાહિક સંબંધોમાં ઉદારતા મુસ્લિમો બતાવે છે તેવી આપણે બતાવી શકતા નથી. રોટી-વ્યવહારમાં તો ઉદાર છે જ પણ બેટી-વ્યવહારમાં પણ તે ઘણા ઉદાર છે. શરત એટલી કે જમાઈ થનારો બિનમુસ્લિમ મુસ્લિમ થઈ જાય તો. આ રીતે કુલીખાં બનેલા નેતાજીને ઔરંગઝેબે અફઘાનિસ્તાન મોકલી દીધો. અફઘાનિસ્તાનમાં સતત યુદ્ધ ચાલ્યા કરતું. ત્યાંના પઠાણો કોઈની પણ આધીનતા સ્વીકાર કરતા નહિ. તેથી સતત લડ્યા કરતા. એટલે દિલ્હીમાં જ્યારે પણ કોઈ મોટા સરદારને દંડ દેવો હોય અથવા તેનો કાંટો કાઢવો હોય ત્યારે તેને અફઘાનિસ્તાનના મોરચે મોકલી દેવામાં આવતો. નેતાજી પાલકર આઠ વર્ષ સુધી અફઘાનિસ્તાન રહ્યા. અને મોગલો તરફથી પઠાણોનું દમન કરતા રહ્યા. શિવાજી મહારાજ આગ્રામાંથી ભાગીને પાછા રાયગઢ પહોંચ્યા હતા અને ફરીથી પોતાના રાજ્યનો વિસ્તાર કરી રહ્યા હતા. તે વાત પહેલાં આવી ગઈ. તેમના ભાગવામાં જયસિંહનો અને તેમના પુત્ર રામસિંહનો હાથ હતો. તેવું માનીને ઔરંગઝેબે જયસિંહ પાસેથી દક્ષિણની સૂબેદારી છીનવી લીધી. તેની જગ્યાએ શાહજાદા મુઅજ્જમને સૂબેદાર બનાવ્યો અને જયસિંહને આગ્રા બોલાવી લીધો. આ વાત પહેલાં આવી ગઈ છે.

દક્ષિણનું તંત્ર સંભાળવા મુઅજ્જમ ઢીલો પડતો હતો. તેથી તેની સાથે મહારાજા જશવંતસિંહ તથા દિલેરખાંને પણ મોકલવામાં આવેલા, આટલું હોવા છતાં પણ શિવાજી મહારાજ ઉપર નિયંત્રણ થઈ શકતું ન હતું. તેથી ઔરંગઝેબને દક્ષિણની ભારે ચિંતા રહેતી હતી. આવા સમયે ઔરંગઝેબને થયું કે જો નેતાજી પાલકર અર્થાત્ કુલીખાંને દક્ષિણમાં મોકલવામાં આવે તો તે, તે ભૂમિનો ભોમિયો હોવાથી શિવાજી મહારાજ ઉપર નિયંત્રણ કરી શકે. આવું વિચારીને અફઘાનિસ્તાનથી કુલીખાંને બોલાવીને દક્ષિણ જવા હુકમ કર્યો. અફઘાનિસ્તાનનાં જળ-વાયુ તથા પહાડી પ્રદેશ અને પઠાણોના ત્રાસથી નેતાજી પાલકર અર્થાત્ કુલીખાં કંટાળી ગયા હતા. તેમને દક્ષિણ જવાનું વધુ ગમ્યું. કુલીખાંની સાથે દિલેરખાંને પણ મોકલવામાં આવ્યો, જેથી બંને સેનાપતિઓ શિવાજી મહારાજ ઉપર નિયંત્રણ કરી શકે. ત્યારે શિવાજી સતારામાં રહેતા હતા. દક્ષિણનો સૂબેદાર શાહજહાં મુઅજ્જમ, મહારાજા જશવંતસિંહ, સેનાપતિ દિલેરખાં, અને મોહમ્મદ કુલીખાં આ ચાર સરદારો એકસાથે ભેગા થઈ ગયા. આ ચારેએ મળીને શિવાજી મહારાજને યા તો મારી નાખવા અથવા પકડીને બંદી બનાવવાનો કારસો રચ્યો.

આવા સમયે નેતાજી પાલકરના મનમાં ઔરંગજેબ પ્રત્યે ભારે દ્વેષ ઉછાળા મારી રહ્યો હતો. તેમને પોતાની જીત ઉપર ધિક્કાર છૂટવા લાગ્યો હતો. અરેરે! પ્રાણ બચાવવા મેં ધર્મ બદલી નાખ્યો અને ધર્મદ્રોહી, રાષ્ટ્રદ્રોહી, બાદશહની નોકરી કરવા માંડી! મારાથી અધમ કૃત્ય થઈ ગયું. તેથી જો મોકો મળે તો હું ફરીથી શિવાજી મહારાજના શરણે જાઉં અને શેષજીવન મહારાજની તથા હિંદુ ધર્મની રક્ષામાં વિતાવું. આવા વિચારો તેમને આવવા લાગ્યા. એક દિવસ તેમને ભાગવાનો મોકો મળી ગયો. તે સૈનિક છાવણીમાંથી ભાગી છૂટ્યા અને સીધા શિવાજી પાસે પહોંચી ગયા. તેમને માતા જીજાબાઈ મળ્યાં. તે માતાના પગમાં પડી ગયા અને પ્રશ્ચાત્તાપ કરીને આંસુ પાડવા લાગ્યા. ત્યારે માતા જીજાબાઈએ તેમને સાંત્વના આપી. આગ્રાથી ભાગીને શિવાજી મહારાજ જ્યારે રાયગઢમાં જીજાબાઈ આગળ પ્રગટ થયા હતા અને જીજાબાઈને

જેટલો આનંદ થયો હતો તેટલો જ આનંદ જીજાબાઈને નેતાજી પાલકરને જોઈને થયો. તેમણે તરત જ નેતાજીનો મુસ્લિમવેશ કઢાવી નાખ્યો. હજામત કરાવી નાખી અને ફરીથી મરાઠા સરદાર નેતાજી પાલકરને બનાવી દીધા. એટલું જ નહિ પોતાના જ પરિવારમાંથી એક સારી કન્યાને નેતાજી સાથે પરણાવી દીધી. આ રીતે જીજાબાઈએ નેતાજીનું શુદ્ધીકરણ કરી દીધું અને રોટી-બેટીના બંને વ્યવહારો ફરીથી ચાલુ કરાવી દીધા. છત્રપતિ શિવાજી મહારાજને પણ નેતાજીના આવવાથી ઘણો આનંદ થયો. તેમને ફરીથી પોતાનો જમણો હાથ પાછો મળી ગયો હતો. આ રીતે ૧૬૭૬માં મોહમંદ કુલીખાં ફરીથી નેતાજી પાલકર બની ગયા. અને તેઓ મરણપર્યંત શિવાજી મહારાજ તથા તેમના પુત્ર સંભાજી મહારાજની સેવા કરતા રહ્યા.

જે ઉદારતા માતા જીજાબાઈ તથા શિવાજી મહારાજે કુલીખાં પ્રત્યે બતાવી તેવી ઉદારતા જો તે સમયે હિંદુ ધર્મના ધર્મગુરુઓ અને રાજા-મહારાજાઓ બતાવી શક્યા હોત તો ન પાકિસ્તાન બનત, ન કાશ્મીરનો પ્રશ્ન ગૂંચવાત. માતા જીજાબાઈ લગભગ અભણ હતાં, તોપણ તેમનામાં જે દીર્ઘદૃષ્ટિ હતી તેવી દીર્ઘદૃષ્ટિ ધર્મગુરુઓ, રાજા-મહારાજાઓ અને સમાજના નેતાઓને આજે પણ મળે તો હજી પણ ઘણું સુધરી શકે એમ છે. પણ તે માટે અનિવાર્ય શરત છે હિન્દુ ધર્મની બ્લૂ પ્રિન્ટને બદલવામાં આવે. જો ધર્મને સુધારવામાં નહિ આવે તો જે દશા પાકિસ્તાન કે બીજા પ્રદેશોમાં હિંદુઓની થઈ તે આખા ભારતમાં હિંદુઓની થઈ શકે છે.

તા. ૨૪/૮/૨૦૨૦

૨૪

પરિવાર-દ્રોહી ઔરંગઝેબ

કોઈ પણ સમર્થ વ્યક્તિ જ્યારે જીવનના બીજા કિનારે પહોંચી જાય અને તેને ખાતરી થાય કે હવે હું થોડા દિવસનો મહેમાન છું, મારી અંતિમ વિદાય નજીક આવી ગઈ છે, ત્યારે તેવી સમર્થ વ્યક્તિએ પોતાના જીવનની સફળતા અથવા નિષ્ફળતાનો હિસાબ જરૂર કરવો જોઈએ. યાદ રહે, આપણે સમર્થ વ્યક્તિની વાત કરીએ છીએ. સામર્થ્યનું મૂળ શક્તિ છે અને શક્તિ વ્યક્તિને બે રીતે મળતી હોય છે ઃ એક પ્રારબ્ધથી અને બીજી પુરુષાર્થથી આ રીતે જે શક્તિઓ મળી હોય તેનો તેણે કેટલો સદુપયોગ કર્યો અને કેટલો દુરુપયોગ કર્યો તેનો હિસાબ તેણે જાતે કરવો જોઈએ. આ બધામાં સૌથી વધુ મહત્ત્વની વસ્તુ છે કે આવી સમર્થ વ્યક્તિએ પોતાના પરિવારને કેટલું સુખ આપ્યું અથવા કેટલું દુઃખ આપ્યું. આપણે પરિવારવાદી છીએ, અને પરિવારમાં સૌથી વધુ મહત્ત્વ માતાપિતા, પત્ની અને સંતાનોનું રહેતું હોય છે.

આપણે ઔરંગઝેબનો વિચાર કરવાનો છે. તે હવે વૃદ્ધ થઈ ચૂક્યો હતો અને જીવનના બીજા કિનારે પહોંચવાની તૈયારીમાં હતો. તેને પાંચ પુત્રો અને પાંચ પુત્રીઓ હતાં. પુત્રોનાં નામ આ પ્રમાણે છે ઃ (૧) મહમ્મદ સુલતાન (૨) મુઅજ્જમ શાહ (૩) આઝમશાહ (૩) મોહમ્મદ અકબર તથા મોહમંદ કામબક્ષ. ઔરંગઝેબની પાંચ પુત્રીઓનાં નામ ઃ (૧) જેબ ઉન નિશા, (૨) ઝિન્નત ઉન નિશા, (૩) બદર ઉન નિશા (૪) જબ્દલ ઉન નિશા અને (૫) મહેર ઉન નિશા.

ઔરંગઝેબ જ્યારે બાદશાહ બન્યો ત્યારે સૌથી પહેલું કામ મોટા શાહજાદા મોહમ્મદ સુલતાનને જેલમાં નાખી દેવાનું કર્યું. સોળ વર્ષ સુધી તે જેલમાં સડતો રહ્યો અને અંતે જેલમાં જ મરી ગયો. બાદશાહના શાહજાદા થવાનું તેને આવું પરિણામ મળ્યું. ઔરંગઝેબનો બીજો પુત્ર મોહમંદ મુઅજ્જમ શાહ સાત વર્ષ સુધી ઔરંગઝેબની જેલમાં રહ્યો અને ઔરંગઝેબના મૃત્યુ પછી ચોસઠ વર્ષની આયુમાં તે બાદશાહ બન્યો. ત્રીજા પુત્ર આઝમને તેના ભાઈ મુઅજ્જમએ મારી નાખ્યો હતો, કારણ કે બાદશાહ બનવામાં તે આડો આવતો હતો. ઔરંગઝેબનો ચોથો પુત્ર મોહંમદ અકબર. વિદ્રોહી બનીને ઈરાન ભાગી ગયો. નવાઈ તો જુઓ કે તેનાં બાળકોને રાજપૂતોએ પાળીપોષીને મોટાં કર્યાં. ઔરંગઝેબનો પાંચમો પુત્ર કામબક્ષ. મુઅજ્જમની સાથે થયેલા યુદ્ધમાં માર્યો ગયો. આ રીતે ઔરંગઝેબના પાંચેય શાહજાદાઓ દુર્ભાગી નીવડ્યા.

ઔરંગઝેબની પાંચ શાહજાદીઓમાંથી સૌથી મોટી જેબુન્નિશાને ઔરંગઝેબે જેલમાં નાખી દીધી હતી. તે વીસ વર્ષ સુધી જેલમાં રહી. તેની પૂરી જવાની જેલમાં વીતી ગઈ અને અંતે જેલમાં જ મરી ગઈ. ઔરંગઝેબની બીજી પુત્રી ઝિન્નત ઉન નિશા. શિવાજીના પુત્ર સંભાજી ઉપર મોહી પડી હતી. અને તેની સાથે લગ્ન કરવા માગતી હતી, પણ ઔરંગઝેબે સંભાજીના ટુકડે-ટુકડા કરી નાખ્યા. તેથી તે જીવનભર કુંવારી રહી. ઔરંગઝેબની ત્રીજી પુત્રી બદર ઉન નિશા. બાવીસ વર્ષની ભરજુવાનીમાં લગ્ન કર્યા વિના જ મરી ગઈ. ચોથી પુત્રી જુબ્દન નિશા દારાસિકોહ પુત્ર સિપકોરસિકોહ સાથે પરણાવવામાં આવી, પણ તેને કોઈ સંતાન ન થયું. અને તે પંચાવન વર્ષની ઉંમરમાં મરી ગઈ. ઔરંગઝેબની પાંચમી પુત્રી મહેર ઉન નિશાના લગ્ન સગા કાકા મુરાદબક્ષના પુત્ર ઇજમદબક્ષ મિરઝા સાથે થયાં હતાં. તે પણ ૪૪ વર્ષની ઉંમરે મૃત્યુ પામી. તેનો પતિ પણ મૃત્યુ પામી ગયો. આમ દસે-દસ સંતાનો દુર્ભાગી નીવડ્યાં.

ઔરંગઝેબનો સૌથી મોટો પુત્ર મોહમ્મદ સુલતાન હતો. મોહમ્મદ સુલતાનનાં લગ્ન મોહમંદશાહ પહેલવી જે ગોલકૂંડાનો નવાબ હતો અને હૈદરાબાદનો સુલતાન હતો. તેની પુત્રી

સાથે થયાં હતાં. કહેવાય છે કે ૧૬૫૬માં સુન્ની મુસલામાન ઔરંગઝેબ દક્ષિણનો સૂબેદાર હતો ત્યારે તેણે ગોલકૂંડાના સુલતાન અબ્દુલ્લા કુતુબશાહને કેદ કરી લીધો હતો, જે શિયા મુસલમાન હતો. કુતુબશાહની માતાને ચિંતા થઈ કે ઔરંગઝેબ મારા પુત્રને મારી નાખશે. કારણ કે શિયા-સુન્ની વચ્ચે કટ્ટર દુશ્મની હતી. તેથી માતા હયાતબક્ષી બેગમ હિંમત કરીને ઔરંગઝેબને મળવા તેના શિબિરમાં ગઈ. તેણે એક કરોડ રૂપિયા નજરાણામાં આપ્યા તથા પોતાની એક પૌત્રીનાં લગ્ન ઔરંગઝેબના શાહજાદા સાથે કરવાનું વચન આપ્યું. ઔરંગઝેબે કુતુબશાહને મુક્ત કર્યો તો કુતુબશાહે જાહેરાત કરી કે મારી દીકરી સાથે ઔરંગઝેબનો જે દીકરો લગ્ન કરશે તે ભવિષ્યમાં ગોલકૂંડાનો સુલતાન થશે. ઔરંગઝેબે આ પ્રસ્તાવ સ્વીકારી લીધો, કારણ કે કુતુબશાહને કોઈ પુત્ર ન હતો. એટલે વગર યુદ્ધે ગોલકૂંડાનું શિયા રાજ્ય ઔરગંઝેબના હાથમાં આવી જતું હતું. ઔરંગઝેબના પુત્ર મોહમંદ સુલતાનનાં બીજાં લગ્ન તેના મોટા પિતા શાહસૂજાની પુત્રી ગુલરૂખબાનુ સાથે થયાં હતાં. શાહસૂજાની હત્યા કરાવીને ઔરંગઝેબ બાદશાહ બન્યો હતો, ત્યારે શાહસૂજા બંગાળનો સૂબેદાર હતો. પોતે શાહજહાં પછી બાદશાહ બનવા માગતો હતો. ઔરંગઝેબે તેને બાદશાહ થવામાં મદદ કરવાનું વચન આપ્યું હતું. તે વચન નિભાવવા માટે શાહસૂજાની પુત્રી અને પોતાના પુત્ર બંનેનાં લગ્ન કરાવી દીધાં હતાં. અર્થાત્ બંને ભાઈઓ પરસ્પર વેવાઈ પણ બની ગયા હતા. ગુલરૂખબાનુને ઇતિહાસમાં મહાખાનમ પણ કહેવાય છે.

ઈ. સ. ૧૬૫૭માં શાહજહાંના આ ચારેય પુત્રો એકસંપ થઈને શાહજહાંને હટાવીને બાદશાહ થવા માટે ષડ્ યંત્રો રચી રહ્યા હતા. ત્યારે શાહસૂજાએ સુલતાન મોહમ્મદને ફોડીને પોતાના પક્ષમાં કરી લીધો હતો. સુલતાન મહોમ્મદ ઔરંગઝેબનો દીકરો હોવાથી તેના કૅમ્પમાં રહેતો હતો. તે રાત્રે કૅમ્પ છોડીને ચૂપચાપ શાહસૂજાના કૅમ્પમાં ચાલ્યો ગયો. પણ ભાઈ-ભાઈની લડાઈમાં ઔરંગઝેબે શાહસૂજાને હરાવી દીધો. તેથી તે બંગાળની છેક સીમા ઉપર આવેલા અને બર્માને અડેલા અરકાન પ્રદેશમાં ભાગી ગયો. જ્યાં તેને જંગલી લોકોએ પરિવાર સાથે મારી નાખ્યો. તે વાત આગળ આવી ચૂકી છે. શાહસૂજાના ભાગી ગયા પછી સુલતાન મહમ્મદ ફરીથી પોતાના પિતા ઔરંગઝેબના કૅમ્પમાં આવી ગયો. ઔરંગઝેબે ઈ. સ. ૧૬૬૯માં તેને સલીમગઢના કિલ્લામાં કેદી બનાવી દીધો અને છ મહિના પછી તેને ગ્વાલિયરના કિલ્લામાં પહોંચાડી દીધો. બાર વર્ષ સુધી તેને ગ્વાલિયરના કિલ્લામાં કેદી રાખ્યા પછી ફરી પાછો સલીમગઢના કિલ્લામાં બંધ કરી દેવામાં આવ્યો. જ્યાં ચાર વર્ષ પછી તેનું મૃત્યુ થઈ ગયું. આ રીતે ઔરંગઝેબનો મોટો પુત્ર આખી જિંદગી જેલમાં વિતાવીને અને જેલમાં જ મરી ગયો.

આ રીતે ઔરંગઝેબના પાંચ પુત્રો અને પાંચ પુત્રીઓની દુર્દશાભરી જિંદગી વ્યતીત થઈ. એવું કહેવાય કે ઔરંગઝેબે પોતાના પિતા શાહજહાંને જીવનભર જેલમાં રાખ્યો અને પોતાના બધા ભાઈઓને કાં તો મારી નાખ્યા કાં તો જેલમાં નાખ્યા તથા પોતાની પાંચેય દીકરીઓને પણ જેલમાં સબડાવી-સબડાવીને મારી નાખી. ઔરંગઝેબે ન તો પોતાના પરિવારને સુખ આપ્યું કે ન પરિવાર પાસેથી સુખ મેળવ્યું. આ રીતે તે પરિવારદ્રોહી પણ કહી શકાય.

તા. 25/8/2020

૨૫

અજિતસિંહ

ભારતના સીમાડા હંમેશાં ખુનામરકીનાં કેન્દ્રો થતા આવ્યા છે. એટલે જે પણ દિલ્હી કે આગ્રાની ગાદીએ બેઠો હોય, તેણે પોતાનું મોટું લશ્કર જુદા-જુદા સીમાડાઓ પર થનારા વિદ્રોહોને શાંત કરવા રાખવું પડતું હોય છે. જેમ આજે આપણું મોટું લશ્કર કાશ્મીરમાં પડ્યું છે, તેમ તે સમયમાં ઉત્તર-પશ્ચિમ તરફ અફઘાનિસ્તાનનો પહાડી પ્રદેશ મોગલોના હાથમાં હતો, પણ અફઘાનો સત્તા સ્વીકારતા નહિ એટલે જે કોઈ સત્તાધીશ હોય તેની સામે તે કાયમ માટે બંડ પોકારતા રહેતા. અંગ્રેજો પણ આ જાતિથી થાકી ગયા હતા. આ જાતિ લૂંટફાટ કરીને પોતાનો જીવનનિર્વાહ કરતી રહેતી. ભારતમાંથી પશ્ચિમ તરફ જવા માટે જે બે મોટા ઘાટો હતા તે આ જંગલી જાતિના કબજામાં હતા, એટલે ખૈબર અને બોલનઘાટના રસ્તેથી પશ્ચિમ તરફ જનાર વેપારીઓને આ લોકો વારંવાર લૂંટી લેતા. તેમના ઉપર નિયંત્રણ કરવું બહુ કઠિન હતું. શાહજહાંના સમયમાં આ જંગલી પઠાણોને નિયંત્રિત કરવા કિસનગઢના મહારાજ રૂપસિંહ રાઠોડને નિયુક્ત કર્યા હતા. રૂપસિંહ ભારે બહાદુર હતા. તેથી તે જ્યાં સુધી જીવિત રહ્યા ત્યાં સુધી બેલ્ખ અને બદક્ષાં પહાડોમાં વસનારા આદિવાસીઓ અને ઉઝબેકોને દબાવી રાખ્યા હતા, પણ ઈ. સ., 1658માં શામુગઢમાં ઔરંગઝેબ સાથેના યુદ્ધમાં તેમનું મૃત્યુ થઈ ગયું. ત્યારે આ અફઘાનપ્રદેશ પર નિયંત્રણ રાખનાર કોઈ બહાદુર પુરુષ રહ્યો નહિ.

આ પ્રદેશમાં અફઘાનોની એક જાતિ `યુસુફ જઈ' વસતી હતી. આ જાતિએ ભાગૂ નામના માણસને પોતાનો સરદાર બનાવી લીધો અને તેમણે ભારત તરફ આક્રમણ કર્યું. હંમેશાં એવો નિયમ છે કે એક સાથે બે રાજ્યો વસતાં હોય તેમાં જે આર્થિક રીતે સમૃદ્ધ હોય તેના ઉપર આર્થિક રીતે કમજોર રાજ્ય આક્રમણ કરતું હોય છે. ત્યારે સિંધ અને પંજાબની જાહોજલાલી હતી. તો બીજી તરફ અફઘાનિસ્તાનના આ સુક્કા પહાડોમાં ઘોર ગરીબી હતી. ગરીબીની સાથે જો બહાદુરી ભળે તો તેમાંથી લૂંટારા પેદા થાય, કારણ કે ગરીબોને અમીર થતાં આવડતું નથી હોતું. અમીર થવા માટે વેપાર-ઉદ્યોગ-ખેતીવાડી વગેરે ધંધાઓ કરવા પડતા હોય છે. જે ન આવડવાથી પ્રજા ગરીબ રહી જતી હોય છે. આવી પ્રજા બાજની માફક જ સુખી-સમૃદ્ધ શ્રીમંત પ્રજા ઉપર આક્રમણ કરીને કે ચોરી-લૂંટ કરીને જીવન જીવતી હોય છે. અફઘાનિસ્તાનની યુસુફ જઈ કબીલાની પ્રજા પણ આવી જ હતી. તેથી ભાગૂ નામના સરદારના નેતૃત્વમાં અટકથી પેશાવર સુધીના પ્રદેશ ઉપર લૂંટફાટ કરવા માંડી હતી. મહારાજા રૂપસિંહના નિધન પછી આ તોફાની પ્રદેશને સાચવનારો કોઈ યોગ્ય શાસક ઔરંગઝેબ પાસે ન હતો ત્યારે કાબુલમાં મીરા જુમલાનો પુત્ર મોહમ્મદ અમીનખાં સૂબેદારના પદ ઉપર આસીન હતો. યુસુફ જઈ કબીલાનો સરદાર અકમલખાં પોતાની સેના લઈને ખૈબરઘાટથી કાબુલ તરફ આગળ વધી રહ્યો હતો. અલી મસ્જિદ નામના સ્થાન ઉપર મોગલસેના અને કુબાયલી યુસુફ જઈઓ વચ્ચે ઘનઘોર લડાઈ થઈ, જેમાં યુસુફ જઈઓએ દસહજાર મોગલ સૈનિકોને મારી નાખ્યા અને પૂરેપૂરી મોગલ સેનાનો નાશ કરી નાખ્યો તે પછી લૂંટફાટ શરૂ થઈ. આ લૂંટફાટમાં અકમલખાંએ વીસહજાર સ્ત્રી-પુરુષોને ગુલામ બનાવી દીધાં. આ વીસહજારમાં મોટા ભાગનાં મુસ્લિમ સ્ત્રી-પુરુષો હતાં, એટલે મુસ્લિમોએ મુસ્લિમોને ગુલામ બનાવ્યા અને મધ્ય એશિયાનાં બજારોમાં વેચવા માટે લઈ જવામાં આવ્યાં. આ દૃશ્ય અત્યંત કરુણ હતું. જ્યારે યુદ્ધમાં હારેલા પક્ષનાં સ્ત્રી-પુરુષોને ગુલામ બનાવવામાં આવે છે, ત્યારે તે ભાગી ન જાય એટલા માટે y આકારના એક લાકડામાંથી બે ગુલામોની ગરદનો સામસામે બાંધવામાં આવતી. ચાલવાથી લાકડાનો ઘસરકો પડવાથી ગરદન છોલાય છે અને મહાપીડા થાય છે. આવી રીતે

આફ્રિકામાંથી પણ આરબ લોકો ગુલામો પકડીને અમેરિકા મોકલતા રહેતા. ભારતમાંથી પણ આવી રીતે હારેલા પક્ષનાં નર-નારી-બાળકો વગેરેને ગુલામ બનાવીને મોહમ્મદ ગઝનવીથી માંડીને બધા સુલતાનો લઈ જતા અને વેચતા.

આ લં ૂટારાઓમાં પણ અનેક ટોળીઓ રહેતી. જુદા-જુદા સરદારોના હાથ નીચે જુદી-જુદી ટોળીઓ લૂંટફાટ કરતી. યુસુફ જઈઓની માફક આફ્રિકીઓ પણ આ જ ધંધો કરતા. ઔરંગઝેબે આ બધાને દબાવવા માટે સુજાદખાંને મોટી સેના લઈને મોકલ્યો, પણ આફ્રિકીઓએ મોગલોની બધી સેના કાપી નાખી. જેમાં સુજાદખાં પોતે પણ કપાઈ મૂઓ.

સામ્રાજ્ય મોટું કરવું એ સારી વાત છે, પણ તેને સંભાળી રાખવું બહુ અઘરી વાત છે. આ સમયે ઔરંગઝેબની સેના ત્રણ મોરચા ઉપર યુદ્ધ કરી રહી હતી. તેનો મામો સાહિસ્તખાં બંગાળાનો સૂબેદાર હતો અને તે આરાકાનીઓ અને અસમીઓ સામે લડી રહ્યો હતો. બીજી તરફ તેનો પુત્ર મુઅજ્જમ તથા મહારાજા જશવંતસિંહ ઔરંગઝેબ તરફથી દક્ષિણમાં લડી રહ્યા હતા. અને આ અફઘાનિસ્તાનનો ત્રીજો મોરચો હતો. જ્યાં મોગલો હારી રહ્યા હતા. આ રીતે ત્રણ મોરચામાં વહેંચાયેલી સેના યુદ્ધ કરી રહી હતી. નિયમ એવો છે કે કોઈ પણ શાસક પોતાની પૂરેપૂરી સેના યુદ્ધમાં મોકલી શકે નહિ. જો મોકલે તો રાજધાનીમાં સેનાની રિક્તતા આવી જાય. જેથી કોઈ પણ દુશ્મન સરળતાથી રાજધાની ઉપર અધિકાર કરી શકે. આવું ન થાય એટલે સેનાનો બહુ મોટો ભાગ કાયમ માટે રાજધાનીની રક્ષા કરવા રાજધાનીની આજુબાજુ રાખવો જ પડે.

અત્યંત ચિંતાતુર ઔરંગઝેબે દક્ષિણમાંથી મહારાજ જશવંતસિંહને બોલાવી લીધા અને અફઘાનિસ્તાનના પઠાણોને દબાવવા માટે તે મોરચે મોકલી દીધા. તેમને મદદ કરવા માટે બંગાળના સૂબેદાર સાહિસ્તખાંને પણ મોકલ્યા. આ રીતે બંને સરદારો ઈ. સ., 1670માં અફઘાનિસ્તાન પહોંચી ગયા. ઘણી બહાદુરી બતાવીને પઠાણોનો સફાયો કરી નાખ્યો. હવે ખૈબરઘાટ વેપારીઓ માટે મુક્ત થઈ ગયો હતો. મહારાજ જશવંતસિંહની એવી ધાક જામી ગઈ કે કોઈ પણ યુસુફ જઈ આ રસ્તે ભારત પર આક્રમણ કરી શકે નહિ. જશવંતસિંહની આવી સફળતાથી ઔરંગઝેબે તેમને અફઘાનિસ્તાનમાં જ શાસક તરીકે છ વર્ષ સુધી નિયુક્ત કરી દીધા.

પૂર્વે કહ્યું તેમ જ્યારે પણ કોઈ મોગલ સરદારને શિક્ષા કરવાની હોય ત્યારે તેને અફઘાનિસ્તાનના મોરચે મોકલવામાં આવતો હતો. આ રીતે સમર્થ મહારાજા જશવંતસિંહને અફઘાનિસ્તાન મોકલાયા હતા અને મહારાજા ખૂબ સફળ પણ રહ્યા હતા. ઔરંગઝેબ ગમે તેવો હોય તોપણ તેની પક્કડ હાથ નીચેના હિંદુ-મુસ્લિમ બધા સરદારો ઉપર ભારે હતી. તેથી કોઈને ગમે કે ન ગમે, પણ તેનો હુકમ માનવો જ પડતો. રાજાની કે નેતાની આ જ મોટી સફળતા કહેવાય કે તે પોતાને આધીન માણસો ઉપર કેટલું અનુશાસન રખાવી શકે છે. જે હાથ નીચેના માણસોને અનુશાસિત ન રાખી શકે તે શાસન કરી શકે નહિ. ઔરંગઝેબ ખલનાયક હતો. પૂર્વે કહ્યું તેમ શાસકોના ત્રણ પ્રકાર હોય છે ઃ (1) ધીરોદાત્ત નાયક, (2) નાયક અને (3) ખલનાયક. ધીરોદાત્ત નાયક તેને કહેવાય જે પોતાના સહાયક અને ઉપકારકોનું તો ભલું કરતો જ હોય છે. સાથે-સાથે સામાપક્ષના શત્રુઓનું પણ ભલું કરતો હોય છે. નાયક તેને કહેવાય જે પોતાના સહાયકો અને ઉપકારકોને હંમેશાં પ્રાથમિકતા આપીને આગળ લાવતો હોય છે. જ્યારે ખલનાયક તેને કહેવાય જે પોતાના હિતેચ્છુ અને ઉપકારકોને પણ છળકપટ કરીને હાનિ પહોંચાડતો રહે છે. તેની પાસે કોઈનું ભલું કરવાની આશા તો રાખી શકાય જ નહિ. મહારાજ જશવંતસિંહે મોગલ સલ્તનત અને ઔરંગઝેબનું ભલું કરવામાં આખું જીવન વિતાવી દીધું હતું તોપણ ઔરંગઝેબ અંદરખાને તેનું અહિત ઇચ્છતો હતો. તેથી તેનો કાંટો

કાઢવા માટે તેને અફઘાનિસ્તાન મોકલ્યો હતો.

ઈ. સ., 1670માં જશવંતસિંહના દ્વિતીય પુત્ર જગતસિંહનું મરણ થઈ ગયું. મહારાજાને ભારે આઘાત લાગ્યો. જગતસિંહથી મોટા પુત્ર પૃથ્વીસિંહનું પણ શીતળાના રોગથી મરણ થઈ ચૂક્યું હતું. એવું પણ કહેવાય છે કે ઔરંગઝેબે તેને વિષયુકત પોશાક ભેટ આપ્યો હતો. જે પહેરવાથી પૃથ્વીસિંહનું મરણ થયું હતું. કૂટનીતિ રાજકારણમાં આ પણ એક ઉપાય છે કે જેનો નાશ કરવો હોય તેને ઝેરમાં બોળીને એવો પોશાક આપવાનો જે દેખાવમાં તો સુંદર હોય પણ પહેરનારો ધીરે-ધીરે તેના ઝેરથી મૃત્યુ પામે. આમ, જશવંતસિંહના બંને રાજકુમારો મરી ચૂક્યા હતા. મહારાજા આ વખતે ઈરાન ઉપરના આક્રમણમાં રોકાયેલા હોવાથી તેમને પુત્રશોક મનાવવાનો અવસર પણ ન મળ્યો. કર્તવ્યનિષ્ઠ અમલદારો પોતાની લાગણીઓને દબાવીને પણ રાષ્ટ્રીય કર્તવ્ય નિભાવતા રહે છે. મહારાજાના બંને પુત્રો મરી જવાથી હવે તેની પાસે કોઈ વારસદાર ન રહ્યો. મારવાડ રાજ્યની ગાદી કોને સોંપવી તેનો ભારે પ્રશ્ન ઊભો થયો. મોટો વારસો હોય અને કોઈ યોગ્ય વારસદાર ન હોય તો સમર્થ વ્યક્તિને પણ ચિંતા થાય જ. અધૂરામાં પૂરું 1678માં જમરૂદમાં મહારાજા જશવંતસિંહનું નિધન થઈ ગયું. જમરૂદ કુમરમ ઘાટ પાસે છેક સીમાની પેલે પાર આવ્યું છે. મહારાજા માત્ર બાવન વર્ષના હતા અને તેમનું અવસાન થઈ ગયું. તેથી ઔરંગઝેબને ઘણી પ્રસન્નતા થઈ, કારણ કે આટલા માટે જ તેમને અફઘાનિસ્તાનના પઠાણો સાથે યુદ્ધ કરવા મોકલ્યા હતા. હવે ખલનાયક ઔરંગઝેબ વિચારવા લાગ્યો કે મહારાજાનું જોધપુર રાજ્ય કેવી રીતે ખાલસા કરીને મોગલ સામ્રાજ્યમાં ભેળવી દેવું તેણે તરત જ એક સેના જોધપુર મોકલી અને રાજ ઉપર કબજો જમાવી દીધો, કારણ કે હવે કોઈ વારસદાર ન હતો.

મહારાજા જશવંતસિંહને અગિયાર રાણીઓ હતી. મહારાજાનું મરણ થયું ત્યારે અગિયારે-અગિયાર રાણીઓ તેમની પાછળ સતી થવા તૈયાર થઈ ગઈ, પણ બે રાણીઓ ગર્ભવતી હોવાથી તેમને રોકી દેવામાં આવી. પ્રથા એવી હતી કે કોઈ ગર્ભવતી સ્ત્રી પતિ પાછળ સતી થઈ શકે નહિ. જોકે આ પૂરી પ્રથાએ હિંદુ પ્રજા ખાસ કરીને રાજપૂતોને ઘણી હાનિ પહોંચાડી, કારણ કે તેના દ્વારા Royal Bloodનું વધવું અટકી ગયું. જે બે રાણીઓ સતી થતી અટકાવી દેવાઈ હતી. તેમનાં નામ આવાં હતાં ઃ એક જાદવરાણી જસકુંવરી, બીજી નુલકીરાણી. નવ રાણીઓની સાથે મહારાજાની છ `ખવાસ' રાણીઓ પણ સતી થઈ ગઈ. તે સમયમાં રાજા-મહારાજાઓ ઘણી રાણીઓ રાખતા અને સાથે-સાથે `ખવાસણો' પણ રાખતા. જ્યારે આ સમાચાર જોધપુર પહોંચ્યા ત્યારે રાણી ચંદ્રાવતી બીજી વીસ ખવાસણો સાથે મંડોરમાં સતી થઈ ગઈ.

મહારાજાની વિધવા થયેલી ગર્ભવતી બે રાણીઓને લઈને રાઠોડ સરદારો અફઘાનિસ્તાનથી મારવાડ જવા નીકળી પડ્યા, પણ ઔરંગઝેબના બીજા સરદારોએ તેમને અટક નદી પાર કરતા રોક્યા. ઔરંગઝેબની દાનત હતી કે આ ગર્ભવતી રાણીઓ જોધપુર સુધી પહોંચે જ નહિ. અને અફઘાનિસ્તાનમાં જ તેમનો નિકાલ કરી દેવામાં આવે. પણ રાઠોડ સરદારો માન્યા નહિ. ઉપરવટ જઈને તે આગળ વધ્યા અને અટક નદી પાર કરી દીધી. જ્યારે તે લાહોર પહોંચ્યા ત્યારે બંને રાણીઓને પ્રસૂતિ થઈ ગઈ. બંનેને એક-એક પુત્ર જન્મ્યો હતો. જ્યારે ઔરંગઝેબને આ ખબર મળી ત્યારે તેણે હુકમ કર્યો કે આ બંને રાણીઓને તથા રાજકુમારોને જોધપુર ન લઈ જતાં દિલ્હી લાવવામાં આવે. જેથી ઔરંગઝેબ પોતાનું ધાર્યું કરી શકે. યોગાનુયોગ એક રાણીના પુત્રનું રસ્તામાં જ મૃત્યુ થઈ ગયું. બીજી રાણીનો પુત્ર અજિતસિંહ જીવતો રહ્યો અને તેને બંને માતાઓ સાથે દિલ્હી પહોંચાડી દેવામાં આવ્યો. ઔરંગઝેબે તેમને નૂરગઢમાં નજરકેદ જેવી સ્થિતિમાં રાખ્યાં, પણ વીર દુર્ગાદાસ અને મુકુંદદાસ

જેવા રાઠોડ સરદારોના આગ્રહથી બંને રાણીઓ તથા અજિતસિંહને કિસનગઢ મહારાજની હવેલીમાં રહેવા મોકલવા પડ્યાં. ઔરંગઝેબે હવેલીની ચારેતરફ કડક પહેરો ગોઠવી દીધો. જેવું શિવાજી મહારાજ સાથે કરવામાં આવ્યું હતું. તેવું જ બાળકુંવર અજિતસિંહ સાથે પણ કરવામાં આવ્યું. ઔરંગઝેબે રાઠોડ સરદારોને આશ્વાસન આપ્યું કે બાળકુંવર અજિતસિંહનું લાલનપાલન મોગલ હરમમાં મોગલપદ્ધતિથી કરવામાં આવશે અને જ્યારે તે મોટો થશે ત્યારે તેને જોધપુરનું રાજ્ય સોંપી દેવામાં આવશે. પણ જો અિજતસિંહની આજે જ સુન્નત કરાવવામાં આવે અને તેને મુસલમાન બનાવી દેવાય તો આજે જ તેને જોધપુર મોકલીને જોધપુરનો રાજા બનાવી દેવામાં આવશે. રાઠોડ સરદારોને ઔરંગઝેબની એકેય શરત ગમી નહિ, પણ હવે ચૂપચાપ સમય વિતાવવા લાગ્યા અને વિચાર કરવા લાગ્યા કે ઔરંગઝેબની ચુંગાલમાંથી રાજકુમાર અજિતસિંહને કેવી રીતે છોડાવી જોધપુર લઈ જવો. અંતે તેમને એક યુક્તિ સૂઝી. મુકુંદદાસ રાઠોડે વાદીનો વેશ લીધો અને ચોહાવત મોકમસિંહની પત્ની વાઘેલીએ અજિતસિંહને પોતાના ખોળામાં મેલાંઘેલાં ફાટેલાં-તૂટેલાં કપડાં પહેરાવીને લઈ લીધો. તેની સાથે તેનો પુત્ર હરિસિંહ પણ હતો. આ રીતે વાદી-વાદણનો વેશ ધારણ કરીને બધો પરિવાર મોરલી વગાડતો-વગાડતો ગમે તેમ કરીને હવેલીમાંથી છટકી દિલ્હી બહાર નીકળી ગયો. બીજી તરફ ઔરંગઝેબે દિલ્હીના કોટવાળ ફોલાદખાંને હુકમ કર્યો કે અજિતસિંહને તત્કાળ મારી પાસે હાજર કરવામાં આવે. જ્યારે ફોલાદખાંના સૈનિકોએ રૂપસિંહ રાઠોડની હવેલી ઘેરી લીધી ત્યારે ભાટી સરદાર રઘુનાથે પોતાના એકસો સૈનિકો સાથે તેનો સામનો કર્યો. જ્યારે બંને પક્ષના સૈનિકો ભારે લડાઈ લડી રહ્યા હતા ત્યારે બંને વિધવા રાણીઓ પુરુષનો વેશ ધારણ કરીને વીર દુર્ગાદાસની સાથે રાજા રૂપસિંહની હવેલીમાંથી બહાર છટકી ગઈ. ભાટી રાજપૂતોએ મોગલ સૈનિકો સાથે ભારે ટક્કર લીધી. રઘુનાથસિંહ ભાટીએ ભારે પરાક્રમ બતાવી મોગલ સૈનિકોનાં ઘણાં માથાં કાપી નાખ્યાં, પણ અંતે બધા વીરગતિને પ્રાપ્ત થઈ ગયા.

મોગલ સૈનિકો જ્યારે વિજયી થઈને હવેલીમાં પેઠા ત્યારે હવેલી ખાલી હતી. રાજકુમાર અજિતસિંહ અને બંને રાણીઓ ભાગી ચૂક્યાં હતાં. એવું કહેવાય છે કે આ નાની લડાઈમાં ઔરંગઝેબના પાંચસો સૈનિકો માર્યા ગયા. જ્યારે બીજી તરફ ત્રણસો રાજપૂત સિપાઈઓ પણ શહીદ થયા. એક રાજકુમારની રક્ષા માટે કેટલા લોકોએ શહીદ થવું પડ્યું, તેનો વિચાર કરવો જોઈએ. આ સ્થિતિ અંગ્રેજોના રાજકાળમાં બની હોત તો આવું ન થયું હોત. અંગ્રેજો પણ વારસદાર વિનાના રાજ્યને ખાલસા કરી દેતા. પણ પદભ્રષ્ટ થયેલા રાજાને કે વારસદારોને વર્ષાસન બાંધીને સુરક્ષિત રીતે રહેવા દેતા.

જ્યારે હવેલીમાંથી કશું ન મળ્યું ત્યારે ફોલાદખાંએ દિલ્હીના ઘર-ઘરની તપાસ શરૂ કરી. જેથી કોઈના ઘરમાં રાણીઓ અને રાજકુમાર છુપાયાં હોય તો મળી આવે, પણ હાથમાં કશું આવ્યું નહિ. છેવટે ઔરંગઝેબને રાજી કરવા માટે ફોલાદખાંએ કોઈનો તરતનો જન્મેલો છોકરો પકડીને ઔરંગઝેબ આગળ રજૂ કર્યો અને કહ્યું કે, `આ અજિતસિંહ છે.' પકડાયેલી દાસીઓએ પણ ઔરંગઝેબને પ્રમાણ આપ્યું કે, હા, હા, આ અજિતસિંહ જ છે. ઔરંગઝેબે તરત જ તેની સુન્નત કરાવી નાખી. તેનું નામ મોહમ્મદી રાજ રાખ્યું અને પોતાની પુત્રી ઝેબુન્નિશાને સોંપી દીધો. જેથી તે તેનો ઉછેર કરીને મોટો કરે. આમ ઔરંગઝેબે પોતાનું ખલનાયકપણું બતાવ્યું અને પોતાના માટે જીવનાર અને મરનાર મહારાજા જશવંતસિંહના પરિવારને બરબાદ કરી દીધો. જોકે વીર દુર્ગાદાસ જેવા રાઠોડ સરદારોના પરાક્રમ અને ચાલાકીથી ખરો અજિતસિંહ તો ક્યારનોય ભાગીને બચી ગયો હતો.

તા. 26/8/202

વેરાના કારણે વિરોધ

કોઈ પણ શાસકે લોકચાહના પ્રાપ્ત કરવી હોય તો ઓછામાં ઓછાં ચાર ક્ષેત્રોમાં તેણે લોકોનાં મન જીતવાં જોઈએ. આ ચાર ક્ષેત્રો આ પ્રકારે છે ઃ

(1) સૌથી પહેલાં તે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સુદૃઢ સ્થાપના કરે. તેના વિના અરાજકતા વ્યાપી જતી હોય છે અને અરાજકતામાં કોઈ પણ પ્રજા સુખી-સુરક્ષિત રહી શકે નહિ.

(2) રાજ્યમાં ભરપૂર રોજીઓ હોય. પ્રજામાં બેકારીનું પ્રમાણ ન હોય અથવા બહુ ઓછું હોય. બધાને પોતપોતાની યોગ્યતા પ્રમાણે કામધંધો મળી રહેતાં હોય તો કોઈ ભૂખ્યું ન રહે.

(3) રાજ્યમાં પ્રત્યેક વ્યક્તિ અને તેના સંપ્રદાયને પોતપોતાની રીતે પોતાના ધર્મનું પાલન કરવાની પૂરેપૂરી છૂટ હોય. ધાર્મિક અવરોધો અથવા પક્ષપાતો કરવાથી પ્રજામાં લાગણીને ભારે આઘાત લાગતો હોય છે. આવા આઘાતમાંથી અસંતોષ અને પછી વિદ્રોહ પણ પેદા થઈ શકે છે.

(4) પ્રત્યેક રાજ્ય પ્રજા પાસેથી વસૂલાતા કરથી ચાલતું હોય છે. કર વિના આવક નહિ અને આવક વિના શાસન ચાલે નહિ. મધ્યકાળમાં મુસ્લિમ સુલતાનો કર નાખવાની જગ્યાએ આડોશપડોશનાં સમૃદ્ધ રજવાડાં ઉપર હુમલા કરીને ધન લૂંટી લાવતા અને આવા ધનથી શાસન ચાલતું રહેતું, પણ આવું ધન કદી પણ ટકતું નહિ. ગઝનીના સુલતાને એટલી બધી લૂંટ કરી કે સોનાનો અંબાર લગાવી દીધો પણ આજે ગઝની વિશ્વનું સૌથી અત્યંત દરિદ્ર, કંગાળ ક્ષેત્ર બની ગયું છે, કારણ કે ચોરી-લૂંટના ધનમાં બરકત હોતી નથી. જેવું આવ્યું તેવું ઘસડાઈ જતું હોય છે, એટલે કર લગાવવા જરૂરી હોવા છતાં ડાહ્યો શાણો રાજા એવા અને એટલા કર લગાવે છે કે જેને પ્રજા સહન કરી શકે અને હસતાં-હસતાં આપી શકે. જ્યારે રાજ્યનું પતન થવાનું હોય છે ત્યારે શાસક એવા ભારે કર લગાવતો હોય છે જેને પ્રજા સહન કરી શકતી નથી અને કરમાં કચડાઈ મરતી હોય છે. આવા કરથી કચડાયેલી પ્રજામાંથી નેતાઓ પાકતા હોય છે. જે શાસકનો વિરોધ કરીને શાસકને ઉખેડી ફેંકતા હોય છે.

ઔરંગઝેબનું પણ આવું જ થયું. અત્યાર સુધી મહારાજા જયસિંહ, મહારાજા જશવંતસિંહ વગેરે મહારાજાઓ હયાત હતા અને તેમની હયાતીથી મોગલ સામ્રાજ્ય ટક્યું હતું અને વિસ્તરી રહ્યું હતું, પણ આવા મોટા-મોટા મહારાજાઓ મૃત્યુ પામ્યા અથવા મૃત્યુ પમાડ્યા એટલે હિંદુઓનું રક્ષણ કરનાર કે પક્ષ લેનાર કોઈ મહત્ત્વની વ્યક્તિ રહી નહિ. જો કરની દૃષ્ટિએ જોવામાં આવે તો ત્યારે અને અત્યારે પણ રાષ્ટ્રને સૌથી વધુ કર હિંદુઓ આપે છે. હિંદુઓમાં પણ સવર્ણો સૌથી વધારે કર આપે છે, કારણ કે તે સૌથી વધુ સમૃદ્ધ પણ છે. સમૃદ્ધ હોય ત્યાંથી વધુ કર મળે. મુસ્લિમકાળમાં તથા તે પછીના અત્યાર સુધીના કાળમાં સૌથી ઓછો કર મુસ્લિમો અને પછાત વસતિ આપે છે, કારણ કે તેમની ઉત્પાદન ક્ષમતા ઘણી ઓછી છે. જ્યાં ઉત્પાદનની ક્ષમતા જ ન હોય ત્યાં કર આપે કેવી રીતે? તેમાં પણ મુસ્લિમકાળમાં મુસ્લિમોને કરની માફી મળતી જેથી ઘણા ગરીબ હિન્દુઓ મુસ્લિમ પણ થઈ જતા.

ઔરંગઝેબે જોયું કે હવે મારો વિરોધ કરે તેવી શક્તિઓ રહી નથી એટલે તેણે તરત જ પૂરા દેશ ઉપર જજિયાવેરો લગાવી દીધો. આ વેરામાં મુસ્લિમો બાકાત હતા. માત્ર ને માત્ર બિનમુસ્લિમોએ જ આ વેરો ભરવાનો હતો. તેના ત્રણ ગ્રેડેશન રાખ્યા હતા. અર્થાત્ વ્યક્તિદીઠ

ભરવાનો આ વેરો સૌથી સમૃદ્ધ હિન્દુઓને અડતાલીસ દિરહમ, મધ્યમને ચોવીસ દિરહમ તથા ગરીબ હિંદુઓએ બાર દિરહમ વ્યક્તિદીઠ ભરવાના રહેતા. આ સિવાય તીર્થયાત્રા ઉપર પણ કર લગાવી દીધો. આવા જજિયાવેરાના કારણે પ્રજામાં ભારે અસંતોષ થયો. સ્થળે-સ્થળે તેનો વિરોધ થવા લાગ્યો. દિલ્હી, મથુરા વગેરે સ્થળોએ રાજપૂતોએ ભારે વિરોધ કર્યો. પોતાનો વિરોધ બતાવવા માટે ઔરંગઝેબ જુમ્માની નમાજ પઢવા માટે જે રસ્તેથી જામા મસ્જિદ જતો હતો, ત્યાં ઘણાં હિંદુ-સ્ત્રીઓ-પુરુષો આડાં સૂઈ ગયાં. ઔરંગઝેબે તરત જ હાથીઓ અને ઘોડાઓ તેમના ઉપર ચલાવીને બધાંને કચડી માર્યાં. આ સમાચાર જ્યારે ભારતભરમાં ફેલાયા તો હાહાકાર મચી ગયો. પ્રજાને ઉશ્કેરવા માટે સૌથી પહેલું અને સરળ કારણ પ્રજાના નિર્દોષ માણસોની શાસકો દ્વારા થનારી હત્યા હોય છે. પ્રાચીનકાળથી જ્યાં-જ્યાં મુસ્લિમોનું શાસન રહ્યું ત્યાં-ત્યાં જજિયાવેરો વસૂલ કરવાનો કાયદો પણ હતો. પ્રજા આ વેરાથી બચી શકી ન હતી. આ વેરો લાગુ કરવાથી ઔરંગઝેબ પ્રત્યે એટલી બધી ઘૃણા ફેલાઈ ગઈ કે મેવાડના મહારાણા રાજસિંહ અને છત્રપતિ શિવાજી મહારાજે પણ પત્ર લખીને ઔરંગઝેબને સમજાવવાનો પ્રયત્ન કર્યો કે આવો પક્ષપાતી વેરો લગાવી શકાય નહિ, પણ ઔરંગઝેબ ઉપર તેની કશી અસર થઈ નહિ અને વેરો ચાલુ રહ્યો. અધિકારીઓ ફરી-ફરીને કઠોરતાથી વેરો વસૂલતા રહ્યા. અકબરના સમયથી આ વેરો બંધ કરી દેવામાં આવેલો. તે ઔરંગઝેબે ફરીથી ચાલુ કરી દીધો. મોગલ સલ્તનતના પતનની શરૂઆત અહીંથી થઈ કહેવાય.

ઈ. સ, 1670માં ઔરંગઝેબે હુકમ કર્યો કે સરકારી કચેરીઓમાં જેટલા હિંદુઓ નોકરી કરતા હોય તે બધાને છૂટા કરી દેવામાં આવે. ખાસ કરીને વિત્તીય આવકવાળા રેવન્યુ વિભાગમાં તો એક પણ હિંદુ નોકર હોવો જોઈએ નહિ. ભારે વિડંબના તો એ હતી કે આજની માફક ત્યારે મુસ્લિમોમાં શિક્ષણનું પ્રમાણ સૌથી ઓછું હતું એટલે સરકારી નોકરીઓમાં ખાસ કરીને ઊંચાં પદો ઉપર તેમની નિયુક્તિ કરવી કઠિન કામ હતું. તે જમાનામાં બાદશાહ, સેનાપતિ, કોટવાળ વગેરે ઊંચાં પદો ઉપર કોઈ પણ અભણ વ્યક્તિ પણ નિયુક્ત થઈ શકતી, પણ જ્યાં આના-પાઈનો રોજે-રોજનો હિસાબ કરવાનો હોય ત્યાં તો અભણ માણસ ચાલી શકે નહિ. આવી જગ્યાએ તો મોટા ભાગે બ્રાહ્મણ, વાણિયા, કાયસ્થ વગેરે શિક્ષિત લોકો જ કામ કરી શકતા. ઔરંગઝેબે આ બધાને કાઢી મૂકવાનો આદેશ તો આપ્યો, પણ તેથી આખું તંત્ર પડી ભાગ્યું. છેવટે લાચારીથી ફરી પાછો હુકમ કર્યો કે આવા રેવન્યુ વિભાગમાં વધુમાં વધુ પચાસ ટકા હિંદુઓને નોકરીએ રાખી શકાશે. જે લોકો હિંદુમાંથી મુસ્લિમ થઈ જતા તેને તરત જ ઊંચો હોદ્દો આપી દેવાતો. એટલું જ નહિ, પણ તેમનું સરકાર તરફથી બહુમાન પણ કરવામાં આવતું. જેલમાં જે કેદીઓ મુસ્લિમ ધર્મ સ્વીકારતા તેમને દંડમાંથી મુક્તિ મળી જતી અને ભૂલેચૂકે જો કોઈ સીધી યા આડકતરી રીતે ઇસ્લામની ટીકા કરતું તો તેના ટુકડેટુકડા કરી દેવામાં આવતા. આ રીતે મથુરાના ગોકુલા જાટના ટુકડા કરી દેવામાં આવ્યા હતા. ઉદ્ધવ વૈરાગી સાધુને તો તેના શિષ્યો સાથે મારી નાખવામાં આવ્યા. જે લોકો હિંદુ ધર્મ છોડીને મુસ્લિમ બની જતા તેને હાથી ઉપર બેસાડીને વાજતે-ગાજતે નગરમાં ફેરવવામાં આવતા. જો બે હિન્દુઓ વચ્ચે સંપત્તિનો ઝઘડો હોય અને તેમાંથી એક હિન્દુ મુસ્લિમ બની જાય તો કાજી તેના પક્ષમાં ન્યાય આપી દેતા. આ રીતે અનેક પ્રકારે હિન્દુઓને પજવવાનું શરૂ કરવામાં આવતું.

જજિયાવેરાથી ત્રાસીને સૌથી પહેલાં પ્રત્યક્ષ વિરોધ રાજા ચંપતરાયે શરૂ કર્યો હતો. બુંદેલ ખંડમાં ચંપતરાયનું રાજ્ય હતું અને વીર છત્રસાલની પરંપરામાં તે બુંદેલ મહારાજા હતો. આ સમયમાં મથુરા અને આગ્રા વચ્ચે જાટોની ઘણી વસતિ રહેતી હતી. જાટ પ્રજા ભડવીર, બહાદુર અને અન્યાયનો સામનો કરવામાં હિંમતવાળી ગણાય છે. ઔરંગઝેબે મથુરા, વૃંદાવન

વગેરે જગ્યાએ હિન્દુઓનાં કેટલાંય મંદિરો તોડી નાખ્યાં હતાં. જેમાંનાં કેટલાંક તો આજે પણ ખંડેરરૂપે સાક્ષી આપવા ઊભાં છે. જાટો આ બધું સહન કરી શક્યા નહિ અને તેમણે પણ વિદ્રોહનો ઝંડો શરૂ કરી દીધો. બીજી તરફ શિવાજી મહારાજના નેતૃત્વમાં મરાઠા સરદારો પણ ઔરંગઝેબની વિરુદ્ધમાં ઊભા થઈ ગયા હતા. છેક દૂર અસમના અહોમ વીરો પણ યુદ્ધ કરવા તૈયાર થઈ ગયા હતા. જ્યારે-જ્યારે કોઈ પણ સંકીર્ણ મનોવૃત્તિના શાસકે પ્રજા પ્રત્યે પક્ષપાત કરીને ખાસ કરીને ધાર્મિક ભાવનાઓ દુભાવીને – રાજ કરવાનો પ્રયત્ન કર્યો ત્યારે-ત્યારે હિન્દુ પ્રજા મડદા જેવી થઈ ગયેલી હોય તોપણ આળસ મરડીને બેઠી થઈ જતી જોવા મળે છે. ઔરંગઝેબે પૂરા દેશમાં સેંકડો મંદિરો તોડાવી નાંખ્યાં. તીર્થોને ભ્રષ્ટ કર્યાં. જજિયાવેરો લગાવ્યો. આ બધાં પ્રજાને વિદ્રોહી થવાનાં કારણો હતાં.

જ્યારે પણ પ્રજામાં સાચા અર્થમાં વિદ્રોહ થાય ત્યારે ડાહ્યો શાસક પ્રજા સાથે સમજૂતી કરીને તેની સાચી વાતો સ્વીકારવા પ્રયત્ન કરતો હોય છે. જેમ કે, 1858ના બળવા પછી અંગ્રેજોએ ભારતીય પ્રજા સામે નમતું જોખીને પ્રજાની ઘણી વાતો માની લીધી હતી. જેના કારણે તે આગળનાં સૌ વર્ષ સુધી શાંતિથી રાજ કરી શક્યા. પણ મૂર્ખ અને અનાડી શાસકો સમય ઉપર ઝૂકી શકતા નથી. પ્રજા વીફરે તો તે મહાઆંધી બની શકે છે. તેવું વરસો પહેલાં ચાણક્યે લખ્યું છે એટલે પ્રજાને એટલી હદે ન વીફરવા દેવી જોઈએ, જેમાં શાસન પત્તાંની માફક ઊડી જાય. ઔરંગઝેબ કોઈ પણ રીતે નમવા તૈયાર નહોતો. તે જિદ્દી હતો તેથી તેણે આખા દેશમાં વીફરેલી પ્રજાને કચડી નાખવા માટે તૈયારી કરવા માંડી અને જે મોગલ સામ્રાજ્યના સમર્થકો હતા તે પણ હચમચી ઊઠ્યા અને આ ત્રાસમાંથી કેમ બચવું તેના પ્રયત્નો કરવા લાગ્યા.

તા. 27/08/2020

૨૭

વીર દુર્ગાદાસની પ્રથમ સફળતા

રાજાશાહી અને લોકશાહીમાં ભારે અંતર હોય છે. રાજાશાહીમાં શક્તિનું બધંુ કેન્દ્ર વ્યક્તિવિશેષમાં સ્થાપિત થતું હોય છે. આવી વ્યક્તિવિશેષ જેને રાજા-મહારાજા, સુલતાન અથવા બાદશાહ કહેવાય છે, તે પોતાના વંશ પ્રમાણે સત્તાને હાથમાં રાખતી હોય છે. લોકશાહીમાં કોઈનો વંશ ચાલતો નથી અને કદાચ ચાલતો હોય તો તે લોકશાહીનું વિકૃત રૂપ કહેવાય. લોકશાહીમાં લોકોમાંથી જ ચૂંટાઈ આવેલી વ્યક્તિ નેતા બનતી હોય છે. તે રાજવંશી હોય એવું જરૂરી નથી. તે લોકોમાં સૌથી પાછળ રહી ગયેલા વંશમાંથી પણ આવીને નેતા બની શકે છે. જેમ કે વર્તમાન ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી; પણ રાજાશાહીમાં તો રાજવંશ જ સત્તાનું કેન્દ્ર બનતો રહે છે. એટલે રાજવંશની બહુ જ મહત્તા થઈ જતી હોય છે.

મહારાજા જશવંતસિંહનું મરણ અફઘાનિસ્તાનમાં થયું અને તેમની નવ રાણીઓ સતી થઈ ગઈ. બે રાણીઓ સગર્ભા હોવાથી સતી ન થઈ શકી અને બંનેને પ્રસૂતિ થઈ. બાળકો થયાં પણ તેમાંથી એક બાળકનું મરણ થઈ ગયું. હવે માત્ર એક જ બાળક બચ્યું હતું. આ બાળક ઉપર આખા મારવાડ રાજ્યનો મદાર હતો. તેથી ઔરંગઝેબે તેનો કબજો મેળવીને તેની સુન્નત કરાવી નાખી. મારવાડને પોતાના રાજ્યમાં ભેળવી દેવાનો ભારે પ્રયત્ન કર્યો. આવા સમયે સરદારોની વફાદારી પ્રગટ થતી હોય છે. ખરેખર તો જેટલો રાજા-મહારાજાઓનો ઇતિહાસ છે તેટલો જ તેમના વફાદાર સરદારોનો પણ છે. જો આ વફાદાર સરદારો સમય-સમય ઉપર ન પાક્યા હોત તો કદાચ રાજા-મહારાજાઓનો ઇતિહાસ આટલો ઉજ્જવળ ન હોત. ઔરંગઝેબ જશવંતસિંહને ઘૃણાની દૃષ્ટિએ જોતો હતો. ભલે તે તેના મોટા સરદારોમાં સ્થાન ધરાવતો હોય અને અનેક યુદ્ધો કરીને મોગલ સલ્તનતની સેવા કરતા હોય, પણ ઔરંગઝેબની રુચિ રાજસત્તા કરતાં ધર્મસત્તામાં વધારે હતી. ધર્મસત્તા સ્થાપવામાં જે-જે રાજાઓ અડચણરૂપ બન્યા હતા તેમાં જશવંતસિંહ પણ હતા. જશવંતસિંહને ઔરંગઝેબ `દરવાજા-એ-કુફ્ર' અર્થાત્ કાફરપણાનો તે દરવાજો છે એમ માનતો. બધા બિનમુસ્લિમોને તે કાફર માનતો અને જશવંતસિંહને તેના નાયક માનતો. એટલે જશવંતસિંહના મરણથી તેને તો આનંદ જ થયો. હવે પ્રશ્ન એકમાત્ર બચી ગયેલા રાજકુંવર અજિતસિંહનો હતો. તેને દિલ્હી બોલાવીને સુન્નત કરીને ઇસ્લામી ઢંગથી ઉછેર કરવાનો તેનો પ્રયત્ન હતો. ઘણી શોધખોળ પછી પણ ઔરંગઝેબને ન અજિતસિંહ મળ્યો, ન રાણીઓ મળી, પણ ઔરંગઝેબના કોપથી બચવા માટે મોગલ ફોજદારે બીજા કોઈ બાળકને ઔરંગઝેબ પાસે મોકલી દીધો અને આ અજિતસિંહ છે એવું સમજાવીને પ્રકરણને પૂરું કરી દીધું. કેટલીક વાર અધિકારીઓ ઉપરી સત્તાધીશોને સમજાવવા માટે આવાં તરકટ કરતા હોય છે, પણ સાચા અજિતસિંહને લઈને વીર દુર્ગાદાસ તથા મુકુંદદાસ મારવાડ તરફ ભાગી ચૂક્યા હતા. તેમને ખબર હતી કે આ સમયે જોધપુર જવું હિતાવહ નથી, કારણ કે જોધપુર ઉપર મોગલોની સત્તા સ્થાપિત થઈ ચૂકી છે. ઔરંગઝેબે મારવાડનું રાજ્ય ખાલસા કરીને જોધપુર ઉપર મોગલ સરદારને સૂબેદાર બનાવી દીધો હતો. તેથી જોધપુર સુરક્ષિત સ્થાન રહ્યું ન હતું. એટલે બલુંદા નામના એક નાના જાગીર ગામમાં અજિતસિંહને છુપાવી દીધો.

આ જાગીરમાં સરદાર મોકમસિંહ જાગીરદાર હતા અને તેની પત્ની વાઘેલી રાણી રાઠોડની સગી હતી એટલે તેમણે તરત જ અજિતસિંહને આશ્રય આપી દીધો. વિપત્તિના સમયે સાહસ અને હિંમત બતાવીને જે આશ્રય આપે તેને સાચાં સગાં કહેવાય, પણ થોડા સમય પછી આ સ્થાન ઉપર પણ મોગલોનો અધિકાર થઈ ગયો. તેથી અજિતસિંહને લઈને દુર્ગાદાસ સિરોહી નામના પહાડી રજવાડામાં ગયા. જશવંતસિંહની 11 રાણીઓમાં એક રાણી દેવડીજી

સિરોહી રાજ્યની રાજકુમારી હતી એટલે દુર્ગાદાસને આશા હતી કે તે જરૂર આશ્રય આપશે, પણ સિરોહીના ઠાકોરને બાદશાહની એટલી બધી બીક લાગી કે તેમણે દુર્ગાદાસને હાથ જોડીને પ્રાર્થના કરી કે આ બાળકને બીજે ગમે ત્યાં લઈ જાઓ. મારે ત્યાં રાખી શકાશે નહિ. દુર્ગાદાસ નિરાશ થઈને સિરોહી રાજ્યના ડુંગરાળ પ્રદેશોમાં આશ્રય માટે ભટકતા રહ્યા. એવામાં કાલન્દ્રી નામના ગામમાં જયદેવ પુરોહિત નામનો એક પુષ્કરણો બ્રાહ્મણ મળી ગયો. આ જયદેવે હિંમત કરી અને અજિતસિંહને પોતાના ઘરમાં રાખી દીધો. મારું જે થવાનું હોય તે થાય પણ મારવાડના રાજવંશની રક્ષા થવી જોઈએ.

જયદેવ પુષ્કરણો બ્રાહ્મણ હતો અને અજિતસિંહને બ્રાહ્મણના બાળક તરીકે ઉછેરીને મોટો કરવા લાગ્યો. દુર્ગાદાસના સાથીદાર મુકુંદદાસ સંન્યાસી થઈ ગયા અને ગામની નજીકમાં જ રહીને અજિતસિંહ ઉપર નજર રાખતા રહ્યા. આ રીતે દુર્ગાદાસ, મુકુંદદાસ અને પુષ્કરણા બ્રાહ્મણ જયદેવે મળીને ખરા સમયે અજિતસિંહનું રક્ષણ કર્યું, પણ આવી સ્થિતિ બહુ લાંબો સમય ચાલી શકી નહિ. મૂળ પ્રશ્ન હતો ખાલસા કરી નાખેલા મારવાડ રાજ્યને ફરી પાછા રાઠોડોના હાથમાં સોંપવાનો. આ પ્રશ્ન બહુ ગંભીર હતો, કારણ કે મોગલ સલ્તનત સામે બાથ ભીડવાની હતી, પણ રાઠોડો નિરાશ ન થયા. તે મેવાડમાં ઉદયપુરના મહારાણા રાજસિંહ પાસે ગયા અને મહારાણાને પ્રાર્થના કરી કે મારવાડના રાજ્યને તમે બચાવી લો. ઉદયપુરના મહારાણા પ્રતાપના વંશજ હતા અને પ્રતાપનો વંશ રાજસ્થાનમાં બધા રાજા-મહારાજાઓમાં સૌથી શ્રેષ્ઠ મનાય છે. શ્રેષ્ઠતા આપોઆપ નથી મળતી. ઘણી તપસ્યા પછી મળતી હોય છે. જ્યારે મારવાડના બધા રાજા-મહારાજાઓ પોતપોતાની બહેન-દીકરીઓ મોગલ બાદશાહને પરણાવી દેતા હતા, ત્યારે એકમાત્ર મેવાડના મહારાણા જ અડીખમ ઊભા રહીને તેનો વિરોધ કરતા હતા. આ કારણે તેમનું સ્થાન સૌથી ઊંચું થઈ ગયું હતું. મેવાડના મહારાણા રાજસિંહે બાળકુંવર અજિતસિંહને આશરો આપ્યો, પોતાના રાજ્યમાં કેલવા ગામની જાગીરી પણ આપી અને રાઠોડ સરદારોને કહ્યું કે તમે ચિંતા ન કરો. હવે ઔરંગઝેબ અજિતસિંહનો વાળ પણ વાંકો કરી શકશે નહિ. આ રીતે બાળકુંવર મેવાડના રાણાના શરણે સુરક્ષિત થઈ ગયો. તે પછી રાઠોડો સંગઠિત થવા લાગ્યા. સંગઠનના કેટલાક મૂલાધારો હોય છે. તેમાંનો એક મૂલાધાર સમાન આપત્તિ પણ બનતો હોય છે. અંદર-અંદર લડી મરતા માણસો ઉપર પણ જ્યારે સામૂહિક અાપત્તિ આવે છે ત્યારે બધા પરસ્પરનાં વેર-ઝેર ભૂલીને સંગઠિત થઈ જતા હોય છે. રાઠોડોનું પણ આવું જ થયું. બધા સરદારો પરસ્પરના વિખવાદને ભૂલીને 25 હજાર રાઠોડોની એક મજબૂત સેના બનાવી દીધી. આ મજબૂત સેનાએ મોગલો સામે ત્રીસ વર્ષ સુધી ભારે ટક્કર લીધી.

ઔરંગઝેબને દિલ્હીની ગાદી ઉપર બેઠાને બાવીસ વર્ષ વીતી ચૂક્યાં હતાં. બાવીસ વર્ષ સુધી તે બિનમુસ્લિમો ઉપર ઘોર અત્યાચારો કરતો રહ્યો પણ ભારતની કોઈ શક્તિ તેને હરાવી શકી ન હતી, કારણ કે બધી શક્તિઓ પોતપોતાની રીતે અલગ-અલગ યુદ્ધો કરતી હતી. પંજાબમાં શીખો, મહારાષ્ટ્રમાં મરાઠા, રાજસ્થાનમાં રાજપૂતો, આગ્રા તરફ જાટો વગેરે અનેક શક્તિઓ અલગ-અલગ રહીને ઔરંગઝેબ સામે ટક્કર લેતી હતી, પણ આ બધી શક્તિઓ સંગઠિત થઈને, એકથઈને ટક્કર લેવા તૈયાર ન હતી. વીર દુર્ગાદાસે આ દિશામાં પ્રયત્નો કર્યા. તેના પ્રયત્નોના કારણે પચીસહજાર રાઠોડ અને પચીસહજાર મેવાડી સિસોદિયા રાજપૂતો એક થયા. આ રીતે પહેલું સંગઠન બન્યું અને તેણે ઔરંગઝેબને હંફાવવા માટે ત્રીસ વર્ષ સુધી ભારે સંઘર્ષ કર્યો. આ સંઘર્ષનું નેતૃત્વ વીર દુર્ગાદાસે લીધું હતું. એટલે તેના માટે મારવાડમાં ગામેગામ કહેવત પડી હતી કે, `જો આસે ઘર દુર્ગા નહિ હોતા તો, હોતી સુન્નત સારા કી' અર્થાત્ દુર્ગાદાસના પિતા આશકરણજીના ત્યાં જો દુર્ગાદાસ પેદા થયા ન હોત તો રાજસ્થાનના બધા

હિંદુઓની સુન્નત થઈ ગઈ હોત.

રાઠોડોને નમાવવા માટે ઔરંગઝેબે એક ચાલાકીભરી રમત રમી. તેણે નાગોરના રાજા રાવ ઇન્દ્રસિંહને મારવાડનો રાજા ઘોષિત કરી દીધો. ઇન્દ્રસિંહ મૂળ તો મારવાડ રાજવંશનો જ માણસ હતો. આમ કરવાથી રાઠોડોમાં ફૂટ પડે અને કેટલાક રાઠોડો ઇન્દ્રસિંહના પક્ષમાં આવી જાય એવી ઔરંગઝેબની ચાલ હતી, પણ મારવાડ અને જોધપુરના રાઠોડોએ અજિતસિંહનો જ પક્ષ લેવાનું નક્કી કર્યું. તે મક્કમ રહ્યા અને તેમણે ઔરંગઝેબની વિશાળ સેના સામે પ્રત્યક્ષ યુદ્ધ કરવા કરતાં ગોરીલા યુદ્ધ કરીને તેને હંફાવવાનું નક્કી કર્યું. આ ગોરીલાપદ્ધતિ દક્ષિણમાં શિવાજી મહારાજે શરૂ કરી હતી અને તેમાં ભારે સફળતા મળી હતી. હવે એ જ પદ્ધતિ મારવાડમાં વીર દુર્ગાદાસ અને રાઠોડોએ શરૂ કરી દીધી. તેમણે પોતાના રાઠોડોને નાની-નાની ટુકડીઓમાં વહેંચી નાખ્યા અને જ્યાં-જ્યાં મોકો મળે ત્યાં-ત્યાં મોગલસેના અને ખજાના ઉપર હુમલા કરવાનું શરૂ કરી દીધું. મોગલખજાનો લૂંટી લેવાનો અને મોગલસેનાને છિન્ન-ભિન્ન કરી નાખીને ડુંગરાઓમાં ભાગી છૂટવાનું. જ્યારે તમારે અતિ વિશાળ સેના સાથે બાથ ભીડવાની હોય અને તમારી પાસે શત્રુની તુલનામાં કંઈ જ ન હોય ત્યારે તમારાથી સામી છાતીએ પ્રત્યક્ષ યુદ્ધ કરી શકાય નહિ. આવી સ્થિતિમાં કાં તો હાર માનીને ગુલામી સ્વીકારી લેવાની હોય અથવા તો જીવ બચાવીને ભાગી છૂટીને ગોરીલાપદ્ધતિથી હુમલા કરવાના હોય. આ બીજી રણનીતિ વીર દુર્ગાદાસ અને રાઠોડોએ અપનાવી. જેના કારણે મેડતા, બિલાડા, ગોડવડ, જોધપુર, ડિડવાના તથા સાંભર જેવાં મોગલ ઠેકાણાંઓ ઉપર હુમલાઓ કરીને ભારે લૂંટ મચાવવા લાગ્યા. હવે આ ગોરીલાયુદ્ધ સામે ઔરંગઝેબનું ટકવું કઠિન થઈ ગયું. તેણે દિલ્હીના નાના શાહજાદા કામબક્ષને સેના સાથે બોલાવ્યો અને માંડ-માંડ સ્થિતિ ઉપર કાબૂ મેળવ્યો. મારવાડ ઉપર નિયંત્રણ કરીને ઔરંગઝેબ મેવાડના મહારાણા રાજસિંહને દંડિત કરવા માટે ઉદયપુર તરફ રવાના થયો, પણ રાઠોડ અને સિસોદિયા તેની પાછળ પડ્યા અને હેરાન-પરેશાન કરવા લાગ્યા. જ્યારે મહારાણા રાજસિંહને ખબર પડી કે ઔરંગઝેબ બહુ મોટી સેના લઈને ઉદયપુર પર ચઢાઈ કરવા આવી રહ્યો છે, ત્યારે તેણે બુદ્ધિમત્તા વાપરીને ઉદયપુર છોડી દીધું ને નજીકના ડુંગરાળ પ્રદેશોમાં ચાલ્યા ગયા. આ એક પ્રકારનો વ્યૂહ છે. જો દુશ્મન ઘણો શક્તિશાળી હોય અને તમે તેને પહોંચી શકો તેમ ન હોય તો સામી છાતીએ કપાઈ મરવાનો કોઈ અર્થ નથી. પોતાનું અને પોતાની સેનાનું રક્ષણ કરવું જરૂરી છે. તેથી સુરક્ષિત સ્થાનોમાં ચાલ્યા જવું એ પણ એક વ્યૂહ જ છે. આ રીતે મહારાણા ડુંગરાળ પ્રદેશમાં ચાલ્યા ગયા. તેથી ઔરંગઝેબ પણ તેમની પાછળ-પાછળ ડુંગરાળ પ્રદેશોમાં પોતાની સેનાને લઈ ગયો. હવે ઔરંગઝેબની મોગલસેના ઉપર મહારાણા સેના ભારે પડવા લાગી. જોધપુરથી 80 કિલોમીટર દૂર બિલાડા ગામની પાસે બંને સેનાઓ વચ્ચે ભારે યુદ્ધ થયું. જેમાં મોગલસેના હારી ગઈ અને દુર્ગાદાસ તથા મેવાડીસેનાનો વિજય થયો. આ રણનીતિ હતી. જો મહારાણા રાજસિંહે ઉદયપુરમાં જ રહીને યુદ્ધ કરવાનું નક્કી કર્યું હોત તો તેઓ હારી જાત.

આ વિજય પછી નાડોલ, સોજત, ખરવા, મેડતા, ડિડવાના, સાંભર વગેરે અનેક જગ્યાએ દુર્ગાદાસે મોગલસેના સામે યુદ્ધ કર્યાં અને વિજયી રહ્યા. રાઠોડો મોગલોના ખજાનાને લૂંટીને તેમના અન્નભંડારને નષ્ટ કરીને તથા પાણીની વ્યવસ્થા તોડી પાડીને મોગલસેનાને હેરાન-પરેશાન કરતા રહ્યા.

મોગલસેના પોતાની આદત પ્રમાણે જ્યાં-જ્યાં જતી ત્યાં-ત્યાં પહેલું કામ મંદિરોને નષ્ટ કરવાનું કરતી. ડુંગરાળ પ્રદેશોમાં રહીને મહારાણા રાજસિંહે ભીલોનું સંગઠન કર્યું. આ આદિવાસી પ્રજા ઘણી બહાદુર અને ખડતલ હતી. પણ તેમનો ઉપયોગ જોઈએ તેવો રાજકીય રક્ષા માટે થતો ન હતો. તેથી આ પ્રજા આજીવિકા માટે લૂંટફાટના ધંધા તરફ વળી ગઈ હતી.

મહારાણાએ તેમને રાષ્ટ્રીય હેતુ માટે સેનામાં સંગઠિત કરી અને આ ભીલ સરદારો પોતપોતાનાં તીરકામઠાં લઈને પહાડમાં ઊતરી પડ્યા. જ્યાં મોગલ સૈનિકો દેખાતા તેમને અચૂક નિશાન લઈને વીંધી નાખતા. આ રીતે મોગલસેના ડુંગરાળ પ્રદેશમાં રાઠોડ, સિસોદિયા અને આદિવાસી ભીલોના સંયુક્ત અભિયાનમાં ઘેરાઈ ગઈ. આ યુદ્ધમાં ઔરંગઝેબ થાકી ગયો. એટલે તેણે શાહજાદા અકબરને ચિત્તોડનો કિલ્લો સોંપીને દૂર અજમેર ચાલ્યા જવાનું હિતાવહ સમજ્યું. વીર દુર્ગાદાસની આ પહેલી સફળતા હતી કે તેણે ઔરંગઝેબને મેવાડ છોડીને અજમેર જવા પર લાચાર બનાવ્યો.

તા. 28/8/2020

અકબર બચી ગયો

ગુજરાતીમાં એક કહેવત છે કે, `લોઢું લોઢાને કાપે.' લાકડું લોઢાને કાપી શકે નહિ. લાકડું તો લાકડાને પણ કાપી ન શકે. કાપવાનું કામ તો માત્ર લોઢું જ કરી શકે, પણ લાકડું જો લોઢાનો હાથો બને તો લોઢામાં કાર્યશક્તિ ઘણી વધી જાય. લાકડાના હાથા વિના એકલું લોઢું ધાર્યું કામ કરી શકે નહિ. સંસારમાં કેટલાક લોકો લોઢા જેવા હોય છે તો કેટલાક લોકો લાકડા જેવા પણ હોય છે. આવા લોકો કોઈનો હાથો થવા માટે જ જન્મ્યા હોય છે.

મુત્સદ્દીગીરીમાં અને બહાદુરીમાં ઔરંગઝેબ સૌથી ચઢિયાતો હતો. અત્યાર સુધી તેણે અનેક-અનેક યુદ્ધો જીત્યાં હતાં તથા ઘણા રાજપૂત સરદારોને પોતાને આધીન રાખ્યા હતા, પણ તેની સામે વીર દુર્ગાદાસ રાઠોડ પડ્યો હતો. એમ કહો કે મહારાજા જશવંતસિંહના એકમાત્ર રાજકુમાર અજિતસિંહનું રક્ષણ કરવા માટે દુર્ગાદાસને આ ભારે મોટી જહેમત ઉઠાવવી પડી રહી હતી. સૈન્યશક્તિની દૃષ્ટિએ ઔરંગઝેબ ઘણો ચઢિયાતો હતો. માત્ર સેના દ્વારા તેને જીતી શકાય તેવું ન હતું. તેને જીતવા માટે ભારે મુત્સદ્દીગીરીની જરૂર હતી. વીર દુર્ગાદાસ પાસે આવી મુત્સદ્દીગીરી હતી. તેણે જોયું કે ઔરંગઝેબના ચાર શાહજાદાઓમાંથી ત્રણ શાહજાદાઓ મેવાડમાં ઔરંગઝેબ તરફથી લડી રહ્યા છે અને ફરી-ફરીને ગામેગામમાંથી મંદિરો તોડી રહ્યા છે. એક ચોથો શાહજાદો મુઅજ્જમ દક્ષિણનો સૂબેદાર છે. આ ચોથા શાહજાદાને જો ફોડવામાં આવે અને પોતાના પક્ષમાં મેળવી લેવામાં આવે તો ઔરંગઝેબને હંફાવી શકાય. દુર્ગાદાસે મુઅજ્જમને ફોડવાનો પ્રયત્ન કર્યો પણ સફળતા ન મળી. નિરાશ થયા વિના ઔરંગઝેબનો બીજો શાહજાદો અકબર મારવાડમાં હતો તેની સાથે સંપર્ક કર્યો અને તેને ઉશ્કેર્યો કે જો તું રાઠોડોના પક્ષમાં આવી જાય તો અમે તને દિલ્હીની ગાદીએ ઔરંગઝેબની જગ્યાએ બાદશાહ બનાવીએ. બાદશાહ થવાની મહત્ત્વાકાંક્ષા બધા શાહજાદાઓમાં રહેતી હોય છે. પણ બધા તો એકસાથે બાદશાહ થઈ શકે નહિ તેમ વારાફરતી ક્રમ પ્રમાણે બાદશાહ થવું હોય તો વર્ષો લાગી જાય અને નંબર ન પણ આવે.

અકબરની મા દિલરાસબાનુ ઈરાનની શાહજાદી હતી અને તે શિયા મુસ્લિમ હતી. જ્યારે અકબરનો જન્મ થયો ત્યારે દિલરાસબાનુનું મરણ થઈ ગયું હતું. માત્ર એક જ મહિનાનો અકબર માતા વિનાનો બની ગયો હતો. તેના પિતા ઔરંગઝેબે અકબરને પોતાની મોટી પુત્રી ઝેબુનિશાને ઉછેરવા માટે આપી દીધો હતો. જેમ શાહજહાંની મોટી દીકરી જહાંઆરા વિદુષી હતી, તેમ ઔરંગઝેબની મોટી દીકરી ઝેબુન્નિશા પણ મહાવિદુષી હતી. ઝેબુન્નિશાએ લગ્ન કર્યાં ન હતાં. સ્ત્રી લગ્ન કરે કે ન કરે પણ તેના જીવનમાં બે ઝંખનાઓ હંમેશાં જીવતી રહેતી હોય છે ઃ એક પતિપ્રેમ પ્રાપ્ત કરવાની અને બીજી સંતાન ઉપર વાત્સલ્ય ઢોળવાની. જેમ-જેમ સમય વીતતો જાય તેમ-તેમ આ ઝંખનાઓ વધુ ને વધુ પ્રબળ થતી જતી હોય છે.

ઝેબુન્નિશા પતિ વિનાની કુંવારી સ્ત્રી હતી. વિદુષી હતી, કવયિત્રી હતી. તેણે પંદરહજાર કવિતાઓ રચી હતી અને કવિઓ મોટા ભાગે લાગણીપ્રધાન હોય છે. લાગણીપ્રધાનતાના કારણે તે હચમચાવી મૂકનારી લાગણીસભર કવિતાઓ રચી શકતા હોય છે. જે લોકો લાગણીથી બુઠ્ઠા હોય છે તે ગણિત જેવા શુષ્ક વિષયોના વિદ્વાન તો થઈ શકે છે, પણ કવિતાઓ રચી શકતા નથી. અકબરનું પાલનપોષણ કરવામાં ઝેબુન્નિશાને ભારે આનંદ આવ્યો. તેણે ખૂબ લાડપ્યારથી અકબરને ઉછેરીને મોટો કર્યો. એટલું જ નહિ તેને પણ વિદ્વાન બનાવ્યો. ખરેખર તો ધાર્મિક કટ્ટરતામાંથી લોકોને છુટકારો અપાવવો હોય તો બને એટલો વિદ્યાનો પ્રચાર કરવો જોઈએ. વિદ્વત્તા જેમ-જેમ વધે તેમ-તેમ વ્યક્તિમાં વિશાળતા આવે અને

જેમ-જેમ વિશાળતા આવે તેમ-તેમ કટ્ટરતા ઘટે. મુસ્લિમ સમાજમાં સૌથી વધુ કટ્ટરતા ઓછું ભણેલા અથવા માત્ર એક જ ગ્રંથ ભણેલા અભણ લોકોમાં વધારે હોય છે. શિક્ષિત લોકો એકાંગી ન હોય, સર્વાંગી હોય. દારાસિકોહ અને જહાંઆરાનું શિક્ષણ સર્વાંગી હતું, તેથી તે ધાર્મિક ઉદાર થયા હતા. આવી જ રીતે ઝેબુન્નિશા અને ઔરંગઝેબના ચોથા શાહજાદા અકબરનું શિક્ષણ પણ સર્વાંગીણ વ્યાપક હોવાથી તેમનામાં પણ ઉદારતા આવી હતી.

વીર દુર્ગાદાસે અકબરને બાદશાહ થવા માટેનો પત્ર મોકલ્યો અને અમે બધા રાજપૂત સરદારો તમને સાથ આપીશું એવી ખાતરી આપી. ક્રમ પ્રમાણે તો અકબર બાદશાહ થઈ શકવાની સ્થિતિમાં ન હતો, કારણ કે તેનો ચોથો ક્રમ હતો. એટલે વિદ્રોહ કરીને તખ્તો પલટવામાં આવે તો જ તે બાદશાહ થઈ શકે તેમ હતું. ઝેબુન્નિશા પણ અકબરને બાદશાહ બનાવવા માગતી હતી, તેથી દુર્ગાદાસનો પ્રસ્તાવ અકબરને ગમી ગયો. ઈ. સ., 1681માં મારવાડના નાડોલ નામના સ્થાનમાં વીર દુર્ગાદાસ અને અકબરની ગુપ્ત બેઠક થઈ. આ બેઠકના પરિણામે અકબર સંપૂર્ણ રીતે રાજપૂતોના પક્ષમાં આવી ગયો. તેણે પોતાને દિલ્હી તથા આગ્રાનો બાદશાહ ઘોષિત કરી દીધો. એટલું જ નહિ, તેના પિતા ઓરંગઝેબને બાદશાહના પદથી હટાવી દેવામાં આવ્યો અને તે સમયના ઘણા મુલ્લા-મૌલવીઓ દ્વારા ફતવો બહાર પડાવ્યો કે ઔરંગઝેબ ઇસ્લામના વિરુદ્ધ શાસન કરે છે, એટલે હવે તેને બાદશાહના પદ ઉપર રહેવાનો અધિકાર નથી.

આ વિદ્રોહના સમાચાર જ્યારે ઔરંગઝેબને મળ્યા ત્યારે તે સ્તબ્ધ રહી ગયો. તેણે અકબર ઉપર હુમલો કરવા અને તેને મારી નાખવા અથવા જીવતો પકડીને કેદમાં નાખવાનો વિચાર કર્યો, પણ મોગલોની સિત્તેર હજારની મોટી સેના અકબરની પાસે હતી. ઔરંગઝેબ પાસે તો થોડી જ સેના હતી. આટલી સેનાથી અકબર સાથે યુદ્ધ કરી શકાય નહિ, પણ હિંમત હારે તે ઔરંગઝેબ નહિ! તેણે તરત જ દક્ષિણમાં ખેપિયો દોડાવ્યો અને દક્ષિણના સૂબેદાર શાહજાદા મુઅજ્જમને આદેશ કર્યો કે તે પોતાની બધી સેના લઈને તરત જ અજમેર આવી જાય. તેણે એક પછી એક વિશ્વાસુ માણસોને કી-પોઇન્ટ ઉપર નિયુક્ત કરી દીધા. અજમેરની ગલીઓમાં તથા બહાર તોપો ગોઠવી દીધી. તેને ખબર હતી કે વિદ્રોહી અકબર મને પકડવા અહીં અજમેર આવવાનો જ છે. જોતજોતામાં તેણે પોતાની રક્ષા માટે અજમેરની કિલ્લાબંધી કરી દીધી.

બીજી તરફ અકબર બહુ ધીમે-ધીમે અજમેર તરફ આગળ વધતો રહ્યો. તેણે પંદર દિવસમાં માત્ર એકસો વીસ માઈલ મજલ કાપી. યુદ્ધમાં ગતિ મહત્ત્વનો ભાગ ભજવતી હોય છે. જેટલી તીવ્ર ગતિથી શત્રુ ઉપર તૂટી પડાય તેટલી જ વહેલી સફળતા મળે. જો ગતિ ન હોય તો મોટું સૈન્ય હોય તોપણ હારી જવાય. સત્તર જાન્યુઆરી, 1681ના રોજ અકબર અજમેરથી બાવીસ કિલોમીટર દૂર બુધવાડા નામના સ્થાન ઉપર પહોંચી ગયો. તેની સાથે પચીસહજાર રાઠોડો અને ઉદયપુરના છ હજાર મેવાડી સૈનિકો પણ હતા. બીજી તરફ ઔરંગઝેબ પણ તેનો સામનો કરવા અજમેરથી દોરાઈ આવી ગયો. હવે બાપ-દીકરાની બંને સેના વચ્ચે માત્ર ત્રણ માઈલનું અંતર રહી ગયું હતું. જેમ-જેમ બંને સેનાઓ એકબીજાની નજીક આવતી ગઈ તેમ-તેમ અકબરની સેનામાંથી ભાગીને ઘણા મોગલ સરદારો ઔરંગઝેબની સેનામાં ભળી ગયા. વાત આટલેથી પતી નહિ. ઔરંગઝેબે એક બીજી મુત્સદ્દીગીરી કરી. જેમાં એક બનાવટી પત્ર દુર્ગાદાસના નામે, અકબરના નામે લખ્યો. જેમાં અકબરે લખ્યું હતું કે આપણે મોગલો રાજપૂતોને આગળ અને પાછળથી યુદ્ધમાં ઘેરીને કાપી નાખીશું. આ પત્ર દુર્ગાદાસના હાથમાં આવ્યો. તેણે પત્રની સચ્ચાઈ નક્કી કરવા રાત્રે અકબરના તંબુમાં જઈને મુલાકાત માગી, પણ અંગરક્ષકોએ મુલાકાત આપી નહિ. તેથી નિરાશ થઈને દુર્ગાદાસ પાછા

ફરી ગયાં, એટલું જ નહિ, તેમણે પોતાના સૈનિકોને લઈને મારવાડનો રસ્તો પકડી લીધો. આ રીતે અકબરની સેના દુર્બળ બની ગઈ. મોગલ સરદારો ચાલ્યા ગયા અને દુર્ગાદાસ તથા મેવાડી સૈનિકો પણ ચાલ્યા ગયા. બીજી તરફ અકબરનો સેનાપતિ તહવરખાંનને ઔરંગઝેબે મારી નાખ્યો. જ્યારે સવાર પડી અને અકબર જાગ્યો ત્યારે સમાચાર મળ્યા કે દુર્ગાદાસ મળવા આવ્યા હતા પણ મળવાનો સમય અપાયો નહિ, તેથી તે નારાજ થઈને પાછા વળી ગયા હતા.

હવે અકબરને પસ્તાવો થયો. જ્યારે યુદ્ધની કટોકટી ચાલતી હોય ત્યારે રાજનેતાએ ઊંઘવાનું જ ન હોય. પળેપળના સમાચારો અને નિર્ણયો કરવાના હોય તેથી તેણે જાગતા જ રહેવું જોઈએ. પણ વ્યસની લોકો જાગી શકતા નથી. તેથી સાંજ પડતાં જ વ્યસનમાં ધૂત થઈને પથારીમાં પડી જતા હોય છે. રાષ્ટ્રનું જે થવાનું હોય તે થાય. હું ભલો ને મારી ઊંઘ ભલી. આવી દશા તેમની હોય છે. હવે અકબર એકલો પડી ગયો હતો તેથી તેણે પોતાની એક પ્રિય બેગમ, પચીસ દાસીઓ તથા ઝવેરાતથી ભરેલી પેટીઓ લઈને તે પણ રાઠોડોની પાછળ મારવાડ તરફ રવાના થઈ ગયો. તેની પાછળ જે લોકો ભાગી ન શક્યા તે બધા તંબૂઓમાં રહી ગયા, જેને ઔરંગઝેબે પકડી લીધા. આ જડતીમાં અકબરના તંબૂમાંથી તેની પાલક માતા ઝેબુન્નિસાએ લખેલા પત્રો પણ પ્રાપ્ત થયા. જેમાં અકબરને બાદશાહ થવા માટે વિદ્રોહ કરવા માટે ઉશ્કેરવામાં આવ્યો હતો. આ બધું ઔરંગઝેબના હાથમાં આવી ગયું.

પોતાના નાના સરખા કાફલા સાથે ઝવેરાતની પેટીઓ લઈને અકબર મારવાડ તરફ ભાગી રહ્યો હતો, પણ રસ્તામાં મેવ જાતિના આદિવાસીઓ મળી ગયા. આ મેવ લોકો લૂંટફાટનો ધંધો કરતા હતા. તેમણે તરત જ અકબરનું બધું જર-ઝવેરાત લૂંટી લીધું. આ રીતે અકબર હાથે-પગે થઈ ગયો. માણસને જ્યારે ઘરમાંથી ભાગવું પડે છે ત્યારે આગળનું ભવિષ્ય નિશ્ચિત ન હોવાથી બને એટલું જર-ઝવેરાત સાથે લઈને ભાગતો હોય છે. હવે આ મૂડીનો આધાર રસ્તામાં જ લૂંટાઈ જાય તો માણસની દશા કફોડી થઈ જાય. અકબરની પણ આવી જ દશા થઈ ગઈ. અંતે તે દુર્ગાદાસની સેના સુધી પહોંચી ગયો. દુર્ગાદાસે જ્યારે તેના લૂંટના સમાચાર જાણ્યા ત્યારે પોતાના માણસોને મોકલીને મેવો પાસેથી ઝવેરાતની પેટીઓ પાછી મંગાવી લીધી. હવે અકબર માટે મારવાડમાં સુરક્ષિત રહેવું શક્ય ન હતું, કારણ કે ઔરંગઝેબ પાછળ પડ્યો હતો અને દક્ષિણનો સૂબેદાર મુઅજ્જમ પણ સેના લઈને આવી પહોંચ્યો હતો. એટલે અકબરે દુર્ગાદાસને પ્રાર્થના કરી કે મને મહારાષ્ટ્રમાં સંભાજી પાસે મોકલી આપો. કદાચ ત્યાં મારું રક્ષણ થાય. તેની ઇચ્છા પ્રમાણે દુર્ગાદાસે નર્મદા પાર કરીને ગુપ્તમાર્ગો દ્વારા શાહજાદા અકબરને સંભાજી સુધી પહોંચાડી દીધો. સંભાજીએ તેનું સ્વાગત કર્યું અને સુરક્ષાની ખાતરી આપી, પણ આ વાતની ખબર જ્યારે ઔરંગઝેબને પડી તો તે પણ 1681માં સંભાજી ઉપર આક્રમણ કરવા માટે મહારાષ્ટ્ર તરફ ચાલી નીકળ્યો. તેની ઇચ્છા સંભાજી સાથે યુદ્ધ કરીને અકબરને પકડવાની હતી, પણ ઔરંગઝેબ ઔરંગાબાદમાં જ મરણ પામ્યો અને વાત અધૂરી રહી ગઈ.

તા. 28/08/2020

૨૯

શાહજાદાઓ દ્વારા ઔરંગઝેબ પરેશાન

વરસો પહેલાં મહારાજા ભર્તૃહરિએ લખ્યું છે કે, `રાજા મિત્રં કેન દૃષ્ટં શ્રુતં વા' અર્થાત્ રાજા કોઈનો મિત્ર થયો હોય તેવું ન જોયું છે કે ન સાંભળ્યું છે. ગુજરાતીમાં પણ કહેવત છે કે, `રાજા, વાજાં ને વાંદરાં' અ ેનો ભરોસો ન થાય. એક બીજી કહેવાત પણ એવી છે કે, `રાજાની આગળ અને ગધેડાની પાછળ ચાલતાં લાત જ ખાવી પડે.' આ કહેવતો જ્યારે રચાઈ હશે ત્યારે તેની પાછળ કેટલાય અનુભવો હશે, એટલે આ કહેવતોમાંથી બોધપાઠ લેવો જોઈએ.

ઔરંગઝેબની સૌથી મં ોટી પુત્રી ઝેબુન્નિશા તેની બહુ જ વહાલી અને વિદુષી-સ્ત્રી હતી. તે ઈરાનના શાહવંશની શાહજાદી દિલરાસબેગમના પેટે જન્મી હતી. ઝેબ્બુન્નિશાએ નાની ઉંમરમાં જ કુરાન મોઢે કરી લીધું હતું. તેથી તેને હાફિઝાની ઉપાધિ પ્રાપ્ત થઈ હતી. અનેક વિષયોમાં તે માહિતી રાખતી હતી. સ્વભાવથી તે ઉદાર અને દયાળુ હતી. વિધવાઓ, અનાથો વગેરેને ખૂબ મદદ કરતી હતી. એટલું જ નહિ, તે સંગીતમાં પણ નિપુણ હતી અને સારાં ગીતો ગાતી હતી. તે કવિતાઓ પણ રચતી અને ગુપ્ત નામથી કવિતાઓનો પ્રચાર કરતી. તેની વિદ્વત્તાથી અને ડહાપણથી પ્રભાવિત થઈને ઔરંગઝેબ રાજકારણમાં તેની સલાહ લેતો. એટલું જ નહિ, દરબારમાં તેને અત્યંત માન-સન્માનપૂર્વક પ્રવેશ મળતો. તેના સિવાય બીજી કોઈ શાહજાદીને દરબારમાં પ્રવેશ મળતો નહિ. તે બહુ જ રૂપાળી હતી. કહેવાય છે કે લાહોરના સંગ્રહાલયમાં તેનું એક તૈલચિત્ર પણ રાખવામાં આવેલું છે. તેણે કેટલાંય નવાં રાગ-રાગિણીઓની રચના કરી હતી. તેનાં પંદરહજાર પદો તથા કેટલાંક પુસ્તકો પણ પ્રગટ થયાં છે.

ઔરંગઝેબને અત્યંત વહાલી આ શાહજાદીને ઔરંગઝેબે ઈ. સ., 1662માં સલીમગઢના કિલ્લામાં બંદી બનાવી દીધી હતી. તેને બંદી બનાવવાનાં કેટલાંક કારણો આવાં હતાં ઃ ઔરંગઝેબ 1662માં બીમાર પડ્યો ત્યારે હવા-પાણી બદલવા માટે તેને લાહોર લઈ જવામાં આવ્યો હતો. ઝેબુન્નિશા પણ તેની સાથે હતી. લાહોરનો સૂબેદાર અકીલખાન હતો. કહેવાય છે કે ઝેબુન્નિશાને તેનાથી પ્રેમ થઈ ગયો હતો. કુદરતી વ્યવસ્થા એવી છે કે નર હોય કે નારી હોય, જેમ-જેમ ઉંમર વધતી જાય અને યુવાનીમાં પ્રવેશ થાય એટલે તેનામાં બે આવેગોના ઊભરા આવવા માંડે ઃ એક તો કામનો આવેગ અને બીજો લાગણીનો આવેગ. પુરુષો કરતાં સ્ત્રીઓમાં આ બંને આવેગો મોટા પ્રમાણમાં આવતા હોય છે. લાખ પ્રયત્નો કરીને પણ એ આવેગોને રોકી શકાતા નથી. કદાચ કોઈ જોરજુલમથી કઠોર નિયંત્રણો મૂકીને તેને રોકવાનો પ્રયત્ન કરે તો ગમે ત્યારે વિસ્ફોટ કરીને પ્રગટ થઈ જતા હોય છે., અકબરના સમયથી શાહજાદીઓ કુંવારી રહેતી હતી. એટલે ઉંમર થઈ જવા છતાં પણ ઝેબ્બુનિશાનાં લગ્ન થયાં ન હતાં. લાહોરમાં ફૂટડો જુવાન દેખાતાં જ તે ઢળી પડી. આ વાત તેણે ઔરંગઝેબથી છુપાવી રાખી હતી. જ્યારે પ્રગટ થઈ ત્યારે તેણે અસત્ય બોલીને પોતાનો બચાવ કર્યો. બીજું કારણ તેની કવિતાઓ, ગઝલો, સંગીતપ્રેમ વગેરે હતું. ઔરંગઝેબ આ લલિતકળાને કૂફ્ર માનતો હતો. તેણે પોતાના રાજ્યમાં આવી બધી કળાઓ ઉપર પ્રતિબંધ મૂક્યો હતો. ત્રીજું કારણ જે મહત્ત્વનું હતું – અકબરનો શાહજાદો મોહમ્મદ અકબર જેણે ઔરંગઝેબ સામે વિદ્રોહ કર્યો હતો. આ અકબરને ઉછેરીને ઝેબ્બુનિશાએ જ મોટો કર્યો હતો. તેથી તેને અકબર ઉપર અધિક પ્રેમ હતો. તેણે પત્રો લખીને અકબરને ઔરંગઝેબ સામે વિદ્રોહ કરવા ઉશ્કેર્યો હતો. આ બધા પત્રો ઔરંગઝેબના હાથમાં આવી ગયા. તેથી તે ઝેબ્બુનિશા ઉપર નારાજ થયો. આવાં બધાં કારણોથી ખિજાઈને ઔરંગઝેબે પોતાની વહાલી દીકરી ઝેબ્બુનિશાને સલીમગઢના કિલ્લામાં બંદી બનાવી દીધી. આ જ કિલ્લામાં તેણે પોતાની મોટી બહેન જહાંઆરાને પણ જેલમાં નાખી

હતી અને ઔરંગઝેબને બાદશાહ બનાવવામાં સૌથી વધુ ભાગ ભજવનાર રોશનઆરાને પણ આ જ કિલ્લામાં જેલમાં પૂરી દીધી હતી.

ઝેબુન્નિશાને જેલમાં પૂરીને જ ઔરંગઝેબને સંતોષ ન થયો, પણ તેણે તેની બધી સંપત્તિ જપ્ત કરી લીધી અને તેને વાર્ષિક ચાર લાખ રૂપિયાનું વર્ષાસન મળતું હતું તે પણ બંધ કરી દીધું. એક વાર જેલમાં પુરાયા પછી ઝેબ્બુન્નિશા કદી પણ બહાર નીકળી શકી નહિ. તેની આખી જુવાની જેલમાં ને જેલમાં પૂરી થઈ ગઈ.

ઈ. સ. 1686માં તેણે સાંભળ્યું કે અકબર ભારત છોડીને ઈરાન ભાગી ગયો છે. હવે તેની બધી આશાઓ સમાપ્ત થઈ ગઈ. ઈ. સ. 1702માં તે બીમાર પડી અને માત્ર સાત દિવસ બીમાર રહી ને તેનું મૃત્યુ થઈ ગયું. લગભગ વીસ વર્ષ સુધી તે જેલમાં સડતી રહી. તેનું મૃત્યુ થયું ત્યારે તે ત્રેસઠ વર્ષની થઈ ચૂકી હતી. કહેવાય છે કે માણસને ગમે તેવો ક્રોધ ચડ્યો હોય પણ સમય જતાં તે ઠંડો થઈ જતો હોય છે. પણ ઔરંગઝેબનો ક્રોધ ઝેબ્બુનિશાના મૃત્યુ સુધી ઠંડો ન થયો. જ્યારે ઝેબ્બુનિશાનું મૃત્યુ થયું ત્યારે ઔરંગઝેબ મહારાષ્ટ્રમાં મરાઠાઓ સાથે યુદ્ધરત હતો. તેની ઉંમર ત્યારે ત્યાંશી વર્ષની થઈ ચૂકી હતી. ઝેબ્બુનિશાના મૃત્યુ પછી બાવીસ-ત્રેવીસ વર્ષ પછી તેની કવિતાઓનો સંગ્રહ જેમાં ચારસો એકવીસ ગઝલો તથા રૂબાઈઓ છે તે બધી ઈરાનમાં છાપવામાં આવી, કારણ કે ગઝલો ફારસી ભાષામાં હતી. વાત આટલેથી પૂરી થતી નથી. ઔરંગઝેબનો એક શાહજાદો નેકુસિયર નામે હતો, જે વિદ્રોહી શાહજાદા અકબરનો પુત્ર હતો. તેની ઉંમર માત્ર બે વર્ષની જ હતી. આ બાળકને પણ ઔરંગઝેબે જેલમાં પૂરી દીધો. જ્યારે તે સોળ વર્ષનો થયો ત્યારે તેને અ ાસમનો સૂબેદાર બનાવીને આસામ મોકલી દેવામાં આવ્યો હતો. આ સમયે ભારત છોડીને નવ વર્ષથી અકબર ઈરાનમાં નિરાશ્રિત જીવન જીવતો હતો. કહેવાય છે કે જ્યારે ઔરંગઝેબનું મૃત્યુ થયું ત્યારે આ નેકુસિયરને જેલમાંથી બહાર કાઢીને થોડા સમય માટે બાદશાહ બનાવવામાં આવ્યો હતો, પણ ત્યારે સૈયદબંધુઓનો એટલો બધો પ્રભાવ હતો કે તેમની ઇચ્છાવિરુદ્ધ નેકુસિયરને બાદશાહ બનાવ્યો હોવાથી તેમણે સેના મોકલીને તેને ફરીથી કેદ કરીને પહેલાં લાલકિલ્લામાં અને પછી સલીમગઢના કિલ્લામાં બંદી બનાવી દેવામાં આવ્યો હતો.

હવે આપણે ફરી પાછા ભૂતકાળમાં જઈએ. ઔરંગઝેબનો વિદ્રોહી પુત્ર અકબર ભાગીને સંભાજીના શરણે ગયો હતો. સંભાજીએ તેને આશ્રય આપીને પોતાની પાસે રાખ્યો હતો અને આશ્વાસન આપ્યું હતું કે આપણે મળીને ઔરંગઝેબ ઉપર આક્રમણ કરીશું અને દિલ્હીની ગાદીએ તને બેસાડીશું, પણ આ આશ્વાસન પૂરું થાય તેવું અકબરને લાગતું ન હતું, કારણ કે સંભાજી અનેક યુદ્ધોમાં અટવાયેલો રહેતો હતો. તેથી તેણે ઈરાન ભાગી જવાનો મનસૂબો કર્યો. ઈ. સ., 1682માં તે ચૂપચાપ પોતાના રાજપૂત સૈનિકોને લઈને ગોવાના બંદરે પહોંચી ગયો અને એક જહાજ ભાડે કરીને ઈરાન જવા તૈયાર થઈ ગયો. આ વાતની ખબર સંભાજીને તથા તેના મંત્રી અને કવિ કળશને પડી ગઈ. વીર દુર્ગાદાસને લઈને તે બધા ગોવા પહોંચ્યા. જેમ-તેમ સમજાવીને અકબરને પાછા લઈ આવ્યા. હવે અકબરને ફરી આશા બંધાણી કે મરાઠા અને રાજપૂતો ઔરંગઝેબ ઉપર જરૂર હુમલો કરશે, પણ સમય વીતતો ગયો પણ આશા પૂરી ન થઈ. ઔરંગઝેબ દક્ષિણમાં ઔરંગાબાદમાં હતો અને ત્યાંથી સંભાજી તથા આદિલશાહી રાજ ઉપર હુમલો કરતો રહેતો હતો. એક વાર એવું બન્યું કે તે પોતાની બેગમ જહાંજેબબાનુને સૈનિક શિબિરમાં રાખીને યુદ્ધ કરવા બહાર ગયો, પણ બેગમની રક્ષા માટે અનિરુદ્ધસિંહ હાડાને જવાબદારી આપતો ગયો. જહાંજેબ દારાસિકોહની દીકરી હતી. જ્યારે મરાઠા સરદારોને ખબર પડી કે અત્યારે જહાંજેબબેગમ એકલી છે તો તેમણે તરત જ તેના શિબિરને ઘેરી લીધી. બેગમની રક્ષા માટે અનિરુદ્ધસિંહ હાડાએ બેગમનું પૂરેપૂરું રક્ષણ કર્યું.

તેને કશી આંચ આવવા દીધી નહિ.

વિદ્રોહી શાહજાદા અકબરને સંભાજીના આશ્રયમાં રહેતાં પાંચ વર્ષ વીતી ચૂક્યાં હતાં, તેથી નિરાશ થઈને ઇ. સ., 1686માં તે ચૂપચાપ ઈરાન ભાગી ગયો. તેના ભાગી છૂટવાથી તેનાં બાલબચ્ચાં ભારતમાં રહી ગયાં. તેમને ઉછેરીને રાજપૂતોએ મોટાં કર્યાં. તેનો પુત્ર નેકુસિયર ત્યારે માત્ર નવ વર્ષનો હતો, જે થોડા સમય માટે દિલ્હીનો બાદશાહ બન્યો હતો.

ઔરંગઝેબનો ત્રીજા નંબરનો પુત્ર મુઅજ્જમ હતો. મુઅજ્જમ જ્યારે નવ વર્ષનો હતો ત્યારે તેને લાહોરનો સૂબેદાર બનાવ્યો હતો. છ વર્ષ સુધી તે લાહોરનો સૂબેદાર રહ્યો અને જ્યારે સોળ વર્ષનો થયો ત્યારે તેને દક્ષિણનો સૂબેદાર બનાવીને ઔરંગાબાદ મોકલી દેવામાં આવ્યો હતો. મુઅજ્જમ ઔરંગાબાદમાં રહીને કુસંગમાં પડી ગયો. તે વિલાસી બન્યો. દારૂ, નૃત્ય અને શિકાર રમવામાં સમય વિતાવવા લાગ્યો. મુઅજ્જમની દુર્બળતા જોઈને મહારાજા છત્રપતિ શિવાજીએ અનેક હુમલાઓ કર્યા અને ઘણા કિલ્લાઓ જીતી લીધા. તેમણે બે વખત સુરતને લૂંટ્યું અને ઔરંગાબાદની મોગલ છાવણીને પણ લૂંટી લીધી. મુઅજ્જમની આવી દુર્બળતા જોઈને ઔરંગઝેબને ચિંતા થઈ. તેમણે મિરઝા રાજા જયસિંહને દક્ષિણની જવાબદારી સોંપીને દક્ષિણ મોકલી દીધા. જયસિંહે આક્રમણો કરીને શિવાજી પાસેથી ઘણા કિલ્લાઓ પાછા લઈ લીધા અને પુરંદરની સંધિ કરવા વિવશ કર્યા. એવું લાગે છે કે શિવાજી મહારાજે જિંદગીમાં બે મોટી ભૂલો કરી હતી જેમાંની એક તો પુરંદરની સંધિ – જેના વિરોધમાં નેતાજી પાલકર શિવાજીનો સાથ છોડીને ચાલ્યા ગયા હતા, અને બીજી, પોતાના પુત્ર સંભાજીને ઔરંગઝેબની પાંચહજારી મનસબમાં મોકલ્યો હતો – જ્યાં સંભાજી અને મુઅજ્જમ બંને મિત્રો બનીને વર્ષો સુધી સાથે રહ્યા હતા. મુઅજ્જમની સંગતિથી સંભાજી મહારાજમાં પણ કેટલીક દુર્બળતાઓ પ્રવેશી હતી. પરિણામે તેમને ઘણું સહન કરવું પડ્યું હતું અને ઔરંગઝેબના હાથે ક્રૂરતાથી મરવું પડ્યું હતું.

મિરઝા રાજા જયસિંહને હટાવીને ઔરંગઝેબે ફરીથી મુઅજ્જમને દક્ષિણનો સૂબેદાર બનાવી દીધો, કારણ કે ઔરંગઝેબના બંદીખાનામાંથી શિવાજી મહારાજ યુક્તિ-પ્રયુક્તિથી ભાગી છૂટ્યા હતા. તેમ થવામાં ઔરંગઝેબને જયસિંહ ઉપર સંદેહ હતો, તેથી તેમને હટાવીને મુઅજ્જમને ફરીથી દક્ષિણનો સૂબેદાર બનાવ્યો અને જશવંતસિંહને સલાહકાર તરીકે મોકલ્યો. પણ પિતા ઔરંગઝેબથી નારાજ થઈને ઇ. સ., 1670માં મુઅજ્જમે પોતાને બાદશાહ ઘોષિત કરી દીધો. ઔરંગઝેબ જશવંતસિંહ ઉપર નારાજ થયો અને તેને અફઘાનિસ્તાન યુદ્ધ કરવા માટે મોકલી દેવામાં આવ્યો.

શાહજાદા અકબરે તો વિદ્રોહ કર્યો જ હતો, હવે મુઅજ્જમ પણ વિદ્રોહી થઈ ગયો હતો. ઔરંગઝેબને પોતાના શાહજાદાઓથી જ હંમેશાં વિદ્રોહનો ભય રહ્યા કરતો હતો. જેમતેમ કરીને ઔરંગઝેબે મુઅજ્જમને સમજાવી-બુઝાવીને મનાવી લીધો અને તેને અકબરની વિરુદ્ધમાં યુદ્ધ કરવા હુકમ કર્યો, પણ મુઅજ્જમ બરાબર કાર્યરત થયો નહિ. એટલું જ નહિ, ગોલાકુંડાના શાસક અબ્દુલ હસન સાથે તે મળી ગયો અને ફરીથી વિદ્રોહ કરવા માટેની તૈયારી કરવા લાગ્યો! ઔરંગઝેબને આ વાતની ખબર પડી તો 1683માં તેણે મુઅજ્જમને કેદ કરીને દિલ્હી મોકલી દીધો. મુઅજ્જમની બધી બેગમો તથા દાસદાસીઓને પણ બંદી બનાવીને દિલ્હીમાં મોકલી દેવામાં આવ્યાં અને હુકમ કર્યો કે છ મહિના સુધી તેમણે નખ કાપવા નહિ, ઠંડું પાણી પીવું નહિ અને ગરમ ભોજન કરવું નહિ. સાત વર્ષ સુધી તે સલીમગઢની જેલમાં પડ્યો-પડ્યો સડતો રહ્યો. ઔરંગઝેબે ફરીથી તેને લાહોરનો સૂબેદાર બનાવીને પંજાબ મોકલી દીધો. જેથી તે મરાઠા સરદારોથી દૂર રહે અને કોઈ ષડ્ યંત્ર ન કરે. ઈ. સ., 1699માં મુઅજ્જમને કાબુલનો સૂબેદાર બનાવી દેવામાં આવ્યો. લગભગ સાત-આઠ વર્ષ સુધી કાબુલના

સૂબેદાર તરીકે તેણે સેવા બજાવી. આ રીતે પોતાના શાહજાદાઓથી છુટકારો મેળવવા માટે ઔરંગઝેબ હંમેશાં પ્રયત્નો કરતો રહેતો હતો.

તા. 30/08/2020

જાટજાતિનું નેતૃત્વ

ભારતમાં રાજકીય અને સામાજિક શક્તિનું કેન્દ્ર મોટા ભાગે જ્ઞાતિ અથવા જાતિ રહી છે. પ્રત્યેક જાતિની પોતપોતાની આગવી શક્તિ રહેતી હોય છે. શક્તિ પ્રમાણે જે-તે જાતિ રાજકીય ક્ષેત્રમાં અથવા સામાજિક ક્ષેત્રમાં પોતાનું સ્થાન નિર્ધારિત કરતી હોય છે. ભારતમાં એવી કેટલીક જાતિઓ છે જે બહાદુર અને સાહસી ગણાય છે. તો બીજી કેટલીક જાતિઓ એવી પણ છે કે જેમનામાં બહાદુરી નથી, સાહસ નથી અને કુશળતા પણ નથી અથવા ઓછી છે. આવી જ્ઞાતિઓ રાજકીય ને સામાજિક ક્ષેત્રે આપોઆપ પાછળ ચાલનારી થઈ જતી હોય છે.

સાહસ, શોર્ય અને શારીરિક ખડતલપણામાં ઉત્તર ભારતની જાટ જાતિનું આગવું સ્થાન છે. જોકે નરજાતિ માટે બૌદ્ધિક ક્ષમતા ઓછી હોવાનું મનાય છે, પણ બાકીની ક્ષમતા ઘણી વધારે દેખાય છે. જાટોનાં ગામેગામ વસ્યાં છે. મુખ્યતઃ ખેતીનો ધંધો અને સરકારી નોકરીઓમાં, સેનામાં દાખલ થઈને બહાદુરીપૂર્વક સૈનિક કામગીરી કરતાં-કરતાં જીવન વિતાવવું એ તેમની મુખ્ય પ્રવૃત્તિ દેખાય છે. જાટ સારા સૈનિક તો થઈ શકે છે, પણ સારા વેપારી અથવા સારા ઉધોગપતિ થયા હોય તેવું ઓછું દેખાય છે.

ઔરંગઝેબના સમયમાં કિસાનો ઉપર ભારે ત્રાસ થવા લાગ્યો હતો. એક તો જમીનનો કર વધારી દેવામાં આવ્યો અને તે જોર-જબરજસ્તીથી વસૂલ થવા લાગ્યો. એટલે મોટા ભાગે જાટ-કિસાનો માટે આ અત્યાચાર અસહ્ય થઈ પડ્યો. જે પ્રજા અથવા જાતિ અત્યાચારો સહન કરી લેતી હોય છે તે ક્રાંતિ કરી શકતી નથી. જે પ્રજા અથવા જાતિ અત્યાચારોની સામે બાથ ભીડતી હોય છે તે જ ક્રાંતિ કરી શકતી હોય છે, ભલે પછી તે સફળ રહે યા ન રહે. જ્યારે મોગલ બાદશાહોના અમલદારો કરવસૂલી માટે ભારે અત્યાચાર કરવા માંડ્યા ત્યારે જાટજાતિ સંગઠિત થઈ ગઈ અને તેણે ઔરંગઝેબની સામે માથું ઊંચું કર્યું. જ્યારે આખા સમાજમાં કોઈ ચરુ ઊકળતો હોય ત્યારે તેમાંથી વિસ્ફોટ થવાની એક નાની ચિનગારી નિમિત્ત બની જતી હોય છે. ઔરંગઝેબે વીર ગોકુલા જાટને અપમાનિત કરીને તેનું માથું કાપી નાખ્યું. તથા ઉદ્ધવ વૈરાગીને પણ ક્રૂરતાથી મારી નાખ્યો હતો. ત્યારે સંપૂર્ણ જાટજાતિમાં ઘોર ઘૃણા ફેલાઈ ગઈ. આ ઘૃણાના પરિણામે તેમણે ઔરંગઝેબની સામે માથું ઊંચું કર્યું વ્રજરાજ અને ભજ્જાસિંહ નામના બે જાટો નેતા બન્યા અને તેમના નેતૃત્વમાં સંગઠિત થયેલા જાટોએ જગ્યા-જગ્યાએ ઔરંગઝેબના અમલદારો સામે વિદ્રોહ કર્યો. ઈ. સ. 1682માં આ વિદ્રોહમાં વ્રજરાજ મોગલોના હાથે વીરગતી પ્રાપ્ત થયા. તેમના મૃત્યુ પછી તેમનો પુત્ર વદનસિંહ જાટોનો પ્રમુખ નેતા બની ગયો અને ભજ્જાસિંહને ત્યાં રાજારામ નામનો પુત્ર થયો. આ બંને જાટોની સરદારી કરતા રહ્યા.

એવામાં ફરી એક ઘટના ઘટી. મઉનો ફોજદાર લાલબેગ હતો. તેણે એક આહીર સ્ત્રીનું અપહરણ કરી તેની સાથે બળાત્કાર કર્યો. જ્યારે રાજારામને આ વાતની ખબર પડી ત્યારે તેણે લાલબેગની હત્યા કરી નાખી. કેટલીક વાર આવી હત્યાઓ પાપ નહિ, પણ પુણ્ય બની જતી હોય છે. જ્યારે સ્ત્રીઓ ઉપર ગુંડાઓ કે શાસકો અત્યાચાર કરતા હોય અને બહેન-દીકરીનાં શિયળ લૂંટાતાં હોય ત્યારે જે નીચું માથું કરીને ચૂપચાપ બેસી રહેતા હોય છે તે નમાલા હોય છે. આવા નમાલા માણસો ક્રાંતિ કરી શકે નહિ. જે લોકો તરત જ આવા અત્યાચારનો પ્રતિરોધ કરતા હોય છે તે જ લોકો ક્રાંતિના જનક બનતા હોય છે. રાજારામના પરાક્રમની વાતો આખી જાટજાતિમાં ફેલાઈ ગઈ અને તેથી પૂરી જાટજાતિએ તેને પોતાનો નેતા બનાવી દીધો. નેતા

થતાંની સાથે જ રાજારામે આગ્રા સૂબા ઉપર આક્રમણો શરૂ કરી દીધાં. તેણે સરકારી ખજાનાઓ લૂંટવા માંડ્યા. મોગલોએ તેનો ભારે વિરોધ કર્યો, પણ પહોંચી શક્યા નહિ. હારી-થાકીને ઔરંગઝેબે તેને દિલ્હી બોલાવીને તેની સાથે સમજૂતી કરી લીધી. રાજકારણમાં કેટલીક વાર માથાભારે તત્ત્વો સાથે પણ સમજૂતી કરીને કામ પાર પાડવું પડતું હોય છે. ઔરંગઝેબે રાજારામને પાંચસો પંચોત્તેર ગામોની જાગીર આપી અને લૂંટફાટ કરતો અટકાવવાનો પ્રયત્ન કર્યો. રાજારામે જાગીર તો સ્વીકારી લીધી, પણ સાથે-સાથે પોતાની સૈનિકશક્તિ વધારવાનું કામ ચાલુ રાખ્યું. તેણે ગામેગામ માટીના કિલ્લા બનાવી લીધા. પછી આગ્રાના કિલ્લા ઉપર ચઢાઈ કરી દીધી. કિલ્લાનો કિલ્લેદાર સફીખાં હતો. તે કિલ્લો બંધ કરીને કિલ્લામાં પેસી ગયો. રાજારામનો સામનો કરી શક્યો નહિ. તેની નિષ્ફળતા જોઈને ઔરંગઝેબની વિરુદ્ધમાં જફરજંગ નામના સરદારને રાજારામનું દમન કરવા મોકલ્યો. રાજારામે બાદશાહ અકબરનો મકબરો ખોદીને તેમાં પડેલા અકબરના કંકાલને અગ્નિમાં નાખી દીધું. મકબરા ઉપર લગાવેલાં ચાંદીનાં પતરાં ઉખેડી લીધાં. આ રીતે રાજારામ ઔરંગઝેબના વિરુદ્ધમાં ભારે ઉત્પાત મચાવતો રહ્યો. છેવટે તેનાથી હારીથાકીને ઔરંગઝેબે આમેર-નરેશ બિશનસિંહ કછવાહને જાટોનું દમન કરવા મોકલ્યો. બિશનસિંહ અને રાજારામ વચ્ચે ભયંકર યુદ્ધ થયું. આ યુદ્ધમાં રાજારામ હારી ગયો. તેને તથા તેના સાથીદાર રાજાચેહરને પકડીને બંનેનાં ગળાં કાપી નાખ્યાં અને આગ્રાના કિલ્લાના દરવાજે લટકાવી દીધાં. જેથી વિદ્રોહ છોડી દે. રાજારામનું કપાયેલું ગળું ઔરંગઝેબને અર્પણ કરવામાં આવ્યું. તે જોઈને ઔરંગઝેબ ઘણો રાજી થયો. તેણે આગ્રાના કિલ્લામાં ભારે ઉત્સવ મનાવ્યો.

ઘણાને ખબર નહિ હોય પણ જાટો અને રાજપૂતો પરસ્પરમાં વર્ષોથી દુશ્મનીભર્યું જીવન જીવતા હતા. ભારતનું આ મોટું દુર્ભાગ્ય પણ કહેવાય કે જ્યાં જે જાતિની પ્રબળતા હોય તે બાકીની દુર્બળ જાતિઓને દબાવીને, શોષણ કરીને જીવન જીવતી હોય છે. જેથી જાતિઓમાં પરસ્પરનાં વેર-ઝેર, ઈર્ષા-દ્વેષ વધી જતાં હોય છે. રાજકારણ તેને સ્થાયીરૂપ આપીને પરસ્પરમાં લડાવતું રહે છે. બિશનસિંહ રાજપૂત હતા અને રાજારામ જાટ હતા. એટલે બંનેમાં પરસ્પરની જાતિગત ઘૃણા પણ હતી. ભારતમાં ઘણી જાતિઓ વસે છે. તે પરસ્પરમાં જેટલો પ્રેમ કરે છે તેથી વધુ ઘૃણા કરે છે. આ ઘૃણા કોઈ-કોઈ વાર મોટો ભડકો પણ બની જતી હોય છે. એટલે જાતિગત શક્તિનો સદુપયોગ થવાની જગ્યાએ દુરુપયોગ વધુ થતો રહે છે. ઔરંગઝેબે જાટોનું દમન કરીને બિશનસિંહને હુકમ કર્યો કે જાટ કોમનો સંપૂર્ણ નાશ કરી નાખવામાં આવે. બાદશાહનો હુકમ થવાથી ચારેતરફ જાટોને વીણી-વીણીને મારવા મંડ્યા. જેના કારણે જીવ બચાવવા ઘણા જાટો દેશ છોડીને દૂર-દૂર જ્યાં આશરો મળે ત્યાં ભાગી છૂટ્યા. ગુજરાતમાં વસનારા મોટા ભાગના પાટીદારો આ રીતે રાજકીય અત્યાચારોથી ત્રાસીને ભાગી આવેલા જાટ પરંપરાના માણસો હોય એવું લાગે છે. જોકે ગુજરાતમાં આવ્યા પછી તેમને અહિંસાવાદી ધર્મો ખાસ કરીને જૈન, વૈષ્ણવ, સ્વામીનારાયણ વગેરે ધર્મોનો યોગ મળ્યો જેના કારણે તેમનામાં જાટપણું ઓછું થઈ ગયું અને વણિકપણું વધુ ખીલી ઊઠ્યું. જેથી તે સારા કિસાનો, સારા વેપારીઓ અને સારા ઉદ્યોગપતિઓ પણ થઈ શક્યા છે. જાતિઓના ઇતિહાસમાં આવા વળાંકો આવ્યા કરતા હોય છે.

તા. 30/9/2020

૩૧

મરાઠાશક્તિનો સવાયો ઉદય

કેટલીક વાર એવું બનતું હોય છે કે જ્યાં એકહજાર વૉલ્ટનો બલ્બ પ્રકાશ આપતો હોય છે અને ઓચિંતાનું તેનું ફિલામેન્ટ ઊડી જાય તો ઘોર અંધકાર છવાઈ જતો હોય છે. જ્યારે ઝીરોનો બલ્બ હોય અને તે ઊડી જાય તો અંધકાર તો છવાતો હોય છે પણ તે ઘોર નથી હોતો. સામાન્ય હોય છે. એમાંથી રસ્તો સૂઝી શકતો હોય છે. પ્રકાશ જેટલો વધારે અંધકાર પણ તેટલો જ વધારે.

છત્રપતિ શિવાજી મહારાજ હજાર વોલ્ટના બલ્બ જેવા હતા. તે જ્યાં સુધી જીવ્યા ત્યાં સુધી પ્રચંડ પ્રકાશ આપતા રહ્યા. પણ તેમના અવસાન પછી ઘોર અંધકાર છવાઈ ગયો. 4 એપ્રિલ, 1680ના રોજ તેમનું નિધન થયું હતું. તે જ દિવસે તેમના મોટા પુત્ર સંભાજીએ તેમના સ્થાપિત કરેલા મરાઠા સામ્રાજ્યની ગાદી સંભાળી લીધી હતી. સંભાજીની માતા સઈબાઈ તો શિવાજી મહારાજના જીવતાં જ દેવ થઈ ગયાં હતાં, એટલે સંભાજીને માતાનું સુખ મળ્યું ન હતું. મહારાજની બાકીની ત્રણ રાણીઓ સંભાજીની સાવકી માતા થતી હતી. તેમાં એક સોયરાબાઈના ઉપર મહારાજને મારી નાખવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. જેના કારણે સંભાજીએ તેને પ્રાણદંડ આપ્યો હતો. બીજી રાણી પૂતળીબાઈ હતી જે મહારાજની સાથે સતી થઈ ગઈ હતી. ત્રીજી રાણી કવરબાઈને ઔરંગઝેબે પકડીને કેદ કરી લીધી હતી. મોટા રાજકીય પુરુષોના પરિવારના માણસોની પણ પૂરેપૂરી રક્ષા કરવી જોઈએ, કારણ કે શત્રુઓ તેમને પકડીને પોતાનું ધાર્યું કરાવતા હોય છે. અથવા રાજનેતાને મજબૂર કરી શકતા હોય છે. સંભાજીનો પુત્ર શાહુજી ને પત્ની એશુબાઈને પણ ઔરંગઝેબે કેદ કરી લીધાં હતાં. તથા ઘણા સમય સુધી તેમને કેદમાં રાખ્યાં હતાં. આ બધાંને દુઃખ આપીને ઔરંગઝેબ સંભાજીને ઝુકાવવા માગતો હતો, પણ સંભાજી ઝૂક્યા નહિ. આ રીતે સંભાજી અને ઔરંગઝેબ વચ્ચે દુશ્મનાવટ ચાલતી હતી.

એવામાં ઈ. સ., 1681માં ઔરંગઝેબનો વિદ્રોહી શાહજાદો અકબર સંભાજીની મરાઠાસેના તથા રાજપૂતોની રાજપૂતસેના બંને મળીને ઔરંગઝેબની જગ્યાએ શાહજાદા અકબરને બાદશાહ બનાવવા માગતા હતા. લગભગ નવ વર્ષ સુધી આ સંઘર્ષ ચાલતો રહ્યો. એવામાં એક એવી ઘટના ઘટી કે આખી બાજી પલટાઈ ગઈ. ઈ. સ. 1689માં સંભાજી માત્ર બસો સૈનિકોને લઈને સંગમેશ્વર ગામ પહોંચ્યા. આ વાતની ખબર સંભાજીના સાળા ગણોજી સિરકેએ સૂબેદાર મુકરબખાંને આપી દીધી. સાળા અને બનેવી વચ્ચે લાંબા સમયથી ખટરાગ ચાલતો હતો. પ્રત્યક્ષ વિરોધ કરવાની શક્તિ અને હિંમત ન હોવાથી ગણોજી સિરકેએ સંભાજીની પીઠ પાછળ ઘા કર્યો. આમ, જુઓ તો ભારત ઉપર મોગલોએ સેંકડો વરસ સુધી જે રાજ્ય કર્યું તેમાં મોગલો કરતાં બિનમોગલો અર્થાત્ રાજપૂતો, જાટો, મરાઠા, શીખો વગેરે ઇતર હિન્દુ પ્રજાનો મોટો સાથ ન મળ્યો હોત તો કદાચ મોગલો સેંકડો વર્ષ સુધી રાજ કરી શક્યા ન હોત. મોગલ અમલદાર મુકરબખાંએ સમાચાર મળતાંની સાથે જ પાંચહજાર સૈનિકો લઈને સંભાજી ઉપર આક્રમણ કરી દીધું અને સંભાજી તથા તેમના કવિ કળશને જીવતા પકડી લીધા. સંભાજીને ઔરંગઝેબની સામે ઉપસ્થિત કરવામાં આવ્યા. જ્યાં વાતચીત ચાલી. આ વાતચીતમાં સંભાજીએ બહુ કડક રીતે પોતાનો પક્ષ રાખ્યો અને ભાષા પણ કડક રહી. બીજી તરફ ઔરંગઝેબે તેને લાલચ આપી કે જો તું ઇસ્લામ સ્વીકાર કરી લે તો તને માફ કરી દેવામાં આવશે, એટલું જ નહિ પણ મારી શાહજાદી ઝિન્નત-ઉન-નિસા સાથે તારાં લગ્ન પણ કરાવી દેવામાં આવશે. ઇસ્લામની વાત સાંભળતાં જ સંભાજીને ક્રોધ ચડ્યો અને તેણે ઔરંગઝેબના

મોઢા ઉપર થૂંકી દીધું. પોતાના ખભા ઉપરના વસ્ત્રથી ઔરંગઝેબે મોઢા ઉપરનું થૂંક લૂછ્યું. અને તેને પણ ભારે ક્રોધ ચડ્યો. તેણે તરત જ જલ્લાદને બોલાવ્યો અને હુકમ કર્યો કે આ માણસને રિબાવી-રિબાવીને મારી નાખવામાં આવે. જલ્લાદે સૌથી પહેલાં સંભાજીની એક પછી એક આંગળીઓ કાપી. પછી હાથ કાપ્યા. પછી પગ કાપ્યા પછી આંખો ફોડી નાખી, પછી જીભ ખેંચી નાખી. આ રીતે પંદર દિવસ સુધી રોજ એક-એક અંગ કાપીને તડપાવી-તડપાવીને છેવટે સંભાજીનું મસ્તક કાપી નાખ્યું. આ બધા કાપેલા ટુકડા તુલાપુરની નદીમાં ફેંકી દેવામાં આવ્યા. જે વહેતા-વહેતા હેઠવાસમાં ગયા. ત્યાં કિનારે રહેનારા મરાઠા હિન્દુઓએ સંભાજીનાં જેટલાં મળ્યાં તેટલાં અંગો ભેગાં કરી તેનો અગ્નિસંસ્કાર કર્યો. આવું કરનારા લોકોને શિવલે કહેવાય છે અને આજે પણ દર વર્ષે સંભાજીની સ્મૃતિમાં એક મહિના સુધીનો લાંબો મેળો ભરાય છે અને સંભાજીનો શહીદ દિવસ ઊજવાય છે. જે છત્રપતિ શિવાજી મહારાજની ધાકથી મોગલ સલ્તનત હચમચી ઊઠ્યું હતું તે જ સલ્તનત હવે શિવાજી મહારાજના નિધન પછી સંભાજીના સાળા ગણોજી સિરકેની ગદ્દારીથી શિવાજીના ઉત્તરાધિકારી છત્રપતિ સંભાજીની આવી દશા ઔરંગઝેબે કરી હતી. ઔરંગઝેબને તો કદાચ માફ કરી શકાય, પણ સગા સાળા ગણોજીને માફ કરી શકાય નહિ. ઘરના ગદ્દારો કેટલો મોટો અનર્થ કરતા હોય છે! વ્યક્તિગત વેરભાવથી પ્રેરાઈને તે કેટલી હદે નીચતા બતાવતા હોય છે તેનું પ્રત્યક્ષ ઉદાહરણ ગણોજી કહી શકાય.

પરમેશ્વરે સૃષ્ટિની રચના દ્વંદ્વાત્મક કરી છે. પરમેશ્વર સિવાય બાકીનું બધું જ દ્વંદ્વાત્મક છે. આ સૃષ્ટિ બે ભાગમાં વહેંચાયેલી છે ઃ (1) પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ વગેરે દ્રવ્યોથી રચાયેલી અને (2) દયા, કરુણા, ઉદારતા વગેરે ગુણોથી રચાયેલી છે. દ્રવ્યની સૃષ્ટિ તો પ્રત્યક્ષ છે જ, પણ ગુણોની સૃષ્ટિ પણ અવારનવાર આપણને અનુભવાતી હોય છે. ખરેખર તો ગુણોની સૃષ્ટિ જ ખરી સૃષ્ટિ છે. જે પ્રાણીમાત્રમાં વ્યાપ્ત છે. પણ તેનું પ્રચુર પ્રમાણ માત્ર માનવસૃષ્ટિમાં જ છે. માનવ જેટલો દયાળુ થઈ શકે છે અને જેટલો ક્રૂર થઈ શકે છે તેટલી દયાળુતા અને ક્રૂરતા પશુઓમાં દેખાતી નથી. હિંસક પશુઓ પ્રાણીઓનો શિકાર કરીને મારી ખાય છે. પણ તેમને રિબાવવામાં તેમને રસ હોતો નથી. પકડાયેલું પશુ થોડી જ વારમાં તરફડીને મરી જતું હોય છે, કારણ કે સિંહ, વાઘ, ચિત્તો તરત જ તેનું ગળું દબાવી દેતા હોય છે. તેને તો માત્ર ને માત્ર ઘાસાહારી પશુઓને આહાર બનાવ્યાં હોવાથી માત્ર આહાર માટે જ તે સહજ રીતે પશુહત્યા કરતાં હોય છે; પણ માણસની દયાળુતા અને ક્રૂરતાને કોઈ છેડો નથી. હિટલરે સાઠ લાખ યહૂદીઓને ગૅસચેમ્બરમાં મારી નાખ્યા. આમાંનું એક ગૅસચેમ્બર જોવાનો મને મોકો મળ્યો હતો. આ ગૅસચેમ્બરમાં તેર લાખ માણસોને મારવામાં આવ્યા હતા, પણ આ બધા માત્ર દસ જ મિનિટમાં ગૅસના પ્રભાવથી ગૂંગળાઈને મરી ગયા હતા. આવું જ બીજું સામૂહિક માનવ-કતલખાનું મને કમ્બોડિયામાં જોવા મળ્યું હતું. કમ્બોડિયા ડિક્ટેટર પોલ પોટે ત્રીસ લાખ માણસોને મારી નાખ્યા હતા. પણ તે રિબાવી-રિબાવીને મારતો હતો. તે માણસોને રિબાવતો તે બધ઼ુ જોવા જવાનું થયું હતુ.ં જે જોતાં આપણાં અંગ કાંપી ઊઠતાં. માણસ આટલો બધો ક્રૂર થઈ શકે છે તે નવાઈ જ કહેવાય. આવી રીતે બાંગ્લાદેશનું નિર્માણ થયું તેની પહેલાં પાકિસ્તાનના જનરલ ટિક્કાખાને બાંગ્લાદેશમાં વીસ-ત્રીસ લાખ માણસોને મારી નાખ્યા હતા. યુગાન્ડાના ઈદી અમીને પણ માણસોને રિબાવી-રિબાવીને મારી નાખ્યા હતા. માણસોને રિબાવી-રિબાવીને મારવામાં તેને બહુ આનંદ આવતો, પણ આ બધા ઇતિહાસના ખલનાયકોથી ચડી જાય તેવી ક્રૂરતા ઔરંગઝેબે સંભાજી મહારાજ સાથે બતાવી હતી. પંદર દિવસ સુધી સંભાજી મહારાજના એક-એક અંગને કાપવું અને તરફડાવી-તરફડાવીને જીવતા રાખીને મારવામાં તેને બહુ આનંદ આવતો હતો. જ્યારે સંભાજી મહારાજના નખ ખેંચવામાં આવ્યા કે જીભ ખેંચીને બહાર કાઢવામાં આવી ત્યારે તેના હાસ્યના ફુવારા છૂટતા હતા. તેની

શાહજાદી તેને વારંવાર વિનંતી કરતી હતી કે સંભાજીને છોડી મૂકો પણ તે માનતો ન હતો. આ જ માણસ રોજ અચૂક રીતે પાંચ સમયની નમાજ પઢતો હતો. જે નમાજમાં પરમેશ્વરને વારંવાર પરમ દયાળુ કહેવામાં આવ્યો છે, તેનો પરમેશ્વર તો દયાળુ હશે, પણ તે પોતે કદી પણ દયાળુ થયો હોય તેવું જાણવામાં આવતું નથી. તેની ક્રૂરતાની હદ ન હતી. આ પ્રકૃતિના દ્વંદ્વાત્મક સર્જનનું બીજું પાસું હતું. જેમ સિક્કાની બે બાજુઓ હોય છે તેમ પ્રત્યેક ગુણની પણ બે બાજુઓ હોય છે. એક તરફ દયાળુતા અને બીજી તરફ ક્રૂરતા. કોના ભાગમાં કયો સિક્કો આવ્યો તેના આધારે તેનું જીવન વીતતું હોય છે.

સંભાજીના મરણ પછી ઔરંગઝેબને ખાતરી હતી કે હવે મરાઠા-શક્તિ નષ્ટ થઈ જશે, કારણ કે મરાઠા પાસે હવે કોઈ નેતા જ રહ્યો નથી. શિવાજી મહારાજનું નિધન પહેલાં થઈ ચૂક્યું હતું. અને હવે સંભાજીનું નિધન થયું, એટલે મરાઠા નેતા વિનાના થઈ ગયા. પ્રજા ગમે તેટલી મહાન હોય અથવા પક્ષ કે પાર્ટી ગમે તેટલી મોટી હોય પણ જો તેની પાસે સારો નેતા ન હોય તો બધું જોતજોતામાં વેરવિખેર થઈ જતું હોય છે. પચીસ વર્ષથી ઔરંગઝેબ દક્ષિણમાં પડ્યો હતો અને તેના બે શત્રુઓ હતા ઃ એક મરાઠા અને બીજા શિયા મુસલમાનો. તેમાં મરાઠાશક્તિનો તેણે ધ્વંસ કરી નાખ્યો, પણ હજુ શિયા મુસ્લિમો બાકી હતા. એટલે હવે તેની પૂરી શક્તિ બીજાપુર અને ગોલકૌંડાનાં શિયા રાજ્યો તરફ વળી ગઈ. પણ તેની ધારણા સાચી ન નીકળી. મરાઠા સરદારોએ તરત જ સંભાજીના નાનાભાઈ રાજારામને ગાદીએ બેસાડી દીધો અને આ રીતે મરાઠાશક્તિ ફરીથી સંગઠિત થઈ ગઈ. ઔરંગઝેબે રાજારામ ઉપર આક્રમણ કરી દીધું એટલે રાજારામ જિન્જીના કિલ્લામાં ભરાઈ ગયો. ઔરંગઝેબે આ કિલ્લાને નવ વર્ષ સુધી ઘેરી રાખ્યો અને અંતે કિલ્લો જીતી લીધો પણ રાજારામ ત્યાંથી છટકી ગયો અને સતારા પહોંચી ગયો. ઈ. સ., 1700માં રાજારામનું નિધન થઈ ગયું. જોકે તેના નિધન પછી તેની રાણી તારાબાઈએ રાજગાદી સંભાળી લીધી અને બહુ કુશળતાથી મરાઠાશક્તિને સંગઠિત કરી.

તારાબાઈને એક પુત્ર હતો જેને શિવાજી દ્વિતીય કહેવાય છે. આ શિવાજી દ્વિતીયને ગાદી ઉપર બેસાડીને તારાબાઈએ બહુ બહાદુરી અને બાહોશીથી મરાઠાશક્તિનો વિસ્તાર કરવા માંડ્યો. ગુજરાત, માળવા વગેરે મોગલપ્રદેશો ઉપર હુમલા કરી-કરીને જોતજોતામાં તેણે રાજ્યનો ખજાનો ભરપૂર બનાવી દીધો. આ રીતે મરાઠાશક્તિની સમાપ્તિ ન થતાં ફરીથી સવાયો ઉદય થઈ ગયો. વાડ અથવા ઝાડનું સૂડ કરવાથી તે વધુ પાંગરતાં હોય છે. આવી જ રીતે જે બહાદુર જાતિઓ હોય છે, તેમની કત્લેઆમ કરવામાં આવે તોપણ તે ફરીથી બમણી થઈને વૃદ્ધિ પામતી હોય છે. જે સૂડ સહન ન કરી શકે તે જ નષ્ટ થઈ જતા હોય છે. બહાદુરીની આ પણ એક ખાસિયત છે કે જેમ-જેમ તેના ઉપર જુલમો, અત્યાચારો થાય તેમ-તેમ તે વધુ ને વધુ ફળતા-ફૂલતા હોય છે. જેમ કે પરશુરામે એકવીસ વાર ક્ષત્રિયોનું નિકંદન કાઢ્યું હતું. તોપણ આજે ક્ષત્રિયો એવા ને એવા હયાત છે. હિટલરે યહૂદીઓનું નિકંદન કાઢવા માટે ગૅસચેમ્બરો બનાવી હતી. તોપણ આજે વિશ્વનું સૌથી શક્તિશાળી યહૂદીઓનું રાષ્ટ્ર ઇઝરાયલ પોતાનો જયજયકાર કરી રહ્યું છે. આવી જ રીતે મોગલોએ ખાસ કરીને ઔરંગઝેબે શીખોનો નાશ કરવા માંડ્યો હતો, પણ આજે શીખો સવાઈ શક્તિ સાથે `સત્ શ્રી અકાલ' બોલી રહ્યા છે. આવું જ મરાઠાશક્તિનું પણ કહેવાય. મરાઠા પણ દબાઈને-કચડાઈને ફરી પાછા તારાબાઈના નેતૃત્વમાં સવાયા થઈ ગયા.

તા. 4/09/2020

૩૨

ઔરંગઝેબનો અંત

જીવનમાં સાચવવા જેવી ચાર વસ્તુઓ છે ઃ

(1) ચારિ�ય, (2) તીવ્ર લાગણીના ગાઢ સંબંધો, (3) પૈસો અને (4) પરિવાર.

(1) જીવનમાં સૌથી વધુ મહત્ત્વ વ્યક્તિનું ચારિ�ય છે. આ ચારિ�ય ત્રિમુખી હોય છે. જોકે ભારતમાં ચારિ�યને માત્ર એકમુખ જ માનવામાં આવે છે. એકમુખ એટલે સેક્સમુખી, અર્થાત્ કોઈ વ્યક્તિ અનૈતિક સેક્સભર્યું જીવન જીવે તો તેને ચરિત્રહીન માનવામાં આવે છે. આ ધારણા સાચી હોવા છતાં પણ અધૂરી છે. ચારિ�યનાં બીજાં પણ બે મુખો છે. તે છે - ધનમુખી અને સત્તામુખી. એમ કહી શકાય કે ચારિ�ય અને મૉરલ બંનેને એક સમજવાં જોઈએ અને મૉરલને માપવાનાં આ ત્રણ ક્ષેત્રો છે. જે વ્યક્તિનું સેક્સ-મૉરલ હોય તે સર્વોત્તમ પણ સેક્સની સાથે મની-મૉરલ પણ હોય તે વધુ ઉત્તમ. આ બંનેની સાથે પાવર-મૉરલ હોય તે તો વળી સૌથી ઉત્તમ. શ્રીરામમાં આ ત્રણેય પ્રકારનાં મૉરલ જોઈ શકાય છે, એટલે હિંદુ પ્રજા આવા દુર્લભ વ્યક્તિત્વને ભગવાન તરીકે પૂજે છે.

ચારિ�યનો સૌથી મંોટો દુશ્મન કુસંગ છે. સારો માણસ પણ જો કુસંગમાં પડી જાય તો સૌથી પહેલાં તેના ચારિ�યને દાગ લાગતો હોય છે. કુસંગનો અર્થ જ છે મૉરલ તોડીને લોભ, લાલચ કે આવેગોની પૂર્તિ કરવા માટે હલકાં કામો કરવાની પ્રેરણા આપવી. એટલે જે વ્યક્તિએ ચારિ�યવાન જીવન જીવવું હોય તેણે કુસંગથી દૂર રહેવું જોઈએ. આવા કુસંગ આચારિક પણ છે, અને વૈચારિક પણ છે. કેટલીક વાર આચારિક કુસંગ કરતાં વૈચારિક કુસંગ વધુ હાનિ પહોંચાડે છે.

ઔરંગઝેબ વૈચારિક કુસંગમાં પડી ગયો હતો. બાકી આચારની દૃષ્ટિએ ખાસ કરીને સેક્સમૉરલની દૃષ્ટિએ તેના ઉપર કોઈ આંગળી ઉપાડતું નથી. જ્યારે બીજા મોગલ બાદશાહો તથા મુસ્લિમ સુલતાનો ભોગવિલાસમાં ભરપૂર જીવન જીવતા હતા. ત્યારે ઔરંગઝેબ બહુ જ સાદગીભર્યું અને કરકસરભર્યું જીવન જીવતો હતો. તેના જીવનમાં અનૈતિક ભોગવિલાસને સ્થાન ન હતું. મોટા ભાગે જે લોકો વધુ ધર્મચુસ્ત હોય છે. તેમનું સેક્સ-મૉરલ સારું હોય છે, પણ વધુપડતી ધર્મચુસ્તતા જ્યારે કટ્ટરતામાં બદલાઈ જાય અને કટ્ટરતાને શક્તિનો સાથ મળે ત્યારે આવા કટ્ટરપંથી માણસો દુનિયા માટે વધુ ભયંકર સાબિત થતા હોય છે. તેના કરતાં એશઆરામ અને ભોગવિલાસમાં ડૂબેલા માણસો અપેક્ષાકૃત ઉદાર હોય છે અને તેથી તે વધુ ને વધુ ઝનૂની નથી બનતા હોતા.

ઔરંગઝેબ વૈચારિક કટ્ટરતાના કારણે બિનમુસ્લિમો માટે તો ભયંકર હતો, પણ તે તેટલો જ ભયંકર પોતાના પરિવાર માટે પણ હતો. તે લગભગ નેવ્યાસી વર્ષનું લાંબું જીવન જીવ્યો. જોકે તેનું શરીર કાટખૂણે વાંકંુ વળી ગયું હતું. ગાલ બેસી ગયા હતા. આંખો ઊંડી ઊતરી ગઈ હતી અને દાંત પડી ગયા હતા. આવી રીતે અત્યંત જર્જરિત શરીર થઈ ગયું હોવા છતાં પણ તે છેવટ સુધી જિદ્દ કરતો રહ્યો. આવી સ્થિતિમાં પણ તે સૈનિકોની છાવણીમાં પાલખીમાં બેસીને ફરતો રહેતો. તેની પાલખીને આઠથી દસ માણસો ઉપાડતા. યુદ્ધના સમયે તે પાલખીમાં બેસીને પોતાના સૈનિકોને ઉત્સાહ આપવા ફરતો રહેતો. ગોલકુંડાના યુદ્ધમાં આવી રીતે સૈનિકો વચ્ચે ફરતો હતો, ત્યારે તેની નજીક જ શત્રુપક્ષના તોપના ગોળા પડતા હતા. એકાદ ગોળો ક્યારે કામ તમામ કરી દે તે કહેવાય નહિ. તે િહન્દુઓને તો દુશ્મન માનતો હતો, પણ સાથે-સાથે શિયા મુસલમાનોને પણ દુશ્મન માનતો હતો, એટલે બીજાપુર અને ગોલકોંડાનાં શિયા રાજ્યોને મોગલ સલ્તનતમાં ભેળવી દેવા છેક સુધી લડતો રહ્યો. તેણે

પોતાના ભાઈઓને મારીને, આંખો ફોડીને ગાદી કબજે કરી હતી. તેણે પોતાની પાંચેય બહેનો અને બેગમોને પણ જેલમાં પૂરી દીધી હતી. તેની મુખ્ય બેગમ દિલરાસબાનુ હતી. તે મરી ચૂકી હતી અને મોટો પુત્ર સુલતાન મોહમ્મદ દિલ્હીની જેલમાં મરી ગયો હતો. મોટી બહેન જહાંઆરા જેલમાં મરી ગઈ અને તેની બીજી બેગમો પણ દુ:ખી થઈ-થઈને મરી ગઈ. તેની વહાલી દીકરી ઝેબુન્નિશા દિલ્હીની જેલમાં મરી ગઈ અને તેની પુત્રવધૂ જહાંઝેબનું પણ મૃત્યુ થઈ ગયું. બીજી બહેન ગોહનઆરા પણ મરી ગઈ. તેની બીજી પુત્રી મહેરુનિશા અને તેનો પતિ પણ મરી ગયાં. એનો પુત્ર બુલંદબખ્તર પણ મરી ગયો. ઈરાન ભાગી ગયેલો વિદ્રોહી શાહજાદો અકબર પણ મરી ગયો. તેના પરિવારનાં બીજાં ઘણા માણસો મરી ગયાં.

હવે જ્યારે તે પોતે મરવાના આરે પહોંચી ગયો ત્યારે તેના પરિવારમાં ત્રણ શાહજાદા જીવતા હતા. આઝમ, મુઅજ્જમ અને કામબક્ષ. તેની એક જ પત્ની જીવતી હતી, તે હતી બેગમ ઉદયપુરી અને એક પુત્રી જીવતી હતી ઝિન્નત-ઉન-નિશા. તેણે પંઢરપુરમાં વિઠોબાના મંદિરને તોડી નખાવ્યું હતું, અને મંદિરમાં ગાયોની કતલ કરાવી હતી. તેણે ત્રણેય શાહજાદાઓને દૂર-દૂર સુધી મોકલી દીધા હતા. જેથી તે વિદ્રોહ ન કરે. હવે તે શરીરથી થાક્યો હતો અને પરિવારથી પણ થાક્યો હતો. ઉપર કહ્યું તેમ ડાહ્યો માણસ પરિવારની રક્ષા કરતો હોય છે. રક્ષિત પરિવાર વૃદ્ધાવસ્થામાં અને મરણાવસ્થામાં સહાયક થઈને ઊભો રહેતો હોય છે. ઔરંગઝેબે તો પરિવારના લગભગ બધા સદસ્યોનો નાશ કરી નાખ્યો હતો. તેણે નક્કી કર્યું કે હવે શરીર કામ કરતું નથી, માટે દિલ્હી જતો રહું. છેલ્લાં પચીસ વર્ષથી તે દક્ષિણ ભારતમાં મરાઠાઓ તથા શિયાઓનું દમન કરવા પડ્યો રહ્યો હતો. તેથી દિલ્હીની ભૂમિ ઉપર પ્રાણ છોડવાની ઇચ્છા રાખીને ઈ. સ. 1707માં તે દિલ્હી રવાના થયો. તે જેવો રવાના થયો કે તરત જ મરાઠા સરદારોએ માથું ઊંચક્યું અને તેના કિલ્લા લૂંટવા માંડ્યા. તે જ્યારે અહમદનગર પહોંચી ગયો ત્યારે મરાઠા સરદારોએ તેને ચારેય તરફથી ઘેરી લીધો. મરાઠા સરદારોના હૃદયમાં સંભાજી મહારાજની ક્રૂર હત્યાનો બદલો લેવાની આગ ધગધગતી હતી. અહમદનગરમાં ચાર મહિના સુધી યુદ્ધ ચાલ્યું. જેમાં ઔરંગઝેબ હેરાન-પરેશાન થઈ ગયો. જોકે અહમદનગરથી મરાઠા સરદારો પાછા વળી ગયા. ઈ. સ. 1707ના માર્ચ મહિનાની ત્રીજી તારીખે ઔરંગઝેબનું મરણ થઈ ગયું. તેને ઔરંગાબાદથી ચોવીસ કિલોમીટર દૂર ખુલદાબાદ ગામમાં દફનાવી દેવામાં આવ્યો. કહેવાય છે કે તેની બહુ સાદી કબર બનાવવામાં આવી હતી અને તે પણ તેની ટોપીઓની મજૂરીમાંથી એકત્રિત કરેલા પૈસામાંથી બનાવાઈ હતી. તે સમયે તેની પાસે ચૌદ રૂપિયા અને બાર આના હતા. જે કબર બનાવવામાં ખર્ચાઈ ગયા. ઈ. સ. 1900માં ભારતના વાઇસરૉય લૉર્ડ કર્ઝને આ માટીની કબરની ચારેતરફ આરસપહાણનો કઠેરો બનાવ્યો હતો. યોગાનુયોગ આ કબર જોવાનો મને મોકો મળ્યો હતો. આજુબાજુ બીજા પણ કેટલાક લોકોની નાની-મોટી કબરો રચાયેલી છે. ઔરંગઝેબ િદલ્હી તો ન પહોંચી શક્યો પણ તેની અંતિમવેળાએ તેનો એક પણ શાહજાદો કે શાહજાદી હાજર ન હતાં. પરિવાર વિના તે એકલો જ મરણને આધીન થઈ ગયો હતો. ગરીબમાં ગરીબ માણસો પણ મરતી વખતે પરિવારનું સુખ ભોગવતા હોય છે. હિન્દુ પ્રજા તો મરતી વ્યક્તિની સામે દીવો કરે, મુખમાં ગંગાજળ પધરાવે, તુલસીદલ પધરાવે અને તેની અંતિમ ઇચ્છા પૂછે અને પૂરી કરે, પણ આમાંનું કંઈ પણ ઔરંગઝેબ સાથે થયું નહિ. તેના ત્રણ શાહજાદાઓ જીવિત હતા પણ તે ભારતના જુદા-જુદા ભાગોમાં સૂબેદાર થઈને રહેતા હતા. જેવી તેમને ખબર પડી કે તેમના પિતા ઔરંગઝેબનું મૃત્યુ થઈ ગયું છે એવા ત્રણેય પોતપોતાની સેના અને સાથીદારોને લઈને દિલ્હી તરફ દોડ્યા.

જોકે ઔરંગઝેબને પાંચ પુત્રો હતા, જેમાંથી બે પુત્રો તેના જીવતાં જ મરી ચૂક્યા હતા. મોટો પુત્ર મુઅજ્જમ હતો, પણ તેણે વિદ્રોહ કરેલો, તેથી જેલમાં બંધ કરી દીધેલો. જોકે

પાછળથી તેને લાહોર અને કાબુલનો સૂબેદાર બનાવીને દૂર મોકલી દેવામાં આવ્યો હતો. નાનો પુત્ર કામબક્ષ હતો. તેને પણ સૂબેદાર બનાવીને દૂર મોકલી દેવામાં આવ્યો હતો. તે દક્ષિણમાં બીજાપુરમાં હતો. તેણે પણ બીજાપુરમાં જ પોતાને બાદશાહ ઘોષિત કરી દીધો. જ્યારે મુઅજ્જમ તે સમયે પેશાવરની પાસે જમરુદમાં હતો. ત્યાં તેણે પોતાને બાદશાહ જાહેર કરી દીધો. જમરુદથી તે લાહોર આવ્યો. ખજાનામાંથી અઠ્ઠાવીસ લાખ રૂપિયા લઈ લીધા. પછી તે દિલ્હી પહોંચ્યો અને દિલ્હીના ખજાનામાં ત્રીસ લાખ રૂપિયા હતા તે પણ લઈ લીધા. દિલ્હીથી આગ્રા પહોંચ્યો અને આગ્રાના કિલ્લેદાર પાસેથી કિલ્લો પડાવી લીધો. આ રીતે મુઅજ્જમ શાહ, કામબક્ષ, અને આઝમખાં આ ત્રણેય ભાઈઓ પોતપોતાને બાદશાહ જાહેર કરીને એકબીજા સાથે યુદ્ધ કરવાની તૈયારી કરવા લાગ્યા. જ્યારે કોઈ પરિવારનો મોટો વડીલ મૃત્યુ પામે છે ત્યારે જો ઉત્તરાધિકારની વ્યવસ્થા બરાબર ન થઈ શકી હોય તો ઉત્તરાધિકાર માટે અનેક લોકોમાં, ઝઘડા શરૂ થઈ જતા હોય છે. તેમાં પણ આ તો મોગલવંશ જેની ખાસિયત જ ગળાં કાપીને ગાદી મેળવવાની રહી છે. તે ગળાં કાપ્યા વિના ગાદી કેવી રીતે મેળવી શકે?

તા. 5-9-2020

૩૩

ઉદાર અને સહિષ્ણુ શાહઆલમ

ઇતિહાસનું મૂળ મહત્ત્વાકાંક્ષા છે. જે વ્યક્તિ અથવા જે પ્રજામાં જેટલી મહત્ત્વાકાંક્ષા ભરી હોય તેટલો જ તેનો ઇતિહાસ હોય. મહત્ત્વાકાંક્ષા મોટાં આયોજનો અને સાહસોથી પૂરી થતી હોય છે અને આ બધું કરવા બહુ મોટી પ્રક્રિયા કરવી પડતી હોય છે. મહત્ત્વાકાંક્ષા અને સંઘર્ષ સાથે જ ચાલતાં હોય છે અને સંઘર્ષ અને શાંતિનો મેળ હોતો નથી. જે લોકો સંઘર્ષભર્યું જીવન જીવતા હોય છે, તેમને શાંતિ હોતી નથી, એટલે જે પ્રજા શાંતિપ્રિય હોય છે અથવા શાંતિ પામવા માટે પ્રયત્નો કરતી હોય છે તે કદાચ શાંતિભર્યું જીવન તો જીવી શકતી હોય છે, પણ તેનો ઇતિહાસ નથી હોતો. ઇતિહાસ તો અશાંતિમાંથી જ પ્રગટતો હોય છે. જે પ્રજા શાંતિમય જીવન જીવવા મથતી હોય છે તેને પણ શક્તિનું કવચ તો જોઈએ જ. શક્તિના કવચ વિના ગમે તેટલી નિર્દોષ અને શાંત પ્રજા હોય તોપણ શાંતિથી જીવી શકે નહિ. આ શાંતિનું કવચ એટલે રાજા, મહારાજા અથવા સમર્થ શાસન. જેમ કે ગોંડલના મહારાજા હોય તો તેમની પ્રજા શાંતિથી જીવન જીવી શકે, પણ જો મહારાજનું કવચ ન હોય તો પ્રજા ખાસ કરીને ખેડૂતો, વેપારીઓ વગેરે દુઃખી-દુઃખી થઈ જાય. દુઃખ અને અશાંતિ બંનેનો મેળ રહેતો હોય છે, એટલે ઇતિહાસ તો તેનો જ હોય છે જે જીવનભર ઘોર અશાંતિમાં જ જીવન જીવતા હોય છે.

ઔરંગઝેબ જીવનભર યુદ્ધો કરતો રહ્યો. તેને શંકા હતી કે મારા મૃત્યુ પછી મારી વિશાળ સલ્તનત માટે મારા શાહજાદાઓ અંદરો-અંદર લડી મરશે. જેમ કે મોગલ પરંપરામાં અમે બધા લડતા રહ્યા. તેથી તેણે પોતાનું વીલ કરીને ઓશીકા નીચે મૂકી દીધું હતું. તે વીલ પ્રમાણે મોગલ સામ્રાજ્યના ત્રણ ભાગ કરીને ત્રણેય શાહજાદાઓને જુદા-જુદા ભાગના બાદશાહ બનાવવાનું સૂચવ્યું હતું, પણ તેના મૃત્યુ પછી ત્રણમાંથી એકેયે એ વીલને સ્વીકાર્યું નહિ. પિતાની આજ્ઞા પાળવા રામ ચૌદ વરસ વનમાં ભટકતા રહ્યા પણ તે આર્યસંસ્કૃતિ હતી. આ મોગલસંસ્કૃતિ હતી. જેમાં પિતા અને પરિવારની હત્યાઓ કરીને રાજગાદી મેળવવાની પરંપરા ચાલતી હતી. એટલે ત્રણેય ભાઈઓએ એકબીજા સામે વિદ્રોહ કરી દીધો. પ્રત્યેક શાહજાદો પૂરી સલ્તનતનો બાદશાહ થવા માગતો હતો. મોટો શાહજાદો મુઅજ્જમ શાહ જે પાછળથી બહાદુરશાહ પ્રથમ થયો અને `શાહઆલમ' ઉપાધિ ધારણ કરીને બાદશાહ બન્યો. તે બીજા શાહજાદા આજમશાહને યુદ્ધ કરીને રોકવા માગતો હતો. શાહઆલમનો પુત્ર બંગાળનો સૂબેદાર હતો. તે પણ પોતાના પિતાને મદદ કરવા માટે આગ્રા તરફ કૂચ કરી ચૂક્યો હતો. બંગાળમાંથી તેણે અગિયાર કરોડ રૂપિયા પ્રાપ્ત કરી લીધા હતા અને પોતાની પાસે એંસી હજાર ઘોડેસવારોની સેના રાખી હતી. તે ચંબલના કિનારે ધોલપુરની પાસે એક કિલ્લા ઉપર કબજો કરીને ત્યાં બેસી ગયો.

બીજી તરફ બીજો શાહજાદો આઝમશાહ અહમદનગરથી ગ્વાલિયર પહોંચી ગયો. ઔરંગઝેબનો પ્રધાનમંત્રી અસદખાં તેની મદદ માટે આવી પહોંચ્યો. આઝમશાહનો પુત્ર બેદારબખ્ત પણ પચીસહજાર ઘોડેસવારો લઈને આવી પહોંચ્યો. આઝમશાહની સાથે કેટલાક રાજપૂત સરદારો પણ હતા. આ બધું મોટું લશ્કર લઈને આગ્રા તરફ આગળ વધ્યા. આગ્રા પહોંચતાં સુધીમાં આઝમશાહની પાસે નેવંુહજાર ઘોડેસવારો અને ચાલીસહજાર પાયદળ સૈનિકોની મોટી સેના ભેગી થઈ ગઈ. સેનાની દૃષ્ટિએ આઝમશાહનો વિજય નક્કી હતો, કારણ કે તેની પાસે મોટી સેના હતી. આગ્રાથી થોડે દૂર રહીને આઝમશાહે વ્યૂહરચના કરી તેણે પોતાની સેનાને ચાર ભાગમાં વહેંચી નાખી. એક ભાગ પોતાની પાસે રાખ્યો, બીજો ભાગ પોતાના પુત્ર બેદારબક્ષને આપ્યો, ત્રીજો ભાગ બીજા પુત્ર અલીતવરને આપ્યો અને ચોથો ભાગ

ત્રીજા પુત્ર વાલાજીને આપ્યો. આમ પોતાની સેનાને ચાર ભાગમાં વહેંચીને ચારેતરફથી શાહઆલમની સેનાને ઘેરી લઈ યુદ્ધ કરવાની વ્યૂહરચના કરી. જોકે આઝમશાહની પાસે મોટી-મોટી દૂર સુધી ગોળા ફેંકનારી તોપો ન હતી. તોપણ તેની પાસે નાની અને હલકી તોપો હતી. જે ઊંટો ઉપર રાખીને ચલાવી શકાતી હતી. જોકે આઝમશાહ તોપો કરતાં તલવારમાં વધુ વિશ્વાસ કરતો હતો. પોતાની વિશાળ સેના લઈને 17 જૂન 1707ના દિવસે ધોલપુરની પાસે માનીચા નામના ગામમાં પહોંચી ગયો. મુસ્લિમો પણ જ્યોતિષમાં માનતા હતા. તેથી તેનો જ્યોતિષી તેને સલાહ આપતો હતો કે જો 20મી જૂન અર્થાત્ ત્રણ દિવસ પછી યુદ્ધ શરૂ થશે તો તારો વિજય જરૂર થશે.

બીજી તરફ શાહઆલમ પણ પોતાની સેના લઈને 18 જૂને જમઉના મેદાનમાં પહોંચી ગયો. આ વાતની ખબર આઝમશાહને પડી નહિ. યુદ્ધમાં ગુપચુપ ઓચિંતાનો હુમલો કરવો એ મોટામાં મોટી વ્યૂહરચના કહેવાય. આઝમશાહ 20મી જૂનની રાહ જોઈને બેઠો હતો. ત્યારે શાહઆલમની સેના બે દિવસ પહેલાં પહોંચી ગઈ. તેની મદદ માટે તેનો પુત્ર પણ પાંચસો હાથીઓ લઈને મોટી સેના સાથે પહોંચી ગયો. આમ શાહઆલમની સેનામાં વૃદ્ધિ થઈ ગઈ. એવામાં રાજપૂતોની સેના પણ શાહઆલમની સેનામાં ભળી ગઈ. બંને વચ્ચે ઘનઘોર યુદ્ધ શરૂ થઈ ગયું. ભારતનાં મોટાં યુદ્ધોમાં આ જુજાઉનું યુદ્ધ પણ બહુ મોટું યુદ્ધ ગણાય છે. આ યુદ્ધમાં બારહજાર ઘોડેસવારો તથા દશહજાર પૈદલ સૈનિકો માર્યા ગયા હતા. આ યુદ્ધમાં આઝમશાહ અને તેના ત્રણેય પુત્રો પણ માર્યા ગયા હતા. બધાંનાં મડદાં દિલ્હી લઈ જઈને હુમાયુના મકબરામાં દફનાવી દીધાં અને શાહઆલમ ત્રેસઠ વર્ષની ઉંમરે બહાદુરશાહ પ્રથમ નામ ધારણ કરીને દિલ્હીનો બાદશાહ બની ગયો. આ રીતે મોટી સેના ઉપર નાની સેનાએ વિજય મેળવ્યો અને બાજી પલટાઈ ગઈ.

હવે ઔરંગઝેબનો ત્રીજો પુત્ર કામબક્ષ માત્ર બચ્યો હતો. તે દક્ષિણમાં બીજાપુરમાં સૂબેદાર હતો. તે શાહઆલમ સાથે સંઘર્ષમાં ઊતર્યો નહિ. તેણે પોતાને બીજાપુરમાં બાદશાહ જાહેર કરી દીધો હતો. વિજય મેળવ્યા પછી શાહઆલમે દિલ્હીમાં વિજય અપાવનાર સરદારોને ઘણાં ઇનામો આપ્યાં. તથા ઘણી ઊંચી પદવીઓ પણ આપી. એટલુંજ નહિ, જે વિરોધી હતા પણ હવે સાથે આવી ગયા હતા તેમને પણ ક્ષમા આપીને પોતાના પક્ષમાં સ્વીકારી લીધા. તેણે એક બહુ મહત્ત્વનો ફેરફાર જાહેર કર્યો. ઔરંગઝેબ સુન્ની મુસલમાન હતો અને શિયાઓનો કટ્ટર દુશ્મન હતો, તોપણ શાહઆલમે ગાદી ઉપર બેસતાં જ જાહેર કર્યું કે હવેથી હું સુન્ની મટીને શિયા પરંપરામાં દાખલ થાઉં છું, કારણ કે સુન્નીઓ બહુ જ કટ્ટર અને અસહિષ્ણુ હોય છે. આ રીતે તે શિયા મતનો અનુયાયી થઈ ગયો. એટલું જ નહિ, પોતાના મંત્રીમંડળમાં તથા સેનાપતિઓમાં પણ તેણે શિયા સરદારોનાં સ્થાન વધારી દીધાં. આ કારણે તેના સરદારોમાં બે પક્ષ બની ગયા. એક શિયાનું અને બીજું સુન્નીઓનું. જેણે શાસન કરવું હોય તેને સંતુલન કરતાં પણ આવડવું જોઈએ. મંત્રીમંડળમાં દરેક પ્રાંતને તથા દરેક કોમ તથા ધર્મને પોતપોતાનું ઉચિત સ્થાન મળવું જોઈએ. જો એવું કરવામાં ન આવે તો અસંતોષ વધે અને તેમાંથી ખટપટો ચાલુ થઈ જાય. અત્યાર સુધી માત્ર ને માત્ર સરદારોમાં મોટા ભાગે સુન્નીઓને મહત્ત્વ મળતું હતું. અને શિયાઓની ઉપેક્ષા થતી હતી તે શાહઆલમે દૂર કરી અને શિયાઓને વધુપડતું મહત્ત્વ આપવા માંડ્યું. જે બે જૂથ પડી ગયાં તેને ઈરાની અને તુરાની કહેવામાં આવતાં. અત્યાર સુધી બાદશાહની ગાદી પર બેસનારા મોટા ભાગે નાની ઉંમરના બાદશાહો હતા. બાબર અગિયારમા વર્ષે બાદશાહ બન્યો હતો. હુમાયુ બાવીસ વર્ષની ઉંમરે ગાદીએ બેઠો હતો. અકબર ચૌદ વર્ષની ઉંમરમાં જ બાદશાહ થઈ ગયો હતો. જહાંગીર છત્રીસ વર્ષે, શાહજહાં પણ છત્રીસ વર્ષે, ઔરંગઝેબ ઓગણચાલીસ વર્ષે બાદશાહ બન્યો હતો. જ્યારે શાહઆલમ ત્રેસઠ વર્ષે બાદશાહ

બન્યો હતો. તે સમયે ત્રેસઠ વર્ષ એટલે વૃદ્ધાવસ્થા ગણાતી હતી. શાહઆલમ પોતાના પૂર્વજો કરતાં ઘણો ઉદાર અને સહિષ્ણુ બાદશાહ હતો. તેણે ઘણા વિદ્રોહોને દબાવી દીધા હતા. સૌથી મોટો વિદ્રોહ તો સુન્ની ધર્માચાર્યોએ કર્યો હતો. તેને પણ તેણે દબાવી દીધો હતો. આ રીતે દિલ્હીની ગાદી ઉપર વરસો પછી એક ઉદાર વિચારવાળો બાદશાહ ગાદીએ બેઠો. જોકે તે લાંબો સમય રાજ કરી શક્યો નહિ. માત્ર પાંચ જ વરસ રાજ કરીને તેનું મૃત્યુ થઈ ગયું.

તા. 6/9/2020

બહાદુરશાહની ખાનદાની

પૂર્વ પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે ચારિ�ય ત્રણ મૉરલ ઉપર ટકેલું હોય છે ઃ

(1) મની-મૉરલ, (2) સૅક્સ-મૉરલ અને (3) પાવર-મૉરલ

આ ત્રણેય મૉરલ લગભગ બધા બાદશાહો પાસે નહોતાં. ખાસ કરીને પાવર મૉરલ તો કોઈની પાસે પણ ન હતું. ``મારે રાજગાદી નથી જોઈતી." એવી વૃત્તિ કોઈ શાહજાદામાં જોવા મળતી નથી. `કોઈ પણ ભોગે મારે ગાદી જોઈએ જ છે.' એવી વૃત્તિ લગભગ પ્રત્યેક શાહજાદામાં જોવા મળે છે. ઔરંગઝેબના પાંચ પુત્રોમાંથી હવે માત્ર બે જ બચ્યા હતા. એક આલમગીર બહાદુરશાહ અને બીજો કામબક્ષ. આલમગીર તો દિલ્હીનો બાદશાહ બની ચૂક્યો હતો. અને બાકીના ત્રણ ભાઈઓ મરી ચૂક્યા હતા. હવે માત્ર કામબક્ષ જ બાકી હતો. કામબક્ષ દક્ષિણનો સૂબેદાર હતો. જ્યારે બહાદુરશાહ બીજા ભાઈઓ સાથે યુદ્ધ કરતો હતો ત્યારે કામબક્ષ શાંત બેસી રહ્યો હતો, પણ જેવો બહાદુરશાહ વિજયી થઈને દિલ્હીની ગાદીએ બેઠો કે તરત જ તેણે કામબક્ષ ઉપર આક્રમણ કરવાની તૈયારી કરી દીધી. પાંચસો ઊંટ અને વીસહજાર ઘોડેસવારો લઈને તે આગળ વધ્યો. જ્યોતિષ ભાખનારાઓએ તેને આશ્વાસન આપ્યું હતું કે આ યુદ્ધમાં તે વિજયી થશે.

જેમ-જેમ બહાદુરશાહની સેના હૈદરાબાદ તરફ આગળ વધવા લાગી તેમ-તેમ કામબક્ષની સેનામાં ફૂટ પડવા લાગી. ખરેખર તો છેલ્લા કેટલાય મહિનાઓથી કામબક્ષ સૈનિકોને પગાર આપી શક્યો ન હતો. તેથી તથા બહાદુરશાહનો વિજય નક્કી હોવાથી સૈનિકો ભાગી-ભાગીને બહાદુરશાહની સેનામાં ભળી જવા લાગ્યા. યુદ્ધ ત્રણ શક્તિઓથી લડાતું હોય છે ઃ (1) સૈનિકશક્તિ, (2) શસ્ત્રશક્તિ અને (3) ધનશક્તિ. ત્રીજી જે ધનશક્તિ છે તેને આધીન પ્રથમની બંને શક્તિઓ રહેતી હોય છે. અર્થાત્ પ્રચુર ધન વિના મોટાં યુદ્ધો લડી શકાય નહિ. કામબક્ષ પાસે ધન ન હતું. તેથી તે સૈનિકોને પગાર ચૂકવી શકતો ન હતો. જેના કારણે સૈનિકોમાં ભારે અસંતોષ ફેલાવા લાગ્યો હતો. સૈનિકોમાં કોઈ પણ પ્રકારનો અસંતોષ ન ફેલાય તેની કાળજી સેનાપતિએ રાખવી જોઈએ. બધા અસંતોષમાં સૌથી મોટો અસંતોષ પોતાના પગારનો હોય છે. જે સૈનિકો યુદ્ધમાં માર્યા જતા તેમનાં બાળબચ્ચાં રખડી પડતાં, કારણ કે ત્યારે પેન્શન જેવી કોઈ વ્યવસ્થા ન હતી. ઉપરથી ચડેલો પગાર પણ વસૂલ કરવામાં ભારે તકલીફ પડતી અને સૈનિકો મોટા ભાગે તો માણસો જ છે અને માણસોને સૌથી પહેલું પેટ વળગ્યું હોય છે. જેનું પેટ ન ઠર્યું હોય, જે પોતાનાં પરિવારનું પેટ ઠારી શકતો ન હોય તે લાંબો સમય યુદ્ધ ન કરી શકે. જોકે પેટ પછી હૃદય પણ ઠરવું જોઈએ બહાદુર સૈનિક કદાચ લાગણીઓને તો દબાવી શકે, પણ બાળબચ્ચાંનાં ભૂખ્યાં પેટને તો લાંબો સમય સહન ન કરી શકે. એટલે અંગ્રેજોએ દર મહિનાની નિશ્ચિત તારીખે સૈનિકોને પગાર આપી દેવાનો નિશ્ચિત રિવાજ રાખેલો.

ભાગતાં-ભાગતાં કામબક્ષની પાસે અઢીહજાર ઘોડેસવારો અને પાંચહજાર પૈદલ સૈનિકો રહી ગયા. હવે યુદ્ધ નજીક આવી પહોંચ્યું હતું. અધૂરામાં પૂરું બહાદુરશાહે મદ્રાસના ગવર્નર થોમસને સંદેશો મોકલ્યો કે જો તે કામબક્ષને પકડીને અમને સોંપી દેશે તો તેને બે લાખ રૂપિયા આપવામાં આવશે. ઈસ્ટ ઇન્ડિયા કંપનીના અધિકારીઓ ભારતનાં મોટા ભાગનાં બંદરો ઉપર કોઠીઓ નાખીને વેપાર કરવા બેઠા હતા, પણ તેમની પાસે માત્ર ત્રાજવાં ન હતાં, તોપો પણ હતી. તે માત્ર વેપારી જ ન હતા, સેનાપતિઓ પણ હતા. ભારતના વણિકો માત્ર વેપારીઓ જ રહેતા હોય છે. તે કદી કોઈ પણ જગ્યાએ સેનાપતિ થઈ શકતા નથી. જ્યારે અંગ્રેજોમાં આ

બંને શક્તિઓ ભરપૂર હતી. એટલે બંને શક્તિઓનો ઉપયોગ કરીને તે દેશી રાજા-રજવાડાંઓનો પોતાના સ્વાર્થ માટે ઉપયોગ કરતા રહેતા હતા.

ઈ. સ., 1709ના જાન્યુઆરી મહિનામાં બહાદુરશાહે કામબક્ષ ઉપર આક્રમણ કરી દીધું. કામબક્ષને ચારેબાજુથી ઘેરી લેવામાં આવ્યો. ભયંકર યુદ્ધ થયું. કામબક્ષ ભૂંડી રીતે ઘાયલ થઈ ગયો. તે બેહોશ થઈને ઢળી પડ્યો. બહાદુરશાહે હુકમ કર્યો કે તેને તથા તેના પુત્રને કેદ કરીને પાલખીમાં બેસાડીને મારી પાસે લઈ આવો. લોકોએ તેવું જ કર્યું. સામાન્ય રીતે આવી ક્ષણોમાં વિજયી ભાઈ પરાજિત ભાઈનું ગળું કાપી નાખતો હોય છે. એવી આજ સુધીની બધી પરંપરા હતી. પણ બહાદુરશાહ કામબક્ષના ઘા ઉપર પોતાની જાતે મલમપાટો બાંધવા લાગ્યો. તેણે કામબક્ષની ઘણી સેવા-શુશ્રૂષા કરી, પણ તેના શરીરમાંથી ઘણું લોહી વહી જવાના કારણે તે બચી શક્યો નહિ. સવાર પડતાં પહેલાં તેનું મૃત્યુ થઈ ગયું. હવે ઔરંગઝેબના ઉત્તરાધિકારી તરીકે માત્ર ને માત્ર એકમાત્ર બહાદુરશાહ જ બચ્યો હતો. તે લાંબો સમય રાજ કરી શક્યો નહિ. તેણે માત્ર પાંચ જ વર્ષ રાજ કર્યું. બીજા બાદશાહોની તુલનામાં તે ઘણો ઉદાર રહ્યો. તેણે ચારેતરફ સુલેહ, શાંતિ કરવાના પ્રયત્નો કર્યા.

આ જ સમયે પંજાબમાં ગુરુ ગોવિંદસિંહના શિષ્ય બંદા બૈરાગીનું નેતૃત્વ ઊભું થયું અને તેણે મોગલસત્તા ઉપર ભારે હાહાકાર મચાવી દીધો. એટલે બહાદુરશાહની ઘણી શક્તિ પંજાબમાં બંદા બૈરાગીને દબાવવામાં ખર્ચાઈ ગઈ. બાદશાહ બન્યા પછી તેને મદદ કરનારા એકેએક રાજા-મહારાજાઓ અને સરદારોને યાદ કરી-કરીને સારાં ઇનામો આપ્યાં. જેમ કે બુંદીના રાજા બુદ્ધસિંહ હાડાને બહુ મોટું માન-સન્માન આપ્યું અને પાડોશના કોટા પરગણાને બુંદીમાં ભેળવી દેવાની છૂટ આપી. આમેરના રાજકુમાર વિજયસિંહને પણ પુરસ્કૃત કરવામાં આવ્યા. મોગલ સરદાર ઝુલ્ફીકારખાંને કામબક્ષની જગ્યાએ દક્ષિણનો સૂબેદાર બનાવી દીધો, એટલું જ નહિ તેને બક્ષીનું પદ પણ આપ્યું. જોકે આ તેની ભૂલ સાબિત થઈ, કારણ કે આગળ જતાં આ શિયા સરદારે દક્ષિણમાં પોતાનું સ્વતંત્ર શિયા રાજ્ય ઘોષિત કરી દીધું. આમ સમય મળતાં જ તેણે પોતાના બધા ઉપકારકોને યથાયોગ્ય સહાયતા કરીને મોગલ દરબારમાં તેમનું માન-સન્માન વધાર્યું. વ્યક્તિની ખાનદાની તેની કૃતજ્ઞતાથી માપી શકાય. પોતાના ઉપર ઉપકાર કરનારાઓને સમય-સમય ઉપર અહેસાનનો બદલો આપવો તે ખાનદાની કહેવાય. અહેસાન કરનારને ભૂલી જવું અથવા તેમનું જ અહિત કરવું એ છેલ્લી કક્ષાની નીચતા કહેવાય. આ રીતે બહાદુરશાહે પોતાની ઊંચી ખાનદાની બતાવી હતી.

તા. 7/9/2020

૩૫

જહાંદારશાહનો પરાજય

ઔરંગઝેબના મૃત્યુ પછી આશા બંધાઈ હતી કે હવે સત્તાની સાઠમારી બંધ થઈ જશે અને રાજ્યમાં શાંતિ સ્થાપિત થશે. કોઈ પણ રાજ્યમાં અશાંતિ બે રીતે થતી હોય છે ઃ એક તો સત્તાના વારસદારો અથવા સત્તા માટે મહત્ત્વાકાંક્ષા રાખનારાઓ તરફથી વિદ્રોહ થતો રહેતો હોય છે. તો બીજી અશાંતિ પ્રજા તરફથી થતી હોય છે. જો શાસન પ્રજા ઉપર અત્યાચાર અને અન્યાય કરે તો પ્રજામાં અશાંતિ ઊભી થઈને વિદ્રોહનું રૂપ ધારણ કરતી હોય છે. મોગલ સલ્તનતમાં આ બંને પ્રકારની અશાંતિઓએ કાયમીરૂપ ધારણ કરી લીધું હતું. સત્તાના વારસદારો તો અંદરોઅંદર લડતા જ હતા. તો બીજી તરફ પ્રજા પણ વધુપડતા વેરા લગાવવાથી ઘોર અસંતોષ અનુભવતી હતી. પહેલાં હિંદુ રાજાઓ પ્રજા પાસેથી અન્ન ઉત્પાદનનો ચોથો કે છઠ્ઠો ભાગ લેતા તેની જગ્યાએ ઔરંગઝેબના સમયથી ખેડૂતો પાસેથી ઊપજનો અડધો ભાગ અથવા કોઈ-કોઈ વાર સાઠ ટકા ઊપજ જબરદસ્તીથી વસૂલ કરવામાં આવતી હતી. ઉપરથી જજિયાવેરો જુદો. આમ બંને વિભાગો તરફથી સતત અશાંતિ ઊભી થતી રહેતી હતી. અશાંતિને દબાવવા સેના જોઈએ અને સેનાને નિભાવવા પૈસા જોઈએ. જો પૂરતા પૈસા ન હોય અને સેનાનો પગાર સમયસર આપી ન શકાય તો સૈનિકો પણ વિદ્રોહ કરી દેતા હોય છે.

બહાદુરશાહ બાદશાહ લાહોરમાં નારાજ થયેલા મુલ્લા-મૌલવીઓને સમજાવવા પ્રયત્નો કરતો હતો, કારણ કે તેણે પોતાને `અલીની' જગ્યાએ `વલી' ઘોષિત કરી દીધો હતો. વલીની ઉપાધિ મુલ્લાઓને સ્વીકાર્ય ન હતી. તેથી તેમણે ભારે વિરોધ કરીને યુદ્ધ સુધીની નોબત વગાડી દીધી હતી, પણ બહાદુરશાહ બીમાર થઈ ગયો અને ઈ. સ., 1712, ફેબ્રુઆરી મહિનામાં તેનું મૃત્યુ થઈ ગયું. તેનું મૃત્યુ થતાંની સાથે જ તેના ચારે પુત્રો ગાદીએ બેસવા માટે યુદ્ધે ચડ્યા. આના કારણે બહાદુરશાહનું મડદું લાહોરમાં જ મહિનાઓ સુધી પડ્યું રહ્યું અને તેના મંત્રી અને બેગમ મડદાની પાસે બેસી રહ્યાં. આ વિધિની વિચિત્રતા જ કહેવાય કે દિલ્હીના બાદશાહનું મડદું મહિનાઓ સુધી રખડતું-રઝળતું રહે.

તેના ચાર પુત્રોમાં જે સંઘર્ષ થયો તેમાં જહાંદારની સાથે મોગલ સેનાપતિ ઝુલ્ફીકારખાં ભળી ગયો અને તેણે બીજા ભાઈને હરાવીને 29 માર્ચ 1712ના દિવસે દિલ્હીની ગાદી ઉપર અધિકાર કરી લીધો. અધિકાર કરતાંની સાથે જ તેણે પહેલું કામ પોતાના ત્રણેય ભાઈઓને મારી નાખવાનું કર્યું. હવે તેની સામે વિદ્રોહ કરનાર કોઈ રહ્યું ન હતું.

બહાદુરશાહની બેગમ તથા મંત્રી લાહોરમાં પડેલા તેના મડદાને લઈને 15 મે, 1712 દિલ્હી આવ્યાં અને મોતી મસ્જિદમાં તેને દફનાવી દીધું. બહાદુરશાહ માત્ર પાંચ વર્ષ જ રાજ કરી શક્યો. તેમાં તેણે મહત્ત્વનાં ત્રણ યુદ્ધો કર્યાં હતાં. પહેલું યુદ્ધ જજાઉમાં કરી પોતાના ભાઈ આઝમશાહને હરાવ્યો હતો, બીજું યુદ્ધ હૈદરાબાદમાં બીજા ભાઈ કામબક્ષને હરાવવા માટે કર્યું અને ત્રીજું યુદ્ધ પંજાબમાં સરહિંદમાં બંદા બૈરાગી સાથે કર્યું હતું. આ રીતે ત્રણ યુદ્ધોમાં ઘણા ધનજનની હાનિ થઈ ચૂકી હતી. યુદ્ધો અતિશય ખર્ચાળ હોય છે. તેથી યુદ્ધ પછી યુદ્ધ કરનાર બંને પક્ષોમાં ભારે મંદી આવી જતી હોય છે.

જ્યારે બહાદુરશાહનું મૃત્યુ થયું ત્યારે તેને પણ ચાર પુત્રો હતા. ચારે ગાદી માટે અંદરોઅંદર લડવા લાગ્યા હતા. તે વાત ઉપર આવી ગઈ. આ ચારમાં સૌથી મોટો જહાંદારશાહ હતો. તેની માતા હૈદરાબાદની શિયા મુસ્લિમ હતી. ઔરંગઝેબ જહાંદારશાહને બિલકુલ પસંદ કરતો ન હતો. તેથી 1671માં તેને બલ્ખનો સૂબેદાર બનાવીને દૂર મોકલી દીધો

હતો. પાછળથી તેને સિંધનો સૂબેદાર પણ બનાવવામાં આવ્યો હતો. જહાંદારશાહ વેપારીવૃત્તિનો હતો. તેથી જળજહાજો દ્વારા દૂર-દૂરના દેશો સાથે વેપાર પણ કરતો હતો. જ્યારે તેના પિતા બહાદુરશાહનું મૃત્યુ થયું ત્યારે બે ભાઈઓ વચ્ચે લાહોરની પાસે મોટું યુદ્ધ થયું હતું. તેમાં જહાંદારશાહની જીત થઈ હતી અને બીજો ભાઈ માર્યો ગયો હતો. બાકી બચેલા બંને ભાઈઓને પણ મારીને જહાંદારશાહ એકાવન વર્ષની ઉંમરમાં દિલ્હીનો બાદશાહ બની ગયો. તેણે ઈરાની બેગમ સાથે લગ્ન કર્યાં, પણ તે લાંબું જીવી નહિ અને તેનું મૃત્યુ થઈ ગયું. એટલે મરનાર બેગમની ભત્રીજી સાથે બીજાં લગ્ન કર્યાં. અને ત્રીજાં લગ્ન અનુપબાઈ નામની હિંદુસ્ત્રી સાથે કર્યાં. આ લગ્નોથી તેને ત્રણ પુત્રો થયા. જેમાં અનુપબાઈનો પુત્ર અઝીમુદ્દીન દિલ્હીનો બાદશાહ બન્યો.

જ્યારે જહાંદારશાહ દિલ્હીનો બાદશાહ બન્યો ત્યારે તેણે નર્તકી લાલકુંવર સાથે લગ્ન કરી લીધાં. એટલું જ નહિ તેને મુખ્ય બેગમ પણ બનાવી દીધી. સાથે-સાથે તેના માધ્યમથી રાજદરબારમાં નૃત્ય-ગાનની મહેફિલો પણ થવા લાગી. તેના દરબારમાં ચારણ, ભાટ, ગવૈયા, ભાંડ વગેરેની સંખ્યા ઘણી વધી ગઈ હતી. જે ઔરંગઝેબે આ બધાંનો લગભગ દેશ-નિકાલ કરી દીધો હતો તે બધાં ફરી પાછાં પોતપોતાનાં સાજ-વાજિંત્રો વગેરે લઈને દરબારમાં બેસી ગયાં. બાદશાહ વધુમાં વધુ સમય નૃત્ય, સંગીત વગેરેમાં આપવા લાગ્યો. તેથી સત્તા મંત્રીઓના હાથોમાં ચાલી ગઈ. રાજા થવું એ મોટી તપસ્યા છે. જો રાજા સંયમી અને તપસ્વી જીવન જીવી ન શકે અને ભોગવિલાસ તથા એશઆરામમાં તરબોળ થઈ જાય તો સત્તાનાં સૂત્રો મંત્રીઓ અને અધિકારીઓના હાથમાં ચાલ્યાં જતાં હોય છે. જોકે જહાંદારશાહે પૂર્વજોની કટ્ટરતાવાદી નીતિમાં ઘણું પરિવર્તન કર્યું. મહારાજા જયસિંહના કહેવાથી તેણે જજિયાવેરો સમાપ્ત કરી દીધો અને હિંદુ રાજા-મહારાજાઓ સાથે ઘણા સંબંધો સુધાર્યા. આવું બધું કરવાના કારણે કટ્ટરતાવાદી મુસ્લિમ મંત્રીઓ નારાજ થઈ ગયા. અને તે લોકો પડદા પાછળ જહાંદારશાહને હટાવવા માટે ખટપટો કરવા લાગ્યા. તેનો ભાઈ અેઝીમુદ્દીનશાહ વિદ્રોહ કરી દીધો. તેને બીજા ઘણા મોગલ સરદારોનો સાથ મળી ગયો અને સૈયદ બંધુઓ પણ સાથે થઈ ગયા. તેણે પટનામાં પોતાને બાદશાહ જાહેર કરી દીધો અને પોતાના સિક્કા પણ પ્રચલિત કરી દીધા. એક મોટી સેના લઈને તે આગ્રા પાસે પહોંચી ગયો. જ્યાં જહાંદારશાહની સેના સાથે ભયંકર યુદ્ધ થયું. જોકે જહાંદારશાહની સેનામાં એંશીહજાર ઘોડેસવારો તથા ઘણી વિશાળ સંખ્યામાં પૈદલ સૈનિકો હતા. જ્યારે સામાપક્ષે ફરૂખસિયરની પાસે માત્ર ત્રીજા ભાગની સેના જ હતી. પણ આ યુદ્ધમાં જહાંદાર હારી ગયો. તેથી યુદ્ધના મેદાનમાંથી ભાગી આગ્રા પહોંચી ગયો. આગ્રામાં તે અસદખાંની હવેલીમાં શરણ લેવા ગયો. અસદખાંએ તેને શરણ તો આપી, પણ પકડીને તેના દુશ્મન ફરૂખસિયરને સોંપી દીધો. રાજપૂતો અને મોગલો વચ્ચે આ સાંસ્કૃતિક ભેદ હતો. રાજપૂતો શરણમાં આવેલા માણસને પ્રાણની બાજી લગાવીને પણ રક્ષા કરતા અને જરૂર પડે પ્રાણ આપી દેતા, પણ શરણાગતને સોંપતા નહિ. જ્યારે મોગલો આવા સાંસ્કૃતિક મૂલ્યોને સ્વીકારતા નહિ. તેથી શરણાગતને ફરુખસિયરને સોંપી દીધો.

ફરુખસિયરે પહેલાં તો તેને અને તેની બેગમ નર્તકી લાલકુંવરને એક કાળકોટડીમાં બંધ કરી દીધાં અને પછી બંનેની હત્યા કરાવી નાખી. જહાંદારશાહે લગભગ અગિયાર મહિના સુધી બાદશાહનું પદ દીપાવ્યું હતું, પણ અંતે તેના જ ભાઈએ તેની હત્યા કરાવીને પદ છીનવી લીધું હતું. બીજી તરફ સૈયદ બંધુઓની ચડતી થઈ ચૂકી હતી.

એટલે તેમણે ફરુખસિયરને કઠપૂતળી જેવો બાદશાહ બનાવીને ગાદીએ બેસાડી દીધો. જો ગાદીએ બેસનાર વ્યક્તિમાં બમણી શક્તિ ન હોય તો તેના હાથ નીચેના મંત્રીઓ કે કારભારીઓ સત્તા ઉપર હક કરી બેસતા હોય છે. ફરુખસિયરને આ વાત ગમતી ન હતી. તેથી

તેણે સૈયદબંધુઓની શક્તિ ઓછી કરવા માટે પ્રયત્નો કરવા માંડ્યા. આ પ્રયત્નોથી સૈયદબંધુઓ વધારે વીફર્યા અને તેથી વધારે ખટપટો કરવા લાગ્યા.

તા. 8/9/2020

૩૬

ચાલાક અજિતસિંહ

વ્યક્તિના જીવનમાં તેને સુખી કરવા અથવા દુઃખી કરવામાં જે સૌથી વધુ મહત્ત્વનો ભાગ ભજવતાં હોય છે, તે તત્ત્વો સંબંધોનાં હોય છે. સંબંધો બે પ્રકારના હોય છે ઃ લાગણીના તથા વ્યાવહારિક. રાજા અથવા રાજનેતાને લાગણી ન હોય અને કદાચ હોય તો બહુ ઓછી હોય. તેથી તેના લાગણીના સંબંધો ઓછા હોવા જોઈએ. તેના વધુપડતા સંબંધો વ્યાવહારિક હોવા જોઈએ. વ્યાવહારિક એટલે સ્વાર્થના. સ્વાર્થના એટલે ઉપયોગિતાના. કયો માણસ કેટલો ઉપયોગી છે તેના આધારે તેનો સંબંધ હોય. ઉપયોગિતા સમાપ્ત થઈ જાય કે ન રહે તો સંબંધ શિથિલ થઈ જાય અથવા સમાપ્ત થઈ જાય. એટલે રાજકીય સંબંધોનો કદી પણ ભરોસો રાખી શકાય નહિ એવું નીતિકારોનું કહેવું છે.

અકબરના સમયથી મોગલોની નીતિ રહી હતી કે ભારતમાં મોગલિયા સલ્તનતને સ્થાપવી હોય અને સુરક્ષિત રાખવી હોય તો સૌથી વધુ ઉપયોગી રાજપૂતો થઈ શકે તેમ છે. રાજપૂતોનું જીવન કેટલીક બાબતોમાં ઘણાં મૂલ્યોથી ભરપૂર હોય છે, એટલે જો તેમને મિત્રો બનાવ્યા હોય તો આવી મૈત્રી બહુ ઉપયોગી થઈ શકે તેમ છે. આવી વ્યાવહારિક મૈત્રીને કાયમીરૂપ આપવા માટે અકબરે એકતરફી લગ્નસંબંધો પણ શરૂ કરેલા જે અત્યાર સુધી ચાલતા હતા. ઔરંગઝેબના સમયમાં આ નીતિમાં પરિવર્તન આવ્યું. તે વધુ કટ્ટર અને સંકુચિત ભાવનાવાળો થયો. તેથી રાજપૂતો સાથેના સંબંધોમાં શિથિલતા આવવા માંડી હતી. મોગલ સામ્રાજ્યના ત્રણ મોટા રાજપૂતસ્તંભો
હતા ઃ મિરઝા રાજા જયસિંહ, મહારાજ જશવંતસિંહ અને બીજા રાજાઓ. ત્રણેય થાંભલાઓને ઔરંગઝેબના સમયમાં જ સડો લાગ્યો હતો અને તેથી તે ખવાઈને ધરાશાયી થઈ ચૂક્યા હતા. તેનું પરિણામ તેમને પોતાને તો ભોગવવું પડ્યું, પણ સૌથી મોટું પરિણામ દિલ્હીના મોગલ બાદશાહોને ભોગવવું પડ્યું. મહારાજા જશવંતસિંહના એકમાત્ર જીવિત રાજકુમાર અજિતસિંહને બાદશાહે પત્ર લખીને એકહજાર રૂપિયા સામે ચાલીને નજરાણાના મોકલ્યા અને તેને પાંચહજાર મનસબ આપવાની લાલચ આપી દિલ્હી બોલાવ્યો. ફરુખસિયારની દાનત સારી ન હતી. અજિતસિંહને દિલ્હી બોલાવીને તે તેની હત્યા કરાવા માંગતો હતો. જેના ભણકારા અજિતસિંહને વાગી ચૂક્યા હતા. એટલે બાદશાહનું આમંત્રણ હોવા છતાં પણ તે બાદશાહના દરબારમાં ઉપસ્થિત થયો નહિ. બાદશાહે ફરી-ફરીને અજિતસિંહને દિલ્હી બોલાવવાના પ્રયત્નો કર્યા, પણ અજિતસિંહ દિલ્હી ગયો નહિ. દિલ્હીના બાદશાહનું આમંત્રણ સ્વીકાર ન કરવું એ ઠોકર મારવા જેવું કહેવાય. તેથી બાદશાહ નારાજ થયો. બાદશાહની છાપ સારી ન હતી. આ પહેલાં તેણે કેટલીય વાર વિશ્વાસઘાત કરીને પરિચિતોની હત્યાઓ કરાવી નાખી હતી. રાજા-મહારાજા તથા બાદશાહો અને મોટી વેપારી પેઢીઓના શેઠિયાઓની એક છાપ હોય છે. આ છાપ જીવનમાં મહત્ત્વનો ભાગ ભજવતી હોય છે. જે લોકો પોતાની છાપને સુધારી નથી શકતા અથવા સાચવી નથી શકતા તે ઘણું પ્રાપ્ત કરીને પણ ઘણુંબધું ખોઈ બેસતા હોય છે, એટલે અજિતસિંહને બાદશાહ ઉપર વિશ્વાસ ન હોવાથી તે દિલ્હી ગયો નહિ. આટલું જ નહિ પણ મહારાજા અજિતસિંહે પોતાના મારવાડ રાજ્યમાં ગૌહત્યા ઉપર સખત પ્રતિબંધ મૂકી દીધો અને ઇસ્લામિક ધર્મગુરુઓને ઇસ્લામનો પ્રચાર કરવા ઉપર પણ પ્રતિબંધ મૂકી દીધો, આ ઉપરાંત તેણે કિશનગઢ અને નાગોરના રાજાઓને પણ દંડિત કર્યા. દંડિત રાજાઓ બાદશાહ પાસે ફરિયાદ કરવા ગયા. બાદશાહ તો પહેલેથી જ અજિતસિંહ ઉપર નારાજ હતો. જ્યારે વ્યક્તિ કોઈ વ્યક્તિ પ્રત્યે નારાજ હોય અને તેની વિરુદ્ધમાં કોઈ ચાડીચૂગલી, શિકાયત કે

ફરિયાદ કરવા પહોંચે તો તેને સારું લાગતું હોય છે. બાદશાહ અજિતસિંહની વિરુદ્ધમાં વધુ ઉશ્કેરાયો અને તેણે અજિતસિંહને હુકમ મોકલ્યો કે તે જાતે દિલ્હી દરબારમાં હાજર ન થાય તો તેણે પોતાના પુત્ર અભયસિંહને તરત જ દિલ્હી દરબારમાં હાજર કરવો. અજિતસિંહે બાદશાહના એ હુકમને પણ માન્યો નહિ. ઉપરથી શરત મોકલી કે મને ગુજરાતનો સૂબેદાર બનાવવામાં આવે. આ રીતે બાદશાહ અને અજિતસિંહના સંબંધોને વધુ ને વધુ બગડવા લાગ્યા હતા.

રાજકારણમાં જ્યારે બે પક્ષોના સંબંધો વધુ બગડી જાય ત્યારે કોઈ ત્રીજો પક્ષ ફૂટી નીકળતો હોય છે. આ ત્રીજો પક્ષ બંને પક્ષોના બગડેલા સંબંધોનો લાભ ઉઠાવવા પ્રયત્ન કરતો હોય છે. તે વખતે દિલ્હીમાં ત્રીજો પક્ષ હતો, સૈયદબંધુઓનો. બે સૈયદો ધીરે-ધીરે િદલ્હીની રાજગાદી ઉપર એવા પ્રભાવશાળી બની ગયા હતા કે તે જે ધારે તે જ થતું. બાદશાહ તો નામમાત્રનો કઠપૂતળી જેવો રહેતો. જેવી દશા મહારાષ્ટ્રમાં મરાઠા રાજાઓ અને પેશ્વા બ્રાહ્મણોની થઈ હતી. તેવી જ સ્થિતિ દિલ્હીમાં પણ થઈ ગઈ હતી.

આ એક નિયમ છે કે ઊંચી ખુરશી ઉપર બેઠેલો માણસ જ્યારે દુર્બળ સાબિત થાય ત્યારે નીચી ખુરશીનો માણસ પોતાનો પ્રભાવ સ્થાપિત કરી લેતો હોય છે. પ્રાચીનકાળમાં આવો પ્રભાવ વંશપરંપરાનો પણ બની જતો હોય છે. બાદશાહને અજિતસિંહની ભારે જરૂર હતી, કારણ કે સૈયદબંધુઓથી જયસિંહ, અજિતસિંહ વગેરે હિંદુરાજાઓ જ રક્ષણ આપી શકે તેમ હતા. તેથી અજિતસિંહને સાતહજારી મનસબદાર બનાવીને થટ્ટાનો સૂબેદાર બનાવી દીધો. બીજી તરફ સવાઈ જયસિંહને માળવાનો સૂબેદાર બનાવ્યો. માળવા સુધી સમૃદ્ધ પ્રદેશ હતો. જ્યારે થટ્ટા તો રણનો પ્રદેશ હતો. એટલે માળવાની દૃષ્ટિએ થટ્ટાની સૂબેદારી ઘણી ઊતરતી હતી. તેના કારણે અજિતસિંહ નારાજ થઈ ગયો. તેણે બાદશાહનો હુકમ માન્યો નહિ. એટલું જ નહિ, અજમેર ઉપર આક્રમણ કરીને અધિકાર કરી લીધો. આમ કરવાથી બાદશાહ ઘણો જ નારાજ થયો અને સવાઈ જયસિંહ પણ નારાજ થયો. તેથી તેણે પોતાના સેનાપતિને અજમેર ઉપર ચઢાઈ કરીને અજિતસિંહને તગેડી મૂકવાનો હુકમ કર્યો. સૈયદહુસેન અલીખાં એક મોટી સેના લઈને અજમેર પહોંચ્યો અને અજિતસિંહને હરાવી દીધો. અંતે બંને વચ્ચે સંધિ થઈ. અજિતસિંહે અજમેરનો દુર્ગ મોગલોને સોંપી દીધો. પોતાના પુત્ર અભયસિંહને બાદશાહની સેવામાં દિલ્હી મોકલ્યો, એટલું જ નહિ પણ પોતાની રાજકુમારી ઇન્દ્રકુંવરીનાં લગ્ન બાદશાહ ફરુખસિયર સાથે કરી દીધાં. આ રીતે અજિતસિંહને હારીને ઘણું સહન કરવું પડ્યું. જે યુદ્ધમાં પોતાની હાર નિશ્ચિત હોય તેવું યુદ્ધ ડાહ્યા માણસો કરતા નથી હોતા. જોકે બાદશાહ સાથે બેટીવ્યવહાર કરવાના કારણે બાદશાહે અજિતસિંહને ગુજરાતનો સૂબેદાર બનાવી દીધો.

ગુજરાત માળવા કરતાં પણ વધુ સમૃદ્ધ પ્રદેશ હતો, તેથી સરદારો ગુજરાતની સૂબેદારી માટે લાલાયિત રહેતા. અજિતસિંહે ગુજરાતમાં પણ ગૌહત્યા ઉપર પ્રતિબંધ લગાવી દીધો. તેથી ગુજરાતના મુસલમાનો ઉશ્કેરાઈ ગયા અને બાદશાહને ફરિયાદ કરી. પરિણામે બાદશાહે અજિતસિંહને ગુજરાતની સૂબેદારીથી દૂર કરી દીધો. બીજી તરફ સૈયદબંધુઓ સાથે બાદશાહના સંબંધો વધુ ને વધુ બગડતા ગયા હતા. બાદશાહ સમજી ગયો કે અજિતસિંહ સૈયદબંધુઓ સાથે ભળી ગયો છે. તેથી તેને દરબારમાં એકલો બોલાવીને તેની હત્યા કરાવી નાખવી. વિરોધીઓની હત્યા કરાવી નાખવી એ તે સમયની સામાન્ય પરિપાટી બની ગઈ હતી, પણ અજિતસિંહ ચાલાક નીકળ્યો. તે જ્યારે પણ બાદશાહને મળવા જાય ત્યારે સૈયદબંધુઓમાંથી કોઈને સાથે લઈને જાય જેથી બાદશાહ તેના ઉપર હુમલો કરાવી શકે નહિ. અંતે બાદશાહે તેના સેનાપતિને અજિતસિંહના ડેરા ઉપર તોપમારો કરીને ડેરા તોડી નાખવાનો આદેશ આપ્યો. બીજી તરફ અજિતસિંહે પણ પોતાના ડેરામાંથી સામા પક્ષ ઉપર તોપમારો

ચાલુ કરાવી દીધો. ત્રણ દિવસ સુધી બંને પક્ષો એકબીજા ઉપર ગોળા ફેંકતા રહ્યા. અંતે બાદશાહે લડાઈ બંધ કરાવી. એટલું જ નહિ, અજિતસિંહ સાથે મૈત્રી કરવા માટે સામે ચાલીને અજિતસિંહના ડેરા ઉપર પહોંચી ગયો અને તેને `રાજરાજેશ્વર'ની ઉપાધિ આપી રાજી કર્યો. આ રીતે ઉપાધિ મેળવીને અજિતસિંહ ફરી પાછો પોતાની રાજધાની જોધપુર હેમખેમ પહોંચી ગયો.

તા. 9/9/2020

સૈયદબંધુઓનો પ્રભાવ

જીવનને ત્રણ ભાગમાં જોઈ શકાય છે ઃ

(1) ઇચ્છાપૂર્વકનું જીવન, (2) પરેચ્છાપૂર્વકનું - ગુલામીભર્યું જીવન અને (3) કુદરતી આવેગો પ્રમાણેનું જીવન.

માનવ સિવાય પશુ-પક્ષી, જીવ-જંતુ માત્ર આવેગોભર્યું જીવન જીવતાં હોય છે. તેમના જીવનમાં દયા, કરુણા ઉદારતા વગેરે ગુણો નથી હોતા. તેમજ ક્રૂરતા કે બીજા દુર્ગણો પણ નથી હોતા, તે માત્ર ને માત્ર આહાર, નિદ્રા, ભય, મૈથુન અને આવાસ માટે જીવન જીવતાં હોય છે.

કેટલાક લોકો પરેચ્છાભર્યું એટલે કે ગુલામીભર્યું જીવન જીવતા હોય છે. આ ગુલામીમાં પણ કેટલાક પ્રકાર છે. જેમ કે દેહગુલામી, અર્થગુલામી, પ્રેમગુલામી વગેરે વગેરે. જે લોકોને જબરજસ્તી પકડીને ગુલામ બનાવવામાં આવ્યા હોય છે - જેમ કે મહંમદ ગઝનવી હજારો ગુલામો ભારતમાંથી લઈ જતો અને ગઝનીના બજારમાં વેચતો. આવું જ આફ્રિકામાંથી કાળા લોકોને પકડીને અમેરિકામાં વેચવામાં આવતા. આ બધી દેહગુલામી કહેવાય. આવી જ રીતે કોઈ સ્ત્રીને ફોસલાવી-પટાવીને મુંબઈમાં વેશ્યાવાડામાં વેચી દેવામાં આવે પછી તેની પાસે જે કામ કરાવવામાં આવે તેને દેહગુલામી કહેવાય. આ બધું પૂર્વેના કર્મે થાય છે તેવું માનનારા લોકો સાચા નથી. આવું બધું રાજકીય દુર્બળતામાંથી થતું હોય છે, એટલે તેને દૂર કરવા રાજકીય અથવા બીજા કોઈ પ્રકારના પ્રયત્નો કરવા જોઈએ. હવે આવી દેહગુલામી મોટા પાયે થતી નથી, કારણ કે વિશ્વભરમાં રાજકીય અને સામાજિક ચેતના જાગી છે.

બીજી ગુલામી અર્થગુલામી છે. અર્થાત્ વ્યક્તિને આર્થિક રીતે એટલી બધી દબાવી દેવામાં આવે કે તે પૈસા-પૈસા માટે લાચાર થઈ જાય અને પૈસાદારનો ગુલામ થઈ જાય.

એક પ્રેમગુલામી અને શ્રદ્ધાગુલામી પણ છે. પતિ-પત્ની બંને પ્રેમાળ હોય તો બંને એકબીજાનાં ગુલામ થઈ જતાં હોય છે. અર્થાત્ એકબીજાની ઇચ્છા પૂરી કરવા માટે જીવતાં હોય છે. આને પ્રેમગુલામી કહેવાય છે. જે સુખદાયી અને કલ્યાણકારી થઈ શકે છે. આવી જ રીતે ગુરુ-શિષ્ય અથવા ઈશ્વર અને ભક્ત વચ્ચેનો સંબંધ પણ શ્રદ્ધાગુલામીનો કહી શકાય. શિષ્ય અને ભક્ત શ્રદ્ધાથી સમર્પિત હોય છે. તેથી ગુરુઆજ્ઞા અને ઈશ્વરઆજ્ઞામાં જ જીવન વિતાવતા હોય છે. આને શ્રદ્ધાગુલામી કહેવાય. જે પરમ મંગલમય અને પરમ કલ્યાણકારી થઈ શકે છે. જોકે આ બધામાં એક અનિવાર્ય શરત એ છે કે બધાં પાત્રો સુપાત્ર હોવાં જોઈએ.

બહુ થોડા લોકો સ્વેચ્છાપૂર્વેક સ્વતંત્ર જીવન જીવી શકતાં હોય છે. લગભગ આવું જીવન ભાગ્યે જ હોય છે અથવા બહુ દુર્લભ હોય છે. માનવજીવન સામૂહિક જીવન છે અને સમૂહજીવનમાં સમૂહની ઇચ્છાઓનો આદર સૌએ કરવો પડતો હોય છે. તેથી સામૂહિક જીવન જીવનારી સમર્થ વ્યક્તિએ પણ કેટલુંક જીવન પરેચ્છાપૂર્વેક જીવવું પડતું હોય છે. જે લોકો સામૂહિક જીવન નથી જીવી શકતા તે કાં તો સ્વચ્છંદી થઈને નષ્ટ થઈ જતા હોય છે અથવા દુર્લભ થઈને ઐતિહાસિક બની જતા હોય છે.

રાજા-મહારાજા તથા બાદશાહોનું જીવન વધુ સામૂહિક રહેતું હોય છે, કારણ કે દૂર-દૂર ચારેતરફ તેમની પ્રવૃત્તિઓનું વિશાળ ક્ષેત્ર વિધમાન રહેતું હોય છે. આવા વિશાળ ક્ષેત્રનું સંચાલન કરવા ઘણા માણસો જોઈએ અને આ બધા માણસો માત્ર ને માત્ર હુકમને આધીન થઈને જ કામ કરતા રહે તો તેમાં બહુ સફળતા મળે. હુકમ સત્તાનું પ્રતીક છે, પણ માત્ર હુકમથી વફાદારી આવતી નથી અને વફાદારી વિના પ્રવૃત્તિમાં ધારી સફળતા મળી શકતી નથી એટલે આ વિસ્તારમાં ફેલાયેલી અને જોડાયેલી પ્રત્યેક વ્યક્તિની કેન્દ્રિત વ્યક્તિ પ્રત્યે પૂરેપૂરી

વફાદારી રહે તે માટે તેની સાથે વિશ્વસનીયતા, ઉદારતા અને આત્મીયતાનો સંબંધ પણ રાખવો જરૂરી છે.

દિલ્હીમાં જે મોગલ સલ્તનત સ્થાપિત થઈ તેમાં અકબરના સમયથી ઘણો વિસ્તાર થયો અને આ વિસ્તાર કરવામાં તથા તેને નિભાવવામાં સૌથી મહત્ત્વનો ભાગ રાજસ્થાનના રાજપૂત રાજાઓએ કર્યો હતો. જેમાં મિરઝા રાજા જયસિંહ તથા જશવંતસિંહ વગેરે મુખ્ય હતા. હવે આ બધા કોઈ ને કોઈ નિમિત્તે પરધામ સિધાવી ગયા હતા. તેથી દિલ્હીના બાદશાહો ઉપર હિંદુરાજાઓની પકડ અત્યંત દુર્બળ થઈ ગઈ હતી. અધૂરામાં પૂરું ઔરંગઝેબના આવ્યા પછી ઉદારતાનીતિ સંકીર્ણતામાં બદલાઈ ગઈ હતી. જેથી હિંદુરાજાઓ અને પ્રજામાં ઘોર અસંતોષ ઊભો થયો. આ અસંતોષ ધીરે-ધીરે વિદ્રોહના રૂપમાં પ્રસ્ફુટિત થવા લાગ્યો હતો.

બીજી તરફ દિલ્હીમાં બેઠેલા બાદશાહો દુર્બળ સાબિત થવાથી સૈયદબંધુઓનો પ્રભાવ ઘણો વધી ગયો હતો. સૈયદબંધુઓ દિલ્હીની ગાદી ઉપર એવી વ્યક્તિને બેસાડતા જે માત્ર કઠપૂતળી હોય. આવા સમયે ફરૂખસિયર દિલ્હીનો બાદશાહ બન્યો હતો. તેણે ચારેતરફથી દુશ્મનો જ દુશ્મનો ઊભા કર્યા હતા. પંજાબમાં બંદા બૈરાગીના નેતૃત્વમાં શીખોએ ભયંકર વિદ્રોહ જગાવ્યો હતો. બંદા બૈરાગીએ પંજાબનો ઘણો ભાગ કબજે કરીને શીખરાજની સ્થાપના કરી દીધી હતી. તેની સામે ફરુખસિયરે અનેક યુદ્ધો લડ્યાં પણ વિજયી ન થયો. છેવટે ગુરુદાસ નાગલ નામના સ્થાનમાં એક કિલ્લામાં તેને ઘેરી લેવામાં આવ્યો. આઠ મહિના સુધી ઘેરો રહ્યો અને મોગલસેનાએ કિલ્લામાં જતાં અન્નપાણી બંધ કરાવી દીધાં. તેથી ત્રાસીને બંદા બૈરાગીએ આત્મસમર્પણ કરવું પડ્યું. બંદા બૈરાગીની સાથે સાતસો ચોરાણું શીખ સરદારો હતા. આ બધાને પકડીને દિલ્હી લઈ જવામાં આવ્યા અને બાદશાહ ફરુખસિયર સામે ઊભા કરવામાં આવ્યા. બાદશાહે તેમની સામે શરત મૂકી કે જો તમે બધા ઇસ્લામ સ્વીકાર કરો તો તમને જીવતદાન આપવામાં આવે પણ એક પણ શીખે ઇસ્લામ સ્વીકારવાની હા ન પાડી. તેથી નારાજ થઈને બાદશાહે તેમની હત્યા કરાવી નાખવાનો હુકમ કર્યો. રોજ એકસો શીખની હત્યા ક્રૂરતાપૂર્વક કરવામાં આવતી. આ બધું બંદા બૈરાગીની સામે થતું જેથી તેનું હૃદય બદલાઈ જાય અને ભયનો માર્યો ઇસ્લામ સ્વીકાર કરી લે, પણ કોઈએ જરા પણ મચક ન આપી. છેવટે બંદા બૈરાગીનો વારો આવ્યો. તેના ખોળામાં તેના નાના બાળકને બેસાડીને ધગધગતા ચીપિયાથી બંનેનાં માંસ ખેંચવાનો હુકમ થયો. આ રીતે બંનેને તડપાવી-તડપાવીને મારી નાખવામાં આવ્યા, પણ ધર્મપરિવર્તન કરાવી શકાયું નહિ. બાદશાહ સમજ્યો કે હવે શીખશક્તિ સમાપ્ત થઈ જશે, પણ તેવું થયું નહિ. ઊલટાની આવાં બલિદાનો પછી શીખો વધુ સંગઠિત થયા અને તેમણે સરબત ખાલસા તથા ગુરુસત્તા જેવી પદ્ધતિઓ વિકસિત કરી. બળવાન બનીને મોગલો સામે ઝઝૂમવા લાગ્યા. આ રીતે પંજાબ ભડકે બળી રહ્યું હતું.

બીજી તરફ મથુરા, આગ્રા, ગ્વાલિયર, ભરતપુર વગેરેના જાટો પણ ચુડામન જાટના નેતૃત્વમાં માથું ઊંચકી ચૂક્યા હતા. ઇતિહાસમાં જાટકલ્ચર સૌથી જુદું પડે છે. તે બહાદુર, ખડતલ, સાહસિક તો હોય છે, સાથે-સાથે જરૂરત પ્રમાણે માર્ગ પણ બદલી શકે છે, એટલે ભારતમાં આયારામ અને ગયારામનું જે કલ્ચર શરૂ થયંુ તે હરિયાણામાંથી શરૂ થયું મનાય છે. જ્યારે જહાંદાર અને ફરૂખસિયાર વચ્ચે યુદ્ધ થતું હતું ત્યારે ચુડામન જાટ પહેલાં જહાંદારના પક્ષમાં અને પછી ફારૂખસિયારના પક્ષમાં પહોંચી ગયો હતો. જેથી ફરૂખસિયારની જીત થઈ હતી. બાદશાહે તેનું બહુમાન કર્યું. રાવબહાદુરની ઉપાધિ આપી અને તેને મનસબદાર પણ બનાવી દીધો. ચૂડામન મથુરા, આગ્રાનો વિસ્તાર પોતાના કબજામાં લઈને ત્યાંથી ધન વસૂલવા લાગ્યો. તેના ત્રાસથી ત્રાસીને બાદશાહે તેને દબાવવા માટે સવાઈ જયસિંહને મોકલ્યો. તો ચૂડામન પૂર્ણદુર્ગમાં પેસી ગયો અને વીસ વર્ષ ચાલે એટલી સામગ્રી ભેગી કરી લીધી. મોગલોના

હુમલાથી બચવા માટે આજુબાજુના વેપારીઓ પણ ચૂડામનના શરણે ગયા. તે બધા પોતાનો લાખો રૂપિયાનો માલસામાન લઈને દુર્ગમાં રહેવા લાગ્યા. જ્યારે મોગલસેના નજીક આવી ત્યારે ચૂડામને બધા વેપારીઓને કિલ્લામાંથી બહાર નીકળી જવાનો હુકમ કર્યો પણ માલસામાન કિલ્લામાં જ રહેવા દીધો. આ રીતે વેપારીઓ પોતાનો માલસામાન ગુમાવી બેઠા. સાત-આઠ મહિના સુધી ઘેરો ઘાલવા છતાં પણ સવાઈ જયસિંહ ચૂડામનને હંફાવી શક્યો નહિ. આ યુદ્ધમાં મોગલોને બે કરોડનો ખર્ચ થઇ ગયો. આથી નારાજ થઈને બાદશાહે જયસિંહને હટાવી દીધા અને ચૂડામન સાથે સંધિ કરી લીધી.

થોડા સમય પછી બાદશાહ ફરૂખસિયારને સૈયદબંધુઓએ ગાદી ઉપરથી ઉતારી દીધો, એટલે ચૂડામન સૈયદબંધુઓ સાથે ભળી ગયો. તેણે લાલકિલ્લાની બધી ચાવીઓ પોતાના હાથમાં લઈ લીધી. સૈયદબંધુઓએ બાદશાહને આંધળો કરી દીધો અને તેની જગ્યાએ તેના શાહજાદાને અને પછી નેકોસિયરને બાદશાહ બનાવી દીધો. હવે ચૂડામન નેકોસિયરના પક્ષમાં ભળી ગયો, પણ આગળ જતાં ચૂડામને નેકોસિયરને બીજા શાહજાદાને સોંપી દીધો. એટલું જ નહિ તેણે પોતાના ભત્રીજા અને જાટોના મુખ્ય નેતા વદનસિંહને પણ બંદી બનાવી દીધો. આવા વારંવારના પક્ષ બદલાવથી જાટો તેના ઉપર નારાજ થઈ ગયા. અધૂરામાં પૂરું ચૂડામનના બે પુત્રો હતા, તે તેની વિશાળ સંપત્તિ માટે પરસ્પરમાં લડવા માંડ્યા. તેમની લડાઈ એટલી બધી ભયંકર હતી કે તેમનાથી કંટાળીને, ત્રાસીને ચૂડામને ઝેર ખાઈને આત્મહત્યા કરી લીધી.

તા. 10/9/2020

ઇન્દ્રકુંવરી ફરી પાછી હિન્દુ બની!

માનવજીવન વ્યવસ્થામાં પદોનું સ્થાન બહુ મહત્ત્વનું છે. માણસ આદિ દશામાં હતો ત્યારથી તેના ટોળામાં પદો નિર્ધારિત થતાં રહેતાં હતાં. પ્રત્યેક કબીલામાં એક મુખિયો રહેતો. જે પૂરા કબીલાનું સંચાલન કરતો. માનવ સિવાય પશુપક્ષીઓમાં પણ આ પદ્ધતિ આજે પણ ચાલુ જ છે. જ્યાં પણ સામૂહિક જીવન હોય ત્યાં નાનાં-મોટાં પદો હોય જ. આ પદો પ્રાપ્ત કરવા માટે ઉત્તરાધિકારીઓમાં ભારે સ્પર્ધા રહેતી હોય છે. રાજકીય ક્ષેત્રમાં જ નહિ, સામાજિક અને ધાર્મિક ક્ષેત્રોમાં પણ ઊંચાં-નીચાં, નાનાં-મોટાં પદો નિર્ધારિત થતાં હોય છે. આ પદો બે પ્રકારનાં હોય છે ઃ એક તો જવાબદારીપૂર્વક કાર્ય કરવાનાં અને બીજાં જવાબદારી વિના માત્ર શોભાના ગાંઠિયા જેવાં ગૌરવ વધારનાર. જે પદો જવાબદારી વિનાનાં માત્ર ગૌરવ વધારનારાં હોય છે તેને માટે પણ સ્પર્ધાઓ અને ખટપટો ચાલતી હોય છે, કારણ કે પ્રત્યેક વ્યક્તિ ગૌરવભર્યું જીવન જીવવા માગતી હોય છે. કદાચ તે ગૌરવભર્યાં આચરણો ન કરી શકે તોપણ પોતે ગૌરવભર્યું જીવન જીવે છે, તેવો દેખાવ કરવાનું તો ચૂકતી નથી હોતી, પણ જે જવાબદારીભર્યાં પદો હોય છે જેના ઉપર બેસીને વ્યક્તિ ખરા-ખોટા નિર્ણયો કરી શકતી હોય છે અને લોકોને સુખી-દુઃખી પણ કરતી શકતી હોય છે. તેવાં પદો માટે તો ગળાકાપ સ્પર્ધાઓ થયા કરતી હોય છે.

માનવજીવનમાં આવાં પદો રાજા-મહારાજા, બાદશાહ, સુલતાન વગેરે સર્વોચ્ચ પદોથી શરૂ થઈને કલેક્ટરથી છેક પટાવાળા સુધીનાં નાનાં-મોટાં પદો વહેંચાયેલાં રહે છે. આ પદો ઉપર બેઠેલા માણસો બાકીની પ્રજાનું ભલું-ભૂંડું કરી શકતા હોય છે. તેથી જો આ પદો ઉપર યોગ્ય વ્યક્તિઓને બેસાડવામાં આવે તો જ રાષ્ટ્ર સુખી-સમૃદ્ધ અને સુરક્ષિત રહી શકે. કોઈ પણ કારણસર જો આ પદો ઉપર અયોગ્ય માણસો બેસાડવામાં આવે તો તેની અયોગ્યતાનું પરિણામ પૂરા રાષ્ટ્રને અને પ્રજાને ભોગવવું પડતું હોય છે. મોટા ભાગે અયોગ્ય વ્યક્તિઓ ઊંચાં પદો પર ત્યારે જ બેસતી હોય છે, જ્યારે તેમને બેસાડનારા પડદા પાછળ ગુપ્ત રીતે સંચાલન કરતા હોય છે. કેટલાક લોકો કિંગ થવા કરતાં કિંગમેકર થવાનું પસંદ કરતા હોય છે. આવા લોકો પ્રત્યક્ષ સ્થિતિમાં તો કિંગ નથી હોતા, પણ ખરી સત્તા તેમની પાસે રાખીને કિંગને કઠપૂતળીની માફક નચાવતા હોય છે. ગાંધીજી પણ કિંગ ન થયા પણ કિંગમેકર જરૂર થયા. આવું જ મોગલકાળમાં પણ થતું હતું.

ઔરંગઝેબ પછી ગાદીએ બેસનાર અયોગ્ય વ્યક્તિઓ સામે આવી ત્યારે બે સૈયદબંધુઓએ સત્તાનાં સૂત્રો પોતાના હાથમાં લઈ લીધાં. ગાદી ઉપર કોઇ ને કોઈ કઠપૂતળી જેવી વ્યક્તને બેસાડીને તેના દ્વારા શાસન ચલાવવા લાગ્યા હતા. ફરુખસિયાર સૈયદબંધુઓ દ્વારા બેસાડેલો આવો બાદશાહ હતો. તેના સમયમાં ચાર મોટા દુશ્મનો ઊભા થયા હતા. પંજાબમાં શીખો, રાજસ્થાનમાં રાજપૂતો, મહારાષ્ટ્રમાં મરાઠા અને મધ્ય ભારતમાં જાટોએ ભારે માથું ઊંચક્યું હતું. જોકે દક્ષિણનાં શિયા રાજ્યો પણ સળવળાટ કરવા લાગ્યાં હતાં. આવી સ્થિતિમાં આ પાંચેય વિરોધીઓને પહોંચી વળવાની શક્તિ ફારુખસિયાર પાસે ન હતી. ઉપરથી તે સૈયદબંધુઓની કઠપૂતળી થઈ ચૂક્યો હતો. તેથી તેણે સૈયદબંધુઓને હટાવવા માટે યોજના બનાવવા માંડી. તેણે મોટા સૈયદ હુસૈનઅલીખાંને દક્ષિણનો સૂબેદાર બનાવીને દક્ષિણમાં મોકલી દીધો. તેની યોજના હતી કે દક્ષિણનો નાયબ સૂબેદાર દાઉદખાં તેની હત્યા કરી નાખે. આ રીતે એક સૈયદથી છુટકારો મળી જાય, પણ મોટા સૈયદને
ષડ્ યંત્રની ગંધ આવી ગઈ. તે સાવધાન થઈ ગયો. તેણે દાઉદખાંની હત્યા કરી નાખી અને મરાઠાશક્તિ સાથે સંધિ કરીને મરાઠા સૈનિકોને લઈને દિલ્હી ઉપર ચડી આવ્યો.

યોજના અત્યંત ગુપ્ત હોય અને છેક સુધી ગુપ્ત રહે તો જ ધાર્યાં પરિણામ મળે, પણ જો યોજના ફૂટી જાય તો બૂમરેંગ થઈને યોજના બનાવનારને જ સામી પાછી વાગે. જોધપુરના મહારાજા અજિતસિંહ પણ સૈયદબંધુઓ સાથે ભળી ગયા અને જાટ સરદાર ચૂડામને પણ સૈયદબંધુઓને સાથ આપ્યો. આ રીતે ફરુખસિયાર એકલો પડી ગયો. તેના પક્ષમાં સવાઈ જયસિંહ હતા, પણ બાદશાહે જયસિંહનો સાથ લીધો નહિ. બીજી તરફ સૈયદબંધુઓએ બાદશાહને સલાહ આપી કે જો અમારી સાથે સંધિ કરવી હોય તો સૌથી પહેલાં મહારાજા સવાઈ જયસિંહ તથા બુંદીના રાવ બુદ્ધસિંહને દિલ્હીમાંથી વિદાય કરી દેવામાં આવે. સૈયદબંધુઓ જાણતા હતા કે આ બંને રાજપૂત મહારાજાઓ બાદશાહનો પક્ષ લઈને યુદ્ધ કરશે તો મોટો અનર્થ થશે એટલે તેમણે સંધિ કરવા માટે પહેલી આવી શરત રાખી અને મૂર્ખ બાદશાહે આ શરતને સ્વીકારી પણ લીધી! પૂર્વે કહ્યું તેમ પદ મોટું હોય અને બેસનારો માણસ નાનો હોય તો તેવાં પદોથી ભારે અનર્થ થતો હોય છે. ફરુખસિયાર બાદશાહ થવાને લાયક જ ન હતો, પણ માત્ર ને માત્ર સૈયદબંધુઓની કઠપૂતળી થઈને તેને આ ઊંચા પદ ઉપર બેસાડવામાં આવ્યો હતો. હવે સૈયદબંધુઓ જ તેના દુશ્મન થઈ ગયા હતા. મૂર્ખ બાદશાહને ભાન ન હતું કે પોતાના રક્ષકોને જ દિલ્હીમાંથી વિદાય કરી દેવામાં આવે તો શું પરિણામ આવે? બાદશાહે બંને મહારાજાઓને હુકમ કરીને પોતપોતાનાં રાજ્યોમાં વિદાય કરી દીધા. હવે તે બિલકુલ અસુરક્ષિત થઇ ગયો. તેથી

ઈ. સ. 1719ના ફેબ્રુઆરી મહિનાની 27મી તારીખે સૈયદ હુસૈનઅલીખાંએ લાલકિલ્લામાં પ્રવેશ કરી લીધો. તેણે મહારાજા અજિતસિંહ અને ચૂડામનની સહાયથી જૂના રક્ષકોને હટાવીને પોતાના રક્ષકો ગોઠવી દીધા. જ્યારે પણ સત્તાપલટો કરવાનો હોય ત્યારે સૌથી પહેલાં મુખ્ય-મુખ્ય ચાવી જેવાં પદો ઉપર પોતાના માણસો ગોઠવી શકાય. તો જ સત્તાપલટો સફળ થઈ શકે. કિલ્લામાં સૈયદબંધુઓ તથા રાજપૂતોનો કબજો થઈ ગયો અને દિલ્હી શહેરમાં મરાઠા સૈનિકો ગલીએ-ગલીએ ઊભા કરી દેવામાં આવ્યા. દિલ્હીની જનતા મરાઠા સૈનિકોને જોઈને ગભરાઈ ગઈ, કારણ કે તેમની છાપ લૂંટમાર કરવાની હતી. હવે બાદશાહ ફરૂખસિયરને ભાન થયું કે પોતે સૈયદબંધુઓને ઊથલાવવા જતાં બાજી હારી ગયો છે. તેથી તેણે સંધિ કરવા માટે પત્ર લખ્યો અને કહ્યું કે મને હેમખેમ લાલકિલ્લામાંથી બહાર નીકળી જવા દો તો હું ચાલ્યો જઈશ. પણ ખંધા સૈયદબંધુઓએ હવે બાજી અધૂરી રાખવા માગતા ન હતા. તેથી તેમણે બાદશાહની કોઈ પણ શરત સ્વીકાર કરી નહિ અને બાદશાહને પકડવા માટે ચારસો પઠાણોને હરમમાં મોકલ્યા. બાદશાહ ભયનો માર્યો બેગમોના હરમમાં સંતાઈ ગયો હતો. હરમની રક્ષા માટે તુર્કી સ્ત્રીઓ શસ્ત્રધારી કાયમ રહેતી, તેમણે પઠાણોનો વિરોધ કર્યો અને ખૂબ લડાઇ કરી પણ પઠાણોએ સ્ત્રીસૈનિકોને મારી નાખી. લોકો ભલે ગમે તેમ કહેતા હોય પણ શારીરિક યુદ્ધો માટે સ્ત્રીઓને સેનામાં સ્થાન અપાતું નથી, પણ મુસ્લિમકાળમાં હરમની રક્ષા કરવા માટે સ્ત્રીઓને અથવા ખસી કરેલા પુરુષ - વ્યંડળોને હરમની રક્ષામાં રાખવામાં આવતા. આવું એટલા માટે કરવામાં આવતું, કે હરમમાં સેંકડો નહિ, પરંતુ હજારો બેગમો રહેતી. આ બધીને બાદશાહ કામભોગની તૃપ્તિ કરાવી શકતો નહિ તેથી તે રઘવાઈ થઈને ગમે ત્યારે ગમે તે પુરુષ સાથે કામભોગ કરી લેવા તૈયાર થઈ જતી. આવું ન થાય એટલા માટે કાં તો વ્યંડળો અથવા સ્ત્રીઓને હરમની રક્ષા કરવાનું કામ સોંપવામાં આવતું હતું.

ભયનો માર્યો ફરુકસિયાર સ્ત્રીઓના એક નાના ઓરડામાં પુરાઈ ગયો અને ઓરડાનો દરવાજો અંદરથી બંધ કરી દીધો. જ્યારે તેણે દરવાજો ન ખોલ્યો ત્યારે પઠાણોએ દરવાજો તોડી નાખ્યો અને બાદશાહને પકડી લીધો. તેની બેગમો અને શાહજાદીઓ પઠાણોના પગમાં પડીને કરગરવા માંડી કે અમારા પતિને છોડી દો, પણ પઠાણો માન્યા નહિ. જોર-જબરદસ્તીથી

બાદશાહને ઘસડતા-ઘસડતા બહાર લઈ આવ્યા. તેને આંધળો કરી નાખ્યો અને જોડાં મારી-મારીને અધમૂઓ કરી નાખ્યો. હરમને પઠાણોએ લંૂટી લીધું. નાની-મોટી બધી વસ્તુઓ કબજે કરીને લઈ ગયા. મહારાજા અજિતસિંહના કહેવાથી તેમની પુત્રી ઇન્દ્રકુંવરી મહારાજને સોંપી દેવામાં આવી, કારણ કે આ ઇન્દ્રકુંવરીનું લગ્ન જોર-જબરદસ્તીથી ફરુકસિયારે પોતાની સાથે કર્યું હતું. મહારાજા અજિતસિંહે દીવાને ખાસમાં બેસીને જોર-જોરથી ઘંટીઘંટ વગાડીને પોતાના ઇષ્ટદેવની પૂજા કરી. ઇન્દ્રકુંવરીએ મુસ્લિમ પોશાક ત્યાગી દીધો અને રાજપૂતી પોશાક પહેરી લીધો. કદાચ ઇતિહાસમાં આ પહેલી ઘટના હશે કે કોઈ મુસ્લિમ સાથે અનિચ્છાએ પરણેલી હિંદુસ્ત્રીનું શૃદ્ધીકરણ કરીને તેને ફરીથી હિંદુ બનાવીને સ્વીકાર કરી લેવામાં આવ્યો હોય. આ પહેલાં મુસ્લિમ બનેલા નેતાજી પાલકર જેવા કેટલાક લોકોને ફરીથી હિંદુ બનાવવામાં આવ્યા હતા, પણ મુસ્લિમ થઈ ગયેલી સ્ત્રીને ફરીથી હિંદુ બનાવીને તેનો સ્વીકાર કરવામાં આવ્યો હોય એટલું જ નહિ પણ તેને યોગ્ય પતિ સાથે પરણાવી દેવામાં આવી હોય તેવું પહેલી વાર બન્યું હતું. ઇન્દ્રકુંવરી બાદશાહના ખજાનામાંથી એક કરોડ રૂપિયા પણ સાથે લાવી હતી. તેથી મહારાજા અજિતસિંહને ભારે રાહત થઈ.

સૈયદબંધુઓએ ફરુખસિયરને કેદમાં બંધ કરીને બીજા શાહજાદા રફીઉદ્દરજાને બાદશાહ બનાવી દીધો અને કેટલાક દિવસ પછી ફરુકસિયરનું ગળું દબાવીને તફડાવી-તફડાવીને મારી નાખવામાં આવ્યો. આ રીતે બહુ મોટાં પદ ઉપર એક નાના અયોગ્ય માણસને બેસાડીને સૈયદબંધુઓએ અંતે તેની હત્યા કરી નાખી. ફરી પાછો કઠપૂતલી જેવા વ્યક્તિને બાદશાહના પદ ઉપર બેસાડી દેવામાં આવ્યો.

તા. 11-9-2020

સૈયદબંધુઓનો નાશ

દુનિયામાં જ્યારથી કરન્સી ચાલુ થઈ છે ત્યારથી નકલી કરન્સીનો પ્રશ્ન પણ ચાલુ થઈ ગયો છે. વિશ્વમાં એવો કોઈ દેશ નહિ હોય જેની પોતાની કરન્સી ન ચાલતી હોય. પણ સાથે-સાથે એવો પણ કોઈ દેશ નહિ હોય જ્યાં અસલી કરન્સીની નકલ પણ બજારમાં ચાલતી ન હોય! કરન્સી જેટલી મોંઘી તેની નકલ પણ તેટલી જ આકર્ષક બની જતી હોય છે. ભારતને બધી રીતે પજવવા પડોશી દેશ પાકિસ્તાને તો પોતાને ત્યાં જ ભારતની નકલી નોટો બનાવીને ભારતમાં ઘૂસાડવાનાં ષડ્ યંત્રો મોટા પાયે રચ્યાં છે. આ પ્રશ્ન એટલો બધો વિકરાળ બની ગયો હતો કે છેવટે ભારતની કેન્દ્ર સરકારે સંપૂર્ણ નોટબંધી જ કરી દેવી પડી હતી.

જેવી રીતે નકલી કરન્સી વિશ્વભરમાં ચાલી રહી છે તેવી જ રીતે નકલી પ્રમાણપત્રો પણ ચાલી રહ્યાં છે. કહેવાય છે કે બિહારમાં અસંખ્ય યુનિવર્સિટીઓ ફૂટી નીકળી છે. એક-એક રૂમની યુનિવર્સિટી ઘરે બેઠાં જોઈએ તેવાં પ્રમાણપત્રો લોકોને આપે છે. આ નકલી પ્રમાણપત્રોના આધારે સેંકડો લોકો ભારતનાં મોટાં-મોટાં પદો પર પણ ગોઠવાઈ ગયા છે, તેવું લોકો માને છે. ખુદ બિહારના મુખ્યમંત્રી લાલુપ્રસાદે જાહેરમાં કહ્યું હતું કે, ``તેમાં શું થઈ ગયું? સારું છે કે આવાં પ્રમાણપત્રો દ્વારા આપણા ભાઈઓને ભારતભરમાં સારી-સારી નોકરીઓ મળી રહે છે." આમ નકલી કરન્સી અને નકલી પ્રમાણપત્રો સુધી જ વાત અટકતી નથી. ધાર્મિક ક્ષેત્રોમાં પણ નકલી ઉપાધિઓ આપવાનું શરૂ થઈ ચૂક્યું છે. જેમાં કશી યોગ્યતા ન હોય તેવા અક્ષમ લોકોને પણ શંકરાચાર્યથી માંડીને મહંતમંડલેશ્વર સુધીની ઉપાધિઓ આપી દેવામાં આવે છે અને આવા લોકો બહુ મોટા-મોટા અક્ષરે પોતાનું નામ છપાવીને પ્રચાર કરે છે. વિશ્વમાં જ્યારે આવું નકલ કરવાનું ષડ્ યંત્ર બધાં ક્ષેત્રોમાં ચાલી રહ્યું છે ત્યારે આ પ્રવૃત્તિથી સદંતર મુક્ત અને દૂર રહેનારું કોક વિરલ વ્યક્તિત્વ પણ મળી જતું હોય છે, પણ તેની સંખ્યા બહુ નજીવી જ કહી શકાય. દેશે ગૌરવ લેવા જેવું હોય તો આ નજીવી સંખ્યા ઉપર લેવું જોઈએ અને દેશે શરમાવા જેવું હોય તો પેલી બહુસંખ્યાવાળી નકલી બહુમતીથી શરમાવું જોઈએ. એટલું યાદ રહે કે લાંબું જીવન તો સચ્ચાઈને જ મળતું હોય છે. નકલી જીવન ગમે તેટલું ઊજળું હોય કે ગમે તેટલો પ્રચાર થયો હોય તોપણ તે અલ્પજીવી હોય છે. તે લાંબો સમય ટકી શકતું નથી. નકલી સિક્કા થોડો સમય તો બજારમાં ચાલે, પણ કાયમી રીતે ચાલી શકે નહિ. કાયમી રીતે તો સાચા સિક્કા જ ચાલતા હોય છે. આ નિયમ રાજકારણમાં પણ કહી શકાય.

મોગલ બાદશાહ ઔરંગઝેબના મૃત્યુ પછી દિલ્હીની ગાદીએ એક પછી એક નકલી બાદશાહો બેસવા લાગ્યા. અથવા કહો કે જે-તે સમયના કિંગમેકરોએ કઠપૂતળી જેવા બાદશાહો બનાવ્યા. જેથી સત્તાનાં ખરાં સૂત્રો પોતાના હાથમાં રહે. આવા કિંગમેકરોમાં સૈયદબંધુઓનું સ્થાન સર્વોપરી ગણાય. તેમણે રફીઉદ્દરજાત નામના એક શાહજાદાને બાદશાહ બનાવ્યો. મોગલ પરંપરાનો આ દશમો બાદશાહ હતો. જ્યારે તેને ગાદીએ બેસાડવા દરબારમાં લઈ જવામાં આવતો હતો ત્યારે તેની માતા બહુ વિલાપ કરતી હતી, કારણ કે તે જાણતી હતી કે આના પહેલાં જહાંદારશાહ અને ફરૂખસિયરને જેવી રીતે મારી નાખવામાં આવ્યા હતા તેવી રીતે મારા પુત્ર દરજાતને પણ સૈયદબંધુઓ મારી નાખશે. દરજાતને ટીબીનો રોગ હતો તેથી તે પોતે બાદશાહ બનવા માગતો ન હતો. તોપણ બધાના આગ્રહથી તે બાદશાહ બન્યો. તેના સમર્થનમાં અજિતસિંહ અને ચૂડામન તથા મરાઠા પણ હતા.

બાદશાહ બનતાંની સાથે જ તેણે જજિયાવેરો હટાવી દીધો. જ્યારે દરજાત બાદશાહ

બન્યો ત્યારે સવાઈ જયસિંહનો સાથ લીધો નહિ. તેમને મારવાડ મોકલી દેવામાં આવ્યા હતા. તેથી સવાઈ જયસિંહ નારાજ થયા અને તેમણે આગ્રાની જેલમાં બંદી બનાવેલા શાહજાદા નેકોસિયરને બાદશાહ બનાવી દેવાનો નિર્ણય કર્યો. આવાં મોટાં-મોટાં પદોની પાછળ ગુપ્ત રીતે બેઠેલા કિંગમેકરોને જો પૂરેપૂરા વિશ્વાસમાં લેવામાં ન આવ્યા હોય તો આવા લોકો શાંતિથી બેસતા નથી અને ભારે ખટપટો મચાવીને ઊથલપાથલ કરી દેતા હોય છે. આગ્રાનો કિલ્લેદાર મિત્રસેન સવાઈ જયસિંહનો ખાસ માણસ હતો. તેની ઇચ્છા પ્રમાણે નેકુસિયરને જેલમાંથી બહાર કાઢવામાં આવ્યો. આમ જુઓ તો મિત્રસેન મોગલ ન હતો, પણ બ્રાહ્મણ હતો અને એક પછી એક પદો વટાવતો-વટાવતો તે આગ્રાનો કિલ્લેદાર બની ગયો હતો. અને મહારાજા જયસિંહનો ખાસ માણસ હતો. મહારાજાની આજ્ઞા માન્ય રાખીને મિત્રસેને નેકુસિયરને આગ્રામાં જ બાદશાહ બનાવી દેવાની વિધિ પૂરી કરી. હવે નેકુસિયર બાદશાહ બની ગયો હતો. પોતાને કેદમુક્ત કરવાના ઇનામરૂપે બાદશાહે મિત્રસેનને રાજા બીરબલની પદવી આપી. તથા તેને સાતહજારી મનસબદાર પણ બનાવી દીધો. અને ખજાનામાંથી કરોડો રૂપિયા અધિકારીઓમાં વિતરીત કરાવ્યા.

બાદશાહ થયા પછી તરત જ તેણે આગ્રાના નાઝિમ ગૈરતખાંની હવેલી ઉપર તોપમારો ચાલુ કરાવી દીધો. ગેરતખાં સૈયદબંધુઓનો માણસ હતો. આ સમાચાર જ્યારે દિલ્હીમાં સૈયદબંધુઓને મળ્યા ત્યારે તેમણે આગ્રાના વિદ્રોહને દબાવવા માટે મોટું લશ્કર લઈને ઈ. સ. 1719માં આગ્રા પહોંચીને કિલ્લાને ઘેરી લીધો. થોડા જ દિવસોમાં નેકુસિયર તથા મિત્રસેને સમર્પણ કરી દીધું. માત્ર ત્રણ મહિના માટે નેકુસિયર આગ્રામાં મોગલ બાદશાહ બન્યો. કહેવાય છે કે જ્યારે સૈયદબંધુઓએ આગ્રાના કિલ્લામાં નેકુસિયરને ઘેરી લીધો હતો ત્યારે ત્યાંથી ભાગી છૂટવા માટે નેકુસિયરે ચૂડામનને પચાસ લાખ રૂપિયાની લાંચ આપી હતી. ચૂડામને પચાસલાખ રૂપિયા લઈને નેકુસિયરને ચૂપચાપ કિલ્લા બહાર કાઢી દીધો, પણ તરત જ સૈયદ હસનઅલીખાંને સોંપી દીધો અને રૂપિયા પોતે રાખી લીધા. સૈયદબંધુઓએ તેને સલીમગઢની જેલમાં પૂરી દીધો અને આખું જીવન જેલમાં વિતાવી ઈ. સ., 1723માં તે મરણ પામ્યો.

પહેલાં કહેવામાં આવ્યું છે તેમ ટી.બી.ના રોગી દરજાતને બાદશાહ તો બનાવવામાં આવ્યો પણ તે રોગિષ્ઠ હોવાથી તેના જ આગ્રહથી તેના મોટા ભાઈ રફીઉદદોલાને બાદશાહ બનાવવામાં આવ્યો. અને દરજાતનું મૃત્યુ થઈ ગયું. કેટલાક લોકોનું માનવું છે કે સૈયદબંધુઓએ તેની હત્યા કરી નાખી હતી. રફીઉદ્દદોલા બાદશાહ બન્યો. તેણે શાહજહાંની ઉપાધિ ધારણ કરી તેથી તેને શાહજહાં દ્વિતીય પણ કહેવાય છે. તે પણ ટીબીનો રોગી નીકળ્યો અને માત્ર સોળ દિવસ સુધી બાદશાહ રહીને મૃત્યુ પામ્યો. કેટલાક લોકોનું માનવું છે કે રફીઉદ્દદોલાની પણ હત્યા કરી દેવામાં આવી હતી. આમ સૈયદબંધુઓએ પાંચ મોગલ બાદશાહોની હત્યા કરી નાખી કહેવાય.

હવે ફરી પાછો પ્રશ્ન ઊભો થયો કે કોને બાદશાહ બનાવવો? સૈયદબંધુઓની નજર મુઅજ્જમશાહના ચોથા પુત્ર રોશન અખ્તર ઉપર પડી. તેની માતાનું નામ કુદસ્યાબેગમ હતું. અને તેનો જન્મ અફઘાનિસ્તાનમાં થયો હતો. રોશન અખ્તર જ્યારે બાર વર્ષનો હતો ત્યારે તેના દાદા જહાંદારશાહે તેને મારવા લીધો હતો, પણ તેનો રૂપાળો ચહેરો તથા ચબરાક વ્યક્તિત્વ જોઈને ક્રૂર દાદા જહાંદારશાહને પણ દયા આવી ગઈ અને તેથી તેની હત્યા ન કરતાં તેની માતા સાથે તેને બંદી બનાવી લેવામાં આવ્યો હતો. કુદસ્યાબેગમે જેલમાં રહીને પણ પોતાના પુત્રને સારું શિક્ષણ આપ્યું હતું. સૈયદબંધુઓએ આ રોશન અખ્તરને જેલમાંથી કાઢીને તેને બાદશાહ બનાવ્યો. ઈ. સ., 1719માં અબુઅલફતેહ નાસિરુદ્દીન રોશન અખ્તર મહોમદશાહ નામ ધારણ કરીને તે ગાદીએ બેઠો અને પોતાની માતાને પંદરહજાર રૂપિયાનું પેન્શન બાંધી આપ્યું. તે

જ્યારે ગાદીએ બેઠો ત્યારે તેની ઉંમર સત્તર વર્ષની હતી. કહેવાની જરૂર નથી કે સૈયદબંધુઓ કઠપૂતલી બાદશાહને બેસાડી સ્વયં પોતે જ રાજ કરતા હતા. રોશન અખ્તરને આ ગમ્યું નહિ. તેથી તેણે ગુપ્ત રીતે સૈયદબંધુઓની પાંખો કાપી નાખવા માટે પ્રયત્ન કરવા માંડ્યા.

ત્યારે સૈયદબંધુઓનો સામનો કરી શકે તેવો એક સરદાર હતો કુલીજખાં. આ કુલીજખાંને વિશ્વાસમાં લઈને રોશન અખ્તરે પોતાની યોજના આગળ વધારી. સૈયદબંધુઓને આ વાતની ગંધ આવી ગઈ. એટલે તેમણે કુલીજખાંને વારંવાર જુદી-જુદી જગ્યાએ સૂબેદાર બનાવીને મોકલવાના હુકમ કર્યા, પણ આવા સમયમાં બાદશાહની માતા કુદસ્યાબેગમ શાંત ન રહી. તેણે કુલીજખાંને ગુપ્તપત્ર લખીને સૈયદબંધુઓ સામે ઉશ્કેર્યો અને સૈયદબંધુઓનો નાશ કરવાની યોજના બનાવી. તેથી કુલીજખાંમાં હિંમત આવી. તેણે એક પછી એક સૈયદબંધુઓના ઘણા કિલ્લા જીતી લીધા. અંતમાં સૈયદબંધુઓએ મોટી સેના સાથે કુલીજખાં ઉપર હુમલો કરવાનું નક્કી કર્યું. બંને તરફની સેનાઓ પન્ધાર નામે સ્થાન ઉપર મોરચા બાંધીને તૈયાર ઊભી થઈ ગઈ. 19 જૂન, 1720ના રોજ બંને સેનાઓમાં ભયંકર યુદ્ધ થયું. મોગલ સેનાપતિ યુદ્ધમાં માર્યો ગયો. એટલું જ નહિ, કોટાના રાજા ભીમસિંહ પણ માર્યા ગયા અને રાજા ગજસિંહે જોયું કે સૈયદબંધુઓની સેના હારી રહી છે. તે પણ બહાદુરીથી યુદ્ધ કરતાં-કરતાં માર્યો ગયો. આ રીતે સૈયદબંધુઓની પાન્ધાર યુદ્ધમાં ભયંકર હાર થઈ અને દિલ્હીમાં બેઠેલા સૈયદ હુસેનઅલીને મારી નાખવામાં આવ્યો. આ રીતે બાદશાહ રોશન અખ્તર દિલ્હીની ગાદી ઉપર બેસી ગયો. તેણે દિલ્હીમાં પોતાનો દરબાર ભર્યો. સૈયદ હુસેનઅલીખાંનું માથું કાપીને તેના નાનાભાઈ અબ્દુલ્લાખાંને આગ્રા મોકલી દેવામાં આવ્યું. આગ્રામાં સૈયદ અબ્દુલ્લાખાં દુશ્મન બની ગયો. તેણે મોહમ્મદ ઇબ્રાહીમને બાદશાહ ઘોષિત કરી દીધો. આ રીતે બે બાદશાહ બન્યા. એક રોશન અખ્તર અને બીજો મોહમ્મદ ઇબ્રાહીમ.

રોશન અખ્તરે એક મોટું લશ્કર આગ્રા તરફ મોકલ્યું જ્યાં વિદ્રોહી સૈયદ અબ્દુલ્લાખાં પોતાની સેના સાથે તૈયાર ઊભો હતો. બંને સેનાઓ વચ્ચે ઘનઘોર યુદ્ધ થયું, પણ તેમાં અબ્દુલ્લાખાં હારી ગયો. તેને બંદી બનાવી લેવામાં આવ્યો અને જેલમાં નાખીને સબડાવવામાં આવ્યો. બે વર્ષ સુધી જેલમાં રહીને તેને ઝેર આપીને મારી નાખવામાં આવ્યો. તેના દ્વારા બનાવેલા ઇબ્રાહીમ મોહમંદ બાદશાહને પણ કેદ કરી લેવામાં આવ્યો. અને તેને રોજના ચાલીસ રૂપિયાનું પેન્શન બાંધીને સામાન્ય માણસ બનાવી દેવામાં આવ્યો. આ રીતે બંને સૈયદબંધુઓનો અંત આવ્યો. કિંગમેકર સૈયદબંધુઓએ ઘણા કઠપૂતળી બાદશાહો બનાવ્યા અને મનમાન્યું રાજ્ય ચલાવ્યું. પણ અંતે રોશન અખ્તર અર્થાત્ મોહમ્મદશાહ બાદશાહે તથા તેની માતા કુદસ્યાબેગમે મળીને સૈયદબંધુઓનો નાશ કરી નાખ્યો.

તા. 11/9/2020

અજિતસિંહની હત્યા

ઇસ્લામવાળા એવું માને છે કે પ્રત્યેક નર-નારીમાં બે તત્ત્વો રહેતાં હોય છે ઃ (1) શૈતાન અને (2) ફિરસ્તા (આ બે તત્ત્વો પશુપક્ષી વગેરે જીવજંતુઓમાં રહેતાં નથી.) જ્યારે જે તત્ત્વોનો પ્રભાવ વધે છે ત્યારે માણસ તેવાં કામો કરે છે. શૈતાન અને ફિરસ્તા આમ તો મોટા ભાગે ઊંઘ્યા કરતા હોય છે, પણ જ્યારે તે જાગે છે ત્યારે તે કાર્યરત બને છે. બે વર્ષની માસૂમ બાળકી પર કોઈ સિત્તેર વર્ષનો વૃદ્ધ બળાત્કાર કરે તો તે શૈતાને કરેલું કામ છે. વૃદ્ધ તો માત્ર નિમિત્ત જ બન્યો છે. આવાં ઘણાં શૈતાનિક કાર્યો વ્યક્તિની અનિચ્છાએ અથવા અભાનતામાં થઈ જતાં હોય છે. એટલે લોકો કહે છે કે હું શું કરું? મારા ઉપર શૈતાન સવાર થઈ ગયો હતો. પણ એક પ્રશ્ન એવો પણ કરી શકાય કે નર-નારીમાં આ શૈતાન અને ફિરસ્તાને કોણ કયા આધારે રાખે છે? આ બધાનો એક જ જવાબ આપવામાં આવે છે કે `ખુદા કી મરજી' આ જ વાતને ગીતાએ બીજી રીતે સ્પષ્ટ કરી છે. ગીતાનું કહેવું છે કે વ્યક્તિમાત્રમાં દૈવી શક્તિ અને આસુરી શક્તિ એમ બે પ્રકારની શક્તિઓ રહેતી હોય છે. સમય-સમય ઉપર જ્યારે જે શક્તિનો પ્રભાવ વધે ત્યારે વ્યક્તિ તેવાં કામ કરતી હોય છે, પણ ફરી પાછો પ્રશ્ન થાય કે, આવી દૈવી અને અાસુરી શક્તિઓ કોણે, કેમ કયા આધારે રાખતી હોય છે? હિન્દુ ધર્મ `ખુદા કી મરજી' કહીને અળગો થઈ જતો નથી, પણ તે સમાધાન કરે છે કે આ બે શક્તિઓ ત્રણ ગુણોની વધઘટથી થતી હોય છે. ત્રણ ગુણો એટલે સત્ત્વ, રજ અને તમ. આ ગુણોની પ્રત્યેક વ્યક્તિમાં સદંતર વધઘટ થતી રહે છે, પણ ફરી પાછો પ્રશ્ન થાય કે આ ત્રણ ગુણોની વધઘટ કેમ થાય છે? તેના સમાધાનમાં કહેવામાં આવ્યું છે કે સત્સંગ અને કુસંગથી. અર્થાત્ વ્યક્તિ જો સત્સંગ કરે તો તેનામાં સત્ત્વગુણ વધે અને તમોગુણ ઘટે પણ જો વ્યક્તિ કુસંગ કરે તો તેનાથી તેનામાં રહેલો તમોગુણ વધે અને સત્ત્વગુણ ઘટે. આ રીતે સત્સંગ અને કુસંગને માનવજીવનમાં બહુ મોટું સ્થાન આપવામાં આવ્યું છે.

બાદશાહ ફરુખસિયરની પુત્રી મલ્લિકા ઉજમાની હતી. તેનાં લગ્ન મહંમદશાહ રંગીલા બાદશાહ સાથે કરવામાં આવ્યાં હતાં. અને તેને બાદશાહ બેગમ પણ ઘોષિત કરવામાં આવી હતી. સૈયદબંધુઓનો નાશ કરીને રંગીલો બાદશાહ શક્તિશાળી થયો. તેથી તેની બેગમ પણ શક્તિશાળી બની ગઈ. ભારતમાં તો હંમેશાં એવો નિયમ રહ્યો છે કે પતિની શક્તિથી પત્નીઓ શક્તિશાળી બનતી હોય છે. બાદશાહ બેગમ બનેલી ઉજમાનીના મનમાં મહારાજા અજિતસિંહ પ્રત્યે પ્રબળ વેરભાવ હતો, કારણ કે તેના પિતા બાદશાહ ફરુકસિયારની હત્યા કરવામાં અજિતસિંહે મુખ્ય ભાગ ભજવ્યો હતો. પિતાનું વેર લેવાની વૃત્તિ ઉજમાનીમાં દબાયેલી પડી હતી. શું કરવામાં આવે તો અજિતસિંહની પણ હત્યા કરી દેવાય એવા વિચારો તેને આવતા હતા.

રાજકારણ કદી પણ ષડ્ યંત્રો વિનાનું હોતું નથી. અને જ્યારે કોઈને ષડ્ યંત્ર કરવું હોય ત્યારે ગમે ત્યારે ગમે ત્યાં કોઈ ને કોઈ શકુનિ મળી જ રહેતા હોય છે. બધાનો નાશ થાય પણ શકુનિનો નાશ થતો નથી. શકુનિ અજરઅમર છે. એટલે બધા કાળમાં, બધા પ્રદેશોમાં કોઈ ને કોઈ રીતે શકુનિ જીવતો જ હોય છે. બેગમ ઉજમાનીએ જોયું કે અજિતસિંહના દુશ્મનો કોણ કોણ છે? શત્રુના શત્રુને હાથ ઉપર લઈને શત્રુનો નાશ કરી શકાય. તેથી તેની નજર મહારાજ સવાઈ જયસિંહ પર પડી. જયસિંહે પોતાની પુત્રીનો વિવાહ અજિતસિંહના પુત્ર અભયસિંહ સાથે કર્યો હતો. આ રીતે જયસિંહ અને અજિતસિંહ વેવાઈ થતા હતા. જયસિંહે પોતાની પુત્રીને ષડ્ યંત્રનું મહોરું બનાવ્યું. કેટલીક સ્ત્રીઓ પતિ કરતાં પિયરપક્ષને વધુ વફાદાર રહેતી હોય છે.

આપત્તિકાળમાં આવી સ્ત્રીઓ દુશ્મનનું કામ કરી બેસતી હોય છે. જયસિંહે પોતાની પુત્રી દ્વારા અભયસિંહની કાનભંભેરણી શરૂ કરી. કાનભંભેરણી એવું ઝેર છે જે કાન દ્વારા મગજમાં જઈને વિકૃત કરતું હોય છે અને અંતે માણસને મારી નાખતું હોય છે.

અભયસિંહને સમજાવવામાં આવ્યો કે જો તું મોગલો સાથે મૈત્રી કરે અને તારા પિતા અજિતસિંહની હત્યા કરી નાખે તો તને જોધપુરનો રાજા બનાવીને મોગલ દરબારમાં મોટી મનસબ આપવામાં આવશે. એટલું જ નહિ, તને મહત્ત્વના સૂબાઓની સૂબેદારી પણ આપવામાં આવશે. લોભ, લાલચ કુસુંગમાંથી પેદા થતાં હોય છે. તેમાં લલચાઈને સારો માણસ પણ ખોટાં કામો કરવા તૈયાર થઈ જતો હોય છે. રાજકુમાર અભયસિંહ કુસંગમાં આવી ગયો. તેણે પોતાના નાના ભાઈ વખતસિંહને પણ સાથે લઈ લીધો. બંને જયસિંહના કુસુંગમાં આવીને સગા બાપની હત્યા કરવા તૈયાર થઈ ગયા. અત્યાર સુધી મુસ્લિમો અને મોગલો તો બાપદાદાઓની હત્યાઓ કરીને બાદશાહ થતા હતા, પણ હવે આ પરંપરા જોધપુરના રાજપૂતોમાં પણ ઊતરી આવવાની હતી. બંને પુત્રોએ 23 જૂન, 1724ની રાત્રે જ્યારે મહારાજા અજિતસિંહ ઘસઘસાટ ઊંઘી રહ્યા હતા ત્યારે તેમની હત્યા કરી નાખી. આ રીતે એક મહાન હિન્દુ રાષ્ટ્રવાદી મહારાજાની તેમના સગા દીકરાઓએ સત્તાની લાલચમાં હત્યા કરી નાખી. એવું કહેવાય છે કે તેમની હત્યાથી આખું મારવાડ કાંપી ઊઠ્યું અને કવિઓએ કેટલાંય કાવ્યો રચ્યાં. પ્રકરણ પૂરું કરતાં પહેલાં અજિતસિંહની થોડી વાતો લખવી જરૂરી છે.

રંગીલા બાદશાહે અજિતસિંહને અજમેરનો તથા ગુજરાતનો સૂબેદાર બનાવ્યો હતો. સૂબેદાર થતાંની સાથે જ સૌથી પહેલું કામ તેણે ગૌવધ બંધ કરાવવાનું કર્યું હતું. તેના આવા નિર્ણયથી રંગીલો બાદશાહ ચિડાઈ ગયો હતો. તેથી તેને અજમેરના સૂબેદારી પદથી હટાવી દીધો હતો, પણ અજિતસિંહે બાદશાહના હુકમને માન્ય કર્યો નહિ. તેણે અજમેર ઉપર સેનાના જોરે કબજો કરી લીધો અને મોગલ સૂબેદારને ભગાડી મૂક્યો. આવી જ રીતે તારાગઢનો પણ કબજો કરી લીધો. અજમેર ઉપર અજિતસિંહની સત્તા સ્થાપિત થતાંની સાથે જ તેણે મસ્જિદોમાંથી બાંગ પોકારવાનું બંધ કરાવી દીધું. લગભગ પ્રત્યેક નાનાં-મોટાં શહેરોમાં પરોઢિયાના પાંચ વાગે બાંગ પોકારવામાં આવતી હોય છે. હવે તો એકસાથે પાંચ-પાંચ, દસ-દસ લાઉડસ્પીકરો લગાવીને એટલા જોરથી બાંગ પોકારવામાં આવે છે કે તે માઈલો સુધી સંભળાય છે. બાંગનો કર્કશ અવાજ મીઠી નિંદરમાં સૂતેલા માણસો માટે વિઘ્નકારક બની જતો હોય છે. જ્યારે ઘડિયાળો ન હતાં ત્યારે સમયની ખબર પડતી ન હતી. તેથી આ રિવાજ અરબસ્તાનમાં પ્રચલિત થયો હશે. મસ્જિદના ઊંચા મિનારે ચડીને કોઈ મુલ્લા તીવ્ર અવાજથી લોકોને જાગ્રત કરતો હશે કે `પ્રાર્થના કરવા આવો, સમય થઈ ગયો છે.' પણ સમય ઘણો બદલાઈ ગયો. હવે તો પ્રત્યેક વ્યક્તિ પાસે ઘડિયાળ આવી ગઈ. ઘરમાં ઘડિયાળ અને હાથમાં પણ ઘડિયાળ એટલે સમય જાણવા માટે આવી પદ્ધતિની જરૂરજત જ રહી નહિ. કદાચ રૂઢિવાદિતાના કારણે આવી પદ્ધતિ ચાલુ રાખવી હોય તોપણ તે સમયે લાઉડસ્પીકર ન હતાં. માત્ર ગળાના અવાજથી જ બાંગ પોકારાતી હતી. તેવી બાંગ આજે પણ પોકારી શકાય. જો લાઉડસ્પીકરોનો સુધારો સ્વીકારી શકાય તો સમયની સાથે ઘડિયાળનો સુધારો પણ સ્વીકારવો જોઈએ. મહારાજા અજિતસિંહે આવી બાંગ પોકારવા ઉપર મનાઈ ફરમાવી દીધી. ખરેખર તો આજે આવી બાંગ જ નહિ, લાઉડસ્પીકરો ઉપર કોઈ પણ ધર્મ કે કોઈ પણ સમાજના ઘોંઘાટને રોકવા જોઈએ. લોકોને શાંતિથી ઊંઘવા દેવા જોઈએ.

મોગલોના સમયમાં જાહેર રસ્તાઓ ઉપર ગૌવધ થતો હતો. તે બંધ કરાવ્યો. અને બહુ રેવન્યુ આપતી સાંભરઝીલ તથા ડિડવાનાઝીલ ઉપર કબજો કરી લીધો. તેણે આજુબાજુના અનેક કિલ્લાઓ જીતીને હિંદુ કેસરિયો ધ્વજ લહેરાવી દીધો. તેણે પોતાને મહારાજા જાહેર કરી

દીધા. જેવો દિલ્હીનો બાદશાહ હતો તેવો જ તે અજમેરનો બાદશાહ બની ગયો હતો. તેણે હિંદુ રાજ્યની સ્થાપના કરી. તેની આવી પ્રવૃત્તિથી દિલ્હીનો રંગીલો બાદશાહ ચિડાઈ ગયો. તેણે શહાદતખાંને મોટી સેના સાથે અજિતસિંહ ઉપર હુમલો કરવા મોકલ્યો. તેની મદદ માટે બીજા સરદારોને પણ મોટી સેના સાથે મોકલ્યા. સવાઈ રાજા જયસિંહ પણ અજિતસિંહનો દુશ્મન બની ગયો હતો. આમ ચારેતરફથી અજિતસિંહને ઘેરી લેવાનો પ્રયત્ન થયો. અજિતસિંહે નાહર્ષખાં રોહેલાને મારી નાખ્યો. જે મહારાજા જયસિંહને અજિતસિંહે જ ગાદીએ બેસાડ્યા હતા તે જ મહારાજા તેના દુશ્મન બની ગયા હતા. એક મહિના સુધી અજમેરમાં ભારે યુદ્ધ ચાલ્યું, પણ અજિતસિંહને જીતી શકાયા નહિ. તેથી સવાઈ જયસિંહે મોગલો તરફથી સંધિ કરી લીધી. આ સંધિના કારણે વિજયી બનેલા અજિતસિંહે ઢોલનગારાં વગાડતાં-વગાડતાં મારવાડ પ્રસ્થાન કર્યું. અને જોધપુરની ગાદી દીપાવવા માંડી. અજમેર ઉપર મોગલોનો અધિકાર થઈ ગયો. જોકે મહારાજા જયસિંહ વગેરે અનેક લોકોએ તેમને સાથ ન આપ્યો. તેના પરિણામે હિંદુ રાજ્યની સ્થાપના રોળાઈ ગઈ, પણ વાત આટલેથી જ અટકી નહીં, પૂર્વે કહ્યું તેમ બધા શત્રુઓ ભેગા મળીને અજિતસિંહના બંને પુત્રોને ફોડીને ભરઊંઘમાં સૂતેલા અજિતસિંહની પુત્રો દ્વારા જ હત્યા કરાવી નાખી. આ રીતે મારવાડના બીજા છત્રપતિ શિવાજી મહારાજનો દુઃખદ અંત કરવામાં આવ્યો. જેથી પૂરું મારવાડ અને પૂરું ભારત પોકે ને પોકે રડવા માંડ્યું.

તા. 13/9/2020

ઈસ્ટ ઇન્ડિયા કંપનીનું
પહેલું રાજ્ય બંગાળમાં

સંસારની રચના ગંજીપાનાં પત્તાં જેવી છે. જેણે ગંજીફાનાં પત્તાંની રચના કરી છે, તેણે કમાલ કરી છે. છેક નીચે નાનામાં નાની શક્તિ `દૂરી'માં છે. પછી તીરી, ચોગ્ગો, પંજો અને દસ્સો ગોલો તે ઉપર રાણી, તેના ઉપર બાદશાહ અને છેવટે `એક્કો.' આમ સત્તાની ઉત્તર-બેડ રચવામાં આવી છે. જેમાં એક્કો સર્વોપરિ છે, પણ જો `દૂરી' પણ હુકમની હોય તો એક્કાને પણ મા'ત આપી શકે. એક્કા ઉપર કોઈ નહીં. આમ સંસારમાં પણ સૌથી નીચે મજૂરવર્ગ પછી ઉત્તર-બેડ થતી-થતી બાદશાહ સુધી પહોંચાય, પણ બાદશાહની ઉપર પણ એક્કો હોવો જોઈએ. આ એક્કો પરમાત્મા છે. બાદશાહ પણ પરમાત્માથી ડરીને રાજ કરે તો તેનું રાજ્ય દીપી ઊઠે. બાદશાહ જો પરમાત્માથી ન ડરે અથવા પોતાના મનગમતા મજહબના પરમાત્માને ગોઠવી દે તો તેનું શાસન અનર્થકારી થઈ શકે છે. એટલું યાદ રહે કે આ જે ઉત્તર-બેડની વ્યવસ્થા તે શક્તિ આધારિત છે. સામ્યવાદીઓએ આ ઉત્તર-બેડને ઊલટાવી દીધી. જે `દૂરી' સૌથી નીચે હતી તેને સૌથી ઉપર બેસાડી દેવામાં આવી અને બધા એકસરખા છે એવો ભાવ રાખીને શાસન કરવાનો પ્રયત્ન કર્યો, પણ સફળ ન રહ્યા. ખરેખર તો બધી વ્યક્તિઓમાં સામર્થ્ય સરખું નથી હોતું. સામર્થ્યના આધારે ઉત્તર-બેડ આપોઆપ રચાઈ જતી હોય છે. મોગલકાળમાં પણ આ જ રીતે જે લોકો સમર્થ હતા તે સૌથી ઉપર બેસીને બાદશાહ બની ગયા. તેમણે પોતાની સહાયતા માટે નીચેના હોદ્દાઓ ગોઠવ્યા. ત્યારથી તેમણે પોતાના ઉપરના બધાં નિયંત્રણો ફગાવી દીધાં. સૈયદબંધુઓની હત્યા કરાવી નાખી અને રાજપૂત-રાજાઓને પણ સમાપ્ત કરી દીધા. ન જયસિંહ રહ્યા, ન અજિતસિંહ રહ્યા. આ રીતે બાદશાહની ઉપર નિયંત્રણ રાખનારી શક્તિઓ સમાપ્ત થઈ ગઈ.

સંસાર નિયંત્રણથી ચાલતો હોય છે. જ્યારે નિયંત્રણ તૂટી પડે ત્યારે સ્વચ્છંદતા પ્રગટતી હોય છે. સ્વચ્છંદતા વિનાશની શરૂઆત કહેવાય. પ્રત્યેક વ્યક્તિની અંદર પૂર્વે કહ્યું તેમ શૈતાન અથવા આસુરીવૃત્તિઓ બેઠી હોય છે. નિયંત્રણ દ્વારા તે દબાયેલી રહે છે. નિયંત્રણો હઠી જાય ત્યારે આ શૈતાની શક્તિઓ જાગી ઊઠતી હોય છે અને મહાઅનર્થ સર્જતી હોય છે. મોહમ્મદશાહ રંગીલો બાદશાહ હતો. તેની અંદર રજોગુણી વૃત્તિઓ ઘણી હતી. ઔરંગઝેબના સમયથી સંગીત, નૃત્ય, કલા વગેરે ઉપર જે કઠોર નિયંત્રણો હતાં તે તેણે સમાપ્ત કરી દીધાં. રાજદરબારમાં નાચગાન, ઠૂમરી-ઠપ્પા ફરીથી શરૂ કરાવ્યાં. એવો નિયમ છે કે જ્યારે સત્તા દ્વારા કોઈ બાબત ઉપર કઠોર નિયંત્રણ મૂકવામાં આવે ત્યારે તેમાં દબાયેલાં તત્ત્વો અકળાતાં હોય છે. તેમને અનુકૂળતા પ્રાપ્ત થાય ત્યારે ફરીથી હજાર મુખો દ્વારા ખીલી ઊઠતાં હોય છે. વર્ષોથી દબાયેલાં સંગીત, કલાનાં ક્ષેત્રો એટલાં બધાં અકળાતાં હતાં કે હવે શું કરીએ તો ફરીથી આપણો જમાનો આવે! કહેવાય છે કે ઔરંગઝેબના જમાનામાં એક વાર એક હજાર સંગીતકારો વગેરે કલાકારો પોતપોતાનાં વાજિંત્રો લઈને વાજતે-ગાજતે નીકળ્યા હતા. નમાજ પઢવા જતા ઔરંગઝેબની નજર તેમના પર પડી. તેણે પૂછ્યું કે તમે બધા વાજતે-ગાજતે ક્યાં જઈ રહ્યા છો? તેના જવાબમાં કહેવામાં આવ્યું કે અમે અમારાં આ સંગીત-વાજિંત્રો દફન કરવા જઈ રહ્યા છીએ, કારણ કે અાપશ્રીએ તેના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો હોવાથી વર્ષોથી તે ધૂળ ખાય છે અને અમે ભૂખે મરીએ છીએ. સંગીતકારોનો જવાબ સાંભળીને ઔરંગઝેબે અટહાસ્ય કર્યું અને કહ્યું કે કબર જરા ઊંડી ખોદજો જેથી ફરી પાછાં નીકળે નહિ!

વર્ષોથી ધૂળ ખાતાં આ વાજિંત્રો મોહમ્મદશાહ રંગીલાના સમયમાં જાગી ઊઠ્યાં. અને

એટલી ધૂમ મચાવી કે ચારેતરફ રંગરેલિયાં થવા માંડી. બાદશાહ પોતે આ રંગરેલિયાંમાં એટલો બધો ડૂબી ગયો કે શાસન કરવાનું ભાન જ ન રહ્યું. દબાયેલી વૃત્તિઓ જાગી ઊઠી. સંગીત, સાહિત્ય, નૃત્ય, કલા વગેરે ઉત્તમ વસ્તુઓ છે; પણ તેમની હદ હોવી જોઈએ. જો વ્યક્તિ હદબહાર તેમાં રચીપચી થઈ જાય તો તે કદાચ સારો કલાકાર તો થઈ શકે, પણ સારો શાસક ન થઈ શકે. સારા શાસક થવા માટે અથવા કોઈ સારી પેઢીના શેઠ થવા માટે વ્યક્તિએ એશ-આરામ અને રંગરેલીઓ ઉપર નિયંત્રણ રાખવું જરૂરી છે. દરેક ક્ષેત્રના જે-તે રસિકો હોય છે અને પ્રત્યેક રસિકનું તે-તે પ્રકારનું વ્યક્તિત્વ હોય છે. નાચ-ગાન, મુજરા, મહેફિલ વગેરે કરનારાઓનું જુદું જ વ્યક્તિત્વ હોય છે. આવા લોકો કલાકાર તો હોય છે, પણ તેમના આંતરિક જીવનમાં ઊંચા આદર્શો બહુ ઓછા જોવા મળતા હોય છે. એટલે તેમની સંગતમાં આવનારા લોકો પણ તેવા રંગે રંગાઈ જતા હોય છે. એટલે તો ભદ્રસમાજ આવી સંગતોથી દૂર રહેતો હોય છે.

રંગીલો બાદશાહ એટલી હદે આવા રંગમાં રંગાઈ ગયો કે તે પોતે સ્ત્રીઓનાં કપડાં પહેરીને સભાવચ્ચે તાતા-થૈ કરીને નાચવા લાગ્યો હતો. કેટલીક વાર તો તે બિલકુલ વસ્ત્ર વિનાનો થઈને સભામાં આવતો અને ઉમરાવોને પણ વસ્ત્ર વિનાના થઈ જવાની ફરજ પાડતો. આવાં બધાં ચરિત્રોના કારણે નીચેના માણસો ઉપર જે તેનો પ્રભાવ પડવો જોઈએ તે પડતો ન હતો. પૂર્વે કહ્યું તેમ બાદશાહ જ્યારે રંગરેલિયાં મનાવે અને શાસનમાં પૂરતું ધ્યાન અથવા સમય ન આપે ત્યારે સત્તાનાં સૂત્રો અધિકારીઓ પાસે ચાલ્યાં જતાં હોય છે. બાદશાહે ચીનકુલીજખાંને પ્રધાનમંત્રી બનાવીને બધી સત્તા તેને સોંપી દીધી. ચીનકુલીજખાં બહાદુર યોદ્ધો અને સેનાપતિ હતો. તેણે ઘણાં યુદ્ધો કરેલાં અને વિજયો પ્રાપ્ત કરેલા, તેથી તેનો પ્રભાવ વિશેષ હતો. તેના પૂર્વજો 1671માં બુખારાથી આવીને ભારતમાં વસ્યા હતા. તે તુર્કવંશી હતો. તેનો પરિવાર ખલીફા અબુબકરના વંશમાં પેદા થયો હતો. શાહજહાંના સમયમાં તેના દાદા ભારત આવેલા અને નોકરીમાં રહી ગયેલા. દારાસિકોહના યુદ્ધમાં તેણે અૌરંગઝેબને મદદ કરેલી. તે માત્ર છ વર્ષનો હતો ત્યારે ઔરંગઝેબે તેને મનસબદાર બનાવી દીધો હતો અને તેર વર્ષની ઉંમરમાં તેણે પહેલું યુદ્ધ લડ્યું હતું. તે પછી તે સતત આગળ ને આગળ વધતો ગયો. મરાઠાઓ સાથેના યુદ્ધમાં તેણે ઔરંગઝેબને વિજય અપાવ્યો હતો. બહાદુરશાહના સમયમાં ચીનકુલીજખાં બહાદુરશાહની સાથે હતો. બહાદુરશાહના પુત્ર જહાંદારશાહની જગ્યાએ ફરુકસિયરને ગાદીએ બેસાડનાર તે જ હતો. આ જ માણસ આગળ જતાં નિઝામ સત્તાનો મૂળ પુરુષ બન્યો. તેને િનઝામઉલમુલ્ક પણ કહેવાય છે. મોહમ્મદશાહે તેને દક્ષિણનો સૂબેદાર બનાવી દીધો હતો. દક્ષિણ તરફ જવાથી દિલ્હીની વ્યવસ્થા બગડવા લાગી. ઈ. સ. 1722માં તેને દક્ષિણમાંથી પાછો બોલાવીને ફરીથી પ્રધાનમંત્રી બનાવી દેવામાં આવ્યો. પણ બાદશાહ તેને વારંવાર ટોકાટોકી કરતો રહેતો. સ્વમાની અધિકારીઓ ઉપરી અધિકારીઓની ખોટી ટોકાટોકી સહન કરી શકતા નથી. કેટલીક વાર રંગીલો બાદશાહ બધાં વચ્ચે તેનું અપમાન પણ કરી દેતો. આવા વ્યવહારથી કંટાળીને ચીનકુલીજખાંએ રાજીનામું આપી દીધું અને ફરીથી હૈદરાબાદ દક્ષિણનો સૂબેદાર બનીને હૈદરાબાદ ચાલ્યો ગયો. ઈ. સ. 1748માં તેણે હૈદરાબાદમાં પોતાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપિત કરી દીધું. તેણે કર્ણાટક, મૈસુર, ત્રિચિન્નાપલ્લીથી માંડીને છેક તાપી નદી સુધી પોતાનું નિઝામી રાજ્ય સ્થાપી દીધું. આ રીતે મોહમ્મદશાહ રંગીલાના સમયમાં જ મોગલસત્તા ખંડિત થવાની શરૂઆત થઈ ગઈ.

બીજી તરફ બંગાળ તથા બિહારના સૂબેદાર સુજાઉદ્દૌલા મહંમદખાન બળવાન બન્યો. તેને ઓડિસાનો અધિકાર પણ આપવામાં આવ્યો. તેની પરંપરામાં સરફરાઝખાં સૂબેદાર બન્યો. આ સમયે ઈરાનનો નાદિરશાહ દિલ્હી ઉપર ચડી આવ્યો, તેથી દિલ્હીની સ્થિતિ બહુ વિકટ

હતી. આવી તકોનો લાભ ઉઠાવવા લોકો તૈયાર રહેતા હોય છે. બિહારનો નાયબ સૂબેદાર અલીવર્દીખાંએ સરફરાઝખાંની હત્યા કરી નાખી અને બંગાળ, બિહાર તથા ઓડિસા ઉપર અધિકાર કરી લીધો. અલીવર્દીખાંને કોઈ પુત્ર નહોતો તેથી પોતાની નાની પુત્રીનો પુત્ર સિરાજઉદ્દૌલાને પોતાનો વારસદાર ઘોષિત કર્યો. અલીવર્દીખાંના મૃત્યુ પછી સિરાજ બંગાળનો સ્વતંત્ર નવાબ બની ગયો. આ જ સિરાજઉદ્દૌલા અને અંગ્રેજો વચ્ચે પ્લાસીમાં યુદ્ધ થયું હતું. એમાં સિરાજ પાસે સિત્તેર હજારની સેના હતી, જ્યારે અંગ્રેજો પાસે માત્ર ત્રણ હજારની જ સેના હતી. છતાં અંગ્રેજો યુદ્ધ જીતી ગયા હતા અને ઈ. સ. 1757માં ઈસ્ટ ઇન્ડિયા કંપનીનું પહેલું રાજ્ય બંગાળમાં સ્થાપિત થયું હતું. આ રીતે દક્ષિણ ભારતમાં નિઝામની સત્તા અને બંગાળમાં અંગ્રેજોની સત્તાનો ઉદય થઈ ચૂક્યો હતો. આવી જ રીતે મોહમ્મદશાહ રંગીલાએ સઆદતખાંને આગ્રા અને અવધનો સૂબેદાર બનાવ્યો હતો, પણ તેનું અપમાન કરી નાખ્યું હતું. તેના મૃત્યુ પછી તેનો ભત્રીજો અને જમાઈ સફદરગંજ અવધનો સૂબેદાર બન્યો. સફદરગંજ અને બાદશાહ વચ્ચે મતભેદ થવાથી બાદશાહના મૃત્યુ પછી અંગ્રેજોએ અવધને પણ પોતાને આધીન કરી લીધું. આ રીતે બંગાળથી આગળ વધતાં-વધતાં અંગ્રેજો અવધ સુધી પહોંચી ગયા.

તા. 14/9/2020

૪૨

નાદિરશાહની હત્યા

જીવનમાં પાંચ તત્ત્વો અત્યંત દુર્લભ છે. જીવનને સુખી અથવા દુઃખી બનાવવામાં તે બહુ મહત્ત્વનો ભાગ ભજવતાં હોય છે. આ પાંચ તત્ત્વો આ પ્રમાણે છે ઃ

(1) રૂપ, (2) જોબન, (3) ભજન, (4) સંપત્તિ અને (5) સત્તા.

આ પાંચેય એકસાથે કોઈ ભાગ્યશાળીને જ મળતાં હોય છે. આમાંથી પ્રથમનાં બે એટલે કે રૂપ અને જોબન ઢાંકેલાં હોય તો જ સુખ આપતાં હોય છે. રૂપ અને જોબન ઉઘાડાં કરી દેવામાં આવે તો તે બેધારી તલવાર બનીને સ્વને તથા પરને કાપી નાખતાં હોય છે. ઢાંકેલાં રૂપ અને જોબન વધુ ને વધુ ચમકતાં હોય છે અને વધુ આકર્ષક પણ થતાં હોય છે. ઉઘાડાં રૂપ-જોબન તો વેશ્યાઓ રાખતી હોય છે, કારણ કે તે તેમને વેચીને પેટ ભરવા ધંધો કરતી હોય છે. `જો દિખતા હૈ, વો બિકતા હૈ' એ નિયમ પ્રમાણે તેઓ પોતાનાં રૂપ-જોબનને વધુમાં વધુ ઉછાળી-ઉછાળીને દેખાડવાનો પ્રયત્ન કરતી હોય છે. કુળવાન સ્ત્રીઓ કદી પણ આ લાઈન ઉપર ચાલી શકતી નથી. એટલું જ નહિ, તે પોતાનાં રૂપ અને જોબનને પોતાની સર્વસ્વ સંપત્તિ સમજતી હોવાથી તેને વધુમાં વધુ ઢાંકીને તેની રક્ષા કરતી હોય છે. તેની રક્ષાથી તેમની રક્ષા થતી હોય છે.

આવી જ રીતે ભજન પણ ઢંકાયેલું વધુ પ્રભાવશાળી બનતું હોય છે. જે લોકો ભજનને આજીવિકાનું સાધન બનાવતા હોય છે તે ભજનને વધુમાં વધુ પ્રદર્શિત કરતા રહે છે. પ્રદર્શિત ભજન લોકોને તો કદાચ પ્રભાવિત કરે પણ પરમાત્માને પ્રભાવિત કરી શકતું નથી, એટલે કોઈ ભક્તે સલાહ આપી છે કે `જેમ તમે તમારા પાપને ઢાંકો છો તેમ તમારા ભજનને પણ ઢાંકો.'

સંપત્તિ પણ ઢાંકેલી સારી. ઢાંકેલી સંપત્તિ લાંબો સમય સુરક્ષિત રહેતી હોય છે. ઉઘાડી સંપત્તિ લૂંટાઈ જતી હોય છે. આમ જુઓ તો સંપત્તિના ચાર ઉપયોગ છે ઃ (1) કશા કામમાં વાપર્યા વિના જમીનમાં દાટી દેવી અથવા બૅન્કોમાં મૂકી રાખવી. (2) સંપત્તિનો સત્કર્મોમાં ઉપયોગ કરવો. લોકહિતનાં અને પ્રભુપ્રીતિનાં સત્કાર્યોમાં તેને વાપરવી. (3) પોતાનાં યશ અને કીર્તિ વધારવા માટે વાપરવી. જેમ કે બાદશાહ શાહજહાંએ તાજમહાલ બંધાવ્યો. તાજમહાલ વિશ્વની બેનમૂન ઇમારત કહેવાય. તેની દિવ્યતા અને ભવ્યતાનો કોઈ પાર નથી, એટલે તેનાં જેટલાં વખાણ કરીએ તેટલાં ઓછાં કહેવાય. બીજી તરફ તેનો સામાન્ય લોકો માટે શો ઉપયોગ થાય? તેવો પ્રશ્ન કોઈ કરે તો શો જવાબ મળે? તે કોઈ ગરીબ માણસને માથું ઢાંકવાનું છાપરું નથી આપતો કે કોઈ અનાથ બાળકો કે વિધવાને આશ્રય નથી આપતો. લોકહિતની દૃષ્ટિએ તેની ઉપયોગિતા કશી ન કહેવાય. આ રીતે જો તે પ્રજાના પૈસાથી બન્યો હોય તો તેનો ઉપયોગ લોકહિતમાં તો ન જ કહેવાય. આવી ઘણી ઇમારતો તથા ઘણા પ્રસંગો લોકો માત્ર ને માત્ર પોતાની કીર્તિ વધારવા માટે કરતા હોય છે. જેમ કે મોટા-મોટા હજારો કુંડીઓના યજ્ઞો કરવા અથવા ભવ્યાતિભવ્ય સમૈયાં કરવાં. આવું બધું ઘણું-ઘણું થતું હોય છે. જેનો લોકહિતમાં અથવા રાષ્ટ્રહિતમાં કોઈ ઉપયોગ થતો નથી હોતો. (4) ચોથો ઉપયોગ સંપત્તિનો ભોગ-વિલાસ, એશઆરામ વગેરે કાર્યોમાં થતો હોય છે. ઘણા લોકો બેફામ બનીને પોતાને મળેલી અઢળક સંપત્તિનો ઉપયોગ ભોગવિલાસ, એશઆરામ અને વૈભવ દેખાડવામાં કરતા હોય છે. આ એક પ્રકારથી સંપત્તિનો દુરુપયોગ જ કહેવાય. જેના ઉપર કોઈનું સાત્ત્વિક નિયંત્રણ નથી હોતું, તેવા સ્વચ્છંદી લોકો પોતાને મળેલી અઢળક સંપત્તિને વૈભવવિલાસ અને ભોગવિલાસમાં ખર્ચી નાખતા હોય છે. આ માર્ગ અંતે રડાવનારો બની જતો હોય છે.

જ્યારથી મોગલ સલ્તનત શરૂ થઈ ત્યારથી તેના ખજાનામાં અઢળક સંપત્તિ ભેગી થવા

લાગી હતી. કહેવાય છે કે તે સમયે વિશ્વનાં જેટલાં રાજ્યો હતાં તે બધાંમાં સૌથી વધારે સંપત્તિ મોગલોના ખજાનામાં હતી. શાહજહાંના સમયમાં તેનો ઉપયોગ ખૂબ થવા લાગ્યો. શાહજહાંએ તે સમયે મયૂરાસન બનાવ્યું હતું. કહેવાય છે કે ચારસો ચોપન કિલો સોનામાંથી તે બન્યું હતું. તેમાં ક્યાંય લાકડું કે બીજી વસ્તુ વપરાઈ ન હતી. એકદમ ઠોસ નક્કર સોનામાંથી બનાવેલું આ મયૂરાસન ત્યારના કુશળ કારીગરોએ સાત વર્ષની સખત મહેનત કરીને બનાવ્યું હતુ.ં આવી જ રીતે શાહીખજાનામાં કોહિનૂર નામનો હીરો હતો, જે વિશ્વમાં સૌથી વધુ મૂલ્યવાન હતો. આ બંનેની સુગંધ છેક ઈરાન સુધી પહોંચી ગઈ. ઉઘાડી સંપત્તિ અને ઉઘાડો વૈભવ બહુ જલદી દૂર-દૂર સુધી સુગંધ ફેલાવતાં હોય છે અને આવી ગંધથી આકર્ષાઈને ચોર-લૂંટારા જેવા ભમરાઓ ખેંચાઈ આવતા હોય છે. તેથી તે સુરક્ષિત રહી શકતું નથી. જેમ સોમનાથ મંદિરની સમૃદ્ધિની સુગંધથી મહંમદ ગઝની ખેંચાઈ આવ્યો હતો તેમ મયૂરાસન અને કોહિનૂર જેવાં અણમોલ રત્નોથી ખેંચાઈને ઈરાનનો બાદશાહ ભારત ઉપર ઈ. સ. 1739માં ચઢી આવ્યો. સૌથી પહેલાં તેણે હિન્દુકુશ પર્વતમાળાને પાર કરી. પછી ખૈબરઘાટના રસ્તે ભારતમાં પ્રવિષ્ટ થયો. તે જ્યારે ધસમસતો આવી રહ્યો હતો ત્યારે રંગીલો બાદશાહ દિલ્હીમાં રંગરેલિયાં મનાવી રહ્યો હતો. ઊંચાં પદો પર બેઠેલા માણસો જ્યારે રંગરેલિયાંમાં ગરકાવ થઈ જતા હોય છે, ત્યારે તેનાં માઠાં પરિણામો હજારો માણસોને અને પૂરા રાષ્ટ્રને ભોગવવાં પડતાં હોય છે, એટલે જેમ-જેમ પદ ઊંચું થતું જાય તેમ-તેમ માણસ વધુ ને વધુ સંયમિત, તપસ્વીજીવન જીવનારો થવો જોઈએ.

નાદિરશાહે સૌથી પહેલાં પેશાવરના સૂબેદાર ઉપર હુમલો કરી તેને હરાવી દીધો અને પેશાબર લૂંટી લીધું. પછી તે પંજાબ ઉપર ત્રાટક્યો. પંજાબના સૂબેદારે નાદિરશાહને પાંચ કરોડ આપીને શાંત કર્યો. તે પછી તે કંદહાર થઈને લાહોર પહોંચ્યો અને લાહોરથી કરનાલ પહોંચ્યો. કરનાલમાં રંગીલા બાદશાહના સેનાપતિ મીરબક્ષખાંને દૌરા સાથે યુદ્ધ થયું. મીરબક્ષ પાસે ઘણી મોટી સેના હતી, પણ તેમાં વધુ સંખ્યા નાચગાન, કવ્વાલી વગેરે કરનારા ગવૈયાઓ અને બબરચીઓની હતી. આ સિવાય પણ તેની પાસે એક લાખ યોદ્ધાઓ હતા. જ્યારે સામા પક્ષે નાદિરશાહ પાસે માત્ર પંચાવન હજાર જ સૈનિકો હતા. બંને વચ્ચે માત્ર ત્રણ કલાક યુદ્ધ ચાલ્યું, જેમાં મોગલસેના હારી ગઈ. નાદિરશાહની સેનાએ બધાંને પકડી-પકડીને કાપી નાખ્યા. ઈરાનીઓ બહુ ક્રૂર હોય છે. તેઓ બંદી બનાવવા કે ક્ષમા કરવામાં ઓછું માને છે. કાપી નાખવામાં જ તેમનું ગણિત પૂરું થાય છે.

કરનાલ પછી નાદિરશાહ દિલ્હી પહોંચી ગયો. દિલ્હીમાં તેનો સામનો કરવાની જગ્યાએ રંગીલો બાદશાહ સ્વયં હારતોરા લઈને લાલ કિલ્લાના દરવાજે તેનું સ્વાગત કરવા આવી ગયો અને દીવાનેખાસમાં વિશિષ્ટ અતિથિ તરીકે તેને ઉતારો આપ્યો. નાદિરશાહે પોતાને હિન્દુસ્તાનનો બાદશાહ ઘોષિત કરી દીધો. તેના નામનો ખુતબો પઢવામાં આવ્યો તથા સિક્કા પણ ઢાળવામાં આવ્યા. આ રીતે યુદ્ધ કર્યા વિના જ નાદિરશાહને દિલ્હીની ગાદી મળી ગઈ. કેટલાક દિવસો સુધી લાલ કિલ્લામાં આરામચેનથી રહેવા લાગ્યો. તેવામાં એક અફવાએ વાતાવરણ બદલી નાખ્યું. કહેવાય છે `સત્યમેવ જયતે', પણ કેટલીક વાર અફવાનો પણ વિજય થતો હોય છે. તદ્દન જૂઠી અફવા પણ ઘણા અનર્થો ઊભા કરી દેતી હોય છે. દિલ્હીમાં કોઈએ અફવા ઉડાડી કે નાદિરશાહનું ખૂન થઈ ગયું છે. આ વાત જ્યારે નાદિરશાહે જાણી ત્યારે તેના ક્રોધનો પાર ન રહ્યો. તેણે પોતાના સૈનિકોને કત્લેઆમ કરવાની છૂટ આપી દીધી. થોડા જ સમયમાં ત્રીસ હજાર નાગરિકોની કતલ કરી નાખવામાં આવી. કહેવાય છે કે ત્યારે દિલ્હીમાં મારવા માટે કોઈ માણસ બચ્યું ન હતું! કપાયેલાં માથાંનો ઢગલો કરી દીધો. હજારો સ્ત્રીઓ સાથે બળાત્કારો થયા. કેટલીય સ્ત્રીઓએ શિયળ બચાવવા માટે આત્મહત્યાઓ કરી લીધી. તે સમયમાં વિશ્વનો આ સૌથી મોટો કત્લેઆમનો પ્રસંગ બન્યો હતો. અંતે રંગીલા

બાદશાહે પોતાના પ્રધાનમંત્રીને નાદિરશાહ પાસે મોકલ્યો. હાથ જોડીને પ્રાર્થના કરી કે બસ, હવે બસ કરો, માફ કરો. નાદિરશાહે કત્લેઆમને રોકાવી દીધી. હવે નાદિરશાહના સિપાઈઓ ઘરેઘરમાં ઘૂસીને લૂંટ ચલાવવા લાગ્યા. કોઈના ઘરમાં કશું રહેવા દીધું નહિ. દિલ્હીમાં તે સમયે હિન્દુઓની સાથે-સાથે મુસ્લિમોની પણ ઘણી વસતી હતી. જેમાં બાદશાહના ઉમરાવો અને સરદારો રહેતા હતા. આ બધાને લૂંટી લેવામાં આવ્યા. તે સમયમાં મોગલ સલ્તનતને રેવન્યુમાં તેત્રીસ કરોડ રૂપિયાની આવક થતી હતી. બીજી જકાત અને જજિયાવેરો તો જુદાં. નાદિરશાહે ખજાનામાં પડેલા સિત્તેર કરોડ રૂપિયા અને પચાસ કરોડનાં સોના-ચાંદી, હીરા-માણેક વગેરે લૂંટી લીધાં. સાત હજાર ઘોડા, દસ હજાર ઊંટ, એકસો હાથી અને હજારો ગુલામોને પકડી લીધા. રંગીલા બાદશાહે કોહિનૂર હીરાને પોતાની પાઘડીમાં છુપાવી રાખ્યો હતો. એટલે કે તે નાદિરશાહને મળ્યો નહિ, પણ બાદશાહની માનીતી વેશ્યા નૂરબાઈએ નાદિરશાહને પોતાના મોહપાશમાં બાંધી લીધો. નૂરબાઈએ નાદિરશાહની આગળ રહસ્ય ખોલી દીધું હતું કે તું જે કોહિનૂરની શોધમાં છે તે તો રંગીલા બાદશાહની પાઘડીમાં છે. નાદિરશાહે રંગીલાને પરસ્પરની પાઘડી બદલવાનું કહ્યું, કારણ કે અમારે ત્યાં આવો રિવાજ છે એવું કરીને બંનેએ પાઘડી બદલી અને હીરો નાદિરશાહ પાસે ચાલ્યો ગયો. મયૂરાસન તથા કોહિનૂર હીરો અને અપાર સંપત્તિ લૂંટીને નાદિરશાહ ઈરાન ચાલ્યો ગયો. તે પોતાની સાથે ભારતમાંથી દસ હજાર કારીગરોને લઈ ગયો અને કાશ્મીરથી સિંધ સુધીનો પ્રદેશ ઈરાનમાં ભેળવી દીધો. રંગીલાની શાહજાદી જહાનઅફરુઝબાનુનાં લગ્ન પોતાના પુત્ર સાથે જબરદસ્તી કરાવી લીધાં. સાતસો હાથીઓ, ચાર હજાર ઊંટ અને બાર હજાર ઘોડા ઉપર આ બધી લૂંટનો સામાન લાદીને લઈ ગયો.

સામાન્ય રીતે ભારતમાં એવું વારંવાર કહેવાય છે કે આ દેશને અંગ્રેજોએ લૂંટી લીધો હતો, પણ ખરી વાત જો સ્વીકારવી હોય તો જેટલો દેશને બહારના આક્રાંતા મુસ્લિમોએ લૂંટ્યો, તેટલો કોઈએ લૂંટ્યો નથી. મોહમ્મદ ગઝનવી સત્તર વખત લૂંટી-લૂંટીને ગઝની લઈ ગયો હતો. એવી જ રીતે આ નાદિરશાહે પણ એટલી મોટી લૂંટ ચલાવી હતી કે તેનું ઉદાહરણ મળવું મુશ્કેલ થઈ જાય. ભારતની આ બધી લૂંટ ઈરાન લઈ જઈને તેણે પોતાની પ્રજામાં અને સૈનિકોમાં વહેંચી દીધી. ત્રણ વર્ષ સુધી કોઈની પાસેથી કશો કર ઉઘરાવ્યો નહિ. બધા કર્મચારીઓને ઘરે બેઠા વેતન આપવા માંડ્યું.. આમ કરવાથી, સરકારી ખજાનો ખાલી થઈ ગયો. કહેવત છે કે `ચોરી અને લૂંટની હાંલ્લી શિંકે ન ચડે.' જો લૂંટ કરવાથી ધનાઢ્ય થઈ જવાતું હોત તો ગઝની અફઘાનિસ્તાન અને ઈરાન માલામાલ થઈ ગયાં હોત, પણ આ બધા પ્રદેશો આજે પણ સૌથી પછાત અને ગરીબાઈભર્યું જીવન જીવે છે. જે રીતે મુસ્લિમો હજારો હાથી, ઘોડા, ખચ્ચરો અને ઊંટો ઉપર લૂંટનો સામાન પોતપોતાના દેશ લઈ ગયા તેવી રીતે અંગ્રેજો લઈ ગયા હોય તેવું ક્યાંય જાણવા મળ્યું નથી. એટલું જ નહિ, હજારો ગુલામોને પણ મુસ્લિમ આક્રાંતાઓ અહીંથી લઈ ગયા હતા. તેવું અંગ્રેજોના કાળમાં થયું દેખાતું નથી.

લૂંટનો આવેલો માલ ત્રણ-ચાર વર્ષમાં સમાપ્ત થઈ ગયો. એવામાં નાદિરશાહે ઓટોમન સામ્રાજ્ય પર હુમલો કરી દીધો. ઓટોમન સામ્રાજ્ય બહુ વિશાળ અને સમૃદ્ધ હતું. તેની સેના પણ તેટલી જ મજબૂત હતી. તેની સાથે યુદ્ધ કરવામાં નાદિરશાહને પુષ્કળ પૈસાની જરૂર પડી. આ માટે તેણે જનતા ઉપર બહુ આકરા કરો લગાવી દીધા અને જોર-જબરજસ્તીથી વસૂલ કરવા લાગ્યા. પ્રજાને એક વાર રાહત આપ્યા પછી જો તેની ઉપર કરનો બોજ લાદવામાં આવે તો પ્રજા અકળાઈ ઊઠતી હોય છે. નાદિરશાહની વિરુદ્ધમાં પ્રજા અકળાઈને પ્રજા વિદ્રોહ કરવા લાગી. અધૂરામાં પૂરું તુર્કસ્તાન વસતા કૂર્દ મુસ્લિમો ઉપર તેણે ભારે અત્યાચાર કર્યો. કૂર્દ મુસ્લિમો દુનિયાની સૌથી વધુ અભાગી પ્રજા છે. તે ચાર-પાંચ દેશોમાં વહેંચાયેલી છે, તેથી તેનું

અલગ પોતાનું રાષ્ટ્ર બની શક્યું નથી. તે તુર્કસ્તાન, સીરિયા, ઇરાક, ઈરાન વગેરે દેશોમાં વહેંચાયેલી રહે છે. આજે પણ ભયંકર અથડામણોમાં ઝઝૂમતી રહે છે. નાદિરશાહે આ કુર્દોને મારી-મારીને તેમનાં કપાયેલાં માથાંનો મિનાર બનાવી દીધો હતો. તેના આવા અત્યાચારથી તો પોતાના સેનાપતિઓમાં જ ભારે અસંતોષ ઊભો થયો. ભારતમાં પણ નાદિરશાહે મુસ્લિમોને લૂંટ્યા હતા તથા તેમની કતલ કરી હતી. આ બધું કેટલાક સેનાપતિઓને ગમતું ન હતું. બીજી તરફ ઈરાનની પ્રજા વિદ્રોહી બની ગઈ હતી. તેથી પંદર મોટા સેનાપતિઓએ એકસંપ કરીને નાદિરશાહની હત્યા કરી નાખવાની યોજના બનાવી. આ યોજના પ્રમાણે ઈ. સ. 1747ના જૂનની 20મી તારીખે પંદરેપંદર સેનાપતિઓ હાથમાં ઉઘાડી તલવારો લઈને નાદિરશાહના તંબૂમાં ઘૂસી ગયા. નાદિરશાહ ત્યારે ભરઊંઘમાં ઘસઘસાટ ઊંઘતો હતો, પણ ખળભળાટ થવાથી જાગી ગયો. તેના જાગવાથી કેટલાક સેનાપતિઓ તંબૂ બહાર ભાગી ગયા, પણ બે હિંમતવાળા સેનાપતિઓ ભાગ્યા નહિ. તેમાંથી એક મોહમ્મદ દુલીખાંએ પોતાની તલવારથી નાદિરશાહ ઉપર વાર કરી દીધો. નાદિરશાહ પલંગ ઉપરથી ધરતી ઉપર પડી ગયો. પછી બીજા સેનાપતિએ પણ તેના ઉપર પ્રહાર કર્યો. નાદિરશાહે બચવા માટે ઘણી આજીજી કરી પણ કોઈએ કશું સાંભળ્યું નહિ. બહાર ભાગેલા તેર સેનાપતિઓ પણ હિંમત કરીને પાછા તંબૂમાં આવી ગયા અને બધાએ પોતપોતાની તલવારથી નાદિરશાહ ઉપર ઝટકા માર્યા. આ રીતે નાદિરશાહના માથાને ધડથી અલગ કરી દીધું. જેણે લાખો લોકોની ક્રૂર કતલ કરી હતી, તે પોતે પણ એવી જ ક્રૂરતાથી મોતને શરણ થઈ ગયો.

તા. 16/9/2020

કોહિનૂર હીરાની યાત્રા

આપણે માનીએ કે ના માનીએ. વિશ્વના પૂરા માનવસમાજમાં કોઈ ને કોઈ પ્રકારની થોડીઘણી અંધશ્રદ્ધા હોય જ છે. શ્રદ્ધાની સાથે તો વહેમો રહેતા જ હોય છે, પણ અશ્રદ્ધા અર્થાત્ બુદ્ધિવાદીઓમાં પણ કોઈ ને કોઈ પ્રકારના વહેમો રહેતા હોય છે. વહેમોને બૌદ્ધિક અથવા વૈજ્ઞાનિક સમર્થન નથી હોતું, તોપણ તેમનું અસ્તિત્વ માનવજાતિ પર કાયમ-કાયમથી રહેતું આવ્યું છે. માનવજાતિનું પૂરેપૂરું જીવન બૌદ્ધિક અથવા વૈજ્ઞાનિક સીમાક્ષેત્રમાં સીમિત થઈ જતું નથી. તેની બહાર પણ તેનું જીવન રહેતું હોય છે.

કોહિનૂર હીરા વિશે પણ આવું જ કંઈક છે. ઈ. સ. 1323માં ગોલકોંડાની ખાણમાંથી નીકળેલો આ હીરો હિંદુ રાજાઓ પાસે હતો. એ જ વર્ષમાં દિલ્હીમાં બાદશાહ તુઘલખે પોતાના પુત્ર ઉલૂકખાંને વારંગલના કાકતીય રાજા પ્રતાપરુદ્ર ઉપર આક્રમણ કરવા મોકલ્યો અને રાજાને હરાવીને ઉલૂકખાંએ જે લૂંટ ચલાવી તે લૂંટમાં આ હીરો પણ તેને મળ્યો હતો. આ રીતે હિન્દુ રાજા પાસેથી આ હીરો મુસ્લિમ શાસકો પાસે ગયો હતો.

ઘણાં વર્ષો પછી આ કોહિનૂર હીરો ગ્વાલિયરના તોમર રાજાઓ પાસે પહોંચ્યો. ઈ. સ. 1526માં હુમાયુએ જ્યારે આગ્રા ઉપર કબજો કર્યો ત્યારે આ હીરો તોમરો પાસેથી હુમાયુ પાસે આવ્યો. દિલ્હી સલ્તનતના છેલ્લા રાજા સિકંદર લોદી પાસે આ હીરો રહ્યો. તેની પાસેથી હુમાયુની પાસે આ હીરો આવ્યો. હુમાયુએ પોતાના પિતા બાબરને ભેટ કરી દીધો. બાબરે ફરી પાછો આ હીરો હુમાયુને આપ્યો. હુમાયુને રાજ છોડીને ઈરાન ભાગી જવું પડ્યું. આ હીરો શેરશાહસૂરી પાસે પહોંચી ગયો. શેરશાહસૂરીના મૃત્યુ પછી તેના પુત્ર જલાલખાં પાસે આ હીરો રહ્યો. આમ ફરતાં-ફરતાં લગભગ છ બાદશાહો પાસે આ હીરો રહ્યો. જેની-જેની પાસે આ હીરો રહ્યો હતો તે બધા કોઈ ને કોઈ રીતે કમોતે મર્યાં હતા. છેવટે અકબર ને જહાંગીર પાસે આ હીરો આવ્યો અને પછી શાહજહાંએ આ હીરાને મયૂરાસનમાં જડાવી દીધો. જોકે શાહજહાં લાંબો સમય મયૂરાસન ઉપર બેસી શક્યો નહિ. તેના પુત્ર ઔરંગઝેબે તેને મરણપર્યંત જેલમાં બંધ કરી દીધો. આમ અનેક બાદશાહો પાસે ફરતો-ફરતો આ હીરો રંગીલા બાદશાહ પાસે આવ્યો અને નાદિરશાહ તેને લૂંટીને ઈરાન લઈ ગયો. નાદિરશાહના તેના જ સેનાપતિઓએ ટુકડે-ટુકડા કરી નાખ્યા. આ રીતે આ હીરો જ્યાં-જ્યાં જેની પાસે ગયો. તેની દશા બેસી ગઈ હોય એવું લાગ્યું. લોકોમાં એવી માન્યતા દૃઢ થઈ ગઈ કે આ હીરો ખોડિયાળ છે, અર્થાત્ જેની પાસે રહે છે તેનું દુર્ભાગ્ય જાગી ઊઠે છે. નાદિરશાહનું સામ્રાજ્ય અફઘાનિસ્તાન સુધી હતું અને ત્યારે અફઘાનિસ્તાનમાં અહમદશાહ અબ્દાલી સૂબેદાર હતો. નાદિરશાહનો પિતા અફઘાનિસ્તાનમાં બકરીઓ ચરાવતો એક સામાન્ય ગરીબ ભરવાડ હતો. તેનો દીકરો નાદિરશાહ ભારતને લૂંટીને વિશ્વનો સૌથી ધનાઢ્ય પુરુષ બની ગયો. નાદિરશાહના મૃત્યુ પછી તેનો ભત્રીજો અલીકુલી ઇરાનનો બાદશાહ બન્યો. તેને આદિલશાહ પણ કહેવાય છે. હવે કોહિનૂર હીરો તેની પાસે ગયો, પણ આદિલશાહની પણ હત્યા કરીને તેના જ પૌત્રે સત્તા પડાવી લીધી. ઈરાનના અનેક ટુકડા થઈ ગયા. છેવટે અફઘાનિસ્તાનના સૂબેદાર અહમદશાહ અબ્દાલી પાસે આ હીરો પહોંચી ગયો, કારણ કે તે હવે સ્વતંત્ર બાદશાહ બની ગયો હતો. તેની વંશપરંપરામાં શાહસૂજા દૂરાનીએ આ હીરો પંજાબના મહારાજા રણજિતસિંહને ભેટમાં આપ્યો. આમ આ હીરો ફરી પાછો ભારત પહોંચી ગયો. ઈ. સ. 1839માં મહારાજા રણજિતસિંહનું મૃત્યુ થયું. તેમણે પોતાના વસિયતનામામાં આ હીરાને ઉડીસાના જગન્નાથમંદિરને ભેટ આપવાનું લખ્યું હતું. પરંતુ તેમના ઉત્તરાધિકારીઓએ લોભવશ તેની ઇચ્છા પૂરી કરી નહિ અને હીરો

પોતાની પાસે રાખી લીધો. ઈ. સ. 1849માં ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ પંજાબ ઉપર અધિકાર કરી લીધો. તેના ગવર્નર જનરલ લૉર્ડ ડેલહાઉસી હતા. તેમણે દબાણ કરીને આ હીરો પોતાની પાસે મેળવી લીધો. એટલું જ નહિ, પણ જળજહાજમાં યાત્રા કરીને તે વિલાયત પહોંચ્યો અને મહારાણી વિક્ટોરિયાને આ હીરો ભેટ આપી દીધો. ઇંગ્લૅન્ડમાં આજની માફક ત્યારે પણ પત્રકારિતા ખીલી હતી. એટલે પત્રકારોએ આ હીરાનો સખત વિરોધ કર્યો, કારણ કે આ હીરો લૂંટની વસ્તુ હતી અને મહારાણીથી લૂંટની વસ્તુ બક્ષિસ તરીકે લેવાય નહિ. લૉર્ડ હેસ્ટિંગ્સે સમાધાન કરવા પ્રયત્ન કર્યો કે આ હીરો અમે લૂંટીને લાવ્યા નથી પણ મહારાજા દિલીપસિંહે મહારાણીને આપવા ભેટમાં આપ્યો છે. પત્રકારોએ આંદોલન ચલાવ્યું કે જો દિલીપસિંહે રાજીખુશીથી આ હીરો ભેટમાં આપવો હોય તો તે જાતે અહીં આવીને મહારાણીને ભેટમાં આપે. છેવટે મહારાજા દિલીપસિંહ વિલાયત આવ્યા અને મહારાણી વિક્ટોરિયાને આ હીરો ભેટમાં આપવામાં આવ્યો. મહારાજા દિલીપસિંહ જ્યારે વિલાયત આવ્યા ત્યારે તેમની ઉંમર માત્ર 13 વર્ષની જ હતી.

આ હીરાને ફરીથી તરાસીને મહારાણીના મુકુટમાં જડવામાં આવ્યો. તે પછી માત્ર છ વર્ષમાં જ ભારત અને બીજા ઘણા દેશોમાંથી અંગ્રેજોનો વિદ્રોહ થવા લાગ્યો.

યોગાનુયોગ વિલાયતની યાત્રા પ્રસંગે વ્હાઈટફોર્ટમાં રાખેલા આ હીરાને જોવાનો મને લાભ મળ્યો હતો. તે સંગ્રહાલયની શોભા વધારી રહ્યો છે. આ રીતે જ્યાં-જ્યાં આ હીરો ગયો ત્યાં-ત્યાં અનર્થો ઊભા થયા એટલે લોકો તેને અપશુકનિયાળ માને છે.

નાદિરશાહે જ્યારે દિલ્હી ઉપર આક્રમણ કર્યું ત્યારે દિલ્હીની જનસંખ્યા વીસ લાખ હતી અને તે લંડન તથા પૅરિસ કરતાં પણ મોટું નગર તો હતું જ, સાથે-સાથે ધનાઢ્ય પણ હતું. નાદિરશાહના ચાલ્યા ગયા પછી રંગીલા બાદશાહે ફરીથી પોતાની તાજપોશી કરાવી અને તે ફરીથી બાદશાહ બની ગયો. જોકે હજી પણ તેની એશઆરામની આદતો બદલાઈ ન હતી. તે ભોગવિલાસમાં ડૂબ્યો રહેતો, ઘણો દારૂ પીતો અને ઘણું અફીણ ખાતો. આવી સ્થિતિમાં સરદારો ઉપર તેની પક્કડ ઢીલી થઈ ગઈ હતી.

ઈ. સ. 1748માં સમાચાર મળ્યા કે લાહોરનો સૂબેદાર મરી ગયો છે અને તેના બંને પુત્રો સૂબેદારી માટે અંદરોઅંદર લડી રહ્યા છે. તેમનું સમાધાન કરવા માટે રંગીલા બાદશાહે દક્ષિણના સૂબેદાર ચીનકુલીજખાંને મોકલ્યો. બધાં વચ્ચે ભારે યુદ્ધ થયું. આ યુદ્ધમાં ચીનકુલીજખાં જીતી તો ગયો, સાથે-સાથે તેનું મૃત્યુ પણ થઈ ગયું. સામા પક્ષે બીજા દીકરાએ અહમદશાહને મદદ માટે બોલાવેલો. અહમદશાહ આ યુદ્ધમાં હારીને પાછો ઈરાન જતો રહ્યો હતો એટલે ચીનકુલીજખાંનો બીજો પુત્ર મોઇનુલ મુકબુલ્ક લાહોરનો સૂબેદાર બની ગયો.

હવે રંગીલા બાદશાહની પડતી શરૂ થઈ ચૂકી હતી તે દારૂના નશામાં ચોવીસે કલાક બેભાન રહેતો હતો. છેવટે ઈ. સ. 1748માં તેનું મૃત્યુ થઈ ગયું. તેની ઉંમર માત્ર છેંતાલીસ વર્ષની હતી. તેણે 29 વર્ષ સુધી દિલ્હી ઉપર રાજ્ય કર્યું હતું. આ રીતે મહમ્મદશાહ રંગીલાનો યુગ સમાપ્ત થઈ ગયો.

તા. 19/9/2020

ભારતને ચોથી વખત લૂંટ્યું!

કોઈ સલ્તનતનું પતન થવાનું હોય છે ત્યારે સૌથી પહેલાં તેના ઉચ્ચ અધિકારીઓની નિયુક્તિ અયોગ્ય રીતે થવા લાગતી હોય છે. ખરેખર તો સલ્તનતનું શાસન સાચા અર્થમાં ઉચ્ચ અધિકારીઓ જ કરતા હોય છે. આ ઉચ્ચ અધિકારીઓને સર્વોચ્ચ પદ પર બેઠેલા રાજા-મહારાજા અથવા બાદશાહ દ્વારા નિયુક્ત કરાતા હોય છે પણ જ્યારે આવી નિયુક્તિ રાજા-મહારાજા કે બાદશાહને એકતરફ રાખીને કોઈ ષડ્ યંત્ર કરનારા લોકો કરવા લાગતા હોય છે ત્યારે અયોગ્ય અધિકારીઓની નિયુક્તિ થતી હોય છે.

મોહમ્મદશાહ રંગીલાનું મૃત્યુ તો થયું પણ તેના ઉત્તરાધિકારી માટે મોટો પ્રશ્ન ઊભો થયો. તેની અનેક બેગમોમાં એક ઉધમબાઈ નામની હિન્દુ-સ્ત્રી પણ મુખ્ય બેગમ હતી. તે પોતાની ચતુરાઈથી રંગીલાની સર્વેસર્વા બેગમ બની ગઈ હતી. જે સમર્થ પુરુષને ઘણી પત્નીઓ હોય તો તેમાં સર્વેસર્વા થવા માટે ભારે હોડ જામતી હોય છે અને વાત આટલેથી જ અટકતી નથી, પણ બધી પત્નીઓ પોતપોતાના પુત્રોને ગાદીએ બેસાડવા માટે ગળાકાપ સ્પર્ધામાં ઊતરી જતી હોય છે. ઉધમબાઈને એક પુત્ર હતો. તેનું નામ અહમદશાહ બહાદુર હતું. આ બેગમે કુદસ્યાબેગમ નામ ધારણ કરીને પોતાના પુત્રને ગાદી ઉપર બેસાડી દીધો અને તે પોતે રાજ કરવા લાગી. ખરેખર તો ઉધમબાઈ નૃત્યાંગના હતી. નૃત્ય કરતાં-કરતાં તે રંગીલા બાદશાહની માનીતી બેગમ બની ગઈ હતી. જે ઊંચા લોકો નૃત્ય-સંગીત-જલસાના શોખીન હોય છે તે વધારેપડતા ભાવુક પણ હોય છે. તે પોતાની ભાવનાના ઊભરામાં ક્યારે કેવું કામ કરી બેસે તે કહેવાય નહિ. કલાકારો ખાસ કરીને સ્ત્રી-કલાકારો સમર્થ પુરુષોને રીઝવવા માટે પોતાની કલાનો ભરપૂર ઉપયોગ કરતી હોય છે. જ્યારે તેને લાગે કે તે સફળ થઈ છે ત્યારે સમર્થ પુરુષો પાસે પોતાનું ધાર્યું કરાવી લેતી હોય છે. ઉધમબાઈએ કુદસ્યાબેગમ નામ ધારણ કરીને રાજસત્તા હાથમાં લઈ લીધી. પોતાના પુત્ર અહમદશાહને બાદશાહ બનાવી દીધો. અહમદશાહ ગાદી ઉપર બેઠો ત્યારે તેની ઉંમર વીસ વર્ષની હતી. તેને ઘણી બેગમો હતી. તેને રાજશાસનનો તથા યુદ્ધનો કોઈ ખાસ અનુભવ ન હતો. રાજશાસન અને યુદ્ધના અનુભવ વિના કોઈ માણસ સારો શાસક થઈ શકે નહિ. એટલે તેના શાસનમાં તેનો પોતાનો પ્રભાવ ઓછો રહેતો હતો, પણ ખાસ કરીને નપુંસક બનાવી દીધેલા કિન્નરોનો પ્રભાવ વધારે રહેવા લાગ્યો, કારણ કે બાદશાહ પોતે સમલૈંગિક પ્રવૃત્તિમાં રચ્યોપચ્યો રહેતો હતો. તેણે ચીનકુલીજખાં જે દક્ષિણનો સૂબેદાર હતો તેના પુત્ર મોઇનુલમુલ્કને પંજાબનો સૂબેદાર બનાવ્યો હતો,. તેણે અવધના નવાબ સફદરજંગને પ્રધાનમંત્રી બનાવ્યો હતો. આ રીતની વ્યવસ્થા સરદારોને ગમી ન હતી. તેથી અંદરોઅંદર જૂથો બની ગયા હતા. અધિકારીઓના જૂથો શાસનને દુર્બળ બનાવતાં હોય છે. બીજી તરફ અહમદશાહ પાસે સૈનિકોનું વેતન ચૂકવવાના પૈસા ન હતા, તેથી સૈનિકોમાં પણ અસંતોષ ફેલાવા લાગ્યો હતો. આવી ખટપટોમાં કુદસ્યાબેગમે નવો મીરબક્ષી નિયુક્ત કર્યો, પણ તેનું મૃત્યુ થઈ જવાથી ચીનકુલીજખાંના પૌત્રને મીરબક્ષી બનાવવામાં આવ્યો. આ ફિરોજજંગે આગળ જતાં કુદરસ્યાબેગમ તથા બાદશાહ અમહમદશાહને આંધળા બનાવીને જેલમાં ઠંૂસી દીધાં હતાં.

આ વખતે મરાઠાશક્તિનો ઉદય થઈ ચૂક્યો હતો. તેથી મરાઠા દિલ્હી તરફ આગળ વધી રહ્યા હતા. તેમને રોકી શકે તેવી શક્તિ બાદશાહમાં ન હતી તેથી તે દિલ્હી છોડીને ભાગી ગયો હતો. મરાઠા સૈનિકોએ બાદશાહની આઠ હજાર સ્ત્રીઓને બંદી બનાવી દીધી હતી અને દિલ્હીનો મીરબક્ષી ઇમાદુલમુલ્ક થઈ ગયો હતો. સર્વેસર્વા હતો. આંધળા બનેલા બાદશાહની

ખાલી પડેલી જગ્યાએ તે કોઈને કઠપૂતળી બનાવવા માટે શોધતો હતો. એવામાં તેની નજર શાહજાદા અઝીઝુદ્દીન પર પડી. અઝીઝુદ્દીન ઔરંગઝેબની પરંપરાનો શાહજાદો હતો અને ચાલીસ વર્ષથી સલીમગઢ જેલમાં હતો. તેની માતા અનુપબાઈ હિન્દુ હતી. હવે તે પંચાવન વર્ષનો થઈ ગયો હતો. મીરબક્ષીએ તેને જેલમાંથી કાઢીને ગાદીએ બેસાડી દીધો. તે મોગલોનો ચૌદમો બાદશાહ થયો. અઝીઝુદ્દીનને પણ શાસન કરવાનો કશો અનુભવ ન હતો, તોપણ તેણે પોતાને આલમગીર(દ્વિતીય) ઉપાધિથી ભૂષિત કરીને પોતાના પરદાદા ઔરંગઝેબના પગલે-પગલે રાજ કરવાનું નક્કી કર્યું. સર્વ પ્રથમ પોતાને બાદશાહ બનાવનાર મીરબક્ષી ઇમાદુલમુલ્કનો નાશ કરવાનો તેણે હુકમ કર્યો. મીરબક્ષીએ મરાઠા શક્તિઓનો સાથ લીધો. મરાઠાસેના તથા મોગલસેના વચ્ચે યુદ્ધ શરૂ થઈ ગયું. આ વખતે લાહોરમાં મુગલાની બેગમ પોતાના પુત્રના નામે રાજ કરી રહી હતી, કારણ કે ત્યાંના સૂબેદાર મોઇનુલમુલ્કનું મૃત્યુ થઈ ચૂક્યું હતું. આવી વિકટ પરિસ્થિતિમાં અફઘાનિસ્તાનના અહમદશાહ અબ્દાલીએ ભારત પર ચોથી વાર આક્રમણ કરી દીધું. સૌથી પહેલાં તેણે મુલ્તાન જીતી લીધું અને પછી લાહોર પણ જીતી લીધું. લાહોર પર પોતાના પુત્ર તિમુરશાહને સૂબેદાર બનાવી દીધો, મુગલાની બેગમને કેદ કરી લીધી તથા તેનો ખજાનો લૂંટી લીધો. આખા પંજાબમાં શીખો તથા હિંદુઓ ઉપર કાળોકેર વર્તાવ્યો અને હવે તે દિલ્હી તરફ આગળ વધ્યો.

દિલ્હીમાં ત્યારે આલમગીર બાદશાહનું રાજ હતું, પણ એ શક્તિહીન બાદશાહે અહમદશાહનું લાલ કિલ્લા ઉપર યુદ્ધ કરવાની જગ્યાએ સ્વાગત કર્યું અને પોતાની હાર સ્વીકારી લીધી. આલમગીર બાદશાહે અહમદશાહ અબ્દાલીને એક કરોડ રૂપિયા ભેટમાં આપ્યા. અબ્દાલીએ નઝીમખાંને લાલ કિલ્લામાં પોતાનો પ્રતિનિધિ નિયુક્ત કર્યો. એટલું જ નહિ, પણ આલમગીરની પોતાની પુત્રી જોહરબેગમનાં લગ્ન અબ્દાલીના પુત્ર તિમુર સાથે કરી દીધાં. મોહમ્મદશાહ રંગીલાની પુત્રી હઝરતબેગમ બહુ રૂપાળી હતી. તેથી અહમદશાહ અબ્દાલીએ તેની સાથે પોતે લગ્ન કર્યાં. જોકે આ વખતે હઝરતબેગમની ઉંમર માત્ર સોળ વર્ષની હતી. તોપણ તેની ઇચ્છાવિરુદ્ધ આ લગ્ન થઈ ગયાં. આટલું કર્યાં પછી અહમદશાહે પોતાના સૈનિકોને દિલ્હી લૂંટવા માટે છૂટા મૂકી દીધા. ઘણા દિવસો સુધી અફઘાનસૈનિકોએ દિલ્હીને ખૂબ લૂંટ્યું. કોઈની પાસે કશું રહેવા દીધું નહિ. લોકો અન્ન-વસ્ત્ર વિનાના થઈને ભૂખે મરવા લાગ્યા. આટલું કર્યા પછી અબ્દાલી જાટરાજા સૂરજમલ તરફ યુદ્ધ કરવા આગળ વધ્યો. તે સમયે સૂરજમલ ઘણો બહાદુર અને બળવાન રાજા હતો. તેણે પોતાના પુત્ર જવાહરસિંહને મથુરાની રક્ષા કરવા મોકલી દીધો. જવાહરસિંહે ઓચિંતાનો હુમલો કરીને અબ્દાલીના ઘણા સૈનિકોને મારી તો નાખ્યા, પણ અબ્દાલીની વિશાળ સેના આગળ તેનું બહુ ચાલ્યું નહિ. તે રાતના અંધારામાં વલ્લભગઢમાંથી ભાગી છૂટ્યો. તેથી નારાજ થઈને અબ્દાલીએ વલ્લભગઢનાં તમામ નરનારીઓને મારી નાખ્યાં. હજારો સ્ત્રી-પુરુષોનાં માથાં કાપીને ગાંસડીઓ બાંધી. અને ઘોડાઓ ઉપર આ ગાંસડીઓ લઈ જઈને અબ્દાલીની સામે ઊંચી-ઊંચી મિનારો લગાવવામાં આવી. એ પછી ઈ.સ. 1757, 1 માર્ચ, અબ્દાલીની સેના મથુરામાં ઘૂસી ગઈ તે દિવસે હોળીનો તહેવાર હતો. તેથી લોકો હોળી ખેલી રહ્યા હતા. અબ્દાલીએ હિંદુ સાધુ-સંન્યાસીઓનાં હજારો ગળાં કાપી નાખ્યાં અને ગાયોનાં કાપેલાં ગળાં સાથે બાંધી દીધાં. સ્ત્રીઓની ઇજ્જત લૂંટી અને મારી નાખી. પછી તે વૃંદાવન તરફ વળ્યો. અહીં પણ એ જ જુલમ કરવા માંડ્યો.. આ સમયે મથુરા કે વૃંદાવનમાં હિંદુપ્રજાનું રક્ષણ કરનાર કોઈ ન હતું અને તે અબ્દાલીના સૈનિકોના હાથે કીડા-મકોડાની માફક મરી રહી હતી. મરાઠાસેના હતી પણ તે દૂર રાજસ્થાનમાં ચોથ ઉઘરાવવામાં વ્યસ્ત હતી. મરાઠા રાજકારણની સૌથી મોટી કમજોરી ચોથની ખંડણી અને લૂંટફાટ કહી શકાય. આ બંને દ્વારા તેમનાથી રાજપૂત રાજાઓ તથા હિંદુપ્રજા

પણ નારાજ રહેતી હતી. મથુરા-વૃંદાવનમાં એટલું બધું લોહી વહેવડાવ્યું કે જમુનાનાં નીર લાલ રંગનાં થઈ ગયાં. જ્યારે આ વ્રજભૂમિ પર કત્લેઆમ ચાલતી હતી ત્યારે કોઈએ અવતાર ન લીધો કે કોઈ કશા કામમાં ન આવ્યું. ત્યારે જમુનાજીએ મહત્ત્વનું કાર્ય કર્યું. આવું લોહીથી દૂષિત જળ પીવાના કારણે અબ્દાલીની સેનામાં કૉલેરારોગ ફેલાઈ ગયો. રોજનાં સેંકડો માણસો મરવા લાગ્યા. હવે જીવતાં બચવું મુશ્કેલ લાગવાથી અબ્દાલીએ વ્રજભૂમિમાંથી દિલ્હી તરફ પાછા વળી જવાનો નિર્ણય કર્યો. આ રીતે કૉલેરા મહામારીથી વ્રજની પ્રજા વધુ અત્યાચારોથી બચી ગઈ.

હવે તેની ઇચ્છા સૂરજમલ જાટ રાજાના ભરતપુર પર આક્રમણ કરવાની હતી, કારણ કે ત્યાં મોટો ખજાનો પડ્યો હતો, પણ સૂરજમલની તૈયારી જોતાં તે હુમલો કરી શક્યો નહિ. ફરી પાછો તે દિલ્હી લાલ કિલ્લામાં આવ્યો અને આલમગીર દ્વિતીયની સાથે રહેવા લાગ્યો. અહીં તેણે ફરી પાછી ભારે લૂંટ ચલાવી. અઠ્ઠાવીસ હજાર ઊંટ, વીસ હજાર ઘોડા, હજારો ખચ્ચર, બળદો અને સેંકડો હાથીઓ ઉપર લૂંટનો માલ લાદીને અફઘાનિસ્તાન જવા રવાના થયો. આ રીતે ચોથી વાર ભારતને લૂંટીને તે અઢળક સંપત્તિ અફઘાનિસ્તાનમાં લઈ ગયો.

તા. 20/9/2020

૪૫

મરાઠાશક્તિનો વિનાશ

ભારતને લૂંટનારાઓમાં ત્રણ નામ મહત્ત્વનાં છે ઃ (1) મહંમદ ગઝનવી, (2) નાદિરશાહ અને (3) અહમદશાહ અબ્દાલી. આ ત્રણેએ જે ક્રૂરતાથી ભારતને લૂંટ્યું તથા ગુલામો પકડ્યા અને ધાર્મિક સ્થાનોનો ધ્વંસ કર્યો તેનો જોટો ક્યાંય મળતો નથી. જ્યારે અહમદશાહ અબ્દાલીએ દિલ્હીને લૂંટીને અફઘાનિસ્તાન જવા પ્રયાણ કર્યું ત્યારે બાદશાહ આલમગીરે મરાઠા સરદાર નાનાસાહેબ પેશ્વાની અબ્દાલીને રોકવા મદદ માગી હતી. નાનાસાહેબે પોતાના કાકાના દીકરા રઘુનાથરાવ ભટ્ટ તથા મલ્હારરાવ હોલકરને દિલ્હી પહોંચીને દિલ્હીનું રક્ષણ કરવાનો હુકમ કર્યો, પણ આ બંને સરદારો દિલ્હી પહોંચે તેના પહેલાં અબ્દાલી અફઘાનિસ્તાન તરફ કૂચ કરી ગયો હતો. તેથી કંઈ જ થઈ શક્યું નહિ. ખરેખર તો આ બંને સરદારોને દિલ્હી પહોંચવામાં વિલંબ થવાનું કારણ રાજસ્થાનના રાજપૂત રાજાઓ પાસેથી ચોથ ઉઘરાવવા તથા લૂંટફાટ કરવામાં ગુમાવેલ સમય હતો. તે બંને દિલ્હી પહોંચ્યા ત્યારે દિલ્હીમાં અબ્દાલીનો પ્રતિનિધિ નજીબખાં શાસન કરી રહ્યો હતો. દિલ્હીના મીરબક્ષી ઇમાદુલ મુલ્કે રઘુનાથરાવને પ્રાર્થના કરી કે તે નજીબખાંનો નાશ કરે. મરાઠા સરદારોએ દિલ્હીમાં પ્રવેશ કરી લીધો અને નજીબખાં ઉપર હુમલો કરી દીધો. નજીબખાંએ મીરબક્ષીનું ઘર લૂંટી લીધું. એટલું નહિ, મીરબક્ષીની બેગમોની ભારે બેઇજ્જતી કરી. મરાઠા સરદારોએ ચારેતરફથી લાલ કિલ્લાને ઘેરી લીધો અને બંને પક્ષ તરફથી ભારે તોપમારો શરૂ થયો. અંતે નજીબખાંને ઝૂકવું પડ્યું અને રઘુનાથરાવની શરતો પ્રમાણે સંધિ કરવી પડી. નજીબખાં રઘુનાથરાવના શરણે આવ્યો અને ક્ષમા માગી. 6 સપ્ટેમ્બર, 1757ના રોજ નજીબખાંએ લાલ કિલ્લો ખાલી કરી દીધો અને વજીરાબાદ ચાલ્યો ગયો. રઘુનાથરાવે નજીબખાંના બધા સૈનિકોને મુક્ત કરી દીધા. લાલ કિલ્લામાં અનાજ વિના ભૂખે મરતા નાગરિકોને અનાજ મગાવીને ખવડાવવા માંડ્યું. હવે દિલ્હી ઉપર મરાઠાશક્તિનો પ્રભાવ હતો. થોડા સમય પછી મહારાજા સૂરજમલે દિલ્હી પર આક્રમણ કરી દીધું, કારણ કે ખાલી પડેલી દિલ્હી ઉપર અધિકાર કરી લેવા માટે બધા જ તૈયાર હતા. રઘુનાથરાવ તીર્થયાત્રા કરવા માટે ગઢમુક્તેશ્વર ચાલ્યો ગયો. પછી ઈ. સ. 1758માં તેણે લાહોર પર હુમલો કરીને અબ્દાલીના પુત્ર તૈમુરશાહને ત્યાંથી ભગાડી મૂક્યો. એટલું જ નહિ, અટકથી પેશાવર સુધીનો બધો પ્રદેશ પોતાના અધિકારમાં કરી લીધો.

પૂર્વે કહ્યું તેમ બાદશાહ આલમગીર મહારાજા સૂરજમલની છત્રછાયામાં પાછો લાલ કિલ્લામાં પ્રવેશી ગયો, પણ હવે લાલ કિલ્લામાં કશું બાકી રહ્યું ન હતું. અબ્દાલી બધું જ લૂંટી ગયો હતો. એ જ વર્ષે એટલે કે 1757માં દિલ્હીમાં બહુ મોટો ધરતીકંપ આવ્યો. એમાં ઘણા માણસો મરી ગયા અને ઘણાં મકાનો પડી ગયાં. દિલ્હીની દશા ભૂંડી બની ગઈ હતી. બીજી તરફ અહમદશાહ અબ્દાલી ભારત ઉપર આક્રમણ કરવા માટે તૈયાર થઈ ચૂક્યો હતો.

લાલ કિલ્લામાં નામ માત્રનો બાદશાહ આલમગીર હતો. ખરી શક્તિ મરાઠા સરદારો પાસે હતી. તેથી મરાઠા સરદારોને દૂર કરવા માટે બાદશાહ આલમગીરે ભારતમાં આવેલી ફ્રેન્ચ ઈસ્ટ ઇન્ડિયા કંપની પાસે મદદ માગી. આ જ વર્ષોમાં યુરોપમાંથી કેટલીયે કંપનીઓ ભારતમાં અને એશિયાના બીજા દ્વીપોમાં વેપાર કરવા માટે નીકળી પડી હતી. યોગાનુયોગ આ જ સમયે યુરોપમાં ભયંકર વિશ્વયુદ્ધ ચાલી રહ્યું હતું. લગભગ સાત વર્ષ સુધી આ યુદ્ધ ચાલ્યું અને અંતે બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ ભારતમાં ફ્રેન્ચ કંપનીને હરાવી દીધી. એટલું જ નહિ, તેનો પ્રભાવ સમાપ્ત કરી દીધો. બીજી તરફ ઈસ્ટ ઇન્ડિયા કંપની બંગાળના નવાબ સિરાજુદૌલા સાથે

યુદ્ધ કરી રહી હતી, જેને પ્લાસીનું યુદ્ધ કહેવાય છે. આ યુદ્ધમાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીના સેનાપતિ ક્લાઈવ પાસે બે હજાર બસ્સો ભારતીય સૈનિકો તથા આઠસો યુરોપિયન સૈનિકો હતા. સામા પક્ષે સિરાજુદ્દોલ્લા નવાબ પાસે પચાસ હજારથી વધારે સૈનિકો હતા. અંગ્રેજોએ સામા પક્ષમાં ફૂટ પાડીને કેટલાક સરદારોને પોતાના પક્ષે કરી લીધા, જેથી યુદ્ધ કર્યા વિના ક્લાઈવે પ્લાસીનું યુદ્ધ જીતી લીધું હતું. સિરાજુદૌલાને અંધારી રાત્રે ભાગવું પડ્યું હતું અને છેવટે તેની હત્યા કરી નાખવામાં આવી હતી. આ રીતે ઈસ્ટ ઇન્ડિયા કંપની પૂર્વ ભારત ઉપર રાજકીય નિયંત્રણ કરી શકી હતી. હવે તે દિલ્હી તરફ આગળ વધવા માગતી હતી. દિલ્હીમાં દુર્બળ બાદશાહ આલમગીર દ્વિતીય રાજ કરતો હતો. તેની હત્યા 1759માં કરી નાખવામાં આવી. મીરબક્ષી ઇમાદુલમુલ્કે આ હત્યા કરાવી નાખી હતી અને મડદાને જમુના નદીમાં ફેંકાવીને ડૂબી જવાથી મૃત્યુ થયું છે તેવી વાતો પ્રચલિત કરી હતી. મીરબક્ષી ભાગીને સૂરજમલના શરણે જતો રહ્યો. દિલ્હી ખાલી પડી ગઈ. આ તકનો લાભ લઈને પેશ્વા નાનાસાહેબે પોતાના પુત્ર વિશ્વાસરાવને દિલ્હીનો બાદશાહ બનાવવા પ્રયત્ન કર્યો. તેણે મીરબક્ષી ઈમાદુલમુલ્કને પોતાના પક્ષમાં કરીને સમજાવવાનો ઘણો પ્રયત્ન કર્યો. મીરબક્ષી માન્યો નહિ, જેથી વિશ્વાસરાવ દિલ્હીનો બાદશાહ થઈ શક્યો નહિ. અંતે નાનાસાહેબ પેશ્વાએ મીરબક્ષી સામે શરત રાખી કે ભલે મોગલ બાદશાબ બેસાડો, પણ તે મારી પસંદનો હોવો જોઈએ. મીરબક્ષીએ આ શરત સ્વીકારી લીધી. તે પ્રમાણે 10 ડિસેમ્બર, 1759ના રોજ મોઇનુલ મિલ્લત નામના એક મોગલ શાહજાદાને બાદશાહ બનાવવામાં આવ્યો. જેને શાહજહાં તૃતીય તરીકે ઓળખવામાં આવે છે. આ મિલ્લત બાદશાહે માત્ર દસ મહિના જ રાજ કરી શક્યો. મરાઠા સરદારોએ તેને પકડીને જેલમાં નાખી દીધો અને તેની જગ્યાએ આલમગીર દ્વિતીયના પુત્ર અલી ગૌહરને બાદશાહ બનાવી દીધો. જે બિચારો પૂર્વે ભારતમાં ભટકી રહ્યો હતો. બાદશાહ મિલ્લતનું જેલમાં જ મૃત્યુ થઈ ગયું. આ રીતે દિલ્હી ઉપર કોઈનું પણ રાજ ન હતું, તેવું કહી શકાય.

ભારતને લૂંટીને અફઘાનિસ્તાન પહોંચેલા અહમદશાહ અબ્દાલીને શાંતિ ન હતી. તે પાંચમી વાર ભારત ઉપર ચડી આવ્યો. આ વખતે તેની પાસે બહુ મોટી સેના હતી અને તે ઘણાં લક્ષ્યો પ્રાપ્ત કરવા માગતો હતો. દિલ્હીમાં તેનો સામનો કરી શકે તેવો કોઈ બાદશાહ ન હતો. નવો-નવો બાદશાહ બનેલો શાહઆલમ દ્વિતીય પણ હેરાન હતો. નાના પેશ્વાએ પોતાના ભત્રીજા સદાશિવરાવને અબ્દાલીને રોકવા મોટી સેના સાથે મોકલ્યો. સદાશિવરાવ સેના કરતાં પણ વધારે સ્ત્રીઓને નાચવા-ગાવા માટે સાથે લઈ ગયો. આ પહેલાં તેણે અનેક યુદ્ધો જીત્યાં હોવાથી અભિમાન હતું કે હું અબ્દાલીને રગદોળી નાખીશ તેથી કોઈની પણ સલાહ માન્યા વિના તે આગળ વધ્યો અને સૂરજમલ સાથે મતભેદ કરીને સૂરજમલની સેનાને પોતાનાથી જુદી થવા બાધ્ય કરી દીધી. બીજી તરફ અબ્દાલી પૂરેપૂરી તૈયારી અને વ્યૂહરચના કરીને યુદ્ધ કરવા તૈયાર હતો. એક મહિના સુધી મરાઠાસૈના યુદ્ધ કર્યા વિના પડી રહી અને જ્યારે ખોરાક ખૂટ્યો ત્યારે યુદ્ધ કરવા તૈયાર થઈ ગઈ. આ યુદ્ધમાં સદાશિવરાવ હારી ગયો અને એક લાખ મરાઠાસૈનિકો માર્યા ગયા. આ યુદ્ધ પછી શિખરે પહોંચેલી મરાઠાશક્તિ તળેટી તરફ ઊતરી પડી અને તેનું પતન થવા લાગ્યું. નારાજ સૂરજમલે મરાઠા સ્ત્રીઓને શરણ આપ્યું અને રક્ષા કરી. એવું કહેવાય છે કે જો સદાશિવરાવે લોકોની સલાહ માની હોત અને છાપામાર યુદ્ધ કરીને અબ્દાલીને હેરાન-પરેશાન કરી નાખ્યો હોત તો કદાચ અબ્દાલી પાછો અફઘાનિસ્તાન ભાગી જાત અને મરાઠાશક્તિ ચરમ શિખર ઉપર પહોંચી જાત. પાણીપતનું આ યુદ્ધ મરાઠાશક્તિ માટે તો વિનાશનું કારણ બન્યું, સાથે-સાથે હિંદુપ્રજા માટે પણ વિનાશનું કારણ બન્યું. યુદ્ધ જીતીને અબ્દાલી પાછો અફઘાનિસ્તાન ચાલ્યો ગયો. તેની જે અપેક્ષાઓ હતી તે લગભગ પૂરી થઈ ચૂકી હતી.

તા. 21/9/2020

દિલ્હી અંગ્રેજોના હાથમાં

આપણે માનીએ કે ન માનીએ ભારતમાં સૌથી વધુ શક્તિ-સંગઠન કોમ આધારિત થતું રહ્યું છે. પહેલાં અને અત્યારે પણ જ્યાં-જ્યાં, જે-જે કોમની વિશાળતા અને પ્રબળતા હોય છે ત્યાં-ત્યાં તે-તે કોમની શક્તિ ખીલી ઊઠતી હોય છે. કોમવાદના વિરુદ્ધમાં લોકો ગમે તેટલાં પ્રવચનો કરે કે આદર્શો આપે, પણ વાસ્તવિક ધરાતલ પર કોમવાદ દિન-પ્રતિદિન વધતો જ જાય છે. તેનું કારણ એવું દેખાય છે કે ભારતની પ્રજા પ્રાચીનકાળમાં રાષ્ટ્રવાદી ન હતી. ખરેખર તો આપણે ત્યાં રાષ્ટ્રવાદ હતો જ નહિ. રાજાશાહી હોવાથી પ્રજા રાજાને વફાદાર રહેતી. પછી તે રાજા ગમે ત્યાંનો હોય. રાજપૂત હોય, જાટ હોય, મરાઠા હોય, મોગલ હોય કે અંગ્રેજ હોય. જ્યારે જે રાજા હોય તેનાં ગુણગાન ગાવાનાં અને તેને વફાદાર રહેવાના શપથ લેવાના. રાષ્ટ્રવાદ આઝાદીની લડાઈમાંથી ભારતને મળ્યો, પણ અત્યારે તેની ચર્ચા કરવી નથી. અત્યારે તો કોમવાદી શક્તિઓ કેવી રીતે ખીલી ઊઠી અને કેવાં પરિણામ લાવી તેની થોડી ચર્ચા કરવી છે.

અહમદશાહ અબ્દાલી ઉત્તર ભારતને ધમરોળીને, પ્રચંડ લૂંટફાટ કરીને ભારતમાંથી પાછો અફઘાનિસ્તાન જતો રહ્યો. તે પછી, જ્યાં સૌથી વધુ લૂંટફાટ અને ભાંગફોડ થયેલી તે જાટપ્રદેશના જાટો સૂરજમલના નેતૃત્વ નીચે સંગઠિત થઈ ગયા. તેમણે લાલ કિલ્લો દિલ્હીનો તથા લાલ કિલ્લો આગ્રાનો લઈ લેવાનો નિર્ણય કર્યો, કારણ કે અબ્દાલીએ મોગલશક્તિનો પણ નાશ કરી નાખ્યો હતો. શક્તિ કામ કરે કે ના કરે, પરંતુ તેનો સ્ટોરેજ પણ તે પોતાનો પ્રભાવ બતાવી શકે. મોગલોની ધનશક્તિ તથા સૈન્યશક્તિ તદ્દન સમાપ્ત થઈ ચૂકી હતી. તેથી ભરતપુરના રાજા સૂરજમલ જાટે ઈ. સ. 1761માં આગ્રા પર હુમલો કરીને પોતાની ચોકીઓ સ્થાપિત કરી દીધી. આગ્રાના દુર્ગરક્ષકે દુર્ગનો દરવાજો બંધ કરી દીધો. તેને સમજાવીને એક લાખ રૂપિયા તથા પાંચ ગામની જાગીર આપીને દરવાજો ખોલાવી દેવામાં આવ્યો. હવે સૂરજમલના સૈનિકો દુર્ગમાં એટલે કે આગ્રામાં પ્રવેશ કરી ચૂક્યા હતા. તેમણે આગ્રા પર પૂરેપૂરો અધિકાર કરી લીધો. આ રીતે મોગલોની પહેલી રાજધાની આગ્રા પર જાટોનો અધિકાર થઈ ગયો.

પાણીપતની લડાઈમાં મરાઠા હારી ચૂક્યા હતા. તેમની ઘણી જાગીરો રોહેલા સરદારોએ પચાવી લીધી હતી. આ રોહેલા મૂળમાં તો અફઘાનો જ હતા અને આ જાગીરો સાચા અર્થમાં સૂરજમલની જ હતી. સૂરજમલે રોહેલો ઉપર આક્રમણ કરી દીધું અને બુલંદ શહેર, અલીગઢ, જલેસર, સિકંદરાબાદ, કાસગંજ, સોરુ વગેરે મહત્ત્વનાં ક્ષેત્રો પોતાના અધિકારમાં કરી લીધાં અને ત્યાંથી રોહેલોને ભગાડી દીધા. મહારાજા સૂરજમલને બે પુત્રો હતા ઃ એક જવાહરસિંહ તથા બીજો નાહરસિંહ. આ બંનેને હરિયાણામાં મેવ તથા બલોચ મુસલમાનોને દબાવવા માટે મોકલવામાં આવ્યા. આજે પણ મેવાતી મુસલમાનોનો આ પ્રદેશમાં ભારે ત્રાસ છે. જાટસેનાએ બંને પરગણાં જીતી લીધાં. એટલું જ નહિ, હરિયાણાના ઘણા વિશાળ પ્રદેશોમાં અધિકાર કરી લીધો. જરૂર પડી ત્યારે પોતાના પુત્રોની સહાયતા માટે સૂરજમલ હરિયાણા પ્રદેશમાં સેના લઈને આવી ગયો. અને બલોચોના નેતા મુસાબીખાંને પકડીને જેલમાં નાખી દીધો. મેવાતી ડાકુઓ પણ કબજામાં કરી લીધા. તેમની ગઢી તોડીને જાટસેના કિલ્લામાં ઘૂસી ગઈ અને વીણી-વીણીને મેવાતી ડાકુઓને મારી નાખ્યા. તે પછી જાટોએ રોહતક પર અધિકાર કરી લીધો. દિલ્હી, ફત્તેપુર-સિક્રી અને આગ્રાના ચારેતરફનાં ક્ષેત્રો મેવાતીઓ, બલૂચો અને અફઘાનીઓ પાસેથી પડાવી લીધાં. હવે તે લાલ કિલ્લા પર અધિકાર કરવા માંગતો હતો. લાલ કિલ્લા પર ત્યારે રોહેલા સરદાર નજીબુદ્દૌલા શાસન કરતો હતો અને

શાહઆલમ દ્વિતીય મોગલ બાદશાહ નામ માત્રનો બાદશાહ હતો. સૂરજમલ 1763માં યમુના નદી પાર કરીને ગાજિયાબાદ પહોંચી ગયો અને ત્યાં ડેરા લગાવ્યા. નજીબુદ્દૌલા પણ લાલ કિલ્લામાંથી બહાર નીકળ્યો અને તેણે પણ ડેરા જમાવી દીધા. આ રીતે બંને સેનાઓ સામસામે આવી ગઈ.

એક દિવસ એવું બન્યું કે સૂરજમલ પોતાની સેનાનું નિરીક્ષણ કરવા માટે થોડા સૈનિકોને લઈને બહાર નીકળ્યો. આ સમયે હિંડન નદીનાં કોતરોમાં દુશ્મનના રોહેલા સૈનિકો છુપાઈને બેઠા હતા. તેમણે ઓચિંતાનો હુમલો કરી દીધો અને મહારાજા સૂરજમલની હત્યા કરી નાખી. તેમના શરીરના ટુકડે-ટુકડા કરીને ભાલામાં ખોસીને પોતાના સરદાર નજીબુદ્દૌલાને બતાવવા લઈ ગયા. આ રીતે ઉત્તર ભારતના બીજા શિવાજી કહી શકાય તેવા સૂરજમલનું અકાળ મૃત્યુ થઈ ગયું. ખરેખર તો આવી રીતે ઓછા રક્ષકો સાથે રાજાએ ફરવા નીકળાય જ નહિ. સુરક્ષા પ્રત્યે ઉપેક્ષાથી ઘણી વાર ઘણા અનર્થો થઈ જતા હોય છે. સંભાજી મહારાજને પણ આ રીતે જ પકડી લેવામાં આવ્યા હતા અને ઔરંગઝેબે તેમને રિબાવી-રિબાવીને મારી નાખ્યા હતા. આવી જ રીતે મહારાજા સૂરજમલને પણ ઓચિંતાના હુમલામાં શહીદ કરી નાખવામાં આવ્યા. ગુરુ ગોવિંદસિંહજીને પણ નાંદેડમાં આવો ગુપ્ત હુમલો કરીને શહીદ કરવામાં આવ્યા હતા. આ બધું બતાવે છે કે રાજા-મહારાજાઓની રક્ષા કેટલી મહત્ત્વની હોય છે.

મહારાજા સૂરજમલના અવસાન પછી જાટશક્તિ લગભગ વેરવિખેર બની ગઈ હતી. હવે લાલ કિલ્લા પર નજીબુદ્દૌલાનો પૂરેપૂરો અધિકાર થઈ ગયો હતો. બાદશાહ તો નામમાત્રનો જ બાદશાહ હતો.

પ્રકરણ બદલીને થોડી બાજુની વાત કરીએ. બંગાળમાં ત્યારે સિરાજુદ્દૌલા બંગાળનો સૂબેદાર હતો. તેણે ત્રણસો અંગ્રેજોને એક કાળકોટડીમાં પૂરીને ગૂંગળાવીને મારી નાખ્યા હતા. તેનો બદલો લેવા માટે અંગ્રેજ અધિકારી ક્લાઈવે પ્લાસીનું યુદ્ધ કર્યું. જે યુદ્ધમાં સિરાજુદ્દૌલા હારી ગયો અને ભાગી ગયો તથા અંતે મરી ગયો. તે પછી અંગ્રેજોએ મીરજાફર, પછી મીરકાસીમ અને ફરીથી મીરજાફરને બંગાળનો નવાબ બનાવીને બધી સત્તા પોતાના હાથમાં લઈ લીધી હતી. અર્થાત્ પ્લાસીના યુદ્ધથી ઈસ્ટ ઇન્ડિયા કંપની બંગાળ, બિહાર અને ઓડિસામાં સત્તાધીશ થઈ ચૂકી હતી. હવે તેની નજર અવધ અને દિલ્હી તરફ હતી. તે કોઈ મોકાની રાહ જોઈ રહી હતી. તેણે 1764માં બકસર આગળ યુદ્ધ કર્યું. માત્ર ત્રણ જ કલાકમાં અવધની સેનાને હરાવી દીધી. તે પછી ચૂનાર અને ઇલાહાબાદ ઉપર અધિકાર કરી લીધો. આ રીતે અવધ ઉપર પણ અંગ્રેજોનો અધિકાર થઈ ગયો. દિલ્હીના બાદશાહ શાહઆલમ દ્વિતીય સાથે સંધિ કરવામાં આવી કે તેને વાર્ષિક છવીસ લાખ રૂપિયાનું પેન્શન આપવામાં આવશે. બાકી બંગાળ, બિહાર, ઓડિસા, અવધ વગેરે ઉપર ઈસ્ટ ઇન્ડિયા કંપનીનો અધિકાર રહેશે.

ભારતના આધુનિક ઇતિહાસમાં પણ ત્રણ લડાઈઓએ બહુ મહત્ત્વનો ભાગ ભજવ્યો ઃ (1) પાણીપતની લડાઈ, (2) પ્લાસીની લડાઈ અને (3) બકસરની લડાઈ. આ રીતે દિલ્હીનો બાદશાહ અંગ્રેજોનો પેન્શનર બની ગયો.

બાદશાહ આ પેન્શન દ્વારા શાંતિથી જીવન જીવી શકતો હતો, પણ તેનો પુત્ર મીર્ઝા જવાનબખ્ત ચૂપ ન રહ્યો. તેણે મહાદજી સિંધિયા સાથે સમજૂતી કરી અને લાલ કિલ્લામાં ફરીથી શાહઆલમ દ્વિતીયની બાદશાહ પદ ઉપર પ્રતિષ્ઠા કરવાની સંધિ કરી. હવે શાહઆલમ અંગ્રેજોના સંરક્ષણને ત્યાગીને મરાઠાના સંરક્ષણમાં આવી ગયો, તેથી અંગ્રેજોએ તેનું પેન્શન બંધ કરી દીધું અને મરાઠાઓએ તેનું તેર લાખ રૂપિયાનું પેન્શન બાંધી આપ્યું. બાદશાહના આવા વલણથી નારાજ થઈને કડા અને ઈલાહાબાદની જાગીરો પણ પડાવી લીધી. જાગીરો જતી રહેવાથી સિંધિયા નારાજ થયો અને તેણે બાદશાહનું પેન્શન ઘટાડીને મહિને માત્ર 17

હજાર રૂપિયા કરી દીધું. આ રીતે બાદશાહની સ્થિતિ દયનીય બની ગઈ.

ઈ. સ. 1771માં દિલ્હીનો મીરબક્ષી નજીબુદ્દૌલા મૃત્યુ પામ્યો, એટલે તેની જગ્યાએ તેનો પુત્ર જાબીતાખાં દિલ્હીનો શાસક બન્યો. તે પોતે મીરબક્ષી બની ગયો. તેણે બંગાળના નવાબ સાથે સમજૂતી કરી અને યુદ્ધ કરવાનો નિર્ણય કર્યો. આથી બાદશાહ શાહઆલમ નારાજ થઈ ગયો. તેણે જાબીતાખાંના પુત્ર ગુલામકાદિરખાંને પકડીને તેનું લિંગ કપાવી નાખીને નપુંસક બનાવી દીધો. આ રીતે તેણે ગુલામ કાદિરખાંને દુશ્મન બનાવી દીધો. જ્યારે જાબીતાખાં મરી ગયો ત્યારે કાદિરખાંએ એક મોટી સેના સાથે દિલ્હી ઉપર હુમલો કરી દીધો. બાદશાહ આ સેના સામે ટકી શકે એમ ન હતો અને મરાઠા સરદાર શિંદે તત્કાલ મદદમાં આવી શકે તેવી સ્થિતિ ન હોવાથી શાહઆલમે સરાધના રાજ્યની બેગમ સમરૂને મદદ માટે બોલાવી. મૂળમાં બેગમ સમરૂ કાશ્મીરી મુસલમાન હતી અને નૃત્યાંગના તરીકે નાચ-મુજરો કરીને લખનૌમાં જીવન જીવતી હતી. તે અંગ્રેજ અધિકારીના સંપર્કમાં આવી અને તેણે ખ્રિસ્તી ધર્મ અપનાવી લીધો. અંગ્રેજ અધિકારી એક જાગીરનો માલિક હતો. તેના મૃત્યુ પછી સમરૂબેગમ જાગીરની અધિકારિણી બની ગઈ હતી. પોતાની હોશિયારીથી હવે તે શક્તિશાળી બની ચૂકી હતી. તેણે બે વાર યુદ્ધો કર્યાં હતાં. તેથી તે બહાદુર પણ હતી. સમરૂબેગમ પોતાની સેના લઈને દિલ્હી પહોંચી ગઈ અને યુદ્ધ કરીને ગુલામકાદિરને હરાવીને ભગાડી મૂક્યો. પછી જ્યારે તે પોતાની જાગીરમાં ચાલી ગઈ તો હારેલા ગુલામકાદિરે ફરીથી દિલ્હી ઉપર ચૂપચાપ હુમલો કરી દીધો અને કિલ્લામાં પેસી ગયો. ગુલામકાદિરને શાહઆલમે નપુંસક બનાવી દીધો હતો તેની દાઝ તેના મનમાં હતી. તેણે લાલ કિલ્લામાં બધી બેગમો અને શાહજાદીઓને હિજડાનાં કપડાં પહેરાવીને ખૂબ નચાવી. એટલું જ નહિ, શાહઆલમની બેગમો તથા શાહજાદીઓ ઉપર બળાત્કાર કરવા માટે પોતાના રોહેલા સૈનિકોને છૂટ આપી દીધી. રોહેલાઓ લાલ કિલ્લાની સ્ત્રીઓ ઉપર તૂટી પડ્યા અને જોતજોતામાં બધી સ્ત્રીઓને ચૂંથી નાખી. તેમના ભયની મારી કેટલીક સ્ત્રીઓ જમુનામાં કૂદી પડી અને મરી ગઈ. ગુલામકાદિરે બાદશાહ શાહઆલમને પદભ્રષ્ટ કરી નાખ્યો. તેની બંને આંખો ફોડી નાખી અને તેની જગ્યાએ બિદરબખ્તને ગાદીએ બેસાડી દીધો. બિદરબખ્ત ત્યારે જેલમાં સડી રહ્યો હતો.

ગુલામકાદિરના આવા પરાક્રમથી પ્રસન્ન થઈને મહંમદશાહ રંગીલાની વિધવા બેગમ ઉજ્જમાનીએ તેને બાર લાખનું ઇનામ આપ્યું. આ રીતે પોતાને નપુંસક બનાવનાર બાદશાહ સાથે ગુલામકાદિરે બદલો લીધો. ઉજ્જમાનીને શાહઆલમ સાથે જૂનું વેર હતું. જ્યારે કોઈ સત્તાધીશે કોઈ અપરાધીને દંડ દેવાનો થાય ત્યારે તેણે એટલી હદે કઠોરતા કે ક્રૂરતા ન કરવી જોઈએ કે જેથી તેની પ્રતિક્રિયામાં બહુ માઠાં પરિણામો ભોગવવાં પડે. ઉજ્જમાની અને કાદિરખાં બંને પ્રતિશોધમાં હતા. તેથી ઉજ્જમાનીએ પોતાના જ પરિવારની સ્ત્રીઓ ઉપર પોતાની નજર સામે રોહેલા સૈનિકોને બળાત્કાર કરવાની છૂટ આપી. માણસ વેરમાં આંધળો થઈ જતો હોય છે અને ન કરવાનું પણ કરી બેસતો હોય છે. તે પછી ઉજ્જમાની પોતાનો સરસામાન બસો જેટલાં ઊંટો ઉપર ભરીને અફઘાનિસ્તાન જતી રહી, કારણ કે તેને ખબર હતી કે હવે મારાથી દિલ્હીમાં રહી શકાશે નહિ. જ્યારે અહમદશાહ અબ્દાલીનું મૃત્યુ થઈ ગયું ત્યારે તે પાછી ભારત આવી ગઈ અને રોહેલા સરદારો સાથે સહાયક બની ગઈ. આ જ ઉજ્જમાનીએ જોધપુરના મહારાજા અજિતસિંહની પણ હત્યા કરાવી નાખી હતી. ઉજ્જમાની બેગમના ઉશ્કેરવાથી અને આર્થિક મદદ કરવાથી ગુલામકાદિરે લાલ કિલ્લા પર અધિકાર કરી લીધો. તે વખતે બાદશાહ શાહઆલમ દ્વિતીયના ઓગણીસ શાહજાદાઓને જેલમાં પૂરી દીધા અને તેમને ભયંકર યાતનાઓ આપી. શાહઆલમને સોળ પુત્ર તથા બે પુત્રીઓ હતી. જ્યારે આ વાતની ખબર મરાઠા સરદાર મહાદજી સિંધિયાને મળી. ત્યારે તે મોટી સેના લઈને િદલ્હી

ઉપર ચડી આવ્યો અને દિલ્હીનો કબજો લઈ લીધો. તેણે દિલ્હીમાં રોહેલા મુસલમાનોની કત્લેઆમ મચાવી અને છેવટે ગુલામકાદિરને પણ મારી નાખ્યો. રોહેલાઓ દ્વારા બેસાડેલા બાદશાહ બિદરબખ્તને પકડીને કેદ કરી લીધો અને શાહઆલમને ફરીથી બાદશાહ બનાવી દીધો. તે વખતે મરાઠાશક્તિ એટલી બધી પ્રબળ હતી કે દિલ્હીમાં જે ધારે તે કરી શકતી હતી. બાદશાહ શાહઆલમે ફરીથી બાદશાહ થતાંની સાથે જ બિદરબખ્તને મરાવી નાખ્યો. આ વખતે બેગમ ઉજ્જમાની પણ મરી ચૂકી હતી. હવે દિલ્હી ઉપર પૂરેપૂરો કબજો મરાઠા સરદારનો હતો અને દોલતરાવ સિંધિયા તેનો વહીવટ કરતો હતો.

પૂર્વથી પશ્ચિમ તરફ આગળ વધી રહેલી અંગ્રેજ સેના દિલ્હી પહોંચી ગઈ હતી અને તેણે સેનાપતિ જનરલ ગેરાર્ડ લેકના નિયંત્રણમાં દિલ્હી ઉપર હુમલો કરી દીધો. લેક પાસે માત્ર ચાર હજાર પાંચસો સૈનિકો હતા, જ્યારે મરાઠા સૈનિકોની સંખ્યા સત્તર હજારની હતી તોપણ વ્યૂહબાજ લેકે મરાઠા સૈનિકોને હરાવીને દિલ્હી ઉપર કબજો કરી લીધો. આ રીતે દિલ્હી મરાઠાઓના હાથમાંથી અંગ્રેજોના હાથમાં ચાલી ગઈ.

તા. 22/9/2020

૪૭

અંગ્રેજો અને મોગલોની
શાસનપદ્ધતિમાં તફાવત

અંગ્રેજો પ્લાસીયુદ્ધનો વિજય કરીને પશ્ચિમ તરફ આગળ વધ્યા ત્યારે સૌથી પહેલાં તેમને અવધનું રાજ્ય મળ્યું. એ વખતે અવધ પર વાજિદઅલી શાહ શાસન કરતો હતો. જેને ઇતિહાસકારો અવધનો રંગીલો બાદશાહ કહેતા આવ્યા છે. તે નાચ-ગાન, ઠૂમરી-ઠપ્પા વગેરેમાં સમય વિતાવતો હતો. કહેવાય છે કે જ્યારે અંગ્રેજોએ અવધ પર હુમલો કર્યો ત્યારે તે અંગ્રેજ શબ્દની વ્યુત્પત્તિ કરવામાં મશગૂલ હતો. એ મશગૂલીના કારણે તે ભાગી શક્યો નહિ. અંગ્રેજોએ તેને પકડી લીધો. તેના ઉપર ઘણાં પુસ્તકો લખાયાં છે. તેણે પોતે પણ `ઇશ્કનામા' નામના પુસ્તકમાં પોતાની પ્રેમકથાઓ લખી છે. એમાં તેણે સ્વીકાર કર્યો છે કે તેણે ત્રણસો નિકાહ કર્યા હતા અને તલાક પણ એટલા જ આપ્યા હતા. બીજા પુસ્તક `પરીખાના'માં પણ તેના પ્રસંગો છે. માત્ર આઠ વર્ષની ઉંમરમાં તેણે `રહિમન' નામની એક આધેડ દાસી સાથે પ્રેમ કર્યો હતો. અંગ્રેજોએ જ્યારે તેને પકડીને પાલખી ઉપર બેસાડીને કલકત્તા નિર્વાસિત કરવાનો હુકમ કર્યો, ત્યારે તેણે પોતાની રચેલી ઠૂમરી ગાતાં-ગાતાં વિદાય લીધી. આ ઠૂમરી પ્રસિદ્ધ ગાયક સાયગલે ગાઈને અમર કરી દીધી છે. વાજિદશાહે જે ઠૂમરી રચી તેનું મુખડું આપ્યું છે ઃ

`બાબુલ મોરા નૈહર છૂટો જાય...'

આ ઉપરથી જાણી શકાય છે કે તે રાજકીય કર્તવ્યોમાં કેટલો ઉદાસીન હશે અને ગીત-સંગીત-નૃત્યમાં કેટલો મશગૂલ હશે! કહેવાય છે કે જ્યારે તેને કલકત્તા લઈ જવામાં આવ્યો ત્યારે તેની બેગમ હજરતમહલ તેની સાથે ન ગઈ. નર્તકીમાંથી બેગમ બનેલી આ સ્ત્રીએ અંગ્રેજો સાથે સાંઠગાંઠ કરીને લખનૌની સત્તા પોતાના હાથમાં કરી લીધી.

અહીં એક વાતનો વિચાર કરવા જેવો ખરો. જે રીતે લખનૌમાં સત્તાનું પરિવર્તન અંગ્રેજોએ કર્યું. તે રીત મોગલો કરતાં જુદી હતી. અત્યાર સુધી જ્યાં-જ્યાં મોગલોએ સત્તાપરિવર્તન કર્યું ત્યાં-ત્યાં હત્યાઅો કરવી, આંખો ફોડવી, જેલમાં નાખવા, રિબાવવા અને મારી નાખવા... આવા પ્રસંગો બધે જ બન્યા છે. આ પહેલો પ્રસંગ હતો જ્યાં કશી મારકાટ કર્યા વિના લખનૌના બાદશાહ વાજિદઅલીને પાલખીમાં બેસાડીને કલકત્તા રહેવા માટે મોકલી દેવામાં આવ્યો. અંગ્રેજોનું કલ્ચર અને મોગલ કલ્ચર વચ્ચેનો આ ભેદ સમજવા જેવો ખરો. અંગ્રેજો જે રાજા-મહારાજા કે બાદશાહને અપદસ્થ કરતા તેમને મારી ન નાખતા પણ દૂર કોઈ સુરક્ષિત જગ્યાએ મોકલી આપતા. એટલું જ નહિ, તેમની આજીવિકા માટે પેન્શન પણ બાંધી આપતા. આ ભેદ આપણે સમજવો જોઈએ. એમ કહી શકાય કે અંગ્રેજોના આવ્યા પછી જે-જે સત્તાપરિવર્તનો થયાં તે મોગલકાળના હત્યાકાંડ જેવાં ભયંકર ન થયાં.

હવે ફરી પાછા આપણે દિલ્હી આવીએ છીએ. ત્રણ દિવસ સુધી દિલ્હી યુદ્ધ કરીને ઈસ્ટ ઇન્ડિયા કંપનીના સેનાપતિ જનરલ લેકે દિલ્હી પર અધિકાર કરી લીધો અને મરાઠા સૈનિકોને ખદેડી મૂક્યા. હવે િદલ્હી અંગ્રેજોના હાથમાં હતું. જનરલ લેક બાદશાહ આલમશાહ દ્વિતીય પાસે લાલ કિલ્લામાં મળવા ગયો તો બાદશાહે તેનું ઉમળકાભેર સ્વાગત કર્યું. બાદશાહ પાસે દિલ્હીની વ્યવસ્થા કરવાનો પરવાનો લખાવી લીધો. બાદશાહને મરાઠા સરદારો તરફથી સત્તર હજારનું પેન્શન મળતું હતું તે વધારીને અંગ્રેજોએ સાઠ હજાર પ્રતિમાહ કરી દીધું. બાદશાહ પાસે જે થોડીઘણી સેના હતી તે પણ ભંગ કરી દેવામાં આવી. અંગ્રેજો હજી પણ બાદશાહને બાદશાહ તરીકેનું માન આપતા હતા. ભલે તે નામમાત્રનો જ બાદશાહ કેમ ન હોય!

બહુ ઝડપથી અંગ્રેજોએ દિલ્હી પર પોતાની વ્યવસ્થા સ્થાપિત કરી દીધી. તેમણે ન્યાયાલયો સ્થાપિત કર્યાં, જેમાં હિંદુઓના કેસો અંગ્રેજી કાનૂન પ્રમાણે અને મુસલમાનોના કેસો સરિયા પ્રમાણે ચલાવવામાં આવતા. મુસલમાનોના કેસો સરિયા પ્રમાણે ચલાવવા તેમણે કાજીઓની નિમણૂકો કરી. જ્યારે કોઈ અપરાધીને ફાંસીની સજા કરવામાં આવતી ત્યારે છેવટની સહી બાદશાહ શાહઆલમ પાસે કરાવવામાં આવતી. આ રીતે બાદશાહને માન્ય રાખીને અંગ્રેજોએ રાજવ્યવસ્થા સ્થાપિત કરવા માંડી.

ઈ. સ. 1806ના નવેમ્બર મહિનાની 19મી તારીખે શાહઆલમ દ્વિતીયનું મૃત્યુ થઈ ગયું. તેના મૃત્યુ પછી તેના ઘણા પુત્રોમાંથી મિર્ઝા અકબર શાહને લાલ કિલ્લાનો બાદશાહ બનાવવામાં આવ્યો. આ યોગાનુયોગ કહેવાય કે જ્યારે ગુલામ કાદિરે બાદશાહનાં બધાં પુત્ર-પુત્રીઓને મારી નાખ્યાં હતાં ત્યારે આ અકબર એકમાત્ર બચી ગયો હતો. તેથી અકબર દ્વિતીયના નામે તે બાદશાહ બન્યો. તેને પણ અંગ્રેજો સાઠ હજારનું પેન્શન આપતા હતા. તે વધારીને બાર લાખ વાર્ષિક કરી દેવામાં આવ્યું હતું. અકબરે પોતાનું પેન્શન બાર લાખથી વધારીને ત્રીસ લાખ કરવા માટે તે સમયના વાઇસરૉય લૉર્ડ વેલેસ્લીને પ્રાર્થના કરી, પણ તેની પ્રાર્થના સાંભળવામાં આવી નહિ. તેથી નારાજ થઈને અકબર દ્વિતીયે બંગાળના પ્રસિદ્ધ વકીલ અને સમાજસુધારક રામમોહન રાયને પોતાનો કેસ લડવા માટે વિલાયત મોકલ્યા. આ વખતે બાદશાહ અકબરે રામમોહન રાયને `રાજા'ની ઉપાધિ આપી જેથી તે રાજા રામમોહન રાયના નામે પ્રસિદ્ધિ પામ્યા. રાજા રામમોહન રાય જળજહાજમાં બેસીને વિલાયત ગયા. ઘણો સમય રહ્યા અને બાદશાહનો કેસ લડીને ત્રીસ લાખ રૂપિયાનું વાર્ષિક પેન્શન મંજૂર કરાવીને ભારત પાછા ફર્યા.

આ ઘટના પરથી પણ આપણે બોધપાઠ લેવો જોઈએ કે જો આવું સત્તાપરિવર્તન મોગલકાળમાં થયું હોત તો ભૂતપૂર્વ બાદશાહને પેન્શન આપવું, કેસ લડવાની છૂટ આપવી અને કેસમાં જીતવું... આ બધું મોગલકાળમાં થઈ શક્યું ન હોત. મોગલકાળનું પ્રત્યેક સત્તાપરિવર્તન માત્ર ને માત્ર તલવારના ઝટકાઓથી થતું રહ્યું છે. વિરોધીઓને તત્કાળ મારી નાખવા, આંખો ફોડી નાખવી, જેલમાં ઠૂંસવા, રિબાવીને મારવા... એ જ કાયદો અને એ જ નિયમ હતો. અંગ્રેજોના આવ્યા પછી આવી જંગલી હત્યાઓ અટકી ગઈ. એટલું સ્વીકારવાની તો આપણે ખેલદિલી બતાવવી જોઈએ.

બાદશાહ અકબર દ્વિતીયને ચૌદ શાહજાદા અને આઠ શાહજાદીઓ હતાં. તે પોતાના પુત્ર મિર્ઝા ફક્રને પોતાનો ઉત્તરાધિકારી બનાવવા માગતો હતો, પણ તેની ક્ષમતા બરાબર ન હોવાથી અંગ્રેજોએ તેના બીજા પુત્ર મિર્ઝા અબુ ઝફર સિરાજુદ્દીન મોહમ્મદને બાદશાહ તરીકે સ્વીકાર્યો. આગળ જતાં આ જ માણસ બહાદુરશાહ જફરના નામે છેલ્લો બાદશાહ ગણાયો.

અકબર દ્વિતીયનાં કુલ બાવીસ સંતાનો હતાં. તેમાંથી મોટો પુત્ર મિર્ઝા જહાંગીર હતો. તે બાદશાહ બનવા માગતો હતો, પણ અંગ્રેજોએ તેનાથી નાના મિર્ઝા અબુ ઝફરને બાદશાહ બનાવ્યો, તેથી બંને ભાઈઓ વચ્ચે દુશ્મનાવટ થઈ ગઈ. મિર્ઝા જહાંગીરે અબુ ઝફરને બે વાર ઝેર આપીને મારી નાખવાનો પ્રયત્ન કર્યો અને બંને વખત અબુ ઝફર બચી ગયો. આ રીતે મોગલપરંપરા અને અંગ્રેજપરંપરામાં આકાશ-પાતાળનો ભેદ જોઈ શકાય છે.

ઇંગ્લૅન્ડની ગાદી પર અત્યાર સુધી કેટલાંય રાજા-રાણીઓ બેઠાં છે, પણ આ રીતે બહુ મોટી મારકાપ કે કત્લેઆમ થઈ હોય તેવું જાણવા મળતું નથી. બહાદુરશાહ ઝફર મોગલોનો ઓગણીસમો બાદશાહ બન્યો. તે પરિસ્થિતિને સમજી ગયો. એટલે કશી ખટપટો કર્યા વિના રબ્બર સ્ટૅમ્પ તરીકે તે બાદશાહત ભોગવતો રહ્યો. તે પોતે કવિ હતો અને `ઝફર' તખલ્લુલસથી કવિતા લખતો હતો. ઈસ્ટ ઇન્ડિયા કંપનીના વાઇસરૉય દર પાંચ વર્ષે બદલાઈ

જતા, પણ આવા સત્તાપરિવર્તનમાં પણ મોગલોની માફક કોઈ મોટી હત્યાઓ થઈ હોય તેવું જાણવા મળતું નથી. બહુ શાંતિથી જૂનો વાઇસરૉય વિદાય થતો અને નવો વાઇસરૉય ચાર્જ સંભાળી લેતો. જૂનો વાઇસરૉય વિલાયત જઈને પોતાનો કામધંધો શરૂ કરતો અને કશી ખટપટ વિના બાકીનું જીવન પૂરું કરતો. આવું મોગલોમાં થતું દેખાતું નથી. એક-બે પ્રસંગોમાં અપવાદ છે, બાકી તો બધાને હત્યા કરીને કે આંધળા બનાવી દઈને જેલમાં ઠૂંસી દેવાના જ પ્રસંગો જાણવા મળે છે. અને જો આવા કાઢી મૂકેલા સત્તાધીશોની આંખો ફોડવામાં ન આવી હોય અથવા તે છૂટા રહી ગયા હોય તો તે શાંતિથી સખણા બેસતા નથી. તે ફરી-ફરીને ખટપટો કરતા હોય છે અને યુદ્ધો કરીને સત્તાનો કબજો મેળવવાનો પ્રયત્ન કરતા હોય છે આવું સામાન્ય કલ્ચર માત્ર મોગલો સુધી જ નહિ, પણ ભારતનાં બીજાં રાજવાડાંઓમાં પણ આવું જ થતું જોવા મળે છે તેની જગ્યાએ અંગ્રેજોએ પોતાની આગવી વ્યવસ્થા સ્થાપિત કરી અને ખૂનખરાબાને અટકાવી દીધો.

જેમ-જેમ વાઇસરૉયો બદલાતા ગયા તેમ-તેમ દિલ્હીના બાદશાહના અધિકારો સીમિત થતા ગયા. ક્રમે-ક્રમે તેમનું કદ નાનું કરી નાખવામાં આવ્યું. ઈ. સ. 1856માં લૉર્ડ ડેલહાઉસી વાઇસરૉય બનીને આવ્યો અને તેણે રાજનીતિમાં ભારે પરિવર્તન કર્યું. તેમણે નક્કી કર્યું કે હવે બાદશાહને બાદશાહ નહિ પણ દિલ્હીનો સૂબેદાર માનવામાં આવશે અને તેમણે લાલ કિલ્લો ખાલી કરીને મહરૌલીમાં જઈને રહેવું પડશે. આ રીતે ક્રમે-ક્રમે શાંતિપૂર્વક બાદશાહને બહુ સીમિત કરી દેવામાં આવ્યો.

બહાદુરશાહ ઝફરને ચાર બેગમો હતી અને પુત્રપુત્રીઓ તરીકે બાવીસ સંતાનો હતાં. આમાંથી મિર્ઝા કોયાસને અંગ્રેજોએ તેનો ઉત્તરાધિકારી બનાવ્યો અને એક લાખના પેન્શનની જગ્યાએ પંદર હજારનું પેન્શન નિર્ધારિત કરવામાં આવ્યું. આમ કરવાથી દિલ્હીના મુસલમાનો ઉશ્કેરાઈ ઊઠ્યા અને અંદરોઅંદર અંગ્રેજોની વિરુદ્ધમાં અસંતોષ ફેલાવવા લાગ્યા.

તા. 23/9/2020

મોગલસત્તા અને અંગ્રેજસત્તાનો અંત

ઈ. સ. 1857માં જે સૈનિક વિપ્લવ ભારતમાં થયો તે વિશે આખું પુસ્તક લખી શકાય તેટલી સામગ્રી છે, પણ અહીં માત્ર મહત્ત્વના
બે-ચાર મુદ્દાઓ જ લખીને દિલ્હી પર તેનો પડેલો પ્રભાવ બતાવવાનો પ્રયત્ન કરીશું.

ત્યારે ઈસ્ટ ઇન્ડિયા કંપનીનું સામ્રાજ્ય વિશાળ ક્ષેત્રમાં ફેલાઈ ચૂક્યું હતું. તેમાં નાનાંમોટાં પાંચસો પચાસ રજવાડાં હતાં. આ બધાં રજવાડાંઓના પોતપોતાના રાજા-મહારાજા, બાદશાહ-સુલતાન વગેરે હતા. દરેકના પોતાના ઝંડા અલગ-અલગ હતા અને અલગ-અલગ રીતે રાજ કરતા હતા. આ સમયે કંપની સરકારના વાઇસરૉય તરીકે વોરન હેસ્ટિંગ્ઝ તથા લૉર્ડ કનિંગ સત્તા પર આવ્યા હતા. તેમણે એવી નીતિ અખત્યાર કરી કે આ રજવાડાંઓને બ્રિટિશ ભારતમાં મેળવી દેવાં જોઈએ. અંગ્રેજોમાં અને મોગલોમાં પાયાનો એક ફરક હતો. મોગલો કોઈ પણ કાયદા-કાનૂન વિના મનફાવે તેમ નિર્ણયો કરતા અને લાગુ કરી દેતા, જ્યારે અંગ્રેજો જે કરતા તે બધું કાયદાના આધારે કરતા. કંપની સરકારે કાયદો બનાવ્યો કે જે રાજા અથવા બાદશાહ વારસદાર વિના મરી જશે તેનું રાજ્ય કંપની-સરકાર ખાલસા કરીને અંગ્રેજ ભારતમાં મેળવી દેશે. આ કાયદા પ્રમાણે તેઓ અનેક રજવાડાંઓને ખાલસા કરી-કરીને ભારતમાં મેળવવા લાગ્યા હતા. જેમ કે માંડવી, કોલાબા, ઝાલોન, સુરત, હેંગુલ, અરકોટ, ગુલેર, જયંતીયા, જેતપુર, જસવાન, કચારી, કાંગડા, કન્નૂર, બિટૂર, કોડાગુ, કોજીકોડ, કુલ્લુ, કર્નુલ, કુટલેહાર, મકરાઈ, સંબલપુર, સતારા, સીબા, તુલસીપુર, છત્તીસગઢ, ઉદયપુર તથા મેરઠ ઇત્યાદિ કેટલાંક રાજ્યોને બ્રિટિશ ભારતમાં ભેળવી દીધાં. હવે તેની નજર પૂના પર પડી. પૂનામાં પેશ્વાઓનું રાજ હતું. બાજીરાવ દ્વિતીય પેશ્વા રાજ કરતો હતો. તેને સંતાન ન હોવાથી પોતાના પરિવારમાંથી ધોધુપંત નામના એક બાળકને દત્તક લીધો.

આ પણ એક વિચિત્રતા જ કહેવાય કે મોગલ બાદશાહોને અસંખ્ય સંતાનો રહેતાં, જ્યારે હિંદુ રાજા-મહારાજાઓને મોટા ભાગે ઓછાં સંતાનો અથવા વારસદાર વિનાનું જીવન જીવવું પડતું. જે હોય તે પણ બંને પરંપરામાં ફળદ્રૂપતાનો આ ભેદ સમજવો જોઈએ. પેશ્વા બ્રાહ્મણ હતા. એટલે ધોધુપંત પણ બ્રાહ્મણ જ હતો. પેશ્વા બાજીરાવના નિર્ણયને કંપની સરકારે માન્ય કર્યો નહિ અને નાનાસાહેબને કોઈ પણ પ્રકારનું પેન્શન આપ્યા વિના બિઠુર રહેવા મોકલી દીધા. અંગ્રેજો ખાલસા કરેલાં રજવાડાંના રાજાઓને પેન્શન આપીને દૂર રહેવા મોકલી દેતા. જેથી સ્થાનિક લોકો સાથે સંપર્ક ન રહે અને ખટપટો ન કરે. ધોધુપંત અર્થાત્ નાનાસાહેબે લૉર્ડ ડેલહાઉસીની સાથે પત્રવ્યવહાર કર્યો, પણ કંઈ પરિણામ ન આવ્યું, તેથી તેમણે પોતાના સેનાપતિ અઝીમુલ્લાખાંને કેસ લડવા માટે વિલાયત મોકલ્યો. અઝીમુલ્લાખાંએ વિલાયત જઈને ઘણા પ્રયત્નો કર્યા, પણ તેને કશી સફળતા મળી નહિ. આ પહેલાં રાજા રામમોહન રાય દિલ્હીના બાદશાહનો કેસ લડવા વિલાયત ગયા હતા અને સફળ થઈને આવ્યા હતા. આવી જ રીતે ભાવનગરના મહારાજાનો કેસ લડવા પ્રભાશંકર પટણી પણ વિલાયત ગયા હતા અને તે પણ સફળ થઈને આવ્યા હતા. અઝીમુલ્લા સફળ ન થયા, તેમાં તે પોતે કદાચ કારણ હોય અથવા અંગ્રેજોની જીદ હોય. જે હોય તે, પણ ચારેતરફથી નિષ્ફળતા મળવાના કારણે નાનાસાહેબે અંગ્રેજો સામે લડી લેવાનો મનોમન નિર્ણય કર્યો. આવી કૉર્ટો મોગલોના સમયમાં ન હતી. તેથી જે-તે નિર્ણયો માત્ર ને માત્ર તલવારથી જ કરી લેવામાં આવતા હતા. હવે તલવારની ઉપર કૉર્ટની સત્તા પણ આવી તેથી લોકો છેક વિલાયત સુધી કૉર્ટમાં લડવા માટે દોડાદોડી કરતા રહ્યા.

ભારતીય ક્રાન્તિના મૂળમાં બે બ્રાહ્મણો છે ઃ એક નાનાસાહેબ પેશ્વા અને બીજા મંગલ પાંડે. નાનાસાહેબે વિચાર કર્યો કે આટલી મોટી બ્રિટિશ સત્તા સામે લડાય કેવી રીતે? તેથી તેમણે પોતાની માફક અસંતુષ્ટ થયેલાં અસંખ્ય રજવાડાંઓના રાજા-મહારાજા, નવાબો વગેરે સાથે મંત્રણાઓ કરવા માંડી અને આ બધાંનો એક ગુપ્ત સંઘ બનાવ્યો. આ બધા સંઘના દ્વારા નિર્ધારિત તારીખે આખા ભારતમાં અંગ્રેજો ઉપર સશસ્ત્ર હુમલો કરીને અંગ્રેજોને ભારતમાંથી ભગાડી મૂકવા તેવું નક્કી કર્યું. આ નિશ્ચિત કરેલો દિવસ હતો 31 મે, 1857.

જ્યારે તમારે કોઈ મોટી શક્તિ સાથે માથું ઊંચકવું હોય ત્યારે તે શક્તિઓના બધા વિરોધીઓને પોતાના પક્ષમાં સંગઠિત કરી લેવા જોઈએ. સંગઠન બે પ્રકારનાં હોય છે ઃ (1) પોતાના હિત માટે સમાન ઉપાયો કરનારું અને (2) પોતાના શત્રુનો નાશ કરવા માટે એકમાત્ર હેતુને આધારે રચાયેલું સમાન શત્રુતાવાળું સંગઠન. બધાં રજવાડાં અંગ્રેજોની નીતિથી દુઃખી હતાં. તે બધાં સંગઠિત થઈ ગયાં. બીજી તરફ અફવા ફેલાઈ કે કંપની-સરકારે બંદૂકોમાં વપરાનારી કારતૂસો પર ગાય તથા સૂવરની ચરબી લગાવેલી છે. આવી કારતૂસો સૈનિકોએ દાંત વડે ખોલવી પડતી હોય છે. તેથી તે ચરબી સૈનિકોના મોઢામાં જવાની પૂરેપૂરી શક્યતા છે. આવી માહિતી જોરદાર આંધીની માફક સૈનિકોમાં ફેલાઈ ચૂકી હતી અને સૈનિકોમાં મોટા પ્રમાણમાં હિન્દુઓ, બ્રાહ્મણો, રાજપૂતો તથા પઠાણો, બલૂચો વગેરે હતા. આ બંને ધારાઓ ધાર્મિક હોવાથી આવી કારતૂસો પોતાનો ધર્મ ભ્રષ્ટ કરી નાખશે તેવો ભય તેમનામાં ઉત્પન થઈ ગયો.

કલકત્તાથી પાંચ માઈલ દૂર બેરખપુરમાં કંપની-સરકારની સૈનિક છાવણી હતી. એશિયાની આ સૌથી મોટી સૈનિક-છાવણી ગણાતી હતી. તેમાં ચોત્રીસમી કંપનીમાં મંગલ પાંડે નામનો સૈનિક નોકરી કરતો હતો. નિયમિત પરેડ વખતે તેણે પોતાના અંગ્રેજ કૅપ્ટનનો હુકમ માનવાનો વિરોધ કર્યો અને અંગ્રેજ કૅપ્ટન પર ગોળી ચલાવીને તેને મારી નાખ્યો. અંગ્રેજોએ તેને ગિરફતાર કરી લીધો અને કેસ ચલાવીને 8મી એપ્રિલ, 1857ના રોજ ફાંસીએ ચડાવી દીધો. આ રીતે આઝાદીની લડતમાં ફાંસી પર ચડનારો આ પહેલો બ્રાહ્મણ યુવાન હતો. અંગ્રેજોના આવા કાર્યથી સૈનિકોમાં વિદ્રોહ થઈ ગયો. તેને દબાવવા અંગ્રેજોએ બર્મામાંથી અંગ્રેજ પલ્ટનને બોલાવી લીધી અને બેરકપુરના બધા ભારતીય સૈનિકોનાં હથિયાર પડાવી લીધાં અને તેમને નોકરીમાંથી કાઢી મૂક્યા. આ બધા સૈનિકો નોકરી વિનાના બેકાર થઈને પોતપોતાના ગામે ચાલ્યા ગયા અને જાત-જાતની અફવાઓ અંગ્રેજોની વિરુદ્ધમાં ફેલાવવા લાગ્યા. જોકે અંગ્રેજોએ બેરકપુરના વિદ્રોહને તો દબાવી દીધો, પણ તેના તણખા ઊડીને દૂર-દૂર પડ્યા.

આ સમયે અયોધ્યાનો નવાબ વાજિદઅલી શાહ કલકત્તામાં અંગ્રેજોનો કેદી હતો. તેની બેગમ હઝરતમહલ અવધમાં રહીને પુત્ર બિરજીસ કાદરને નવાબ બનાવીને અંગ્રેજો સામે ઊભી થઈ ચૂકી હતી. તેણે અવધની અંગ્રેજ સેનાને હરાવી દીધી. અંગ્રેજો રેસિડેન્સીમાં છુપાઈ ગયા તો ક્રાંતિકારીઓએ તેને આગ લગાવી દીધી. આ રીતે અવધમાં બહુ મોટો ઉત્પાત થયો. તેને દબાવવા માટે સેનાપતિ હેવલોક પોતાની સેના લઈને લખનૌ પહોંચી ગયો અને નેપાળથી પણ ગોરખા સેનાઓ બોલાવી લીધી. આ બધાના જોર પર અંગ્રેજોએ લખનૌને પોતાના અધિકારમાં કરી લીધું. તે પછી બરેલી વગેરે જગ્યાએ અધિકાર કરી લીધો અને વિદ્રોહ કરનાર અવધ રેજિમેન્ટને ભંગ કરી દીધી.સૈનિકોએ કારતૂસોનો વિરોધ કર્યો તો અંગ્રેજ અધિકારી સ્મિથે પંચાસી સૈનિકોને પાંચ-પાંચ વર્ષની જેલની સજા સંભળાવી દીધી. આ રીતે આ સૈનિકોને અપમાનિત કરીને નગરમાં ફેરવવામાં આવ્યા. નારાજ સ્ત્રીઓએ ફરવા નીકળેલા ભારતીય સૈનિકોને મેણાં માર્યાં કે `લો બંગડીઓ પહેરો! તમારા ભાઈઓ તો જેલમાં સબડી રહ્યા છે.' આના કારણે ભારતીય સૈનિકો ઉશ્કેરાઈ ગયા. તેમણે પણ મેરઠમાં જઈને ક્રાંતિ કરી નાખી.

ઘણા અંગ્રેજોને મારી નાખ્યા અને પછી તે વિજયી થઈ ચૂક્યા છે તેવા અભિમાન સાથે િદલ્હી તરફ ચાલી નીકળ્યા.

અહીં એક વાત બતાવવા જેવી છે કે જે જનરલ હેવલોક લખનૌ જીતવા માટે આવેલો તેની કદર કરીને કંપની-સરકારે આંદામાન-નિકોબારના એક ટાપુનું નામ હેવલોક રાખ્યું હતું. હમણાં થોડાં જ વર્ષો પહેલાં આપણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આ ગુલામીના કલંકને ભૂંસી નાખીને આ ટાપુનું નામ સુભાષ બોઝ રાખ્યું છે. વિજયી થયેલા દિલ્હીમાં બાદશાહ બહાદુરશાહ ઝફર નામમાત્રનો બાદશાહ હતો. આ ઝફરને કંપની સરકાર પેન્શન આપતી હતી. ઝફરને સોળ પુત્રીઓ અને એકત્રીસ પુત્રો હતાં. આટલાં બધાં સંતાનો હોવાથી ઘણી વાર તેમાં ગરબડ થઈ જતી. જ્યારે ક્રાંતિકારી સૈનિકો બાદશાહ પાસે આવ્યા ત્યારે બાદશાહ વૃદ્ધ થઈ ચૂક્યો હતો. તોપણ ક્રાંતિકારી સૈનિકોના આગ્રહથી તેણે અંગ્રેજોવિરુદ્ધ ક્રાંતિનું નેતૃત્વ કરવાનું સ્વીકારી લીધું. હજી પણ તેને આશા હતી કે જો આ ક્રાંતિ સફળ થાય તો હું ફરીથી દિલ્હીનો બાદશાહ થઈ શકું છું. ક્રાંતિકારી સૈનિકોએ દિલ્હીમાં અંગ્રેજી દફતરોમાં આગ લગાવવા માંડી. અને અંગ્રેજોને નોટિસ મોકલી કે દિલ્હીમાં સ્થિત બધાં શસ્ત્રો બાદશાહને સોંપી દેવામાં આવે. અંગ્રેજોએ બાદશાહના હુકમને માન્યો નહિ. તે સમજી ગયા કે હવે આ શસ્ત્રો અને દારૂગોળો દુશ્મનોના હાથમાં જશે તો આપણો ખોડો કાઢી નાખશે, તેથી તેમણે દારૂગોળામાં આગ લગાડી દીધી. આ વિસ્ફોટથી આખી દિલ્હી ધણધણી ઊઠી. ક્રાંતિકારીઓ દિલ્હી પર ફરી વળ્યા અને પૂરી દિલ્હીને અંગ્રેજોથી મુક્ત કરીને બાદશાહ ઝફરનો લીલો ઝંડો લાલ કિલ્લા પર ફરકાવી દીધો હતો. બીજી તરફ નાનાસાહેબ પેશ્વાએ કાનપુર પર અધિકાર કરી લીધો હતો અને પોતાને પેશ્વા જાહેર કરી દીધો હતો. ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ તથા તાત્યાટોપેએ અંગ્રેજો સામે યુદ્ધનાં મંડાણ માંડી દીધાં હતાં. હિન્દુ-મુસ્લિમ બંને કોમના સૈનિકો સાથે મળીને લડાઈ ચલાવી રહ્યા હતા. દિલ્હીથી જીવ બચાવવા માટે ભાગેલા અંગ્રેજ અધિકારીઓએ નજીકના પર્વતોમાં શરણ લીધું હતું. આ રીતે ક્રાંતિનું પહેલું પગથિયું સફળ થયું હતું.

જો તમારે પ્રચંડ જનઆંદોલન શરૂ કરવું હોય તો લોકોને ભાવુકતાનાં સૂત્રો અને ભાવુકતાનાં પ્રવચનો સંભળાવવાં જોઈએ. તમારી પાસે વક્તૃત્વશક્તિ એવી હોવી જોઈએ કે લોકો મંત્રમુગ્ધ થઈને અડધા પાગલ જેવા તમારા અનુયાયી બની જાય. આવું જ કામ 1857ની ક્રાંતિમાં અનેક લોકોએ કર્યું હતું. જેમાંના એક હતા પેશ્વા નાના ફડનવીસ. એક બીજો મુદ્દો પણ યાદ રાખવો જોઈએ કે આવું અતિભાવુક ટોળું ઊભું તો કરી શકાય, પણ પછી જો તેને નિયંત્રણમાં ન રાખી શકાય તો તે અનર્થકારી પણ થઈ જતું હોય છે. ખરેખર તો અનુશાસન વિનાનું ટોળું નિયંત્રણમાં રહેતું નથી. તેના નેતાઓ પણ આવાં ટોળાથી થાકી જતા હોય છે.

ક્રાંતિ કરવાની તારીખ 31 મે, 1857 હતી, પણ ક્રાતિની શરૂઅાત 29 માર્ચ, 1857ના રોજ મંગલ પાંડેએ કરી દીધી હતી, એટલે કે લગભગ એક મહિનો પહેલાં ક્રાંતિ શરૂ થઈ ગઈ હતી. બેરકપુરના મંગલ પાંડેએ અંગ્રેજ અધિકારીને મારી નાખ્યો અને પછી આ સમાચાર ચારેતરફ ફેલાઈ ગયા. એટલે 5મી જૂન 1857ના રોજ કાનપુરમાં પણ ભારતીય સૈનિકોએ વિદ્રોહ કરી દીધો. કાનપુરના ભારતીય સૈનિકો શસ્ત્રાગારમાંથી શસ્ત્રો લઈને દિલ્હી તરફ નીકળી પડ્યા. બિઠુરમાં નિર્વાસિત જીવન જીવતા પેશ્વા નાનાસાહેબ તકની રાહ જોઈ રહ્યા હતા. તેમણે પણ તરત જ કાનપુર પહોંચીને શસ્ત્રાગાર પર કબજો કરી લીધો. અંગ્રેજોના કોશાગારને પણ પોતાના હાથમાં લઈ લીધો. નાનાસાહેબે પોતાની સેના તથા વિદ્રોહી સૈનિકોને સાથે લઈને કાનપુરમાં રહેતી અંગ્રેજી સેના પર હુમલો કરી દીધો. અંગ્રેજો જીવ બચાવવા માટે ગમે ત્યાં છુપાઈ ગયા. આ સમયે પ્લાસીના યુદ્ધને સો વર્ષ થઈ રહ્યાં હતાં.

ભારતીય સૈનિકોમાં એવો આશાવાદ હતો કે હવે અંગ્રેજી સત્તા સમાપ્ત થઈ જવાની છે. નાનાસાહેબની સેનાએ અંગ્રેજો પર આક્રમણ કરીને લેફ્ટનન્ટ ગાર્ડોનને મારી નાખ્યો અને ઘણા અંગ્રેજ અધિકારી તથા તેમના પરિવારને પકડી લીધાં. પછી આ બધાંને ઈલાહાબાદ હેમખેમ મોકલી દેવા માટે મંત્રણાઓ ચલાવી. છેવટે બધાંને ઈલાહાબાદ મોકલવા માટે સતીચૌરા નામના ગંગાઘાટ પર લઈ જવામાં આવ્યાં. બધાંને પાલખીઓ, બળદગાડાં, હાથી વગેરે વાહનોમાં સુરક્ષિત રીતે ઈલાહાબાદ પહોંચતા કરી દેવામાં આવે. પણ બરાબર આ જ સમયે ઈલાહાબાદથી અંગ્રેજી સેના આવી પહોંચી. જેમાં નીલ કલિમ નામનો બ્રિટિશ અધિકારી હતો. તે બહુ દુષ્ટ હતો. આવતાંની સાથે જ તેણે ભારતીયો પર ગોળીબાર શરૂ કરી દીધો. ભારતીય સેનાએ પણ ઉશ્કેરાઈને સામે જવાબ આપ્યો. આ વખતે નાનાસાહેબ હાજર ન હતા, પણ તાત્યાટોપે તથા અઝીમુલ્લાખાં હાજર હતા. સામસામે ગોળીબારી ચાલવા લાગી. ભારતીય સૈનિકો નાવોમાં બેઠેલાં અંગ્રેજ સ્ત્રી-પુરુષોને ખેંચી-ખેંચીને ઉતારીને મારવા લાગ્યા. આ હત્યાકાંડમાં ચારસો પચાસ અંગ્રેજો માર્યા ગયા. જે થોડાક લોકો ભાગી છૂટ્યા હતા તેમને પકડીને નાનાસાહેબની સાવદા કોઠીમાં પહોંચાડી દેવામાં આવ્યા.

આ રીતે આખો કાર્યક્રમ બદલાઈ ગયો. જે પકડાયેલા અંગ્રેજો અને તેમના પરિવારો હતા તે બધાંને બીબીઘરમાં મોકલી દેવામાં આવ્યાં અને તેમના પર નાનાસાહેબની રખાત હુસૈનીખાનાના નેતૃત્વમાં ચોકીપહેરો બેસાડી દેવામાં આવ્યો. બીબીઘરમાં બીજા પણ કેટલાક અંગ્રેજ પરિવારોને લાવીને રાખવામાં આવ્યા. આ બધાંની સાથે બહુ સારો વ્યવહાર કરવામાં આવતો હતો, પણ અહીં પણ જનરલ હેવલોક તથા નીલ અંગ્રેજ સેના લઈને આવી પહોંચ્યા. તેમણે સતીચૌરા પર બનેલી ઘટનાનો બદલો લેવા માટે ભારતીય સૈનિકોને મારવા માંડ્યા. એટલે ફરી પાછું છમકલું શરૂ થઈ ગયું. અંગ્રેજો કાનપુર પહોંચી ગયા હતા અને ભારતીયો પર અત્યાચાર કરી રહ્યા હતા. તેવા સમાચાર હુસૈનીને મળતાં તેઓ અંગ્રેજોને મારી-મારીને કૂવામાં નાખવા માંડ્યા. જોકે હુસૈનીના આ કૃત્યની સામે ભારતીય સ્ત્રીઓ ઉપવાસ પર ઊતરી ગઈ, એટલે ભારતીય સૈનિકો અંગ્રેજોને મારતા અટકી ગયા. તેથી હુસૈનીએ કસાઈઓને બોલાવીને બધા અંગ્રેજોને મરાવી નાખ્યા. આ હત્યાકાંડમાં ત્રણ સ્ત્રીઓ અને બાળકો છુપાઈને બચી ગયાં હતાં. તેમને પણ મારીને કૂવામાં ફેંકી દેવામાં આવ્યાં. આ રીતે આ બે મોટા હત્યાકાંડો થઈ ગયા, જેની પ્રતિક્રિયા વિલાયતમાં બહુ ભારે થવા લાગી. આખું વિલાયત ભારતીયો વિરુદ્ધ ઊકળી ઊઠ્યું.

બીજી તરફ જનરલ નીલ અને જનરલ હેવલોકે કાનપુર અને બિઠુર પર આક્રમણ કરીને લોકોને પકડી-પકડીને ફાંસીએ ચડાવવા માંડ્યા. તેઓ ગામની ભાગોળે વડ જેવાં મોટાં-મોટાં ઝાડ હોય તેની ડાળીઓ પર ભારતીયોને પકડીને લટકાવી દેતા અને પછી દિવસો સુધી આ મડદાં લટકતાં રહેતાં. આ રીતે અંગ્રેજોએ ક્રૂરતાપૂર્વક બદલો લેવા માંડ્યો. પરિસ્થિતિને સમજીને નાનાસાહેબ નેપાળ ભાગી ગયા. અને તાત્યાટોપે પણ ભાગી ગયો. અંગ્રેજોએ બિઠુરના પેશ્વાના મહેલને લૂંટી લીધો. ભાગેલા નાનાસાહેબનો હજી સુધી પત્તો મળ્યો નથી. કોઈનું માનવું છે કે તે ઈ. સ. 1906માં ભાવનગર પાસેના શિહોરમાં આવીને ગુપ્ત રીતે રહેતા હતા અને પછી ત્યાં જ મૃત્યુ પામ્યા હતા. આ રીતે નાનાસાહેબ અને તેમના આંદોલનને અંગ્રેજોએ દબાવી દીધું.

આ બધા વિદ્રોહમાં ઉત્તર ભારતે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. તેમાં સૌથી વધુ મહત્ત્વનો ભાગ અવધ રાજ્યે ભજવ્યો હતો. ઈ. સ. 1857માં અવધની પાસે પાંચસો ચુંમોતેર કિલ્લા હતા. આ બધા અંગ્રેજોએ ધ્વસ્ત કરી નાખ્યા અને અવધમાંથી સાતસો વીસ તોપો, લગભગ બે લાખ બંદૂકો અને બીજી ઘણીબધી શસ્ત્ર-સામગ્રી પોતાને હાથ કરી લીધી હતી.

અવધમાં યુદ્ધ થયું હતું અને આ યુદ્ધમાં જનરલ નીલ કોલમ માર્યો ગયો હતો. બીજો હડસન પણ અહીં જ માર્યો ગયો હતો. અવધની બેગમ હઝરતમહેલે યુદ્ધનું નેતૃત્વ કર્યું હતું. પોતે હાથી પર બેસીને યુદ્ધનું સંચાલન કરતી હતી.

આપણે ફરી પાછા િદલ્હી આવીએ. મેરઠના ક્રાંતિકારી સૈનિકોએ દિલ્હી પહોંચીને દિલ્હી પર અધિકાર કરી લીધો હતો. જોતજોતામાં બીજી કેટલીય છાવણીઓમાંથી વિદ્રોહ થવા લાગ્યો હતો. એ બધી ચર્ચા અહીં કરવી નથી. આપણું કેન્દ્ર તો લાલ કિલ્લો છે, એટલે આપણી નજર લાલ કિલ્લા સુધી જ સીમિત રાખવી ઠીક લાગે છે. મેરઠમાં અંગ્રેજોએ બંગાળ રેજિમેન્ટના પંચ્યાશી ભારતીય સૈનિકોને હાથકડીઓ પહેરાવીને જેલમાં નાખી દીધા હતા, તે વાત પહેલાં આવી ગઈ છે. વિદ્રોહી સૈનિકોએ ઓચિંતાનો હુમલો કરીને મેરઠના ચર્ચમાં પ્રાર્થના કરવા બેઠેલા અંગ્રેજ પરિવારો પર હુમલો કરી અને તેમને મારી નાખ્યાં. તે પછી બંદી બનાવેલા સૈનિકોને હાથકડીઓ કાપીને એમને મુક્ત કરી દીધા. આ પછી આ પૂરબિયા સૈનિકો દિલ્હી પહોંચ્યા અને હાહાકાર મચાવવા લાગ્યા. જ્યાં અંગ્રેજ મળે ત્યાં તેમને મારી નાખતા. આ રીતે દિલ્હીમાં પણ ઘણી હત્યાઓ થઈ ગઈ. એમ કહી શકાય છે કે વિદ્રોહીઓનું ટોળું નિયંત્રણ બહાર નીકળી ગયું હતું અને તેમણે વિદ્રોહના નામે લૂંટફાટ મચાવી હતી.

બીજી તરફ અંગ્રેજોએ પોતાની સેના દિલ્હી તરફ રવાના કરવા માંડી. ભારતીય રાજાઓ મોટા ભાગે પોતાની રાજધાનીમાં પોતાની સેનાનો મોટો જથ્થો રાખતા અને જ્યારે જરૂર પડે ત્યારે સ્વયં આગેવાની લઈને યુદ્ધ કરવા નીકળી પડતા, પરંતુ અંગ્રેજી શાસકો પોતાની સેનાને ભારતભરમાં જુદાં-જુદાં શહેરોમાં છાવણીઓ બનાવીને જુદી-જુદી રાખતા. જેથી કદાચ કોઈ એક છાવણીની સેના નષ્ટ થઈ જાય તોપણ બાકીની બીજી બધી છાવણીઓ બચી રહી શકે અને બીજું કે જ્યાં સેનાની જરૂર હોય ત્યાં તત્કાળ નજીકની છાવણીમાંથી સેનાને મોકલી શકાય. આ રીતે પંજાબ અને સીમાપ્રાંત પખ્તુનિસ્તાનમાંથી અંગ્રેજોએ પોતાની સેના દિલ્હી તરફ રવાના કરી. આ સેનાનો સેનાપતિ વિલિયમ હડસન હતો. જેણે ઘણાં યુદ્ધો કર્યાં હતાં. તે સેના લઈને દિલ્હી તરફ રવાના થયો. તેની સાથે પંજાબની શીખસેના પણ સંમિલિત થઈ ગઈ. 1857ની ક્રાંતિમાં શીખ સૈનિકો અંગ્રેજોની તરફ રહી ગયા હતા. તેમને ઘોડસવારોની સેનામાં રખાયા હતા. હડસન બહુ ચતુર અને કુશળ માણસ હતો. તેણે મૌલવી રજબઅલીને પોતાનો જાસૂસ બનાવી દીધો હતો અને રજેરજની માહિતી પ્રાપ્ત કરતો હતો. હડસન અંબાલા, કરનાલ, મેરઠ થઈને દિલ્હી પહોંચ્યો અને દિલ્હી પર હુમલો કરવા માટે કમાન્ડર ઇનજીફની મંજૂરી માગી પણ સરસેનાપતિ જ્યોર્જ સેન્સનનું કૉલેરાના કારણે મૃત્યુ થઈ ગયું. એટલે હડસનની સેનામાં નિરાશા આવી ગઈ. પણ હતાશ થયા વિના હડસને દિલ્હી પર હુમલો કરવાનું નક્કી કરી લીધું. કેટલીક વાર એક વ્યક્તિના મૃત્યુથી પૂરી યોજના સમાપ્ત થઈ જતી હોય છે. આવું ન થવા દેવું હોય તો મહત્ત્વની વ્યક્તિની નીચે ક્રમબદ્ધ ચડ-ઊતર નેતૃત્વ ગોઠવી રાખવું જોઈએ. જેથી મહત્ત્વની વ્યક્તિનું મૃત્યુ થતાં જ તેની પછીનો વ્યક્તિ તરત જ ચાર્જ સંભાળી લે. હડસનની પાસે મિર્ઝા ઇલાહી બક્ષ પણ જાસૂસ તરીકેની સેવા આપતો હતો. ઇલાહી બક્ષ બાદશાહનો સગો થતો હતો.

આ પણ એક યોગ જ કહી શકાય કે દિલ્હીનો સુખી, સમૃદ્ધ, સમાજ, શાહુકાર વર્ગ બાદશાહની વિરુદ્ધમાં હતો, કારણ કે મોટા ભાગના બાદશાહો પ્રજા પર જોહુકમી ચલાવતા હતા. તેથી આ વર્ગ પણ ઇચ્છતો હતો કે મોગલ બાદશાહની જગ્યાએ અંગ્રેજોનું શાસન થાય તો સારું.

હડસનની સાથે નિકલસન નામનો બીજો સેનાપતિ પણ સંમિલિત થઈ ગયો. તેણે પખ્તુનિસ્તાનમાં ભારે જુલમ કર્યો હતો. આ નિકલસને પોતાના ભારતીય રસોઇયાઓને ફાંસીએ

લટકાવી દીધા હતા, કારણ કે તેને વહેમ હતો કે રસોઈમાં ઝેર ભેળવવામાં આવ્યું હતું. તે ઇચ્છતો હતો કે જે ભારતીય સૈનિકોએ અંગ્રેજ સ્ત્રીઓ અને બાળકોને મારી નાખ્યાં છે તે બધાને પકડી-પકડીને જીવતાં જ તેમની ચામડી ઉતારી લેવામાં આવે, તેમને જીવતા જ બાળી મૂકવામાં આવે. તેમના શરીરમાં ખીલા મારી-મારીને હત્યા કરી નાખવામાં આવે. આવી સજા મુસ્લિમકાળમાં કરવામાં આવતી, પણ અંગ્રેજો આવી સજામાં માનતા નહિ. 14 ઑગસ્ટ, 1857ના રોજ બ્રિગેડિયર જ્હોન નિકલસન ચાર હજાર સૈનિકો લઈને દિલ્હી પહોંચી ગયો. અને 25 ઑગસ્ટે નજબગઢ પર આક્રમણ કરી દીધું. તેણે ક્રાંતિકારી સૈનિકોને હરાવીને ભગાડી દીધા. એટલું જ નહિ, જે ભારતીય સૈનિકો હાથમાં આવ્યા તે બધાને વૃક્ષો પર લટકાવી-લટકાવીને ફાંસીએ ચડાવી દીધા. કેટલાકને તોપોના નાળચે બાંધીને ઉડાવી દીધા. તેણે એટલા બધા અત્યાચારો કર્યા કે સાંભળનારનાં રૂંવાં ઊભાં થઈ જાય. તેને હિંસાનો અવતાર માનવામાં આવ્યો હતો. આ નિકલસન અને વિલિયમ હડસન બંનેએ મળીને દિલ્હી પર હુમલો કરી દીધો. તેમની પાસે સારી-સારી તોપો હતી. જ્યારે ક્રાંતિકારીઓ પાસે તોપો તો હતી પણ સારા તોપચીઓ ન હતા. એવામાં બરેલી કંપની સરકારમાંથી વિદ્રોહી થઈને ભાગેલો બખ્તખાં નામનો તોપચી મળી ગયો. તે બહુ કુશળ તોપચી હતો. બાદશાહે તેને સેનાપતિ બનાવી દીધો. અંગ્રેજી સેના દિલ્હીમાં પ્રવેશ કરવા પ્રયત્ન કરી રહી હતી, પણ ક્રાંતિકારીઓ તેમને મચક આપતા ન હતા. અંતમાં બ્રિગેડિયર નિકલસનના નેતૃત્વમાં સેનાની એક ટુકડી દિલ્હીમાં પેસી ગઈ અને સેન્ટ જેમ્સ ચર્ચ પર ચર્ચનો કબજો કરવા ભારે યુદ્ધ કર્યું. આ યુદ્ધમાં અંગ્રેજોના એક હજાર એકસો સિત્તેર સૈનિકો માર્યા ગયા. આ રીતે જ્યારે દિલ્હીમાં વિદ્રોહી સૈનિકો અને અંગ્રેજો વચ્ચે યુદ્ધ ચાલતું હતું ત્યારે અંગ્રેજોની નજર એક વિલાયતી દારૂના સ્ટોર પર પડી ગઈ. તે બધા દારૂ પર તૂટી પડ્યા. આને યોગાનુયોગ જ કહેવાય કે જે બ્રિગેડિયર જ્હોન નિકલસન ભારતીયો પર હાહાકાર મચાવી રહ્યો હતો તેનું મૃત્યુ થઈ ગયું. તેની કદર કરીને અંગ્રેજોએ દિલ્હીમાં તેની પ્રતિમા સ્થાપિત કરી હતી, પણ 1947માં જ્યારે દેશ આઝાદ થયો ત્યારે આ પ્રતિમાને દિલ્હીમાંથી હટાવીને નિકલસનની જન્મભૂમિ આયરલેન્ડમાં મોકલી દેવામાં આવી. જ્યાં આજે પણ તે સ્થાપિત કરેલી છે. નિકલસન અંગ્રેજ નહિ પણ આયરિશ હતો અને ત્યારે આયરલેન્ડ ગ્રેટ બ્રિટનનો ભાગ હતું.

દિલ્હીમાં અફડાતફડી મચી હતી. કોઈ કાયદો-કાનૂન રહ્યો ન હતો. ભારે લૂંટફાટ ચાલતી હતી અને તોપના ગોળાઓ લાલ કિલ્લા પર પડી રહ્યા હતા. બાદશાહને ખ્યાલ આવી ગયો કે હવે અહીં રહેવું સુરક્ષિત નથી. લોકો દિલ્હી છોડીને આશ્રય લેવા માટે ભાગી રહ્યા હતા. બાદશાહે પોતાના પરિવારને બોલાવીને કીમતી દરદાગીના વગેરે આપીને દિલ્હી છોડીને ભાગી જવા હુકમ કર્યો. તેનો પરિવાર મેરઠ તરફ ભાગી ગયો. રસ્તામાં ગુજ્જરોએ તેમના બધા દરદાગીના લૂંટી લીધા, એટલું જ નહિ, તેમનાં વસ્ત્રો પણ ઉતારીને નગ્ન કરી દીધાં. બીજી તરફ 17 સપ્ટેમ્બર, 1857ના પરોઢિયે બાદશાહ પોતે પણ પાણીવાલા દરવાજાથી યમુનાજી તરફ નીકળી ગયો. તેની સાથે થોડા વિશ્વાસુ નોકરો હતા અને ખજાનો માથા પર ઉપાડીને ચાલતા હતા. પાલખીમાં બેસીને તે બધા યમુનાજી પહોંચ્યા અને નાવમાં બેસીને રવાના થઈ ગયા.

આ બધો સમૂહ ખ્વાજા નિઝામુદ્દીનની દરગાહ પર પહોંચી ગયો. ખજાનાની બધી પેટીઓ દરગાહના મહંતને સોંપી દીધી. જેમાં કહેવાય છે કે પયગંબર સાહેબની દાઢીના ત્રણ વાળ પણ હતા. દરગાહના પીરજાદાએ બધાંને જેવો-તેવો નાસ્તો કરાવ્યો. તે પછી આ નિરાશ્રિત ટોળું મહરૌલી કુતુબુદ્દીન બખ્તિયારની દરગાહે પહોંચ્યું. બીજી તરફ હડસનના માણસોને ખબર પડી ગઈ કે બાદશાહે લાલ કિલ્લો છોડી દીધો છે અને શરણ લેવા ભાગી ગયો છે તેથી તેના માણસો ચારેતરફ બાદશાહની શોધખોળ કરવા દોડધામ કરી રહ્યા હતા.

થોડા સમય પછી બાદશાહની બેગમ ઝિન્નત મહલ બાદશાહ ભેગી થઈ ગઈ અને સમજાવીને બાદશાહને હુમાયુના મકબરે લઈ ગઈ. હુમાયુનો મકબરો તેના પુત્ર અકબરે બનાવ્યો હતો. તેના ભોંયરામાં બાદશાહ છુપાઈ ગયો. બીજી તરફ દિલ્હી પર ગુજ્જરો અને મેવાતીઓ તૂટી પડ્યા હતા. તે બેફામ લૂંટ મચાવી રહ્યા હતા. લોકો જીવ બચાવવા માટે દિલ્હીથી ભાગી રહ્યા હતા. આવી સ્થિતિમાં અંગ્રેજી સેના લાલ કિલ્લાના દરવાજા નજીક પહોંચી ગઈ. દરવાજો તૂટી ગયો અને અંગ્રેજસેના લાલ કિલ્લામાં ઘૂસી ગઈ. ઘૂસતાંની સાથે જ તેમણે જે માણસો મળ્યા તેની કતલ કરવા માંડી. આ રીતે લાલ કિલ્લામાં ભારે કત્લેઆમ ચાલી. જોકે બાદશાહ અને તેનો પરિવાર ભાગી ચૂક્યો હતો. તેમનાં કબાટોમાંથી તેમની કીમતી વસ્તુઓ લૂંટી લેવામાં આવી. એટલું જ નહિ કિલ્લો જીતવાની ખુશીમાં ડુક્કરનું માંસ તથા બીજી માંસાહારી વસ્તુઓ બનાવીને ડિનર ઊજવવામાં આવ્યું. ત્યારે દિલ્હીની વસતી દોઢ લાખ હતી. જે ભાગી ચૂકી હતી અને દિલ્હી ખાલી થઈ ગયું હતું.

હુમાયુના મકબરામાં બાદશાહ સંતાઈ ગયો હતો. તેને બહાર કાઢવા ઘણા પ્રયત્નો થયા. હડસન બહાર ઊભો રહીને પ્રતીક્ષા કરતો રહ્યો. છેવટે જ્યારે હડસને વચન આપ્યું કે બાદશાહને જાનથી મારી નાખવામાં આવશે નહિ ત્યારે તે માંડ બહાર આવ્યો. પછી બધાને પાલખીમાં બેસાડીને લાલ કિલ્લામાં લઈ જવામાં આવ્યા અને ઝિન્નત બેગમના મહેલમાં બંદી બનાવી દેવામાં આવ્યા.

20 સપ્ટેમ્બરના રોજ હડસનને ખબર મળી કે બાદશાહના બે શાહજાદા અને એક પૌત્ર હજી હુમાયુના મકબરામાં છુપાયેલા છે. તે તરત જ સો ઘોડેસવારો લઈને હુમાયુના મકબરા પર પહોંચી ગયો અને ત્રણેય શાહજાદાઓને ગિરફતાર કરીને પગે ચલાવીને કિલ્લા તરફ રવાના થઈ ગયો. રસ્તામાં હડસને ત્રણેયનાં વસ્ત્રો ઉતારી નાખ્યાં. તેમને નગ્ન બનાવી દીધા અને પોતાની રિવૉલ્વર કાઢીને ધડાધડ ત્રણેયને મારી નાખ્યા. તેમની લાશોને ફેંકી દેવામાં આવી. આ રીતે મોગલવંશનું બીજ સમાપ્ત કરી દેવામાં આવ્યું. બાદશાહને ઝિન્નત મહલના આલીશાન મહેલમાંથી કાઢીને ગંધાતી, અંધારી એક કોટડીમાં પૂરી દેવામાં આવ્યો. અને તેના પર દેશદ્રોહનો કેસ ચલાવવામાં આવ્યો. બાદશાહે પોતાના બચાવમાં કહ્યું કે હું મહારાણી વિક્ટોરિયાનો નાગરિક નથી. એટલે બ્રિટિશ કાયદા પ્રમાણે મારા પર કેસ ચાલી શકે નહિ, પણ તેની દલીલો માન્ય કરવામાં આવી નહિ અને કૉર્ટે નિર્ણય આપ્યો કે હડસને બાદશાહને વચન આપ્યું છે કે તેને જાનથી મારી નાખવામાં આવશે નહિ, એટલે તે વચનને કંપની સરકારનું વચન માનીને બાદશાહને ફાંસીનો હુકમ આપવામાં આવતો નથી, પરંતુ તેને જન્મટીપની સજા આપવામાં આવે છે. બાદશાહના બચાવમાં ગુલામ અબ્બાસ નામના વકીલને દલીલો કરવા છૂટ આપેલી. આ રીતે બાદશાહનો કેસ પૂરો કરવામાં આવ્યો. તેને આંદામાન નિકોબાર મોકલવાની જગ્યાએ રંગૂન મોકલી દેવાનો નિર્ણય લેવાયો. આ દરમિયાન 10 માર્ચ, 1858ના રોજ ક્રાંતિકારી સૈનિકોએ હડસનની હત્યા કરી નાખી.

7 ઑક્ટોબર, 1858ના રોજ કોઈને ખબર ન પડે તે રીતે બાદશાહને અંધારી કોટડીમાંથી જગાડીને રંગૂન લઈ જવા માટે બળદગાડાંઓમાં બેસાડવામાં આવ્યો. બાદશાહની સાથે બચી ગયેલી બેગમો તથા બે શાહજાદા પણ હતાં. લગભગ ત્રણસો બત્રીસ વર્ષ સુધી દિલ્હી અને ભારત પર શાસન કરનાર બાબર વંશના છેલ્લા મોગલ બાદશાહની આ કાયમી વિદાય હતી. જ્યારે એકત્રીસ માણસોનો આ સંઘ કાનપુર રેલવે સ્ટેશને પહોંચ્યો તો તેમને રેલગાડીમાં બેસાડી દેવામાં આવ્યાં અને ઈલાહાબાદ ઉતારીને ગંગાજીમાં એક સ્ટીમરમાં ચૂપચાપ બેસાડીને કલકત્તા તરફ વિદાય કરી દેવામાં આવ્યાં. 4 ડિસેમ્બર, 1858ની સવારે 10-00 વાગે કલકત્તાથી એક વિશાળ યુદ્ધ જહાજમાં કડક પહેરા સાથે રંગૂન તરફ વિદાય કરી

દેવામાં આવ્યાં. જો આટલી તકેદારી રાખવામાં ન આવી હોત તો કદાચ બાદશાહના સમર્થક મુસ્લિમ ટોળેટોળાં રસ્તામાં અડચણો પેદા કરે તેથી અંગ્રેજોએ ચૂપચાપ કોઈને પણ ખબર ન પડે તે રીતે રંગૂન પહોંચાડી દીધાં. રંગૂનમાં સ્વેડાગોન પેગોડા પાસે તેમને બંદી બનાવી દીધાં. બાદશાહ બંદી અવસ્થામાં રંગૂનમાં પાંચ વર્ષ સુધી રહ્યો. તેને ત્રણ વખત હૃદયરોગના હુમલા થયા અને છેવટે 8 નવેમ્બર, 1862ના રોજ સવારે 6-00 વાગે તેનું મૃત્યુ થઈ ગયું.

કોઈને ખબર ન પડે તે રીતે પેગોડાની નજીકમાં જ તેના મડદાને દફનાવી દેવામાં આવ્યું. આ વખતે તેના બે શાહજાદા અને એક સેવક માત્ર હાજર રહ્યા હતા. તેની બેગમ ઝિન્નત મહેલ 94 વર્ષ સુધી જીવતી રહી અને પછી તેનું પણ મૃત્યુ થઈ ગયું. પેગોડાની નજીક અનુમાન કરીને બાદશાહની કબરની બાજુમાં તેને દફનાવી દેવામાં આવી. આ રીતે અંગ્રેજોએ 1857ની ક્રાંતિના નેતા બનેલા બાદશાહનું પ્રકરણ પૂરું કરી દીધું.

પણ, આઝાદીની લડત બંધ ન પડી. હિંસક અને અહિંસક બંને રીતે અંગ્રેજો સામે લડત ચાલતી રહી. જેના પરિણામે અંતે 15મી ઑગસ્ટ 1947ના દિવસે ભારતને પૂરેપૂરી આઝાદી મળી ગઈ. આ આઝાદી વખતે ભારતના પહેલા ગવર્નર જનરલ લૉર્ડ માઉન્ટ બેટન યુનિયન જેકને ઉતારીને પંડિત નહેરુજીના હાથે ભારતના ત્રિરંગાને લહેરાવવામાં સંમિલિત થયા. ત્યારે ભારતમાં પાંચસો પાંસઠ રજવાડાં હતાં. જેમાંથી બાર રજવાડાં પાકિસ્તાનમાં ભળ્યાં. ભોપાલ, જૂનાગઢ, હૈદરાબાદ જેવાં રજવાડાં પણ આનાકાની કરતાં રહ્યાં, પણ સરદાર વલ્લભભાઈ પટેલની કુશળતા અને બાહોશીના કારણે અંતે એ પણ ભારતમાં ભળી ગયાં. ભારતના બે ટુકડા થયા. ભારત અને પાકિસ્તાન. બે દેશો બની ગયા. ઘણી મારકાપ થઈ. લગભગ દસ લાખ માણસો માર્યા ગયા. હજી પણ આ પ્રશ્ન પૂરેપૂરો ઉકેલાયો નથી. અવારનવાર હિંસક ઝઘડાઓ થતા રહે છે.

આ રીતે લાલ કિલ્લામાં જે ધગધગતી હોળી બળતી હતી તેની વાત પૂરી કરીએ. ખરેખર તો અંગ્રેજોએ લગભગ બસો વર્ષ સુધી ભારત ઉપર રાજ કર્યું. જેમાં સો વર્ષ ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ ને સો વર્ષ બ્રિટનની મહારાણીએ. તે વેપાર કરવા આવ્યા હતા, પણ રાજસત્તા પ્રાપ્ત કરીને રાજ કરતા રહ્યા. છેવટે તેમણે ભારતના સ્વાતં�ય આંદોલનને માન આપીને રાજીખુશીથી ભારતમાંથી વિદાય લીધી. ભારતની આઝાદીનો પ્રથમ ત્રિરંગો ખરેખર તો સરદાર વલ્લભાઈ પટેલના હાથે ફરકાવવો જોઈતો હતો, કારણ કે પ્રધાનમંત્રી પદના ખરા હકદાર તે હતા, પણ તેવું ન થઈ શક્યુ.ં તેનું પરિણામ દેશને આગળનાં વર્ષોમાં અને હજી સુધી બહુ દુઃખદાયી રીતે ભોગવવું પડી રહ્યું છે.

તા. 27/9/2020

૪૯

... તો ભારત કેવું હોત!

બે પ્રશ્ન બાબતે પૂરી તટસ્થતાથી ભારતના બધા નાગરિકોએ વિચારવું જોઈએ ઃ ભારતમાં અંગ્રેજો ન આવ્યા હોત તો ભારત કેવું હોત? બીજો પ્રશ્ન એ છે કે 1857નો વિદ્રોહ સફળ થયો હોત અને અંગ્રેજોને ભારતમાંથી કાઢી મૂક્યા હોત તો ભારત કેવું હોત? આ બે પ્રશ્નો ઇતિહાસની તટસ્થ દૃષ્ટિએ વિચારવા જોઈએ. પ્રશ્ન એ છે કે ભારતમાં જે પાંચસો પચાસ રજવાડાં હતાં તે બધાં પ્રજાને સુખ દેનારાં હતાં. તેમાં પ્રજા સુરક્ષિત અને સમૃદ્ધ હતી. કે પછી અંગ્રેજોના શાસન પછી પ્રજા વધુ સુરક્ષિત અને સમૃદ્ધ બની? મારું માનવું છે કે પાંચસો પચાસ નાનાં-મોટાં રજવાડાંઓમાં મોટા ભાગનાં રજવાડાંઓમાં પ્રજા સુરક્ષિત ન હતી. નોકરશાહી અને અરાજકતા ભારે પ્રમાણમાં હતી. બીજી તરફ દિલ્હીની સલ્તનતો અને દેશી રજવાડાંના સુલતાનો, નવાબો, રાજા-મહારાજા અને દરબારો પ્રજા ઉપર ફાવે તેવા કાયદા ઠોકી બેસાડીને ભારે ત્રાસ આપતા હતા. વારંવાર અંદરોઅંદર યુદ્ધો થયાં કરતાં હતાં તેથી પ્રજાનો મોટો વર્ગ વારંવાર ઉચાળા ભરીને અહીંથી તહીં રહેવા માટે શરણ શોધતો હતો.

ભારતમાં મરાઠાશક્તિ, જાટશક્તિ, રાજપૂતશક્તિ અને શીખોની શક્તિનો ઉદય મોગલોના અતિશય જુલ્મોના કારણે થયો, પણ આ બધી શક્તિઓ કદી પણ સંગઠિત થઈને એકરૂપ બની શકી નહીં. તેથી મોગલોની સેના પણ બધી શક્તિઓને કચડી નાખવા માટે સતત યુદ્ધો કરતી રહી. આવી સ્થિતિમાં જ્યાં-જ્યાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીનું રાજ્ય સ્થાપિત થયું ત્યાં-ત્યાં અપેક્ષાકૃત કાયદા-કાનૂનનું વધુ સારી રીતે પાલન થવા લાગ્યું. જેથી પ્રજાને સુરક્ષા મળી. એટલું જ નહીં, રેલવેમાર્ગો, જળવ્યવહાર તથા સમુદ્રી વ્યવહાર દ્વારા પ્રજા એકબીજાની વધુ નજીક આવી. અંગ્રેજોએ મોગલોની માફક ન મંદિરો તોડ્યાં, ન જબરદસ્તી ધર્મપરિવર્તન કરાવ્યાં, ન ગુલામો બનાવ્યા, ન સ્ત્રીઓ ઉપર બળાત્કારો કર્યાં. ઊલટાનું તેમણે મંદિરો, સંસ્કૃત ભાષા તથા પ્રાંતીય ભાષાઓની રક્ષા કરી અને તેજસ્વી વિદ્યાર્થીઓને વધુ ભણવા માટે શિષ્યવૃત્તિઓ આપીને વિલાયત મોકલ્યા. જે આગળ જતાં ભારતીય આઝાદીના નેતા બન્યા. આ કામ પોર્ટુગીઝોએ ન કર્યું. માત્ર અંગ્રેજોએ જ કર્યું, એટલે પોર્ટુગીઝ ઉપનિવેશોમાં સ્થાનિક પ્રજાએ ક્રાંતિનાં આંદોલનો છેડ્યાં જ નહિ. પ્રજાને અભણ જ રહેવા દીધી.

જ્યારે અંગ્રેજોએ ભારતીય પ્રજાને વિલાયત મોકલીને વિદ્યા પ્રાપ્ત કરવાની પૂરેપૂરી તકો આપી, જેના કારણે વિલાયત ગયેલા આપણા વિદ્યાર્થીઓએ આઝાદીનો સંગ્રામ શરૂ કર્યો. જેમાં શ્યામજી કૃષ્ણ વર્મા, મહાત્મા ગાંધીજી, સરદાર પટેલ, સુભાષચંદ્ર બોઝ વગેરે નેતાઓ આવી શકે છે. આઝાદી પછી આપણે પણ પાંચસો પચાસ રજવાડાંઓને ભારતમાં ભળી જવા આંદોલનો કર્યાં અને સફળતા મળી. આપણાં આંદોલનો ઐચ્છિક હતાં. જોકે અંદરખાને ઘણી વાર દબાણનો પણ પ્રયોગ કરવો પડતો હતો, પણ બહુ સફળતાથી બધાં રજવાડાં ભારતમાં ભળી ગયાં અને અખંડ ભારત બનાવ્યું તે આનંદની વાત કહેવાય.

આવી જ પ્રક્રિયા 1857 પહેલાં વાઇસરૉય હેસ્ટિંગ્ઝ અને કેનિનના સમયમાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ શરૂ કરી. જે રાજા-મહારાજા અને નવાબો વગેરે વારસદારો વિના મરી જતા તેમનાં રજવાડાં બ્રિટિશ રાજ્યમાં ખાલસા કરવા માંડ્યાં અને જે-તે રાજા-રજવાડાંના શાસકોને પેન્શન આપીને દૂર વસાવી શેષજીવન શાંતિથી જીવવાની તક આપી. મોગલોના સમયમાં કોઈને આવી તક આપવામાં આવતી નહિ. તેને મારી જ નાખવામાં આવતો, પણ આ ખાલસાનીતિથી નારાજ થઈને બધાં રજવાડાંઓએ વિદ્રોહ શરૂ કર્યો. જેમાં પૂનાના પેશ્વા નાના ફડનવીસ નેતા રહ્યા. હવે પ્રશ્ન એ થાય કે જો કંપની-સરકારે આ ખાલસાનીતિ ન અપનાવી

હોત તો પહેલાં તો વારસદારો માટે જ રજવાડાંઓમાં અંદરોઅંદર મોટી લડાઈઓ થાત. જેનો કદી અંત ન આવત અને કદાચ આવી લડાઈમાં જે જીતી જાત તેને સ્થિર રાજ કરવાનો મોકો જ ન મળત. વારસાના પરાજિત દાવેદારો સતત યુદ્ધો કરતાં રહેત. જેવું પહેલાં થતું આવ્યું છે. આ રીતે રજવાડાંઓમાં ઘોર અસ્થિરતા અને અરાજકતાનું સામ્રાજ્ય વ્યાપી જાત. આવી સ્થિતિમાં અંગ્રેજોએ વારસ વિનાનાં રજવાડાંઓને ખાલસા કરીને અંગ્રેજી રાજ્યમાં સંમિલિત કરવાની શરૂઆત કરી તે ભારતીય જનતા માટે યોગ્ય હતું કે નહિ તે વિચારવું જોઈએ. બેશક જે-તે રજવાડાંઓના રાજા-મહારાજાઓ તથા નવાબો વગેરેને અન્યાય થયો તેમની સત્તા ચાલી ગઈ પણ આમાં પ્રજાને કેટલું નુકસાન થયું? દેશી રાજાઓની જગ્યાએ અંગ્રેજી શાસકો આવ્યા. તેમણે પહેલાં કરતાં વધુ સારું રાજ આપ્યું કે ખરાબ રાજ આપ્યું - તેનો વિચાર કરવો જોઈએ. આ બધાં રજવાડાં અંતે તો ઇંગ્લિશ શાસનમાં ભળીને આપણને જ આઝાદીના વારસામાં મળ્યાં. જો આ રજવાડાં ચાલુ સ્થિતિમાં આપણને આઝાદી મળી હોત તો આવાં કેટલાં રજવાડાં આપણા માટે માથાનું દર્દ બન્યાં હોત તેનો પણ વિચાર કરવો જોઈએ. ઈસ્ટ ઇન્ડિયા કંપની પાસેથી બ્રિટિશની મહારાણીએ સત્તા પોતાના હાથમાં લઈ લીધી અને તે પછી શાસનમાં ઘણા સુધારા કર્યા. જેના કારણે પાછળનાં સો વર્ષમાં ભારતમાં અંદરોઅંદરનાં યુદ્ધો અટકી ગયાં. એમ કહો કે લગભગ સમાપ્ત થઈ ગયાં. એટલે જે ખાલસા થયા વિનાનાં વારસદારોવાળાં રાજ્યો હતાં તે બધાંના રાજા-મહારાજા, નિઝામ-નવાબો બહુ શાંતિથી રાજ કરતા રહ્યા. ખરેખર તો પાછળનાં સો વર્ષ જેટલાં શાંતિથી વહ્યાં તેટલો શાંતિકાળ ભારતના બીજા કોઈ ઇતિહાસમાં નથી.

જોકે આ સમયમાં બે વિશ્વયુદ્ધો થયાં અને તેમાં વિલાયતે પણ મહત્ત્વનો ભાગ ભજવ્યો અને બંને વિશ્વયદ્ધો જીતી બતાવ્યાં. તેમાં ભારતના સૈનિકોનો પણ મોટો ભાગ રહ્યો. પરંતુ પ્રશ્ન એ થાય કે મિત્રરાષ્ટ્રોએ આ બે યુદ્ધો ન જીત્યાં હોત અને સામેવાળા જર્મની કે રશિયાના શાસકોએ જીતી લીધાં હોત તો દુનિયાનો નકશો કેવો હોત? અને ભારત ક્યાં હોત? તેનો પણ વિચાર કરવો જોઈએ. આઝાદી પછી ભારતના પ્રધાનમંત્રી પંડિત નહેરુ રશિયા તરફ ઝૂક્યા અને તેમણે તટસ્થનીતિ અપનાવી જેના પરિણામે તે પછી ભારતમાં જે યુદ્ધો થયાં તેમાં ભારતને બહુ સહન કરવું પડ્યું. ખાસ કરીને 1962ની ચીન સામેની લડાઈમાં આપણે ભૂંડી રીતે હારી ગયા. 1971ની બાંગ્લાદેશની લડાઈમાં આપણે ભવ્ય વિજય મેળવ્યો તે વાત સાચી. તેનો યશ પ્રધાનમંત્રી ઇન્દિરાબહેનને જ આપવો ઘટે. પણ મારી દૃષ્ટિએ તેમાં મહત્ત્વનું બે પાકિસ્તાનો વચ્ચેનું દોઢ હજાર માઈલનું અંતર પણ કારણ હતું અને રશિયા સાથેની મૈત્રી પણ કારણ હતું. જે હોય તે, પણ હવે આપણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ભૂતકાળની ઘણી ભૂલો સુધારવા માંડી છે. જેના કારણે હવે આપણે એકલા નથી. આપણી સાથે અમેરિકા, જાપાન, ઑસ્ટ્રેલિયા વગેરે દેશો પણ જોડાઈ ગયા છે. અને ભારતીય સેનાને એટલી બધી શક્તિશાળી બનાવી દેવામાં આવી છે કે ચીન ગમે તેટલા ફૂંફાડા મારે તોપણ યુદ્ધની હિંમત કરી શકતું નથી. આનું મૂળ કારણ નરેન્દ્ર મોદીની વિદેશનીતિ જ કહી શકાય. આવી જ રીતે તૃષ્ટિકરણની ગૃહનીતિ પણ સમાપ્ત કરીને પૂરી પ્રજાને એકસાથે રાખવાનું સૂત્ર શ્રી મોદીએ દેશને આપ્યું છે. `સબ કા સાથ, સબ કા વિકાસ.'

આ રીતે અત્યારે આપણો દેશ બહુ ઝડપથી બધી દિશાઓમાં સારી પ્રગતિ કરી રહ્યો છે. આત્મનિર્ભરતા વધી રહી છે અને પહેલાંની તુલનામાં પ્રજા ઘણી સુખી સમૃદ્ધ થઈ ગઈ છે. રોડ ઉપર ચાલનારાં વાહનોની સંખ્યા એટલી બધી વધી ગઈ છે કે હવે તો ઘરેઘર દ્વિચક્રી અને ચતુષ્ચક્રી વાહનોની લંગાર લાગી ગઈ છે. એકંદરે જોતાં અત્યારે ભારત તેના સુવર્ણયુગમાંથી પસાર થઈ રહ્યો છે. આ સ્થિતિમાં આપણે કોને-કોને યશ આપવો તે તો સૌ-સૌના વિવેક ઉપર

આધારિત છે, પણ સાથે જ આઝાદ થયેલા પાકિસ્તાન અને બાંગ્લાદેશમાં ભારત જેવી સ્થિતિનું નિર્માણ થઈ શક્યું નથી. મોગલ પરંપરા પ્રમાણે ત્યાં પણ એકબીજાની હત્યા કરીને સત્તા કબજે કરવાની પરંપરા ચાલુ રહી છે. આ દૃષ્ટિએ ભારત ઘણો ભાગ્યશાળી કહેવાય કે હજી સુધી આપણે કોઈની પણ હત્યા કરીને કે પદભ્રષ્ટ કરીને દિલ્હીની સત્તાનું રૂપાંતર કર્યું નથી. આપણી પાસે ઘણાં જમાપાસાં છે. તેનું જેટલું ગૌરવ લઈએ તેટલું થોડું કહેવાય. પણ ઘણાં ઉધારપાસાં પણ છે તેનું જેટલું દુઃખ મનાવીએ તેટલું પણ ઓછું છે. આ બધું લખવાનો એક જ હેતુ છે કે આપણે મુસ્લિમોના રાજકારણને સાચી રીતે સમજી શકીએ. મારું માનવું છે કે જો આ પુસ્તક 1947 પહેલાં લખાયું હોત અને મહાત્મા ગાંધીજીએ વાંચ્યું હોત તો કદાચ નાથુરામ ગોડસે ઉત્પન્ન ન થયો હોત, કારણ કે તેને ઉત્પન્ન થવાનાં કારણો જ ન હોત. ગોડસે કોઈ વ્યક્તિ નથી, પણ એક વિચારધારા છે. અને તે વિચારધારાનું મૂળ એકપક્ષીય વધુ પડતી તૃષ્ટિકરણનું રાજકારણ કહી શકાય. આવું એકપક્ષીય તૃષ્ટિકરણનું રાજકારણ જ ન હોય અને બધા ભારતીયો એકસરખા હોય તો ગોડસેની કોઈ ભૂમિકા જ રહેતી નથી. આશા છે આ પુસ્તકનો સદુપયોગ થશે, સાચું રાજકારણ સમજાશે અને ઓળખાશે. જેથી કાલ્પનિક આદર્શોની જગ્યાએ વાસ્તવિકતાને મહત્ત્વ અપાશે.

તા. 27/9/2020